શ્રી આનન્દ-હેમ ગ્રન્થમાળા પુષ્પ ૨૧ મું.

છેદગ્રન્થોદ્ધૃત સુસઢચરિયના ગુર્જરાનુવાદ સહિત

# 卐 અન્તિમ સાધના 卐

* અનુવાદક – સંગ્રાહક – સંપાદક *

આગમોદ્ધારક આ. શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના શિષ્ય

આ. શ્રીહેમસાગરસૂરિ

પ્રકાશક :

આનન્દ-હેમ ગ્રન્થમાળાવતી

**હીંમતલાલ ગુલાબચંદ શાહ**

૨૧૦/૧૨, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી,

મુંબઈ-૩

તૃતીયાવૃત્તિ નકલ ૧૫૦૦

વીર સં. ૨૫૦૨

વિ. સં. ૨૦૩૨

ઈ. સ ૧૯૭૬

કિં. રૂ. ચાર

પ્રાપ્તિસ્થાન :

અનંતરાય એન્ડ કું.

૩૦૯, ખારેક બજાર,

અનંતનાથ દેરાસર સામે,

નરસી નાથા સ્ટ્રીટ,

મુંબઈ-૯ ટે ૩૨૪૦૦૪

મુદ્રક :

મહેતા ભાનુચંદ્ર નાનચંદ

શ્રી બહાદૂરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ,

પાલિતાણા (સૌરાષ્ટ્ર)

नमो अन्तिमसाधकेभ्यः

# અન્તિમસાધના ઉપક્રમણિકા

સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમાત્માના શાસનમા અપૂર્વ વસ્તુ માનેલી હોય તો સમાધિભાવે પંડિતમરણ. જેટલી મનુષ્યભવની ઉત્તમતા અને દુર્લભતા જણાવી છે, તે કરતાં પણ અધિક ઉત્તમતા અંતિમ-સાધનાની આ શાસનમા ગણેલી છે. પ્રભુ પાસે પ્રાર્થનાસૂત્ર બોલીએ છીએ 'સમાહિમરણં ચ બોહિલાભો ય' તેમાં પણ સમાધિ-મરણની પ્રાર્થના કરીએ છીએ. સર્વગતિમાં મનુષ્યગતિ શ્રેષ્ઠ, તેમા ચારિત્રપ્રાપ્તિ શ્રેષ્ઠ, ચારિત્રમાં સમાધિમરણ શ્રેષ્ઠ ગણેલું છે. આખી જિંદગી ધર્મારાધનાઓનું પરિણામ મરણસમયના શુભ પરિણામ ઉપર અવલંબે છે ધર્મવંચિત આત્માઓને સમાધિ આરાધનાવાળું મરણ શું છે તે મગજમાં ઊતરવું મુશ્કેલ છે. આ કાળમા રેલ્વે, એરોપ્લેન, મોટર, કારખાનાં, સ્ટીમર, આગ-રેલ આદિના અકસ્માતમા સમાધિ-મરણ પ્રાપ્ત થઈ શકતું નથી. જીવન ધર્મારાધનામય વિકસાવ્યું હોય ત્યારે જ સમાધિમરણની સામગ્રી મળી આવે છે. जातस्य हि ध्रुव मृत्यु જન્મ્યો એ અવશ્ય મરવાનો જ. મરેલા દરેક જન્મે જ તેવો નિયમ નથી, પણ જન્મેલા અવશ્ય મરવાના જ. તેથી જન્મેલાનું મૃત્યુ એ સ્વાભાવિક છે. કેવળીને મૃત્યુ પછી જન્મવાનું હોતું નથી. માટે સમજુને મરણ કરતાં જન્મનો ડર વધારે હોય.

જીવને મરણ સમયે શારીરિક માનસિક દુ.ખો અસહ્ય હોય છે. તેવા વિકટ સમયે સમાધિ ત્યારે જ ટકાવી શકાય, જો પ્રથમથી સાનુકૂળ અવસ્થામાં દરેક પ્રકારની સહનશક્તિ કેળવી હોય. मार्गा-च्यवन निर्जरार्थं परिषोढव्या परिसहा । જ્ઞાન-દર્શન-ચારિત્રની આરા-

ધનારૂપ મોક્ષમાર્ગમાંથી ખસી ન જાય, માર્ગ ટકી રહે, અને કર્મની નિર્જરા માટે આવી પડેલા પરિસહો, ઉપસર્ગો, વેદનાઓ, દુઃખો, આપત્તિઓ આર્તધ્યાન કર્યા વગર સમભાવપૂર્વક દુઃખ સહન કરવાની ટેવ પાડેલી હોય, જેથી મરણ સમયે વેદનાથી અકળામણ નહીં થાય. આ વિષયનું યથાર્થ જ્ઞાન ગીતાર્થ જ્ઞાની ગુરુમહારાજના સમાગમમાં આવ્યા સિવાય મળતું નથી.

શરીર જુદું છે. આત્મા જુદો છે દૂધમા ભળેલી સાકર, લોઢામાં ભળેલો અગ્નિ, સરોવરમા રહેલ હંસ જુદાં છે, તેમ શરીરમા આત્મા જુદો છે. શરીર જુદું છે આત્મા શાશ્વતો અમર છે શરીર ક્ષણ-ભંગુર, નશ્વર છે. બંનેના ગુણ–ધર્મ જુદા છે. આ જીવને દુઃખ ભોગવવુ પડતુ હોય તો શરીર સંબંધથી જ એકલા અગ્નિ ઉપર ઘણપ્રહાર થતા નથી. અગ્નિ લોઢાનો સંસર્ગ કરે તો ઘણ ખાવા પડે છે, તેમ શરીર વગરના આત્માને દુઃખ ભોગવવાનું હોતુ નથી. શરીરનો સંબંધ કરે તો જ આત્માને દુઃખ ભોગવવું પડે છે. આવું શરીર અને આત્માનુ ભેદજ્ઞાન થયા પછી અંત સમયે જીવને સમાધિ લાવવી સહેલી છે

શરીર અને આત્માના સંયોગમાં એકાંત દુઃખરૂપતા, આત્માનો અજરામર સ્વભાવ, જન્મ–મરણની પરંપરામાં રહેલી ભયંકર દુઃખ-રૂપતા વગેરે વાસ્તવિક ખ્યાલ જેઓને હોય, તેવા આત્માઓને મરણસમયે ઉપકાર કરનાર અંતિમ સાધનાની વિધિ અતિ આવ-શ્યક છે. તત્ત્વગવેષી આરાધક આત્માઓ નિરંતર પરલોક હિતકારી જ્ઞાનાદિક સાધના કરી રહેલા જ છે. તેઓ પોતાના છેલ્લા કાળને સુધારવા નિરંતર ભાવનાવાળા હોય છે. અને આયુબંધ માટે કોઈ નિયતકાળ નથી. જન્માંતરની ગતિનો આધાર પડેલા આયુબંધ ઉપર આધાર રાખે છે. મરણસમયે જો આત્માની જાગૃતિ ન રહી તો દુર્ગતિનું આયુ બંધાઈ જાય જો કે આયુષ્યબંધ જિન્દગીમા ગમે ત્યારે એક વખત બંધાય છે છેવટે મરતી વખતે બાંધીને જ મરે. પરભવ આયુ બાંધ્યા વગર કોઈ મરે નહી.

આ કારણે મરણ સમયે સંપૂર્ણ સાવધાનતામા અને આરા-

ધનામાં હોવું જરૂરી છે. આ શાસનમાં અંતિમ સાધના માટે પૂર્વાચાર્યોએ અનેક આલંબનરૂપ સાધનો કહેલા છે, છતા આરાધનાની શાસ્ત્રીય વિધિ તથા શુભ ભાવની વૃદ્ધિ માટે, દરેકને ઉપયોગી બની શકે તેવા વિવિધ શાસ્ત્રાનુસારી અને દષ્ટાંતવાળા સાહિત્યની સમાધિ-રસિક મુમુક્ષુ આત્માઓને જરૂર છે, તે માટે આ પ્રયત્ન કર્યો છે. અન્તિમ સાધના–અન્તિમ આરાધના–ઉત્તમાર્થ–પંડિતમરણ, સમાધિમરણ–પર્યન્ત આરાધના, સંથારો કરવો, અનશન કરવું. આવા જુદા જુદા એક અર્થવાચક શબ્દપર્યાયો છે.

આ વિષયની વધારે માહિતી સળંગ આ ગ્રંથ વાચન–મનન કરવાથી આપોઆપ મળી જશે. એકની એક વાત વારંવાર જુદા પ્રકરણમાં જોવામાં આવશે, કારણ કે આરાધનાની વિધિ તો દુષ્કૃત–ગર્હન સુકૃતઅનુમોદન–ચાર શરણઅંગીકાર–નવકાર મહામંત્રનું સ્મરણ એ મુખ્ય બાબતો દરેક આરાધનામાં હોય જ, જેથી વાચનારના આત્મામા વાર વાર એક જ વસ્તુના સંસ્કાર પડવાથી સ્મૃતિ–સંસ્કાર દૃઢ જામી જશે. એટલે એક ને એક વાત વારંવાર કેમ કહેવાય છે તે પુનરુક્તિ ન સમજતાં દૃઢ સંસ્કાર માટે આવશ્યક છે આ અંતિમ સાધનાની અંદર જુદા જુદા દષ્ટાંતો જેમ ઉપસ્થિત થતા ગયાં, યાદ આવતાં ગયા, પ્રેરણા પ્રાપ્ત થઇ, તેમ તેમ જુદા જુદા ગ્રંથો, આગમો, પ્રકરણોમાથી ચૂંટી લીધેલાં છે. સાદી અને સરળ ભાષામા પ્રાકૃત સંસ્કૃત સાહિત્યમાંથી મૂળના આધારે ભાષાન્તર કરી તથા દરેકના છેડે આધારસ્થાનો જણાવેલા છે નારકીની વેદના કેવી હોય તે પ્રકરણની અહીં શી જરૂર હતી? એવો પ્રશ્ન કોઇ ઉઠાવે તો બાળમરણવાળા આત્માઓ વિરાધના યોગે નારકી કેવી રીતે થાય છે, તે બીજા પક્ષે જાણવું જરૂરી ધારી તે પ્રકરણો મૂકેલા છે. ઘણાંખરા દષ્ટાંતો કયા સ્થળેથી લીધેલાં છે, તે સ્થળનિર્દેશ કરેલા છે. ગજસુકુમાળમુનિ, અવન્તિસુકુમાળ, મુનિચંદ્રરાજા, સ્કંદકાચાર્યે ૪૯૯ શિષ્યોને કરાવેલી અંતિમ આરાધના એ ઉપદેશમાળા દોઘટ્ટી ટીકામાંથી લીધેલા છે અને કૃષ્ણમહારાજાની અંતિમ આરાધના 'ઉપદેશમાળા (પુષ્પમાળા) ટીકા'ના આધારે

લખેલી છે. આ સિવાય અંતિમ સાધનાને પુષ્ટ કરનારી કેટલીક હકીકતો પ્રાસંગિક ગ્રહણુ કરેલી છે.

સાનુકૂળ સમયે આ પુસ્તકનું વાચન–મનન કરવાથી રોગ–માદગી સમયે આર્તધ્યાનથી બચી સમભાવમા આત્મા સ્થિર બને છે. અત સમયે જરૂર કેવી રીતે મારે ૧૮ પાપસ્થાનકોનું પ્રતિક્રમણ, સુકૃતની અનુમોદના, ચાર શરણુ અંગીકાર, નવકાર મહામંત્રનું સતત સ્મરણ થઇ જાય તો ચાલુ અને ભાવી અનેક ભવો સુધરી જાય છે આપણું દરેકનું આ પરમ ધ્યેય છે માટે વારંવાર વાંચન–મનન કરવા અને કરાવવા માટે ભારપૂર્વક ભલામણુ કરવામા આવે છે. ગ્રંથ લખતાં–છપાવતા સમજદોષથી કે અજ્ઞાનતાથી વીતરાગ વાણીથી વિરુદ્ધ લખાયુ હોય તો સૂચન કરવા આગ્રહ કરવામાં આવે છે

આ ત્રીજી આવૃત્તિમા કેટલોક ફેરફાર કરી કેટલાક પ્રકરણો ઓછા કરી કેટલાક ફકરાઓ–વધારે મૂકેલા છે શરુઆતમાં છેદગ્રન્થોધ્ધૃત જયણુા સમજાવનાર સુસઢ પ્રાકૃત ચરિયનો અનુવાદ આપેલો છે. તે જયણુાને પુષ્ટ કરનાર ઉપદેશપદ સટીક ગૂર્જરાનુવાદમાથી ૭૬૯–૭૭૦ ગાથા અને તેનો વિસ્તૃત અર્થ આજ્ઞાનુસારિણી જયણુા નામનું પ્રકરણ ૨૨૪મા પત્રે આપેલુ છે. જેમા જયણુાનો વ્યાપક અર્થ સમજી શકાશે. ઘણા સમયથી આ પુસ્તક અલભ્ય થયેલ હોવાથી તેમ જ ઘણાઓની માગણી થવાથી સુધારા–વધારા સાથે ત્રીજી આવૃત્તિ છપાવી છે.

મુનિશ્રી અમરેન્દ્રસાગરજી તથા મુનિશ્રી મહાભદ્રસાગરજીએ પ્રુફ સંશોધન અને શુદ્ધિપત્રક તૈયાર કરી આપ્યુ છે બહુ જ ટૂંક સમયમા બહાદુરસિંહજી પ્રેસના માલીક ભાનુચંદ્રભાઇએ કાળજીથી આ પુસ્તક છાપી આપેલ છે, તેની નોંધ લઇએ છીએ.

સં. ૨૦૪૨
વૈ વદ ૬
શત્રુંજય વિહાર
પાલીતાણુા

લિ૦
આગમોદ્ધારક આ. મ.શ્રી આનંદસાગરસૂરીશ્વર–
શિષ્ય,
આ. શ્રી હેમસાગરસૂરિ

# સુમઢચરિત્ર સહિત અન્તિમ સાધનાનો વિષયાનુક્રમ


૧ સુમઢ ચરિત્ર પ્રારંભ
૩ સ્વાર્થી સ્વજનો
૮ જરા રાક્ષસી
૧૦ બ્રાહ્મણી સુલ્લભબોધિ કેમ થઈ?
૧૩ વિવિધ પ્રકારનાં તપો
૧૫ સરાગદૃષ્ટિથી કુમારનું અવલોકન
૧૮ પોતાની શીલની પરીક્ષા
૧૯ રાજપરિવાર સહિત કુમારની દીક્ષા
૨૪ પ્રાયશ્ચિત્ત અધિકાર
૨૪ પ્રતિસેવક–આલોચકના દશ દોષો
૨૫ પ્રાયશ્ચિત્ત લેનારના ગુણો
૨૬ આલોચનાચાર્યના ગુણો
૨૭ ગીતાર્થ ગવેષણા
૨૮ શલ્યોદ્ધાર માટે અશ્વ–દૃષ્ટાન્ત
૨૯ બૌદ્ધ સાધુનું દૃષ્ટાન્ત
૩૨ લક્ષ્મણા આર્યાનું ચરિત્ર
૩૪ ભગવંતની સ્તુતિ
૩૫ ધર્મોપદેશ
૩૯ લક્ષ્મણા સાધ્વીના અનેક દુર્ગમ ભવો
૪૬ અંતિમ આરાધના
૪૬ પિતા–પુત્રી પતિ–પત્ની બન્યા
૪૯ સુજ્ઞ શિવનો પશ્ચાત્તાપ
૫૧ સુજ્ઞશિવ નિઃશલ્ય બની સિદ્ધિ પામ્યો
૫૩ સુજ્ઞશ્રી છઠ્ઠી નરકે ગઈ.
૫૪ જયણા વગરના તપ–સંયમનાં માઠાં ફળ
૫૮ સ્વોપદિષ્ટ હિતોપદેશ
૫૮ પોતાનું દુશ્ચરિત્ર પ્રગટ કરવું દુષ્કર છે.
૫૯ દુઃખ સમયે કેવી ભાવના ભાવવી?
૬૧ દ્રવ્ય અને ભાવ પૂજા
૬૪ ભાવસ્તવની ઉત્તમતા ઉપર દશાર્ણભદ્ર અને ઇન્દ્રનું ઉદાહરણ
૬૫ અન્તિમ-સાધના
૬૫ આત્મભાવના
૭૧ ક્ષામણા કુલકના આધારે ચાર ગતિ જીવના ખામણા
૭૫ આલોયણ
૮૬ પર્યન્તારાધના
૯૨ મણિરથકુમાર મુનિની અન્તિમ આરાધના

૯૫ કામગજેન્દ્ર સાધુની
અન્તિમ આરાધના
૯૭ મુનિ વજ્રગુપ્તની અન્તિમ
આરાધના
૧૦૧ સ્વયભુદેવ મુનિની અ. આ.
૧૦૧ બાળ-મરણ
૧૦૭ પંડિત-મરણ
૧૦૯ મહારથ સાધુની સાધના
૧૧૬ નારકીમા વેદના કેવી હોય!
૧૨૪ તિર્યંચગતિના દુઃખો
૧૨૬ મદનરેખાએ સ્વપતિને કરાવેલ અન્તિમ-સાધના
૧૨૯ સિંહને કરાવેલી અં આ.
૧૩૧ ગજસુકુમાલ મુનિની
અન્તિમ આરાધના
૧૩૩ અવન્તિસુકુમાલ અં. આ.
૧૩૩ મુનિચન્દ્ર રાજાની અં આ.
૧૩૪ સ્કંદકાચાર્યે ૪૯૯ શિષ્યોને
કરાવેલી આરાધના
૧૩૯ શ્રી આર્યસ્કંદકની અંતિમ
સંલેખના
૧૪૬ શ્રી વજ્રસ્વામી, તેમના ૫૦૦
શિષ્યો તથા બાળમુનિની
અન્તિમ-સાધના
૧૪૯ મહાવીર ભગવંતના જીવે
નંદન મુનિના ભવમા કરેલી
અંતિમ-સાધના
૧૫૩ શ્રી કૃષ્ણ વાસુદેવની અં.સા.
૧૭૦ શ્રી પાર્શ્વ પ્રભુના પુર્વભવોની
અંતિમ-સાધના
૧૭૫ ધન્ના કાકંદીની અં સા.
૧૭૭ પર્ષદામાં પ્રથમ અને અનંતર
ભવે મોક્ષે જનાર ઇંદરની
અન્તિમ આરાધના
૧૮૮ ઝાંઝરીયામુનિવરની અં આ.
૧૯૨ વીતરાગ સ્તોત્રનો ૧૭મો
પ્રકાશ-સાર્થ.
૧૯૪ શ્રી મલ્લીનાથ ભગવંતે પુર્વ-
ભવમા કરેલી વીશસ્થાનકતપ
અને અન્તિમ આરાધના
૧૯૯ શતબલ રાજાની ભાવના
૨૦૦ કોણિકના સંગ્રામમાં વરુણ
તથા તેના બાળમિત્રની આ.
૨૦૫ પંડિત મરણ
૨૦૬ અન્તિમ સાધના
૨૦૮ સંલેખના વિધિ
૨૧૪ સંથારા પોરિસીના અર્થ
૨૧૬ પાંચ વર્ષનું પ્રમુખપદ
૨૨૪ આજ્ઞાનુસારિણી યતના
૨૩૩ કાર્યો અને તેનું કુટુંબ
૨૩૮ સહાયકો અને ગ્રાહકોની
નામાવલિ
૨૩૯ શુદ્ધિપત્રક

। श्री श्रुत-स्थविरेभ्यो नमः ।

છેદગ્રન્થથી શ્રુતસ્થવીર પૂર્વાચાર્ય-સંકલિત ( પ્રાકૃત )

# શ્રીસુસઢ ચરિત્રનો ગૂર્જરાનુવાદ.

અનુવાદક

આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીના શિષ્ય

## આચાર્ય શ્રીહેમસાગરસૂરિ.

कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए ? ।
कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥

जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥

दस-वेयालिय-सुत्त.

અર્થ હે ભગવંત! હું કેવી રીતે ચાલુ, કેવી રીતે ઉભો રહું, કેવી રીતે બેસુ, કેવી રીતે શયન કરું ? કેવી રીતે ભોજન કરું, કેવી રીતે બોલું, કે જેથી કટુક પાપ-કર્મ ન બંધાય. ત્યારે ગુરુ કહે છે કે- હે શિષ્ય! જયુ-

ણાથી ચાલ, જયણાથી ઉભો રહે, જયણાથી બેસ, જય-ણાથી શયન કર, જયણાથી ભોજન કર, જયણાથી બોલ-નાર પાપકર્મ બાંધતો નથી.

जयणाइ चरे भिक्खु चिट्ठे आसे सुए य भुंजिज्जा ।
भासे व जं न बज्झइ, नवपावं झिज्झए बद्धं ॥

કોઈક સમયે રાજગૃહી નગરીમાં ગુણશીલ નામના ઉદ્યાનમાં શ્રીવીર ભગવંત સમવસર્યા અને પર્ષદાની અંદર જયણા ધર્મનો ઉપદેશ આપતાં જણાવ્યું કે, 'જે ભિક્ષુક જો જયણાથી ચાલે, જયણાથી ઉભો રહે, બેસે, સુવે, ભોજન કરે, બોલે વગેરે કાર્ય જયણાપૂર્વક કરે, તો નવાં પાપ કર્મ ન બાંધે અને જુનાં બાંધેલાં કર્મને ખપાવે. જો વળી જયણા વગર સુસઢની જેમ ઘણું આકરું તપ કરે, તો પણ દુઃખ ભોગવતો પાર વગરના સંસાર-સમુદ્રમાં ભ્રમણ કરનાર થાય છે ત્યારે વિનયગુણવાળા ગૌતમે પૂછ્યું કે, 'હે ભગવંત! આ સુસઢ કોણ હતો?—' એમ પૂછ્યું એટલે ભગવંતે વિસ્તારવાળી સુસઢની કથા કહી.

અહીં અવંતી નામના દેશમાં સંબુક્ક નામના ખેટક વિષે મર્યાદા રહિત, જન્મથી દરિદ્ર, દયા વગરનો સુજ્ઞશિવ નામનો એક વિપ્ર હતો. યજ્ઞયશા નામની તેની ભાર્યાને કોઇક સમયે ગર્ભ રહ્યો. સુજ્ઞશ્રી નામની પુત્રીને જન્મ આપી તે તત્કાલ મૃત્યુ પામી. ગૌતમસ્વામીએ પૂછ્યું કે, 'હે સ્વામી! તે કન્યાએ એવું શું કર્મ કર્યું હતું? જેથી જન્મતાં જ તરત માતા મૃત્યુ પામી?' પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! તું સાંભળ. આ ભરતમાં ધરણિ-પ્રતિષ્ઠિત નામના નગરમાં શત્રુ સમૂહને સ્વાધીન કરનાર અરિમર્દન

નામનો રાજા હતો. આગલા જન્મમાં સુજ્ઞશ્રીનો જીવ તે રાજાની શ્રેષ્ઠ રૂપગુણોથી પૂર્ણ નરકાંતા નામની પ્રિયા હતી. કોઇ પોતાની શોકને પુત્રજન્મ થતાંની સાથે મહા-ઈર્ષ્યા કરતી પાપિણી તે વિચારવા લાગી કે, 'જો આ બાલકની માતા મૃત્યુ પામે, તો આ સમગ્ર રાજ્ય મારા પુત્રનું થાય અને હું પણ ઇચ્છા પ્રમાણે ભોગો ભોગવી શકું. આ દુષ્ટ ચિંતવન કરવાના કારણે તેણે અશુભ કર્મ ઉપાર્જન કર્યું. આયુષ્ય પૂર્ણ કરીને ઘણા ભવ સુધી દુઃખનો અનુભવ કરીને સુજ્ઞશ્રીપણે ઉત્પન્ન થઇ. હે ગૌતમ! તે કર્મ હજુ કેટલુંક બાકી રહેલું હતું. માત્ર મનથી ચિંતવેલ તે કર્મના યોગે અહિં તેની માતા મૃત્યુ પામી. જે જીવો જીવોનો વધ કરે છે, હંમેશાં જૂઠું બોલે છે, વગર આપેલું ગ્રહણ કરે છે, આરંભ-પરિગ્રહમાં રાત-દિવસ રક્ત રહે છે, હે ગૌતમ! મધ, મદિરા, માંસાહાર કરવો, તથા રાત્રિ ભોજનમાં રચ્યા-પચ્યા રહે છે, તેઓ કર્મ બાંધીને જે દુઃખો ભોગવનારા થાય છે, તેનાં સમગ્ર દુઃખો વર્ણવવાં અશકય છે.

જેના જન્મ સાથે માતા મૃત્યુ પામી, એવી તે બાળ-કીને પિતા સુજ્ઞશિવે અનેક સ્ત્રીઓની પાસે કરગરીને કષ્ટ-પૂર્વક સ્તન-પાન કરાવીને મહામુશીબતે પાળી-પોષીને જીવતી રાખી. એમ કરતાં આ સુજ્ઞશ્રી આઠ વર્ષની થઇ, ત્યારે ભયંકર બાર વરસનો દુકાળ પડયો. તેવા દુકાળના સમયમાં કુલનું અભિમાન, મિત્ર સ્વજન બંધુઓનો સ્નેહ, પરોપકારનું સ્મરણ, ધર્મ, લાજ, દાક્ષિણ્ય, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક વગેરે નાશ પામ્યા, માતા-પિતાને કોઇ ગણકારતા નથી, ચાંડાલને ઘરે ભોજન કરવા લાગ્યા, માતા પ્રિય

પુત્રને પણ ત્યાગ કરવા લાગી. હવે ભાગ્યરહિત, ભૂખના મહાગ્રહના વળગાડવાળા, ભયંકર દુષ્કાલના કાલથી ઘેરાયેલા સુજ્ઞશિવે વિચાર્યું કે. 'મારા ઘરમાં કાંસુ વસ્ત્ર કે ધનનો ઢગલો નથી કે જે વેચી શ્રેષ્ઠ રત્ન ખરીદ કરું. હવે શું મારે પરદેશમાં જઇ પારકા ઘરે નોકરી-ચાકરી કરવી કે ભ્રમણ કરી ભિક્ષા મેળવવી? મારા આત્માને કેવી રીતે જીવાડવો? પરંતુ તેમ કરવા માટે મારી પાસે માર્ગમાં ખાવા જેટલુ ભાથું પણ નથી, મારા ઘરમાં એક દિવસનું ભોજન પણ નથી. હવે ક્ષુધા રાક્ષસીના વળગાડવાળા તેણે એવો પાપી વિચાર કર્યો કે. 'આ બાલિકાને મારી તેનું માંસ ખાઉં.' વળી વિચાર ફેરવ્યો કે, નગરમાં તેનું માંસ વેચીને મુસાફરીનું ભાથું કરવા ધાન્ય ખરીદીશ વળી ક્ષણવારમાં ભય સાથે વિચાર્યું કે, 'અરેરે? પાપી એવા મેં આ કેવું પાપ વિચાર્યું? જે મહાક્રોધી ચંડાળો, મ્લેચ્છો, દુષ્ટો વગેરે ચિંતવતા નથી; એવો દુષ્ટ વિચાર મેં કર્યો. વળી ક્ષોભ પામેલો તે વિચારવા લાગ્યો કે, 'કોઇક ધનિકને ઘરે આ બાલિકાને જીવતી વેચીને તેના આવેલા મૂલ્યથી હું રસ્તાનો પંથ કાપીશ. ત્યાર પછી ઋદ્ધિવાળા શ્રાવક બનેલા એવા ગોવિંદ નામના બ્રાહ્મણને ઘરે આઢક પ્રમાણ કાંગનું ધાન્ય લઇને તે બાલિકાને આપી. પછી હે ગૌતમ! બ્રાહ્મણોએ અને વણિક લોકોએ સુજ્ઞશિવને ધિક્કાર્યો, એટલે તે ગામમાંથી નીકળી ગયો. ત્યાંથી ભમતો ભમતો અનુક્રમે તે ભુવનાલંકાર નામના નગરે પહોંચ્યો. ત્યાં પણ લોકોની કન્યાઓનાં હરણ કરી વેપાર કરવા લાગ્યો. આ પ્રમાણે લાંબા કાળ સુધી પાપવૃત્તિથી તેણે ઘણું દ્રવ્ય એકઠું કરી તેનાં શ્રેષ્ઠ પાંચ રત્નો ખરીદ કર્યાં.

હે ગૌતમ! તે અવંતિ દેશમાં લોકોએ દુકાળનાં આઠ વરસ તો મહામુશીબતે પસાર કર્યાં. તેમાં જીવની આયુષ્ય-લક્ષ્મી ક્ષય પામે તેમ ગોવિંદ બ્રાહ્મણની ધનલક્ષ્મી પણ ક્ષય પામી. તેમ જ ધર્મવ્યવસાય વિશેષ ઓછો થઈ ગયો. તો તે ગોવિંદે વિચાર્યું કે, 'હજી આજે પણ જાણી શકાતું નથી કે આવો દુષ્કાલ ક્યાં સુધી ચાલ્યા કરશે? તો હવે આ મારા સ્નેહી સ્વજન, બંધુ, કુટુંબ વગેરેનો નિર્વાહ કરી આ દુર્ભિક્ષ કાળનો કેવી રીતે પાર પામીશ? એ પ્રમાણે ચિંતવતાં તેને ત્યાં ગોકુલના સ્વામીની ભાર્યા ગોકુલમાંથી દહિં વેચવા માટે આવી. ચોખારૂપ મૂલ્ય આપીને ગોવિંદ શેઠની ભાર્યાએ દહિંની ચાર કાણીઓ ખરીદ કરી અને તરત જ પોતાના કુટુંબને આપી.

હવે ગોકુળમાં પહોંચવાની ઉતાવળવાળી ગોવાળણ શેઠાણીને કહેવા લાગી કે, 'મને ડાંગર જલદી આપો કે, જેથી મારે ઘરે જાઉં.' એટલે બ્રાહ્મણીએ સુજ્ઞશ્રીને આજ્ઞા કરી કે, 'હે પુત્રી! ગઈ કાલે રાજાએ શેઠને ઉત્તમ ધાન્ય આપેલ છે, તેમાંથી કાઢીને આને આપી દે.'

ત્યાર પછી સુજ્ઞશ્રીએ ઘરની અંદર દરેક સ્થળે તપાસ કરીને કહ્યું કે, 'હે માતાજી! ઘરમાં થોડું પણ ધાન્ય ક્યાંય દેખાતું નથી. એટલે ઉતાવળી ઉતાવળી ઘરમાં જ્યાં પ્રવેશ કર્યો, તો અંદર પોતાના મોટા પુત્રને વેશ્યા સાથે ભોજન કરતો જોયો. એટલે રોષથી લાલ થયેલા નેત્રવાળો પુત્ર માતાને આવતી જોઈને તાડુકીને કહેવા લાગ્યો કે, 'હે ડોકરી! જો તું અહીં આવી છો, તો નક્કી તને મારી નાખીશ.' પુત્રનું આવું દુર્વર્તન અને અનિષ્ટ વચન દેખી તથા સાંભળીને ઉદ્વેગ પામેલા મનવાળી માતાનાં નેત્રો

મૂર્ચ્છા આવવાથી બીડાઇ ગયાં અને શ્વસ કરતાંક તે ધરતી પર ઢળી પડી. ત્યારે સુજ્ઞશ્રીએ મોટા શબ્દથી રાડ પાડી કે, 'અરેરે ! માતાજી ઓચિંતા ભૂમિ ઉપર ઢળી પડ્યાં છે અને લાકડાની માફક ચેષ્ટા વગરનાં બની ગયાં છે.' આ સાંભળી ગોવિંદ શેઠ એકદમ આવીને ચંદન જળ છાંટવા લાગ્યા, એટલે મૂર્ચ્છા ઉતરી ગઈ, કંઇક સ્વસ્થ થઇ ત્યારે પૂછ્યું કે, તને શું થયું ? એટલે પ્રત્યુત્તર આપ્યો કે

## સ્વાર્થી સ્વજનો.

હે સ્વામી! ડાંગર માટે ઘરની અંદર આવી, પુત્રનાં વચનો સાંભળી મને મૂર્ચ્છા આવી, શુભભાવ યોગે જાતિ-સ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણના પ્રભાવથી સંખ્યાતા પ્રમાણ મેં મારા પૂર્વ ભવો જાણ્યા. તેથી ધન, સ્વજન, બંધુ વગેરેના સર્વ પ્રકારનાં સ્નેહ બંધનો તુટી ગયાં, સંસારનો મોહ ઓગળી ગયો. આ જગતમાં સ્વજનો, મિત્રો, સ્નેહીઓ ત્યાં સુધીના જ સગાઓ છે કે, જ્યા સુધી તેમનું કાર્ય કરીએ, જો તેમનાં કાર્યો ન કરીએ, તો તેઓ શત્રુ કરતાં પણ આગળ વધી જાય છે. અર્થાત નજીકના સ્નેહીઓ મોટા દુશ્મનો થાય છે. દૂરની વાત ક્યાં કરવી ? અહિં પ્રત્યક્ષ જ જુઓ કે જેના માટે કૂષ્માંડી વગેરે અનેક દેવ-દેવીઓની માનતા, પૂજા, તપ અનુષ્ઠાન આદિ કાર્યો મેં કર્યા, સ્નેહથી અધિક નવ મહિના સુધી જેને કુક્ષિમાં ધારણ કર્યો અને જન્મ્યો એટલે વધામણી વગેરેમાં ઘણું દાન આપ્યું. બાલ્ય-કાળમાં જેના મલ-મૂત્ર વગેરે રાત-દિવસ સાફ કર્યાં, મોહના ગ્રહણથી ગાડી બનેલી મેં અલ્પપણ તેની દુગંછા ન કરી. વળી ઉત્તમ પ્રકારનાં મિષ્ટાન્ન ભોજન આપીને દરરોજ જેનું પોષણ કરતી હતી.

તેમ જ તેલ ચોળવું, સ્નાન કરાવવું એવી અનેક રીતે જેનું પાલન પોષણ કર્યું એટલે યૌવનપણું પામ્યો. તે સમયે મેં એવી આશાઓ રાખી હતી કે, આ પુત્રના પ્રભાવથી પાછલી વયમાં સ્નેહીવર્ગની આશાઓ પૂર્ણ કરીને મારો સમય સુખમાં પસાર કરીશ. જે પુત્રના કારણે મેં શરીરના ભોગો અને સુખોનો ત્યાગ કર્યો હતો, અનેક કષ્ટો સહન કર્યાં હતાં, તે જ પુત્રે મારી જ પ્રત્યક્ષ એવું અકાર્ય આચર્યું. અરે ! એની ખાતર તો પરલોકમાં સુખ આપનાર કોઇ ધર્માનુષ્ઠાન ન આચર્યું, મોક્ષવૃક્ષના બીજ સમાન એવું નિર્મલ સમ્યક્ત્વ પણ ન ધારણ કર્યું. દર્શન-શુદ્ધિ કરનાર દ્રવ્યપૂજા પૂર્વક જિનમૂર્તિ સમક્ષ વિધિથી ત્રિકાલ ચૈત્યવંદન વિધિ પણ ન કરી. પારકાના કાર્ય કર-વાના ઉદ્યમવાળી મેં મારી શક્તિ અનુસાર તપસ્યા ન કરી, તેમજ પર્વ દિવસોમાં તથા પર્વતિથિઓમાં સામા-યિક, પૌષધ પણ ન કર્યા ગૃહ કાર્યોમાં રોકાયેલી એવી મેં કંઇ પણ નવું અધ્યયન ન કર્યું, તેમ જ પહેલાં ભણેલું જ્ઞાન તેને નિર્ગુણી એવી મેં પરાવર્તન કરી યાદ પણ ન રાખ્યું.

આ પાપી કુટુંબમાં મોહિત મનવાળી એવી મેં લાખમા ભાગનો પણ ધર્મ ન કર્યો, ખરેખર મેં આ મનુષ્ય ભવ નિરર્થક એળે ગૂમાવ્યો. તો હે ભવ્યો ! આ સંસારમાં ઘણા ઘોર દુઃખ આપનાર એવા સ્વજનો ઉપરના કૃત્રિમ સ્નેહથી મને સર્યું. આ જીવલોકમાં એક માત્ર ધર્મ જ માતા, બન્ધુ, મિત્ર, સ્વજનવર્ગ છે, તેમ જ હિત, યશ, કલ્યાણ અને તુષ્ટિ કરનાર, છે, સ્વર્ગ અને મોક્ષનો હેતુ હોય તો એકલો ધર્મ છે. તે ધર્મનું પોતે અને બીજાની પાસે-પૌષધ, સામાયિક આદિથી પાલન કરવું અને કરા-

વણું. હંમેશા તેનો ઉપદેશ આપજો. આ ધર્મ જ ભવાંતરમાં જીવની સાથે નક્કી આવનારો છે.

## જરા રાક્ષસી

આ જીવલોકમાં આ મનુષ્ય જન્મ અને સમગ્ર ધર્મ સામગ્રી જે સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રને સાધી આપનારું છે તે ઘણાં દુર્લભ છે. જો આયુષ્ય હોય, તો જ દર્શન, જ્ઞાન અને ચારિત્રની સાધના શક્ય થાય છે. પરંતુ હાથની અંજલિમાં રહેલા જળની જેમ આયુષ્ય તો નિરંતર ઘટતું જાય છે, ક્ષીણ થતું જાય છે. જેમ જેમ આયુષ્ય તેમ તેમ દરરોજ શરીરનું બલ, શક્તિ, વીર્ય ઘટતું જાય છે, એમ કરતાં ઓગમરી હાંડલીની જેમ આ દેહ અસાર બની જાય છે. તેથી કરી આ દેહ તપ, જ્ઞાન, ચારિત્ર-સુપવિત્ર અનુષ્ઠાનો સત્ત્વ વગેરે ધારણ કરવા સમર્થ નથી જરા-રાક્ષસીના કવલને પ્રાપ્ત થયેલ આ ગાત્ર ઓસરી ગયેલ સત્ત્વવાળું બની ગયું છે. તરુણપણામાં જે દેહને દેખીને નેત્રોને ઉત્સવ થતો હતો, તેનું જ રૂપ વૃદ્ધપણામાં દેખીને ઉદ્વેગ થાય છે. અરેરે! વૃદ્ધપણામાં મસ્તકના કાળા-કેશ સફેદ બની જાય છે, ચામડી ઉપર કરચલીઓ દેખાય છે, કેટલાકના ઘંટાલોલક સરખા દાંત હાલી જાય છે, કેટલાકના સર્વ દાંત પડી જાય છે, શરીર શોભા ઉડી જાય છે, એટલું જ નહિં પણ વૃદ્ધપણાનો દેખાવ ભયાનક બની જાય છે.

ઘાસના પત્ર ઉપર રહેલ જળબિન્દુ સરખા ચંચળ અને ક્ષણભંગુર જીવિતવાળા શરીરમાં પંડિત જનોએ ક્ષણમાત્ર પણ મમતા કરવી યોગ્ય નથી. તો જ્યાં સુધીમાં વૃદ્ધાવસ્થા ન આવી પહોંચે, શરીરમાં ઇન્દ્રિયોની તાકાત

ઓછી ન થાય, ત્યાં સુધીમાં સર્વ પ્રયત્નથી સતત ધર્મનો ઉદ્યમ કરવો જોઇએ. તે તો ફરી સર્વ પ્રકારે સાવદ્યનો ત્યાગ કરી સર્વ વિરતિનો સ્વીકાર કરીએ, તો જ મોક્ષના કારણરૂપ બની શકે છે. તે સર્વવિરતિ પાંચ મહા-વ્રત ધારણ કરવા સ્વરૂપ જણાવેલી છે. ભવસમુદ્રમાં ડુબતા જીવને નાવસમાન હોય તો માત્ર એક યતિધર્મ છે. આ સમગ્ર જગતમાં તેના જેવો બીજો કોઇ શ્રેષ્ઠ ધર્મ નથી. સિદ્ધોનુ, દેવોનું કે મનુષ્યોનું જે સુખ છે, તે મેળવી શકાતું હોય તો સારી રીતે એકઠા કરેલા આવા કહેલા ધર્મથી જ મેળવી શકાય છે. તો અત્યારે આવા પ્રકારનું મનુષ્ય-પણું વગેરે દુર્લભ ધર્મ-સામગ્રી મેળવીને જો તમે ચારિત્રમાં ઉદ્યમ નહીં કરશો, તો તમને બીજું કોઈ શરણભૂત થવાનું નથી. આવું સુંદર બોધિરત્ન પ્રાપ્ત કરીને ભવિષ્યની આશાએ અહીં ધર્મની આરાધના નહિં કરશો, તો બીજા ભવમાં અહીં ગૂમાવેલ બોધિ રત્ન ફરી પાછું કેવી રીતે મેળવી શકશો? બ્રાહ્મણીએ જ્યારે જાતિસ્મરણથી આ સર્વ કહ્યું ત્યારે ત્યાં ગોવિંદ બ્રાહ્મણ પ્રતિબોધ પામીને કહેવા લાગ્યો કે, 'હે પ્રિયા! મોહરૂપ મહાકાદવમાં ખૂંચેલા એવા મને તેં આજે બહાર ખેંચી કાઢયો. હે આર્યા! આજે હવે હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. ત્યારે બ્રાહ્મણી કહેવા લાગી કે, 'મોહરૂપી અંધારી રાત્રિમાં ભવ મંદિર વિષે પ્રમાદરૂપી અગ્નિ ભડકે બળી રહેલો છે, અજ્ઞાનરૂપ નિદ્રામાં ઉંઘી રહેલા તેમાંથી તમે અત્યારે ખરેખર જાગી ગયા છો. સંયમી આત્માઓ દ્રવ્યથી સુતેલા હોય, તો પણ તેઓ ભાવથી જાગેલા જાણવા, અધર્મી મિથ્યાદષ્ટિઓ જાગતા હોય તો પણ સુતેલા જાણવા. ત્યાર પછી અનેક નર અને નારી તથા પોતાની પત્ની સહિત ગોવિંદ બ્રાહ્મણે શ્રુત-

કેવલી શ્રી ગુણંધર આચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી. સમ્યગ્ પ્રકારે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર લાંબા કાળ સુધી આરાધીને તેઓ સર્વે તે જ ભવે સિદ્ધિપદને પામ્યા.

## બ્રાહ્મણી સુલભ–બોધી કેમ થઇ ?

હવે ગૌતમસ્વામીએ પૂછયું કે, 'હે ભગવંત! આ બ્રાહ્મણીએ એવું શું સુકૃત કર્યું હતું? જેથી તે સુલભ-બોધિ અને ઘણા લોકને પ્રતિબોધ કરનારી થઇ? પ્રભુએ ઉત્તરમાં જણાવ્યું કે, 'આગલા ભવમાં તેણે શલ્યરહિતપણે આલોયણા કરી હતી અને જે પ્રમાણે ગુરુએ પ્રાયશ્ચિત્ત આપ્યું હતું, તે પ્રમાણે તેનું સેવન પણ કર્યું હતું. નિર્મળ ચારિત્ર પાળીને તે ઇન્દ્રની અગ્ર મહાદેવી થઇ હતી. ત્યાંથી ચ્યવીને તે અહિં આ પ્રકારની બ્રાહ્મણી થઇ છે. ફરી ગૌતમે પૂછયું કે, 'શું આ ભવમાં શ્રમણી હતી? ભગવંતે કહ્યું કે, આ આગલા ભવમાં શ્રેષ્ટ ગચ્છાધિપ આચાર્ય હતા. હે ભગવંત! મર્યાદિત સંસારવાળા તે આચાર્યના આત્માએ માયા કરીને પાપી સ્ત્રીવેદ કયારે અને કેવી રીતે બાંધ્યો? જે સ્ત્રીવેદ સમગ્ર પાપોનાં સ્થાનરૂપ છે. પંડિત પુરુષોથી નિંદાયેલો સ્ત્રીવેદ અયશની ખાણ, કજિયા, ક્લેશ, કલંક, દોષ સમૂહનો એક નિધિ છે. હે ગૌતમ! તે મહાનુભાવ એવા આચાર્યના ભવમાં તો તેણે મન, વચન કે કાયાથી અલ્પ પણ માયા કરી ન હતી. તે એક વખત ભરતમાં ચૌદ રત્નના સ્વામી ચક્રવર્તી રાજા હતા, કોઇક દિવસે ભવના ભયથી બીધેલા તેણે સુગુરુના ચરણ-કમલમાં દીક્ષા અંગીકાર કરી. ગ્રહણ-આસેવનરૂપ બે પ્રકારની શિક્ષાનો અભ્યાસ કર્યો, ક્રમે કરી સૂત્ર, અર્થ તદુભયનો તથા વિધિ-નિષેધ ઉત્સર્ગ-અપવાદ, નય-નિક્ષેપાદિકને

યથાર્થ જાણનાર-પ્રરુપણા કરનાર થયા—એટલે ગુરુએ તેને સૂરિપદને વિષે સ્થાપન કર્યા.

પાંચે પ્રકારના જ્ઞાનાદિક આચારોને આચરતા, તથા પ્રકાશિત કરતા, હંમેશાં નિર્મલ છત્રીશ સૂરિના ગુણોને ધારણ કરતા યુગપ્રધાન થઇ વિધિથી ગચ્છનું પાલન કરતા હતા હે ગૌતમ! આગલા ભવમાં કરેલી માયાના કારણે દેવીપણે ઉત્પન્ન થયા. હે ભગવંત! તેણે એવી કેવી માયા કરી કે, જેના વિપાકથી સ્ત્રીવેદ બાંધવાનું કારણ બન્યું? ત્યારે પ્રભુએ કહ્યું કે, 'હે ગૌતમ! બ્રાહ્મણીના ભવ પહેલાંના લાખમાં ભવમાં તે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં સામંત રાજાની રુપ્પી નામની કુમારી હતી. કોઇક સમયે વિવાહ થયા પછી તરત જ તેનો ભર્તાર મૃત્યુ પામ્યો. શોક પામેલી પુત્રીને પિતાએ કહ્યું કે, 'હે વત્સે! જેનો પ્રતિકાર કરી શકાતો નથી, એવા પૂર્વે કરેલા કર્મસમૂહનો આ વિપાક છે - એમ સમજીને હવે તું ધર્મમાં સારી રીતે ઉદ્યમ કર.

હે પુત્રી! હું તને પાંચસો ગામો આપું છું, તેની આવકમાંથી તું જિનભવનો કરાવ, ઉત્તમ પ્રકારનાં પુષ્પો ચંદનાદિકથી નિત્ય તીર્થંકરોની પૂજા તીર્થંકરોનાં પાંચ કલ્યાણકોના દિવસોમાં વિવિધ પ્રકારના સ્નાત્રાદિ મહોત્સવ, ફળ, નૈવેદ્ય આદિથી પૂજા કર. પરલોકોપકારી ધર્માનુષ્ઠાનમાં સહાય કરનાર શ્રાવકો અને શ્રાવિકાઓને વિલેપન, વસ્ત્ર, આભૂષણ વગેરે આપી તેમનું સન્માન કર. (૧૦૦) તથા સાધુ ભગવંતો અને સાધ્વીજીઓને ન્યાયોપાર્જિત, પ્રાસુક, એષણીય ભાત-પાણી, પાત્ર, શય્યા આદિ સંયમના સાધનભૂત ઉપકરણો પ્રતિલાભ. દીન, અનાથ, વ્યાધિગ્રસ્ત, આંધળા, લંગડાં દારિદ્રયથી પરાભવિત થયેલા,

શરીરથી અશક્ત થયેલાને હંમેશાં અનુકંપાથી દાન આપ-વિશુદ્ધ સમ્યક્ત્વ ધારણ કર, ઉત્તમ શ્રાવક ધર્મનું સેવન કર, જેથી અન્યભવમાં સેંકડો દુઃખના કારણભૂત વૈધવ્ય પ્રાપ્ત ન થાય.

ત્યારે અશ્રુપૂર્ણ નેત્રવાળી રૂપી ગદ્દગદ્દ સ્વરે કહેવા લાગી કે, હે પિતાજી! હું બહુ જાણતી–સમજતી નથી, પરંતુ મને જલ્દી કાષ્ઠો આપો. ત્રણે ભુવનમાં આપનો નિર્મલ યશ વિખ્યાત થયેલો છે, ચંદ્ર સરખું ઉજ્જવલ આપનું કુલ છે, સ્ત્રીઓ હંમેશાં ચપલ સ્વભાવની હોય છે, તેથી કદાચ આપના ઉજ્જવલ યશ અને કુલને મશીનો કૂચડો આપી કલંક લગાડનારી થાઉં તો? હે પિતાજી! ઘણા ભાગે સ્ત્રીઓ જેમ પર્વતની નદી નીચે ગમન કરનારી હોય તેમ નીચગામી, વિદ્યુતની જેમ ચપળ હૃદયવાળી અને કાળા સર્પ સરખી કુટિલ હોય છે. પ્રાતઃસમયના દીપક અને સંધ્યાના રંગ સમાન અનુક્રમે સ્નેહ વગરની અને રાગ વગરની હોય છે. આપને વધારે શું કહેવું? હે પિતાજી! કૃપા કરી કાષ્ઠ-ચિતા તૈયાર કરાવો, જેથી અનેક દોષના ભંડાર સરખા મારા આ દેહને બાળી ભસ્મ કરું.

આ સાંભળી સામંત રાજા ચિત્તમાં વિચારવા લાગ્યો કે, યુવતીઓમાં મોટા ગુણગણવાળી જેની આવી પુત્રી છે, એવો હું ધન્ય છું. અહો! આની ઉત્તમ બુદ્ધિ, અહો! આનો વિવેક, અહો! આનું સુંદર ધૈર્ય, અહો! અપૂર્વ વૈરાગ્ય, અહો! કુલકલંકને અંગે ભીરુતા, જે સમગ્ર ગુણના શિરોમણિ સરખા ઉત્તમ શીલ આભૂષણથી વિભૂષિત છે, ખરેખર આ નમનીયા છે અને ક્ષણે ક્ષણે મહાગુણોના કારણે

પૂજનીયા છે. આ અનેક ગુણયુક્ત એવી આ પુત્રી જ્યાં સુધી મારે ઘરે રહેશે, ત્યાં સુધી મારી શુદ્ધિ છે, તે સિવાય બીજા અનેકનું શું પ્રયોજન છે? એમ વિચારીને રાજાએ વાત્સલ્ય સહિત આ બાલાને કહ્યું કે, હે પુત્રી! પુત્ર વગરના મને તું પુત્ર સમાન છે. બીજી વાત તને એ કહું છું કે, હે પુત્રી! તીર્થંકરોએ ચાહે તેવા સંકટમાં પણ ધગધગતી જ્વાલાવાળા ભડભડતા અગ્નિમાં આત્માને નાખી આત્મહત્યા કરવાનું કહેલું નથી કદાચ અગ્નિ પ્રવેશ કરવાથી ક્ષણવારમાં સ્વર્ગ કે મોક્ષ મળી જતો હોય, તો દુષ્કર એવાં દાન, શીલ, તપ વગેરે અનુષ્ઠાન કોણ કરે? હે પુત્રી! અનેક ભવનાં એકઠાં કરેલાં પાપોને જેમ કાષ્ઠસમૂહને અગ્નિ બાળી ભસ્મ કરે, તેમ સંયમ રહિત કરેલ તપશ્ચર્યા પાપકર્મને બાળી ભસ્મ કરે છે. માટે પ્રશાન્ત ચિત્તવાળી બની તારી શક્તિ અનુસાર ચારિત્ર અને તપનુ સેવન કર. કેવા કેવા પ્રકારની તપશ્ચર્યા? લાગલાગટ બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસ વગેરે, ૧૫ દિવસના, એક મહિનાના ઉપવાસો કર, હે વત્સે! જિનેશ્વરોએ બીજા પણ દુષ્કર તપો કહેલા છે, જેવાં કે

## વિવિધ પ્રકારના તપો.

૧ ગુણરત્ન સંવત્સર, ૨ આયંબિલ વર્ધમાન તપ, ૩ એકાવલિ, ૪ રત્નાવલિ, ૫ કનકાવલિ, ૬ મુક્તાવલિ, ૭ શ્રેણી તપ, ૮ ઘન, ૯ પ્રતર, ૧૦ વર્ગ, ૧૧ પ્રતિમા, ૧૨ યવ, ૧૩ વજ્રમધ્ય, ૧૪ લઘુસિંહ નિષ્ક્રીડિત, ૧૫ મહાસિંહ૦ ૧૬ ભદ્ર પ્રતિમા, ૧૭ મહાભદ્ર પ્રતિમા, ૧૮ સર્વતો ભદ્ર પ્રતિમા, ૧૯ સર્વ ભદ્ર પ્રતિમા, તથા ૨૦ સપ્ત સપ્તમિકા, ૨૧ અષ્ટ અષ્ટમિ, ૨૨ નવ નવમી, ઉપધાન તપ આ વગેરે

તપો જિનેશ્વરોએ કહેલાં છે. પંચમી તપ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ વગેરે કલ્યાણકોના તપ, ઇન્દ્રિયજય તે સિવાય બીજાં પણ ઘણાં પ્રકારનાં તપો [પ્રવચનસારોદ્ધાર, તત્ત્વાર્થ સૂત્ર આદિ પ્રાચીન ગ્રન્થોમાં] જણાવેલાં છે. આ તપ કર્મક્ષય કરવા માટે કરવાના છે. જે માટે કહેલું છે કે:

"તપ કે કોઇપણ ધર્માનુષ્ઠાન આરાધના આ લોકના સુખ માટે, પરલોકના સુખ માટે, કે કીર્તિ આદિ માટે કરવાનું નથી, પરંતુ તપશ્ચર્યા કર્મની નિર્જરા (ક્ષય) કરવા માટે કરવાની હોય છે. આ પ્રકારે વિધિપૂર્વક કરેલા તપથી નક્કી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે વત્સે! ખેડુત ધાન્ય વાવે, ત્યારે વચમાં આનુષંગિક ઘાસ પણ મેળવે અને મુખ્ય ફલ ધાન્ય પણ મેળવે, તેમ તપ આદિ ધર્મ કરતાં મોક્ષ ન મળે ત્યાં સુધી આનુષંગિક ફલ તરીકે મનુષ્યના અને દેવલોકના સુખો પણ અહિં પ્રાપ્ત કરે છે; માટે હે પુત્રી! આ તારો ખોટો આગ્રહ છોડી દે અને તું શ્રાવક-ધર્મનું પાલન કર, એમ કહીને રાજાએ પોતાના અંતઃપુરમાં એક સેવકને સમર્પણ કરી.

ત્યાર પછી રજત-ચાંદી સરખા ઉજ્જવલ ચિત્તવાળી રુપ્પીકુમારી ત્રણે સંધ્યા સમયે જિનેશ્વરની પૂજા, શ્રુતનું અધ્યયન, તપશ્ચર્યા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ કરવા લાગી. વિવિધ પ્રકારના દાન, સાધર્મિકની ભક્તિ, દીન અને દુઃખીઓને અનુકંપાદાન ઇત્યાદિક કાર્યો કરવામાં સુખપૂર્વક ધર્મમાં લીન થયેલીનો સમય પસાર થવા લાગ્યો. કોઇક સમયે રાજા સમાધિપૂર્વક પંચત્વ પામ્યો, ત્યારે મંત્રી, સેનાપતિ વગેરેએ મન્ત્રણા કરી નિર્ણય કર્યો કે, 'આ રાજાને રાજ્યપાલન કરનાર કોઇ પુત્ર નથી, તો

શીલના પ્રભાવવાળી આ રુપીકુમારી સમગ્ર રાજ્યનો નિર્વાહ કરશે.' એમ નક્કી કરી તેઓએ તેને રાજ્ય ઉપર સ્થાપન કરી. ત્યાર પછી તે નીતિથી રાજ્યનું પાલન કરતી હતી અને સામંત મંત્રીઓ સાથે રાજસભામાં બેસતી હતી.

## સરાગદૃષ્ટિથી કુમારનું અવલોકન.

કોઇક દિવસે તે સભામાં બેઠેલી હતી, ત્યારે દુર્જય એવા યૌવન વયના કારણે રાગવાળી નજરથી શીલ સન્નાહ નામના સામંત પુત્ર તરફ તેણે લાંબા કાળ સુધી વિકાર-વાળી દૃષ્ટિથી નિરીક્ષણ કર્યું. જે સામંત્ર પુત્ર સૌમ્યતાવડે ચંદ્ર જેવો, દેહકાંતિથી સૂર્ય સરખો. રૂપાતિશય ગુણોવડે દેવાંગનાઓને પણ રમણીય હતો. વળી તે જીવ, અજીવા-દિકના સ્વરૂપનો જાણકાર, વિનયાદિ ગુણવાળો, શીલવડે વિભુષિત શરીરવાળો અને નિર્ગ્રન્થ પ્રવચનમાં જેને દેવો પણ ચલાયમાન કરી શકતા ન હતા. રાગવાળી દૃષ્ટિથી દેખતી કુંવરીને દેખીને કુમારે વિચાર્યું કે, 'નક્કી આ કામ પરવશ બનેલી છે.' કહેલું છે કે— જો કોઈ શ્વાસ લેતું અટકી જાય, ન બોલે, હૃદયમાં એક ધ્યાનથી વિચારણા કરે આવા પ્રકારે લાખ મનુષ્યોની અંદરથી મદન પરવશ થયે-લાની દૃષ્ટિ જાણી શકાય છે. આ સમયે ઇંગિત આકારથી કુમારે તેના મનોભાવ જાણી વિચાર્યું કે, આણે મનથી શિલનું ખંડન કર્યું. ખરેખર આવી જિન વચન-ભાવિત મતિ-વાળી હોવા છતાં સુગુરુના ઉપદેશની અવગણના કરી. પરલોકનો ભય ન પામી, સભા મંડપમાં બેઠેલા લોકોથી લજ્જા ન પામી, ખરેખર પોતાના આત્માને કલંકિત કર્યો, આવા સ્ત્રી સ્વભાવને ધિક્કાર થાઓ. 'આ જીવલોકને વિષે

જીવોનું શીલ એ જ ઉત્તમ રૂપ, સૌભાગ્ય, પંડિતાઈ, આભૂષણ અને જીવિત છે.

બીજું ઉત્તમ પુરુષને માટે કોઈ ન બોલવાનું બોલે. અથવા કલંક લાગે તે તેના માટે મરણ ગણાય, જે વળી પ્રાણનો ત્યાગ કરવો તે તો સર્વ પ્રાણીઓ માટે સરખી જગત-સ્થિતિ ગણાય છે. તો હવે અત્યારે મારે શું કરવું? હું રાજસભામાં બેઠેલો છું. કુંવરીએ રાગદૃષ્ટિથી ઘણા લાંબા સમય સુધી મને જોયા કર્યો. સભામાં બેઠેલા લોકો શું વિચારશે? તેમ જ મારા માટે મારા મિત્રો, સ્વજનો, અહિં રહેતા મારા ગુરુઓ મારા માટે કેવો અભિપ્રાય બાંધશે? એ સિવાય ઉત્તમ કુળમાં જન્મેલી હોવા છતાં પણ મારા નિમિત્તે આ બિચારી ઘોર અંધકારવાળા ભવ-કૂપમાં ડુબી મરશે. તો હવે અત્યારે મારે દેશાન્તર ગમન કરવું એ જ યોગ્ય છે અને યોગ્ય સમય પ્રાપ્ત થાય, એટલે નક્કી નિરવદ્ય પ્રવ્રજ્યા અંગીકાર કરીશ.' એમ વિચારી પિતાજી સ્વજન વગેરેને મનાવીને જિનેશ્વરને પ્રણામ કરીને સજ્જન પુરુષના મન સરખી સરળ વિચિત્ર લતા (સોટી) ગ્રહણ કરીને કુમાર મુસાફરી કરવા લાગ્યો. જતાં જતાં હિરણ્ય ઉક્કુરડિક નામની નગરીએ પહોંચ્યો.

ત્યાં વિચારવા લાગ્યો કે, 'ઉત્તમ ગુરુનો મેળાપ ન થાય ત્યાં સુધી અહિં રોકાઈશ. બીજું લોકોથી સાંભળ્યું છે કે, વિચારસાર નામનો આ રાજા નામ સરખા ગુણવાળો છે, તેની સેવા કરીશ, તો કદાચ તે પણ પ્રતિબોધ પામે. એમ મનમાં મંત્રણા કરી રાજા પાસે જઈ પ્રણામ કર્યા. તેના ગુણોથી રંજિત થયેલા મનવાળા તે રાજાએ પણ પોતાની પાસે બેસાડયો. કોઈક દિવસે ગૌરવપૂર્વક રાજાએ

કુમારને પૂછ્યું કે, 'તારા હાથમાં આ મુદ્રિકા કોના નામથી અંકિત કરેલી છે? આટલા કાળ સુધી કયા સ્વામીની સેવા કરી અને તેનો ત્યાગ કેમ કર્યો? કુમારે કહ્યું કે, 'જેની આ મુદ્રા છે તેની સેવા કરી. રાજાએ પૂછ્યું કે, 'તેને કયા નામથી શબ્દ કરાય છે? ત્યારે કુમારે કહ્યું કે, 'જમ્યા વગર તેનું નામ ગ્રહણ કરાતું નથી. રાજાએ પૂછ્યું કે કેમ? તો કે તે ચક્ષુકુશીલ છે માટે. આ એક મોટી કથા છે, કોઇક સમયે નિરાંતે કહીશ.

ભોજન કર્યા પહેલાં તેનું નામ ગ્રહણ ન કરાય. તેનું પણ કારણ એ કે-હે નરવર ! તે દિવસે તને ભોજનની પ્રાપ્તિ ન થાય. તો વિસ્મય પામેલા રાજાએ તરત જ ત્યાં ભોજનની સામગ્રીઓ અને રસવતીઓ મંગાવી અને કુમાર તથા બીજા પરિવાર સાથે ભોજન કરવા બેઠો. ત્યાં જમણા હાથમાં કવલ ગ્રહણ કરીને રાજાએ કહ્યું કે, 'હે કુમાર! હવે કહે તે ચક્ષુકુશીલનું શું નામ છે? જો કોઈ પ્રકારે દૈવયોગે એકદમ મને ભોજનમાં વિઘ્ન આવશે, તો તેની પ્રત્યક્ષ પ્રતીતિ દેખવાથી હું મારા પરિવાર સહિત પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. ત્યારે કુમારે કહ્યું કે, 'નિષ્ફલ કરેલા મનુષ્ય-જન્મવાળી અધમ ચક્ષુકુશીલ-વાળીનું નામ 'રુપ્પી' છે. તે સમયે પ્રવચનદેવીએ 'કુમારનું વચન નિષ્ફલ ન થાઓ' તેમ ધારી મનથી જ કાર્ય સાધનારી તેણે એકદમ શત્રુસૈન્ય ત્યાં આણ્યું. હે ગૌતમ! તે સમયે રાજધાનીની ચારે બાજુ સૈન્ય વીંટ-ળાઇ ગયું. ક્ષોભ પામેલો રાજા કુમારને પ્રણામ કરીને એકદમ ભાગવા લાગ્યો.

## પોતાના શીલની પરીક્ષા.

આ સમયે કુમારે એમ ચિંતવ્યું કે, ' સ્વામી વગરના આ રાજ્યમાંથી નાસી જવું તે યોગ્ય નથી તેમ જ અત્યારે મારે યુદ્ધ કરવું તે પણ યોગ્ય નથી. મેં કોઈના પ્રાણને ન હણવાની પ્રતિજ્ઞા કરેલી છે, બીજું દૃષ્ટિકુશીલનું નામ ગ્રહણ કરવાનું ફલ પણ પ્રત્યક્ષ દેખ્યું છે. બીજી વાત હાલ બાજુ પર રાખું, પરંતુ હાલ તરત હું અગાર સહિત અનશન સ્વીકારું, જેથી ત્રિકરણ શુદ્ધ મારા શીલની પરીક્ષા કરૂં. જે માટે કહેલું છે કે— નિર્મલ શિલને ધારણ કરનાર એવા પુરુષોને કાળકૂટ વિષમ ઝેર અમૃત સમાન બની જાય છે, ભડભડ કરતી અગ્નિની જવાલાઓ પણ જળ સરખી શીતળ બની જાય છે. તે સમયે કુમારે કહ્યું કે, ' જો હું કોઇ પ્રકારે મનથી પણ કુશીલવાળો થયો હોઉં, તો સૈન્ય મને પ્રહાર કરી હણી નાખે અને જો એમ ન હોય તો સૈન્ય બંધુપણું પામો ' આમ બોલીને ' नमो जिणाणं ' એમ ઉચ્ચારણ કરીને જ્યાં કુમાર ચાલ્યો, ત્યારે શત્રુ યોદ્ધાઓ કહેવા લાગ્યા કે, આ જ રાજા છે. તેમને કુમારે કહ્યું કે, ' હું જ રાજા છું, જલ્દી આવો, મારા દેહ ઉપર પ્રહાર કરો, જો તમારામાં પરાક્રમ હોય તો સામા આવી જાવ. એટલે તરવાર ઉગામીને તે સુભટ-સમુદાય ત્યાં આવી પહોંચ્યા.

યમરાજા સરખા વિકરાળ મુખવાળા ' હણો હણો, મારો મારો ' એમ બોલવા લાગ્યા. ' હે ગૌતમ ! આ સમયે પ્રવચન દેવીએ તે સર્વે યોદ્ધાઓને ત્યા થંભાવી દીધા, જેથી કરીને લેપ્યમય પૂતળી સરખા ચેષ્ટા વગરના બની ગયા. આકાશતલમા રહેલ પ્રવચન દેવીએ પ્રત્યક્ષ થઇને

હર્ષપૂર્ણ હૃદય પૂર્વક આવું વચન સંભળાવ્યું કે, જે કોઇ મેરુ પર્વતને ચલાયમાન કરે, સમુદ્રને સુકવી નાખે, ચક્રવર્તીને જિતી જાય, તેવો પણ કદાચ રોષાયમાન થાય તો પણ શીલ ધરનાર પુરુષની સરખામણીમાં આવી શકતો નથી. ખરેખર તે જ નિર્મલ પોતાના કુલરૂપ આકાશતલમાં ચંદ્ર સમાન ઉત્તમ પુરુષ છે, તે જ ત્રણે લોકમાં પૂજનીય છે કે, જે નિર્મલ શીલના ગુણથી યુક્ત છે. પરમપવિત્ર, ઉત્તમ પુરુષો વડે સેવાયેલ, સમગ્ર પાપને દળી નાખનાર સર્વોત્તમ સુખનો ભંડાર એવું શીલ આ જીવલોકમાં જયવંતું વર્તે છે. તો હે લોકો! તામસભાવ-ક્રોધનો ત્યાગ કરીને આ શીલસન્નાહ મહાપુરુષની સેવા કરો' એમ કહીને દેવીએ તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. આ સમયે કુમાર મૂર્છા પામ્યો અને થોડી ક્ષણમાં મૂર્છા ઉતરી ગઇ અને ભાનમાં આવ્યો એટલે કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું અને સાથે અવધિજ્ઞાન પામ્યો.

## રાજ પરિવાર સહિત કુમારની દીક્ષા.

આ સમયે પેલા નાસી ગયેલા રાજાએ પોતાના ગુપ્ત પુરુષોને મણિ. મોતી વગેરેથી પૂર્ણ નગરીમાં કુમારની કેવી સ્થિતિ છે? તેની તપાસ કરવા મોકલ્યા. તેઓ ઉત્તમ પ્રકારના અશ્વો ઉપર આરૂઢ થઇ પર્વતની ગુફામાંથી નીકળીને ત્યાં જલ્દી પહોંચ્યા કે, જ્યાં કુમાર હતો. તે ચરપુરુષોએ કુમારનો જમણા હાથેથી મસ્તકના કેશ-લોચ કરતો તેમની આગળ દેવતાઓ દીક્ષાનાં ધર્મોપકરણથી ભરેલી છાબડીને હાથમાં ધરીને આગળ ઉભેલા છે, તથા કેટલાક દેવતાઓ જય જયકારના શબ્દો કરી રહેલા છે—એ સ્વરૂપે કુમારને દેખ્યા.

આ વૃત્તાન્ત દેખીને-જાણીને વિસ્મય પામેલા તેણે પાછા જઇને પોતાના સ્વામી-રાજાને નિવેદન કર્યું. તે રાજા પણ પરિવાર સહિત તરત જ ત્યાં આવ્યો ત્યારે જેના ઉપર સૌધર્મઇન્દ્ર છત્ર ધારણ કરીને રહેલા છે, સુવર્ણ-કમલ ઉપર બિરાજમાન થઇ દેવો અને મનુષ્યોને ધર્મોપદેશ આપતા અવધિજ્ઞાનથી અસંખ્યાતા જન્મના અનુભવેલ પોતાનું ચરિત્ર, સુખ-દુઃખ તેમ જ પોતાને સમ્યક્ત્વ પ્રાપ્તિ કેવી રીતે થઇ? તે સર્વ જણાવતા એવા કુમાર-મુનિને દેખ્યા. ત્યાર પછી મુનિવરને વંદન કરી ધર્મ સાંભળીને સંવેગ પામ્યો એટલે પરિવાર સહિત પ્રવ્રજ્યા અંગીકાર કરી, તેની સાથે શત્રુ રાજાએ પણ દીક્ષા અંગીકાર કરી.

હે ગૌતમ! આ સમયે ચારે નિકાયના દેવોએ તથા દેવીઓએ આકાશમાં દુંદુભિ વગાડીને આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી: દેવો, મનુષ્યો, કિન્નરો વડે ચરણ-કમલમાં નમન કરાયેલા હંમેશાં દુર્ધર ચારિત્રને ધારણ કરનારા! હે મુનિવર! તમારો જય થાઓ. રોગ, શોક, જરા, મરણને હરણ કરનાર! ત્રણે જગતના જીવ માત્રને શરણભૂત હે મુનિ! તમો જયવંતા વર્તો. હે દુર્જય મોહ-સુભટને જિતનાર! ઘણા ભવ્ય જીવોને સુંદર બોધ પમાડનાર! તમો જય પામો, ગુણ-સમુદાયના સમાગમથી શોભા પામેલા! સહેલાઇથી કામદેવ યોદ્ધાને હરાવનાર હે મુનિવર! તમારો જય જયકાર થાઓ. હે અતિસુંદર સંવરરત્ન ભંડાર! શીલવંતોમાં પ્રથમ રેખા પ્રાપ્ત કરનાર હે મુનીશ્વર! જય પામો. ધર્મવૃક્ષને સિંચનાર જળવાળા મેઘ સમાન પ્રિય પુત્ર મિત્રના સ્નેહનો ત્યાગ કરનાર, ઘણા પ્રકારના સંશયરૂપ રજને દૂર કરવા માટે વાયુ સરખા, સંસાર-દાવાનળને ઓલવવામાં નીર સમાન, માયારૂપ પૃથ્વીને

ઉખેડવામાં સારા હળ સમાન, મુનિવરોમાં મેરુપર્વત સમાન ધૈર્યને ધારણ કરનાર હે મુનીશ્વર! તમો જય પામો. ખરેખર તે જ માતા ધન્ય છે, ત્રણે લોક જેના ચરણ-કમલમાં નમેલા છે, એવી તે જ માતા ધન્ય છે કે, જેના ઉદરમાં ઇન્દ્રથી નમેલ ચરણ-કમલવાળા એવા આપ રહેલા હતા. ત્યા દેવાંગનાઓએ હર્ષથી નાટ્યારંભ કર્યો. ત્યાર પછી આચાર્યને વંદના કરી દેવસમૂહ પોતાને સ્થાને પહોંચ્યો. ભગવંત પણ સૂર્યની જેમ નવા નવા ક્ષેત્રોમાં વિચરવા લાગ્યા અને સુંદર દેશનારૂપી કિરણો વડે ભવ્ય-કમલોને પ્રતિબોધ કરતા હતા.

ઇન્દ્રભૂતિ ગણધરે પૂછ્યુ કે, 'હે ભગવંત! ક્યા સુકૃત કર્મના કારણે તે સુલભબોધિ અને જાતિસ્મરણવાળા થયા? ત્યારે વીર ભગવંતે કહ્યું કે, 'આ પૂર્વ ભવમાં જેને તૃણ અને મણિ, ઢેફું અને સુવર્ણમાં સમભાવ પરિણામ હતા, તેવા ઉત્તમ સાધુ હતા, તેણે કોઇક સમયે ઉપયોગ રહિત-પણે વચનનો પ્રયોગ કરી વચન દંડનું પાપ ઉપાર્જન કર્યું. ત્યાર પછી ગુરુએ ઉપદેશેલ પ્રાયશ્ચિત્ત તે પાપની શુદ્ધિ માટે કર્યું. સમગ્ર પાપકાર્યના ભયથી મૌનવ્રત ધારણ કર્યું. ત્યાંથી દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવેલા આ શીલ-સન્નાહ સુલભબોધિ મહાનુભાવ સ્વયંબુદ્ધ થયા. પછી આ આચાર્યે પોતાનું પરિમિત આયુષ્ય બાકી રહેલુ છે'— એમ જાણીને અજિતાદિ તીર્થંકરોના કલ્યાણકથી પવિત્ર એવા સમ્મેતપર્વત તરફ પ્રયાણ કર્યું. વિહાર કરતાં કરતાં માર્ગમાં ક્ષિતિપ્રતિષ્ઠિતનગર આવ્યું, એટલે 'રુચ્પી' રાજા સપરિવાર વંદન કરવા માટે ત્યાં આવ્યો. આવીને વિધિપૂર્વક મોહરહિત મુનીશ્વરને વંદના કરી ભૂમિપીઠ પર બેઠા; એટલે આચાર્ય ભગવંતે દેશના આપી

"આ જગતમાં ઇન્દ્રપણું, અહમિન્દ્રપણું, ચક્રવર્તી-પણું સુલભ છે, પરંતુ જિનધર્મ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે, કારણ કે, સદ્‌ગુરુ-સમાગમ વગર જિનધર્મની પ્રાપ્તિ થતી નથી. ભવસમુદ્રથી પાર પમાડનારા અતિ પ્રસન્ન થયેલા ગુરુથી સમ્યક્ત્વ-દેવ, ગુરુ અને નિષ્કલંક ધર્મ જીવો જાણી શકે છે. અઢાર દોષ રહિત, ચોત્રીશ અતિશય-વાળા દેવ હોય છે, પાંચ મહાવ્રતોથી યુક્ત છત્રીશ ગુણ-સહિત ગુરુ હોય છે, ભવકૂપમાં પડતા જીવને બચાવનાર એવો અહિંસા લક્ષણવાળો ધર્મ છે, તે સાધુ અને શ્રાવક એમ બે પ્રકારનો ધર્મ વહેંચાયેલો છે. સાધુધર્મ તે કહે-વાય, જેમાં શત્રુ-મિત્ર પ્રત્યે સમાનભાવ થાય અને પાપ-વાળાં સર્વ કર્તવ્યોનો ત્રિવિધ-ત્રિવિધે ત્યાગ કરવાનો હોય એવો યતિનો ધર્મ જલ્દી નિર્વાણ સુખને ઉત્પન્ન કર-નાર છે. (૨૦૦) ગૃહસ્થ અથવા શ્રાવકધર્મ તો સમ્યક્ત્વ સહિત અણુવ્રત-શિક્ષાવ્રતાદિથી યુક્ત, દાન, શીલ, તપ અને ભાવનાવાળો છે, જે ક્રમે કરી પરંપરાએ શિવસુખ આપનાર થાય છે.

હવે રુપ્પી રાજાએ આચાર્ય ભગવંતને કહ્યું કે, ભવ-સમુદ્રમાં ડુબતી એવા મને અત્યારે અતિદુર્લભ આપના ચરણરૂપી નાવની પ્રાપ્તિ થઇ. હે નાથ! કષાયો વડે આ જગત તો બળી-ઝળી રહેલું છે એમ માનું છું, તો તેને શાન્ત કરવા માટે મને દીક્ષા આપો. ત્યારે ગુરુએ કહ્યું કે, 'આવા ધર્મકાર્યમાં વિલંબ ન કરીશ.' ત્યારે રાજાએ સામંતાદિકને પૂછ્યું કે, 'આ વિષયમાં તમારું મન કેવું છે? સામંતોએ કહ્યું કે, 'હે નરનાથ! જે તમારો માર્ગ તે અમારો માર્ગ, રાજાએ તે પ્રમાણે કબૂલ કર્યું. પરિવાર-સહિત રુપ્પી રાજાએ વિધિ પૂર્વક દીક્ષા અંગી-

કાર કરી, પછી ક્ષીરાસ્રવ લબ્ધિવાળા ગુરુએ આ પ્રમાણે હિતશિક્ષા આપી– 'દુર્લભ એવી મનુષ્યાદિક ધર્મ-સામગ્રી તમે મેળવી છે, તો અહીં ચારિત્ર પાલનમાં પ્રમાદ ન કરવો. હિતોપદેશ દરેકે સાંભળીને 'અમે એમ ઇચ્છીએ છીએ' કહીને બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરીને સાધુઓ ગુરુની સાથે અને રૂપ્પી તો ફરી ગુરણી સાથે વિચરવા લાગ્યાં. મહાગુણોથી ગૌરવવાળા આચાર્ય ભગવંત ક્રમે કરી વિચરતા વિચરતા અનેક વૃક્ષ સમૂહથી આચ્છાદિત સમ્મેત પર્વતના શિખર ઉપર આવી પહોંચ્યા. જિનભવનમાં જઇને હર્ષથી ઉલ્લસિત સમગ્ર રોમાંચવાળા થઇને આચાર્ય ભક્તિથી તીર્થનાથને વંદન કરી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ઘણા ભવનાં એકઠાં કરેલાં પાપોને બાળીને જેઓ અહિં મોક્ષપદને પામેલા છે એવા ત્રણે જગતને વંદનીય અજિત વગેરે તીર્થનાથોને હું વંદન કરૂ છું. મોહને જિત-નારા અજિતાદિ જિનવરેન્દ્રો ! મારા દુઃખનો કર્મનો ક્ષય કરજો, મને સમાધિમરણ અને બોધિલાભ આપજો. આ પ્રમાણે જિનેશ્વરોને નમન કરીને આચાર્ય ભગવંત સમ્મેત શિખર ઉપર મુનિના પરિવાર સહિત સંલેખના કરવા લાગ્યા.

આ સમયે રુપ્પી સાધ્વી શીલસન્નાહસૂરિને પ્રણામ કરી વિનંતિ કરવા લાગી કે 'હે ભગવંત ! મને પણ અહિં સંલેખના કરાવો. ત્યારે ગુરુએ કહ્યું કે, 'હે વત્સે ! આલો-ચનાદિક કરીને, પાપ-મલને પખાળીને ત્યાર પછી વિધિથી સલેખના અંગીકાર કરો. નિર્મળ ભિત્તિ ઉપર ચિતરેલ ચિત્રામણ રમણીય શોભે, તેમ સૂત્રોમાં શલ્યરહિત જીવોને સંલેખના કહેલી છે.

## પ્રાયશ્ચિત્ત અધિકાર.

પ્રતિસેવા અને પ્રતિસેવકના દોષ અને ગુણો, ગુરુના ગુણો, સંયમ વિશુદ્ધિના ગુણો, સારી રીતે આલોચના ન કરનારને હિત-શિક્ષા આપવી. તેમાં પ્રતિસેવાના દશ પ્રકાર તે આ પ્રમાણે ૧ દર્પ, ૨ પ્રમાદ, ૩ અનાભોગ, ૪ સહસાત્કાર, ૫ આતુર, ૬ આપત્તિ, ૭ શંકિત, ૮ ભય, ૯ પ્રદ્વેષ અને ૧૦ વિચારણા. કુદવું દોડવું વગેરે દર્પ કહેવાય, કંદર્પ કરવો તે પ્રમાદ, ભૂલવું તે અનાભોગ, અકસ્માત્ તે સહસાત્કાર, ભૂખ, તરશ, વ્યાધિથી ઘેરાયેલ હોય અને જે દોષ સેવન કરે, તે આતુર કહેવાય, દ્રવ્યાદિકની પ્રાપ્તિમાં ચાર પ્રકારની આપત્તિ થાય છે. આધાકર્માદિકને અંગે શંકા કરે તે શંકિત, સિંહાદિકથી ભય, ક્રોધાદિકથી પ્રદ્વેષ અને બાકીમાં વિચારણા.

### પ્રતિસેવક—આલોચકના દશ દોષો કયા ?

(૧) કંપાવીને અર્થાત્ વેયાવચ્ચ આદિથી ગુરુને પ્રસન્ન કરી આલોચના કરે જેથી ઓછુ પ્રાયશ્ચિત્ત આપે—એમ વિચારી તેની પાસે આલોચના કરે. (૨) અનુમાન કરીને અર્થાત્ અતિઅલ્પ અપરાધ જણાવવાથી ઓછી આલોયણા આપે, વગેરે ગુરુના સ્વભાવનું અનુમાન કરી આલોચના કરવી (૩) જે અપરાધ બીજાએ જોયેલ હોય, તેની જ આલોચના કરે, ગુપ્ત અપરાધની આલોચના ન કરે. (૪) મોટા દોષોની આલોચના કરે, નાના દોષોને દોષો માને જ નહિ, એવા નાના અપરાધની અવગણના કરી તેની આલોચના ન કરે. (૫) અથવા સૂક્ષ્મને આલોવે. જેમ કે રજા વગર ઘાસની સળી લીધી હોય. એવા

પણ નાના અપરાધોની આલોચના કરે, મનમાં માને કે નાના અપરાધોથી ડરનારો મોટા દોષોને કેમ ન આલોવે? એમ ગુરુ સમજશે. એટલે મોટા દોષોને છૂપાવી નાનાને આલોવે. (૬) અસ્પષ્ટ સ્વરે, ગુરુ ન સાંભળી શકે તેમ આલોચના કરે. (૭) બૂમ-બરાડા પાડી એવા શબ્દોથી બોલે કે ગુરુ સમજી ન શકે, અગર બીજાઓ સાંભળે તેમ આલોચના કરે. (૮) ઘણાઓની પાસે એકના એક દોષોનું પ્રાયશ્ચિત્ત કરે. (૯) છેદગ્રંથ ન જાણતા હોય તેવા અજાણની પાસે આલોચના કરે. અને (૧૦) પોતે જેવા અપરાધ કર્યા હોય, તેવા અપરાધો કરનાર ગુરુ પાસે આલોચના કરે સમાન દોષવાળા ગુરુની પાસે સુખેથી શરમ વગર દોષો પ્રગટ કરી શકાય. એમ જે જે અપરાધ જે જે ગુરુમાં હોય તેની તેની પાસે તે તે અપરાધો આલોવે. આલોચકના દશ દોષો કહીને હવે આલોચકના ગુણો જણાવે છે, તે આ પ્રમાણે

## પ્રાયશ્ચિત્ત લેનારના ગુણો.

(૧) જાતિવંત, (૨) ઉત્તમ કુલવાળો, (૩) વિનયવંત, (૪) શાન્ત, (૫) ઇન્દ્રિયોને જિતનાર, (૬-૭) જ્ઞાન-દર્શન-યુક્ત, (૮) ઉપતાપ ન કરનાર, (૯) સરળતાયુક્ત, (૧૦) ચારિત્રવંત. ઉત્તમ જાતિવાળો ઘણા ભાગે અશુભ કાર્ય ન કરે અને થઇ જાય તો આલોચના લઇ લે, કુલવાન હોય તો ગુરૂએ આપેલ પ્રાયશ્ચિત્ત યથાર્થ વહન કરે, જ્ઞાની હોય તે કાર્ય-અકાર્યને જાણે, દર્શનવાળો શુદ્ધિની શ્રદ્ધા કરે, ચારિત્ર-વાળો પ્રાયશ્ચિત્ત સ્વીકારી કરી આપે. બીજાં પદો સમજી શકાય તેવાં છે.

## આલોચનાચાર્યના ગુણો.

જેની પાસે આલોચના લેવાની હોય તે આલોચનાચાર્યના ૮ ગુણો. (૧) આચારવાન-જ્ઞાન અને ક્રિયા સહિત જ્ઞાનાદિ પાંચે આચારોનું પાલન કરનાર, કારણ કે એવા ગુણી ગુરૂનું વચન શ્રદ્ધા કરવા લાયક થાય છે. (૨) અવધારણાવાન, શિષ્યે-આલોચકે કહેલા સર્વ અપરાધોને યાદ રાખનાર, જેથી ભૂલ્યા વગર દરેકનું પ્રાયશ્ચિત્ત આપી શકાય. (૩) વ્યવહારવાન્ એટલે આગમ- શ્રુત-આજ્ઞા-ધારણા અને જિત એ પાંચ પૈકી કોઈ અન્યતર એક વ્યવહારના જાણકાર, વ્યવહારના જાણકાર હોય તે જ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત આપી શકે, તેમાં પ્રથમ આગમ વ્યવહાર કેવળી, મનઃપર્યવ, અવધિ, ચૌદપૂર્વ, દશપૂર્વ, નવપૂર્વ જ્ઞાનવાળાના સમયમાં હોય છે. બીજો શ્રુતવ્યવહાર આઠ પૂર્વથી માંડી ઘટતાં ઘટતાં એક કે અર્ધા પૂર્વના જ્ઞાનવાળાઓને તથા ૧૧ અંગ, નિશીથ આદિ સમગ્ર શ્રુતના જ્ઞાતાઓ માટે હોય છે. ત્રીજો આજ્ઞાવ્યવહાર-પરસ્પર દૂર દેશમાં રહેલા બે ગીતાર્થ આચાર્યો જેવા કે આલોચક અને આલોચના આપનાર એ બેને હોય છે. તેઓ ગૂઢ સાંકેતિક શબ્દો દ્વારા આલોચના દેનારા-લેનારા હોય છે. એટલે કે સંદેશાપત્ર લઇ જનાર ન સમજે તેવા ગુપ્ત સંજ્ઞાવાળા શબ્દોમાં ગીતાર્થ આલોચક પોતાના અપરાધો જણાવે અને જવાબ પણ તે જ પ્રમાણે ગુપ્ત શબ્દોથી જ મોકલાવે. એવી રીતે તેઓ બે જ સમજે-તેવી રીતે આલોચના દેનાર-લેનારને આજ્ઞાવ્યવહાર સમજવો. ચોથો ધારણાવ્યવહાર અર્થાત્ ગુરૂએ નાના-મોટા અપરાધોમાં જે રીતિએ પ્રાયશ્ચિત્ત આપ્યું હોય, તે જાણી ધારી રાખનાર શિષ્ય

ગુરૂની ગેરહાજરીમાં તેવા અપરાધવાળાને તે પ્રાયશ્ચિત્ત તેવી રીતે આપે, તે પાંચમો જિત વ્યવહાર. આગમમાં જણાવેલું છે કે, તેથી ઓછું અગર વધારે પ્રાયશ્ચિત્ત આપવાનું પરંપરાથી જે ચાલુ હોય, તે જિત અને તેનાથી ચાલે, તે જિતવ્યવહાર જાણવો. વર્તમાનમાં એ મુખ્ય છે, આ પાંચ પૈકી કોઇ પણ વ્યવહારનો જ્ઞાતા તે વ્યવહારવાન્ કહેવાય. (૪) ઉવ્વીલક-અર્થાત્ લજ્જાને દૂર કરાવનાર એટલે પ્રાયશ્ચિત્ત લેનાર શરમથી દોષો કહી શકતો ન હોય તો શરમ દૂર કરાવી જે રીતે દોષો લાગ્યા હોય તે પ્રમાણે પ્રગટ કરાવવા ઉત્સાહિત કરાવનાર. આવા ગુણવાળા આલોચનાચાર્ય અપરાધીને અનેક પ્રકારે ઉપકાર કરી શકે છે. (૫) પ્રકુર્વી એટલે આલોચકે કહેલા દોષોનું પ્રાયશ્ચિત્ત આપીને તેની અત્યંત શુદ્ધિ કરાવનાર. (૬) અપરિસ્રાવી અર્થાત્ આલોચકના દોષો બીજાને ન કહેનાર, જો તેના દોષો જાણીને બીજાને કહે તો આલોયણા લેનાર બહાર હલકો પડે, તેની નિન્દા-લઘુતા થાય. (૬) અપાયોના જ્ઞાતા અર્થાત્ દુષ્કાલ, શરીર દુર્બળતા અગર આલોયણથી ભવિષ્યમાં થનારા લાભ, ન લેવાથી ગેરલાભ નરકાદિ-બોધિદુર્લભતાદિ નુકશાન સમજાવનાર. (૮) નિજ્જવ-નિભાવનાર અર્થાત્ આલોચક જેવી શક્તિવાળો તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપનાર. આવા આઠ ગુણવાળા આચાર્યને આલોચનાચાર્ય કહેલા છે.

## ગીતાર્થ-ગવેષણા.

શલ્ય ઉદ્ધરણ નિમિત્તે ક્ષેત્રથી ૭૦૦ જોજન સુધી અને કાળથી બાર વરસ સુધી ગીતાર્થ આલોચનાચાર્યની ગવેષણા-તપાસ કરવી. ૧ મનુષ્યપણું, ૨ પ્રભુવાણીનું સાધુ-

મુખથી શ્રવણ, ૩ કેવલીએ કહેલા ધર્મની શ્રદ્ધા અને ૪ સંયમ ધર્મમાં શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરવી. સર્વલોકમાં સારભૂત અંગો હોય તો આ ચાર છે. અગીતાર્થ આ ચારેનો નાશ કરે છે. આ ચાર ઉત્તમ પદાર્થો નાશ પામ્યા પછી ફરી તે ચાર અંગો મળવાં સુલભ થતા નથી. બીજું જે ગીતાર્થ ચારિત્રવાળા હોય તેમની પાસે સમ્યક્ત્વ અને વ્રતો ગ્રહણ કરવાં, તથા પ્રાયશ્ચિત્ત-શુદ્ધિગ્રહણ કરવી.

આવા પ્રકારના ગુણવાળા ગીતાર્થ ગુરુની સાન્નિધ્યમાં લજ્જા, મોટાઈ-ગૌરવ, ભય વગેરેનો ત્યાગ કરીને આત્મામાં રહેલાં ભાવશલ્યો-વ્રતાદિકના અતિચારોનો ઉદ્ધાર કરવો જોઇએ અર્થાત્ પોતે કરેલાં પાપો, દોષો, ભૂલો, અપરાધો, શરમ, પોતાની મોટાઈ, કે ભય રાખ્યા વગર ગુરુ પાસે પ્રગટ કરવા. જેમ બાળક કાર્ય-અકાર્ય સારા નરસાપણાનો વિચાર કર્યા વગર જેવું જાણે તેવું સરળતાથી કહે તેમ આલોચકે પણ કપટ-મોટાઈ રાખ્યા વગર જે જે અપરાધો જે પ્રમાણે થયા હોય તે પ્રમાણે સાચા, અહંકાર રાખ્યા વગર આલોચવા જોઇએ. જે કોઇ પણ ગુરુના ચરણ-કમળમા આવી પોતાના દોષો પ્રગટ કરે છે, તે કદાચ તે ભવમાં મોક્ષે ન જાય, તો પણ દેવલોકે તો અવશ્ય જાય જ. આટલું સમજ્યા પછી કોઇ પોતાને લાગેલા દોષો ન પ્રગટ કરે, તો નિશીથસૂત્રમાં કહેલા દૃષ્ટાંતથી તેને પ્રગટ કરવા ઉત્તેજિત કરવો-પ્રેરણા આપવી

## શલ્યોદ્ધરણ માટે અશ્વનું દૃષ્ટાંત.

એક કોઇ રાજા પાસે સમગ્ર ગુણ અને લક્ષણવાળો એક અશ્વ હતો, તેના પ્રભાવથી રાજાને સર્વ પ્રકારની સંપત્તિ વૃદ્ધિ પામવા લાગી. પોતપોતાના સ્થાનકમા રહેલા

બીજા દરેક રાજાઓ ઇર્ષ્યાથી કહેવા લાગ્યા કે. ' અરે ! એવો કોઇ સામર્થ્યવાળો પુરુષ છે કે, જે તે અશ્વનું અહિં હરણ કરી લાવે. એક જાણકાર ચરપુરૂષે કહ્યું કે, ' તેની ચારે બાજુ રક્ષણ કરવા માટે ફરતા ચોકીદારો નિરંતર દેખરેખ રાખે છે, તેથી મનુષ્યોના પાંજરામાંથી હરણ કરવો શક્ય નથી. ત્યારે ત્યાં કોઇકે કહ્યું કે, ' હરણ કરવો અશક્ય છે, પરંતુ મારી નાખી શકાય.' રાજાએ કહ્યું, ' ભલે તેમ પણ થાઓ.' તે પુરૂષ તેના રાજયમાં ગયો, પણ અશ્વને હરણ કે હેરાન કરવાનો કોઇ અવકાશ કે છિદ્ર મળતું નથી. છતાં કોઇક સમયે બાણના મુખમાં બારીક કંટક ગોઠવીને કોઇ પ્રકારે તે અશ્વને ન દેખાય તેવા કાંટાના શલ્યથી વિંધ્યો.

તે સૂક્ષ્મ કાંટાના શલ્યના કારણે અશ્વ દરરોજ દુર્બળ થતો જાય છે, યવ, ચણા વગેરે ખાવા પણ અશક્ત બની ગયો. ત્યાર પછી રાજાએ કોઇક વૈદ્યને ચિકિત્સા કરવા બતાવ્યો. વૈદ્યે કહ્યું કે, ' અશ્વના શરીરમાં કોઇ ધાતુક્ષોભ થયો નથી, પરંતુ તેના શરીરમાં અદૃશ્ય કોઇ શલ્ય છે. ત્યાર પછી એકી સાથે એકદમ પાતળા કાદવથી આખા શરીર ઉપર લેપ કર્યો. જ્યાં શરીરમાં નાનો કાંટો વાગ્યો હતો, ત્યાં પીડા થવાના કારણે ઉષ્ણતા વધારે હતી, તે સ્થળ પ્રથમ સુકાઇ ગયું, એટલે જાણ્યું કે, અહિં શલ્ય છે. તરત જ શલ્ય ખેંચી કાઢી અશ્વને સ્વસ્થ કર્યો. જેમ શલ્યનો ઉદ્ધાર કર્યા વગર અશ્વ યુદ્ધ કરવા સમર્થ થઇ શકતો નથી, તેમ શલ્યવાળો સાધુ પણ કર્મક્ષય કરવા સમર્થ બની શકતો નથી. અથવા એક બીજું દૃષ્ટાંત

## બૌદ્ધ સાધુનું દૃષ્ટાંત.

આકુંચિત નામના એક બૌદ્ધ સાધુ ફલ લેવા માટે

અટવીમાં ગયા. તેણે ત્યાં નદીના કાંઠા ઉપર તરતનો મરેલો મત્સ્ય દેખ્યો. આગળ પાછળ નજર કરી એકાંત હોવાથી તેનું ભક્ષણ કર્યું. તે કારણે તે માંદો પડયો. વૈદ્યે પૂછવા છતાં પોતે ભક્ષણ કરેલી વસ્તુ છુપાવે છે અને કહેતો નથી. બીજા સાધુઓએ કહ્યું કે, 'અમો સાધુ તો ફલનું ભોજન કરનારા છીએ, તો વૈદ્યે ઘી પાયું. તેમ કરવાથી તેની માંદગી અતિશય વધી ગઈ. ફરી પૂછયું કે, 'શું ભક્ષણ કર્યું છે? તે સાચું કહે,' ત્યારે દબાણ કરવાથી સાચી હકીકત જણાવી એટલે વમન, વિરેચનના પ્રયોગો કરી વૈદ્યે સ્વસ્થ કર્યો. એમ જે કોઈ પોતાના અપરાધ છુપાવે, અગર આડા-અવળા જણાવે, તો આગળની જેમ ગુરૂ પણ તેની શુદ્ધિ કરવા સમર્થ બની શકતા નથી.

વિશેષમાં સમજવાનું કે સાધુ અને શ્રાવકને અનુ-ક્રમે દંડ આપવાથી હિત અને દુઃખ ઉત્પન્ન કરનાર થાય છે, સાધુને પ્રાયશ્ચિત્ત આપવાથી સુખ થાય છે અને ગૃહ-સ્થોને પ્રાયશ્ચિત્ત ન આપવાથી સુખ થાય છે. પોતાના અપરાધની શુદ્ધિ કરનાર જલદી શાશ્વત સ્થાન મેળવે છે. હે સુંદર બુદ્ધિવાળા! પ્રાયશ્ચિત્ત સેવન કરી પોતાના દોષની શુદ્ધિ ન કરનાર સંસાર-વૃદ્ધિ કરનાર થાય છે. ડગલે પગલે દોષ લાગવા એ સસારમાં સુલભ છે. 'હું દંડાયો એવી મતિ તું ન કરીશ. હે જીવ! આ દંડ પ્રાપ્ત થવો, તે જ દુર્લભ છે, વળી આ દંડ તો ભવ-નિવારણ કરનાર છે. તે આવા પ્રકારનું અપરાધ-સ્થાનક સેવેલ છે. શુદ્ધ સંયમવાળાને દંડ આપવામાં આવતો નથી, કદાચ અહિં તું ભલે છુટી જઈશ, પણ પરલોકમાં પોતે કરેલાં પાપોથી નહિં જ છુટીશ. આ પ્રમાણે કહેલી હકીકત

સમજીને હે વત્સે ! બાલભાવથી અત્યાર સુધીમાં મન, વચન અને કાયાથી જે જે દોષો-અપરાધો સેવ્યા હોય, તેની આલોચના કર.' 'હું આપના કહેવા પ્રમાણે જ પ્રવૃત્તિ કરું છું.' એમ બોલી ગુરૂ વચનનો રૂપી સાધ્વીએ સ્વીકાર કર્યો.

આ પ્રમાણે ગુરૂને વંદન કરી અત્યાર સુધીમાં જે કંઇ પણ દર્પાઆદિકથી અતિચારો સેવ્યા હતા તે સર્વે એક દૃષ્ટિવિકારને છોડી આલોચ્યા. ત્યારે ગુરૂએ કહ્યું કે, 'જ્યારે હું રાજસભામાં બેઠેલો હતો, તે વખતે લાંબા સમય સુધી તેં મને રાગથી જોયો હતો, તે કેમ ભૂલી જાય છે?

ત્યારે રૂપી સાધ્વીએ પ્રત્યુત્તર આપ્યો કે, તે વખતે તમોને રાગવાળી નજરથી જોયા ન હતા, પણ તમારા શીલની પરીક્ષા કરવા માટે રાગથી અવલોકન કરેલ હતું. આવી બાબતમાં શું આલોચના કરવી? અથવા તો ભલે એ પણ આલોવી લઉં, સર્વ પ્રકારમાં શુદ્ધ એવી મને એમ કરવામાં પણ શો દોષ? રૂપી સાધ્વીનાં આવાં કપટપૂર્ણ વચન સાંભળીને મહાસંવેગ પામેલા આચાર્યે વિચાર્યું કે, 'સ્ત્રી સ્વભાવને ધિક્કાર થાઓ.' દુઃખવાનું એ છે કે આટલા લાંબા કાળ સુધી:સંયમ પાળવા છતાં તીવ્ર તપમાં તલ્લીન છતાં આટલી માયા ન છોડી શકી. આટલો ગુરૂનો ઉપદેશ નિરર્થક ગયો, સૂત્રનો અભ્યાસ નકામો ગયો, સાથે તેનું પુણ્ય પણ પરવાર્યું. ખરેખર રસકૂપિકામાંથી સમીવૃક્ષના નાના પાંદડાથી તુંબડીમાં મુશ્કેલીથી સુવર્ણ-સિદ્ધિનો રસ મેળવ્યો અને ખાખરાના મોટા પાંદડાના દડીયા ભરીને તે રસ ઉલેચી નાખ્યો. છતાં હજું તેના

પ્રત્યે કરૂણાપૂર્ણ માનસવાળા ગુરૂએ ફરીથી પણ ચેતાવી કે, તેં રાજપુત્રી લક્ષ્મણા નામની આર્યાનો વૃત્તાન્ત નથી સાંભળ્યો? એક માત્ર મનથી જ ચિંતવેલ અતિચાર પોતાની મોટાઈના કારણે ગુરૂ સમક્ષ ન કહ્યો. તેથી કરીને તીવ્ર તપસ્યાવળી હોવા છતાં પણ તે લાંબા સંસાર-અરણ્યમાં ભટકી.' હે ભગવંત! તે લક્ષ્મણા સાધ્વી કોણ હતી?' ત્યારે ગુરૂએ કહ્યું કે, 'હે આર્યે! વૈરાગ્ય ઉત્પન્ન કરનાર લક્ષ્મણા સાધ્વીનું ચરિત્ર સાંભળ

## લક્ષ્મણા આર્યાનું ચરિત્ર.

આ હુંડા અવસર્પિણીની આ ચોવીશીની પહેલાંની એંશીમી ચોવીશીના અવસર્પિણી કાળમાં અહિં જયારે સાત હાથની કાયાવાળા ચોવીશમા તીર્થંકર થયા હતા. ત્યારે ધરણીપ્રતિષ્ઠિત નગરમાં જંબુદાડિમ નામના રાજા હતા. તેને શ્રીમતી નામની પ્રિયા હતી. તેને ઘણા પુત્રો હતા, પણ એકેય પુત્રી ન હતી. ત્યારે રાજા સહિત રાણી પુત્રી મેળવવા માટે અનેક માનતાઓ માનવા લાગી. કોઇ વખતે અનેક લક્ષણાપૂર્ણ એવી પુત્રીને જન્મ આપ્યો, લક્ષ્મણા તેનું નામ પાડયું, દેવાંગના સરખા રૂપવાળી તે ક્રમે કરી યૌવન વય પામી. પછી યૌવનવંતી પુત્રીને દેખી તેના રૂપાદિ ગુણથી વિસ્મય પામેલો જંબુદાડિમ રાજા સભામાં બેસી આ પ્રમાણે પૂછવા લાગ્યો કે. 'અરે બુદ્ધિ-શાળી સામંતો! આ કુંવરીને યોગ્ય વર કોણ હશે! ત્યારે તેઓએ કહ્યું કે, તેને માટે સ્વયંવર કરાવવો યોગ્ય છે. ત્યાર પછી શુભ મુહૂર્તે રાજાએ સ્વયંવર-મંડપ કરાવ્યો અને આદર-પ્રેમ સહિત રાજપુત્રોને આમંત્રણ આપ્યાં, એટલે રાજપુત્રો આવી પહોંચ્યા.

હવે નક્કી કરેલા દિવસે શ્વેતવસ્ત્ર પહેરીને, શ્વેત ચંદનથી અર્ચિત થયેલી, શ્વેત પુષ્પોની માળાવાળી, શ્વેત છત્ર-ચામરયુક્ત લક્ષ્મણા પુત્રી સ્વયંવર મંડપમાં આવી પહોંચી. ત્યાર પછી જંબુદાડિમ રાજાની આજ્ઞાથી તેના સેવકે નામ અને ગોત્ર કહેવા પૂર્વક રાજપુત્રોને ઓળખાવ્યા. તેમાંથી અનેક રત્નના હાર પહેરેલ રાજપુત્રના કંઠમાં હર્ષિત ચિત્તવાળી કુંવરીએ વરમાળા પહેરાવી. તેની સાથે કુંવરીના લગ્ન કર્યાં, પરંતુ અશુભ કર્મોદયના કારણે તે કુમાર ચોરીની અંદર જ મૃત્યુ પામ્યો. તે વખતે બંને વેવાઇઓમાં અતિમહાન હાહારવ થયો, ત્યાર પછી શોકસાગરમાં ડુબેલા તેઓએ તેનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર પછી રુદન કરતી લક્ષ્મણા પુત્રીને રાજા આશ્વાસન આપવા લાગ્યો કે, મૃત્યુ ઉપર ચક્રવર્તીનો પણ પુરૂષાર્થ ચાલતો નથી. તો પછી નવા કુંપળપત્ર સરખા પુરુષાર્થ વગરના અમારા સરખાનો આ લોકમાં મૃત્યુ ઉપર કયો ઉપાય ચાલી શકે? એમ સમજીને વિવેકવાળા આત્માએ સુખ કે દુઃખ જે ઉદયમાં આવે, તે સમભાવથી સહન કરી લેવું.

હે પુત્રી! તું હવે ધીરજ રાખ, દૈવયોગે દુઃખના નિધાનભૂત વૈધવ્ય પ્રાપ્ત થયું છે, તો શાન્તચિત્ત કરીને હવે તું તે દુઃખ સહન કરી લે. હંમેશાં જિનેશ્વર ભગવંતની પૂજા કર, તપસ્યા કર, કોઇ પણ ફળની આશા રાખ્યા વગર દાન આપ. વૈરાગ્ય ઉત્પન્ન કરનાર સૂત્રોનો અભ્યાસ કર, ખરાબ શીલવાળાની સંગતિનો ત્યાગ કર. ધર્મરસિક સતીઓના પરદેશ ગયેલા પતિવાળી સ્ત્રીઓના, તથા વિધવાઓના, તથા ઉત્તમ શ્રમણીઓના દિવસો ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં સુખમાં પસાર થાય છે. ત્યારપછી તેના પિતાએ

જિનમતમાં કુશલ વૃદ્ધ કંચુકીને તેની સંભાળ રાખવા સોંપી. એ પ્રમાણે લક્ષ્મણા કુમારી સમ્યગ્ પ્રકારે શ્રાવક ધર્મની આરાધના કરવા લાગી.

## ભગવંતની સ્તુતિ

કોઇક સમયે તે નગરમાં જયભૂષણ નામના તીર્થંકર ભગવંત સમવસર્યા, ત્યારે ત્યાં દેવોએ પ્રવચન-વિધિથી સમવસરણની રચના કરી. તેમાં વિરાજમાન થઈ પ્રભુએ દેવ-મનુષ્યાદિની પર્ષદામાં ધર્મ કહ્યો. ઉદ્યાનપાલે રાજાને વધામણી આપી, એટલે રાજા તેને તુષ્ટિ-દાન આપીને સ્વજન-પરિવાર-સહિત સર્વ ઋદ્ધિ-સમૃદ્ધિ સાથે જિનેશ્વરને વંદન કરવા માટે સમવસરણમાં પહોંચ્યો. વિધિપૂર્વક ત્યાં પ્રવેશ કરીને ત્રણ પ્રદક્ષિણા આપી નમસ્કાર કરી, જયભૂષણ જિનેન્દ્રની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો

"સુર, અસુર, કિન્નર-સમૂહ અને મનુષ્યોની શ્રેણીરૂપ ભ્રમરોથી સેવાતા ચરણ કમળવાળા! અજ્ઞાનરૂપ અંધકાર સમૂહને દૂર કરવામાં સૂર્યબિંબ સમાન હે દેવ! આપ જય પામો. નિર્મલ ગુણસમુદાયરૂપ સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચન્દ્ર સમાન હે જિનેન્દ્ર! કમલપત્ર અને કમલનાલસમાન કોમલ હસ્તવાળા, તથા ઇન્દ્રિયરૂપી અશ્વને દમન કરનાર હે દેવ! આપ જય પામો. હે કરુણા રસના સાગર! સંદેહ-સમૂહરૂપ વેલડીઓને ચૂરવામાં ચક્રની નેમિ સમાન! બાલસૂર્યના કિરણ સમાન લાલ કમળ સમાન ઉત્તમ પદ કમળવાળા હે ભગવંત! આપ જય પામો. લોભરૂપ ભયંકર કાષ્ઠને બાળવા માટે દાવાનલ સમાન, ભવના ભયરૂપ વૃક્ષને ઉખેડવા માટે પવન-સમાન! ભાવશત્રુ

સમૂહના સૈન્યને ભગાડી મૂકનાર હે દેવ! તમો ચિરકાલ સુધી જય પામો.

નય, નિક્ષેપા, સપ્તભંગી-ભાંગાઓના સંગમરૂપ શાસ્ત્રની ગંગા નદીને વહેવડાવવામાં હિમાલય પર્વત સમાન! હે જિનેન્દ્ર! તમો અહિં જય પામો. અતુલ બલ અને નિર્મલ કેવલજ્ઞાનવાળા, રોગ, જરા, મરણને હરણ કરનારા! હે દેવ! તમો જય પામો. કલિકાલના મલ-સંચયને દૂર કરનાર મહાજળના પૂર સમાન! મહાદેવના હાસ્ય અને હંસ સમાન ઉજ્જવલ ચિત્તવાળા સજળ મેઘસમાન, ગંભીર વાણીવાળા, શ્રેષ્ઠ મંગલ સમૂહના નિવાસ સ્થાન સમાન હે દેવ! જય પામો. ઉત્તમ પ્રકારના સંવરરૂપ પક્ષીને નિવાસ કરવા માટે વૃક્ષ સમાન, તૃષ્ણારહિત. ગાઢ જડતા-અજ્ઞાનને સંહાર કરનાર, રાગરૂપ સર્પને નાશ કરવા માટે ગરુડ સમાન હે દેવ! આપ જયવંતા વર્તો. (૩૦૦) ઉત્કટ કામ હસ્તિને નાશ કરનાર કેસરિસિંહ સમાન! સિદ્ધ! બુદ્ધ! નિઃસંગ હે દેવ! સૂર્ય સરખા તેજસ્વી ભામંડલવાળા! સિદ્ધિનગરીએ પહોંચવા માટે સરળ નિસરણી સમાન હે દેવ! જય પામો. એ પ્રમાણે દંભ-માયારૂપી પૃથ્વીને ખોદવા માટે ઉત્તમ હળસમાન હે ધીર! સંસાર સમુદ્રને તરવા માટે નાવ સમાન હે દેવાધિદેવ! સંસ્કૃત-પ્રાકૃતના સમાન શબ્દોથી તમારી સ્તુતિ કરી. હે જય-ભૂષણ દેવાધિદેવ! તમો મને મોક્ષ આપો.”

## ધર્મોપદેશ.

આ પ્રમાણે સ્તુતિ કરીને પરિવાર-સહિત રાજા ઉચિત દેશમાં બેઠા, ભગવંત રાજાનું ચિત્ત જાણીને ભાવસ્વરૂપ

સમજાવનાર ધર્મોપદેશ આપવા લાગ્યા કે, '' આ જીવ-લોકમાં પવનથી કંપાયમાન પદ્મિની કમલના પત્ર પર લાગેલ જળ-બિન્દુ સમાન અસ્થિર પ્રિયસ્વજનોના સમાગમો અતિ દુઃખ કરનાર હોય છે. ઇન્દ્ર મહારાજ દેવાંગનાઓ વડે કરાતા નૃત્ય અને નાટકોને જોતા હોય, તે વખતે વિજળી પડવાની જેમ અણધાર્યું ઇન્દ્રાણીનું મરણ થાય છે, તેના વગર શોકાગ્નિના ઉગ્ર તાપથી સંતપ્ત થયેલ તે ઇન્દ્ર અંધકારમાં નૃત્યની જેમ દેવલોકને સર્વ શૂન્ય માનવા લાગ્યો. પ્રિય પુત્ર વગેરેના ભયંકર વિયોગના દુઃખથી સંતપ્ત થએલા ચિત્તવાળા ચક્રવર્તિને સમગ્ર ભોગ સુખથી યુક્ત હોવા છતાં સુખ હોતું નથી, તો પછી બીજા સામાન્ય મનુષ્ય માટે તો શું કહેવું? હે નરેન્દ્ર! પોતાના ઉદરની કંદરા પૂર્ણ કરવામાં પણ જેઓનું મન નિરંતર દુઃખ અનુભવે છે, તેમની તો વાત જ કયાં રહી? માટે એકાંત નિરુપમ નિરાબાધ એવું સિદ્ધિનું સુખ તે જ વાસ્તવિક શાશ્વતું સુખ છે. હે રાજન્! તે સુખ પણ નિર્મળ ચારિત્ર આદરવાથી પ્રાપ્ત થાય છે. આ સાંભળી ભવથી ભય પામેલ પરમ મોક્ષ સુખની અભિલાષાવાળા રાજાએ પુત્ર, પત્ની અને લક્ષ્મણા સહિત દીક્ષા અંગીકાર કરી.

જિનેશ્વર ભગવંતે હિતોપદેશ આપતાં જણાવ્યું કે, 'ખરેખર તું ધન્ય છે કે જેણે આવા પ્રકારની દીક્ષા પ્રાપ્ત કરી, તો હવે હમેશાં ચારિત્રમાં પ્રમાદ ન કરવો.' આ પ્રકારે શિખામણ અપાયેલા એવા તેમને જિનેશ્વરે ગ્રહણ અને આસેવન શિક્ષા માટે સ્થવિરોને તથા સાધ્વીઓને તેમના પ્રવર્તિની સાધ્વીને અર્પણ કર્યાં. બંને શિક્ષાભ્યાસ કરતા હતા. તેઓએ કોઇક સમયે સૂત્રના યોગોદ્વહન શરૂ

કર્યા. તેમાં કોઈક દિવસે લક્ષ્મણાને અસજ્ઝાયના કારણે ગુરુણીએ ઉદ્દેશાદિક વિધિ માટે ઉપાશ્રયે ન મોકલ્યાં. લક્ષ્મણા વસતિમાં એકલા રહીને સ્વાધ્યાય-પરિવર્તન કરતી હતી, તે સમયે પાપની પ્રેરણા કરવા સરખું તેની આગળ ચકલા-ચકલીનું એક યુગલ આવી પહોંચ્યું. વિવિધ ક્રીડાઓ કરતાં તેમને દેખીને પાપકર્મના ઉદયથી ભગ્ન લક્ષણવાળી લક્ષ્મણા સાધ્વીએ વિચાર્યું કે, 'ખરેખર આ ચકલી કેવી કૃતાર્થ છે કે, જે પોતાના પ્રિયની સાથે હમેશાં પોતાની ઈચ્છા પ્રમાણે વિવિધ પ્રકારની શારીરિક ક્રીડાઓ કરે છે. આમની ક્રીડાનું એકલું દર્શન, તે પણ પુરુષના સ્પર્શની જેમ મને હર્ષ ઉત્પન્ન કરે છે, તો પછી મૈથુન-સેવન, આલિંગન આદિનું સુખ કેટલું હશે? તે તો હું જાણતી નથી. તો જિનેશ્વરોએ સંયત સમુદાયને તે જોવાનો પણ કેમ નિષેધ કર્યો હશે?

હું એમ માનું છું કે, 'તેઓ વેદરહિત હોવાથી વેદવાળાનું દુઃખ જાણતા નહિં હશે.' ક્ષણવારમાં વિચારનો પલટો થયો અને તેણે એમ વિચાર્યું કે, 'મને ધિક્કાર થાઓ. નિર્ભાગિણી એવી મેં આ કેવો પાપનો વિચાર કર્યો! એક માત્ર અવલોકન કરવામાં મારું મન ચારિત્રથી ચલાયમાન થયું, તો જિનેશ્વરોએ યતિઓને જોવાનું નિવા-રણ કર્યું છે, તે યુક્ત જ છે. આને નથી દેખ્યું, તો પણ અધન્ય એવી મેં રાગ દ્વેષ-મોહને જિતનાર જિનેશ્વરોની મહા આશાતના કરી. કોઈ વખત સ્વપ્નમાં દેખેલ નથી, પૂર્વે હૃદયથી વિચારી પણ નથી, એવી પુરુષ સેવનની ઈચ્છા મારા હૃદયમાં પ્રવર્તી, તે ખરેખર આશ્ચર્ય છે. તે મુનિઓને ધન્ય છે કે, 'જેઓ દિવ્ય ભોગોથી ક્ષોભ પામતા

નથી, નક્કી હું તો પાપિણી છું કે, જે હું આટલા માત્રથી પણ ક્ષોભ પામી. આટલા કાળ સુધી તો હું સતીઓની અંદર રેખા સમાન અર્થાત્ ચઢીયાતી ગણાતી હતી, તે મારી ઉત્તમ પ્રકારની રેખા આ પાપી ચિંતવનથી મેં ભૂસી નાખી.

બીજું સમગ્ર લોકમાં અસ્ખલિત શીલવાળી તરીકેની મારી કીર્તિ પ્રસિદ્ધ થયેલી છે, તેથી હવે હું કોની પાસે મારાં પાપ-શલ્યનો ઉદ્ધાર કરીશ? હવે જો હું સમ્યગ્ પ્રકારે આલોચના કરીને મારો અપરાધ પ્રગટ કરું, તો પછી મારી માતા વગેરેને મારું મુખ કેવી રીતે બતાવી શકીશ? હવે જો ફરી મારું શલ્ય ન પ્રગટ કરું, તો શલ્યવાળી મારી શુદ્ધિ કેવી રીતે થાય? તો ખરેખર એક બાજુ વાઘ છે અને બીજી બાજુ જળથી ભરેલી નદી છે, આવા સંકટમાં પડેલી હવે મારું શું થશે? અથવા આ તો માત્ર ચિંતવ્યું છે, એને આલોવવામાં કયો દોષ છે? એમ વિચારીને ગુરુ પાસે જવા માટે જેટલામાં ઉભી થઇ, તેટલામાં પગમાં કાંટો ખૂંચી ગયો ત્યારે લક્ષ્મણા આર્યા વિચારવા લાગી કે, 'આ સુંદર ન થયું. અહિં વળી કાંટો ક્યાંથી આવ્યો? તો મારા ઉપર વિજળી કેમ પડતી નથી, અથવા મારા ઉપર ધૂળની વૃષ્ટિ કેમ વરસતી નથી? અગર મારુ હૃદય કેમ ફુટી જતુ નથી? ખરેખર પાપ-કર્મથી હણાઇ ગઇ છું.

હવે માનરૂપી મહાપર્વતથી ચંપાયેલી તે વિચારવા લાગી કે, 'હું સર્વત્ર શીલગુણયુક્ત લક્ષ્મણા આર્યા તરીકે પ્રસિદ્ધિ પામેલી છુ. નિર્મલ કુલમા જન્મેલી હું આ અતિચારને કેવી રીતે પ્રગટ કરી શકું? ન કહેવાથી શલ્ય

રહી જાય છે અને કહેવાથી મારી લઘુતા-બે આબરૂ થાય છે. તો 'આવો અપરાધ બીજાએ કર્યો હોય, તો તેને શું પ્રાયશ્ચિત? એમ ગુરુ પાસે પૂછીને પછી હું જ તે તપ કરીશ, તે જ તપ મારા કર્મના ક્ષયના કારણભૂત થશે. અહીં વળી મારા દોષો બીજા સમક્ષ શા માટે પ્રકાશિત કરવા? એમ ચિત્તમાં ચિંતવીને ઘોર તપ કરવાનું શરુ કર્યું. છઠ્ઠ, અઠ્ઠમ, લાગલાગટ ચાર, પાંચ ઉપવાસ કરવા અને પારણે લુખી નીવી કરવી, તેમ દશ વરસ સુધી, બે વરસ ઉપવાસ, બે વરસ શેકેલા ધાન્ય માત્ર આહાર ગ્રહણ કરીને, સોળ વર્ષ સુધી માસખમણ ઉપર માસખમણ લાગલાગટ કરીને, વીશ વર્ષ સુધી એકલાં આયંબિલ તપ કરીને એ પ્રમાણે લક્ષ્મણા સાધ્વીએ પચાસ વર્ષ સુધી પ્રાયશ્ચિત્ત માટે આકરો તપ કર્યો.

તે તપસ્યામાં આવશ્યક પ્રતિલેખન, સ્વાધ્યાય, વેયાવચ્ચ, સામાચારીરૂપ ક્રિયા-કલાપ સંપૂર્ણ કરવાપૂર્વક દીનતા વગરના માનસથી તેણે આ તપ આચર્યો. હવે કોઇક સમયે તેણે વિચાર્યું કે, 'ફોગટનો મેં આત્માને તપ કરીને નીચોવી નાખ્યો. તે તો માત્ર મેં મનથી એટલું ચિંતવ્યું હતું, મારી શુદ્ધિ તો મનથી પશ્ચાત્તાપ કરવા માત્રથી જ થઇ જતે, ન મારા શલ્યનો ઉદ્ધાર થયો, મેં મનોહર ભોજન થોડાં પણ ન કર્યાં, તેમ છતાં હજુ મારાં હૃદયનાં શલ્યો તો એમ ને એમ ઉભાં રહ્યાં, નિર્ભાગિણી એવી મારી આશાઓ તો ભાંગીને ભુક્કા થઇ ગઇ. આ પ્રમાણે આડા-અવળા વિચાર કરતી આર્તધ્યાનથી મૃત્યુ પામી.

## લક્ષ્મણા સાધ્વીના અનેક દુર્ભગ-ભવો.

લક્ષ્મણા સાધ્વી મૃત્યુ પામીને એક નગરમાં વેશ્યાના

ઘરે ખ'ડોષ્ઠા નામની દાસી થઈ. રૂપ, લાવણ્ય વગેરે ગુણોના કારણે ભોગી લોકો આ દાસીની ઇચ્છા કરતા હતા, પણ રુદ્રિણીની પુત્રીને ઇચ્છતા ન હતા, તેથી રુદ્રિણીએ વિચાર્યું કે, 'મારા ઘરમાંથી આ દેખાવડી દાસીને તગડી મૂકું; પરંતુ બીજે સ્થાને જશે તો ત્યાં પણ લોકોને તે આકર્ષણ કરશે. કારણ કે, તેનામાં વળી રૂપ સાથે વિનયાદિ ગુણો પણ છે, તેથી તે ગુણોવાળી વધારે આદરણીય થાય છે. કહેલું છે કે: - 'દુર્વિનીત, દુર્વચન બોલનાર, ધન ઉડાવનાર, તેમ જ શીલરહિત હોય તે માતાને પણ દુ:ખ આપનાર થાય; જ્યારે સારા વિનયાદિ ગુણવાળો સર્વ જનને પ્રિય લાગે છે, તો તેને બેડી કે સાંકળથી જકડી દઉં ? અથવા તો કાન, નાક, હોઠ કાપી નાખું; એમ ચિંતવીને જેટલામાં રુદ્રિણી સુઇ ગઇ, તેટલામાં પેલી ખ'ડોષ્ઠાને કોઇ વ્યંતર દેવતાએ દયાથી સ્વપ્નમાં રુદ્રિણીએ વિચારેલ પદાર્થ જણાવી દીધો.

હવે ખ'ડોષ્ઠા જાગતા જ સ્વપ્નનો અર્થ મનમાં વિચારતી પ્રભાત સમયે જૂની ગણિકાથી ભય પામતી નાસી ગઈ. છ માસથી રખડતી રખડતી સંબેટક નામના કોઈક સ્થાનમાં પહોંચી, એટલે ત્યાં કોઈ ધનાઢય એવા કુલપુત્રે તેને દેખી. તેને પોતાની બનાવીને તે પોતાને ઘરે લઈ ગયો, પરંતુ પહેલાંની પરણેલી પત્ની તેના ઉપર ઈર્ષ્યા કરીને વાંક ખોળવા લાગી. ત્યાર પછી કોઈક રાત્રિ સમયે ખ'ડોષ્ઠાને પૂરી ઉંઘતી દેખીને પેલી દુરાત્મા ભાર્યાએ તેને જગાડીને દાતરડાથી તેની ગુપ્તયોનિ ચીરી નાખી સળગતું કાષ્ઠ હૃદય સુધી ભોંકી દીધું. પેલી બિચારી ફૂંફાડા કરતી, વેદનાથી આકુળ-વ્યાકુળ બનેલી દેખીને

વળી તેણે વિચાર્યું કે, 'જ્યાં સુધીમાં હજુ અહિં જીવે છે, ત્યાં સુધીમાં બીજી વખત આવી રીતે તેને એવી હેરાન-પરેશાન કરું કે, બીજા ભવમાં પણ મારા સુખમાં વિઘ્ન કરનારી ન થાય. ત્યાર પછી લોહ-કોશને લાલચોળ તપાવી અતિરૌદ્ર મનવાળી તેણે તેના ગુપ્ત ભાગમાં નાખીને ખૂબ કૂટી, પેલી બિચારી તે દુઃખથી મૃત્યુ પામી, તેણે કેટલોક સમય સંસારમાં પરિભ્રમણ કર્યું.

પેલી નિર્દય સ્ત્રી ખંડોબ્ઠાના ટુકડે ટુકડા કરી, છેદી છેદીને કાગડા, કૂતરાને ખાવા માટે ફેંકતી હતી. તે સમયે કુલપુત્ર ઘરે આવી પહોંચ્યો અને આવો કરુણાપૂર્ણ નિર્દય વૃત્તાન્ત દેખીને વૈરાગ્ય પામેલો તે સંસારવાસને ધિક્કારવા લાગ્યો. વિષયરૂપી આમિષમાં ગૃદ્ધ થયેલા જીવોને કોઇ પણ કાર્ય દુષ્કર નથી, જે દેખવું પણ અશક્ય છે, તો પછી તેને સહેવાની તો વાત જ ક્યાં રહી? તેઓ ધન્ય અને અતિશય કૃતાર્થ છે, કે જે મુનિઓ હંમેશાં વિષયોથી વિમુખ થયેલા છે એમ વિચારતો કુલપુત્ર મુનિ સમીપે પહોંચી ગયો. ભક્તિથી મુનિવરને વંદન કરીને પોતાના ઘરમાં બનેલો વૃત્તાન્ત અને ઘરનું સ્વરૂપ કહીને ક્ષમાવાળા, ઇન્દ્રિયોને દમન કરનાર, આરંભ-સમારંભનો ત્યાગ કરીને તેણે મુનિ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. તપ-સંયમથી યુક્ત નિષ્કલંક પ્રવ્રજ્યા પાલન કરીને કર્મની ગાંઠ છેદીને મહાસત્ત્વશાળી તે સિદ્ધિપદને પામ્યો.

હવે લક્ષ્મણા સાધ્વીનો જીવ કેટલોક કાળ સંસારમાં રખડીને ત્યાર પછી ચક્રવર્તીના સ્ત્રીરત્નપણે ઉત્પન્ન થયો. ત્યાંથી મૃત્યુ પામી છટ્ઠી નારકીના તંસ નામના નરકાવાસમાં ઉત્પન્ન થયો, ત્યાંથી નીકળી શ્વાનપણે ઉત્પન્ન થયો.

ત્યાં કોઇક વખત મૈથુનાસક્ત દેખીને ગોવાળે ગુહ્ય દેશમાં બાણ મારી ઘાયલ કર્યો, તે ઘામાં કૃમિઓ-કીડાઓ ઉત્પન્ન થઇ તેના શરીરને કોલી ખાવા લાગ્યા, ત્યાં મૃત્યુ પામી વેશ્યાના ઉદરમાં ઉત્પન્ન થયો. ત્યાં ગર્ભમાં જ મૃત્યુ પામીને નવ્વાણું ભવ પૂરાં કર્યા, ત્યાંથી મરી સોમા ભવમાં નિર્ધન-દરિદ્રપણે મનુષ્યમાં ઉત્પન્ન થયો. જન્મ્યા બાદ બે મહિના પછી માતા મૃત્યુ પામી અને પછી પિતાએ કષ્ટથી કોઇ પ્રકારે ઉછેરીને જીવાડયો અને પછી ગોકુળમાં ગોવાળને સોંપ્યો. ત્યાં માતાઓને ધાવતા વાછરડાઓને રોકીને તેનું દૂધ દોહીને દરરોજ પી જવા લાગ્યો. નિર્દય કૃપા વગરના તેણે ગાઢ કર્મના જાળા એકઠાં કર્યાં. ત્યાથી મૃત્યુ પામી ભવારણ્યમાં ક્રોડા-ક્રોડ ભવમાં ભટકયો.

લગભગ દરેક ભવમાં કયાંય ધાન્ય ન મેળવતો, ભૂખ-તરશ અને વ્યાધિની વેદનાથી હેરાનગતિ ભોગવતો. સર્વ જગો પર વધ, બંધન વગેરે પારાવાર દુઃખો ભોગવતો હતો. ત્યાર પછી વિપ્રપણે, પછી કૌશિંઠી દેવી, પછી પાછો બ્રાહ્મણ, પછી ચામુંડ દેવતા, પછી દુષ્ટ બિલાડો, પછી નરકે ગયો, ત્યાર પછી સાત ભવ સુધી પાડા અને ભેંસના ભવ કર્યાં. પછી મનુષ્ય, પછી મત્સ્ય, પછી નારકી, પછી મનુ-ષ્યમાં ક્રૂરમતિવાળો હિંસા કરનાર કસાઇપણે ઉત્પન્ન થયો. પછી મરીને છઠ્ઠી નારકી, પછી કોઢિયો મનુષ્ય, પછી સાતમી નારકી, ત્યાર પછી વાંજણી ગાયપણે ઉત્પન્ન થયો. લોકોના ખેતરમાં ઘૂસીને, ખળામાં પેસીને, ધાન્ય ખાવા લાગી એટલે લોકોએ તેને ઉંડા કાદવમાં તગડાવી, એટલે તેમાં ખૂંચી ગયેલી તે બહાર નીકળી શકતી ન હોવાથી કાગડા સમળી આદિ અને જળો વડે કોલી ખવાતી તે મૃત્યુ

પામી. ત્યાંથી મરુભૂમિમાં દૃષ્ટિવિષ સર્પ, ત્યાંથી પાંચમી નરકમાં, ત્યાંથી નીકળી ચારે ગતિમાં ઘણું ભમ્યો.

ત્યાંથી શ્રેણિક રાજાનો જીવ પદ્મનાભ તીર્થંકર જ્યારે વિચરશે, ત્યારે એક ગામમાં દારિદ્રયવાળા કુટુંબમાં કુબ્જા થશે. તે દુર્ભાગ્યની ખાણ પોતાના માતા-પિતાને પણ ઉદ્વેગ કરાવનારી થશે. એટલે ગામલોકો તે બિચારીને એક ગધેડા ઉપર સ્વારી કરાવીને મશી ગેરૂથી તેનું શરીર રંગીને ફુટેલા ઢોલ, ડિંડિમ વગાડતાં હોય તેવી રીતે તેને ગામમાં વરઘોડા માફક ફેરવીને અરણ્યમાં લઇ જઇને છોડી દેશે. જંગલમાં જ ફલાદિકના આહાર કરતી, કંદ-મૂળ ખાતી ભટકતી હશે. કોઇક સમયે તેની નાભિમાં છછુંદર કરડશે, એટલે તેના ઝેરથી આખા શરીરમાં છછુંડાના ફોલ્લા ફેલાઇ જશે, અતિશય ખણવાળી ખુજલીનું પારાવાર દુઃખ સહન કરશે. કોઇક સમયે આમ-તેમ ભમતી હશે. તે જ સ્થાનમાં સમગ્ર દુઃખનો ક્ષય કરવા સમર્થ એવા પદ્મનાભ જિનેશ્વરને સમવસરેલા દેખશે. જિનેશ્વરના વિહારના પ્રભાવથી ગમે તે જંતુના ગમે તેવા રોગો આતંકો ક્ષણવારમાં નાશ પામે છે, એટલે તેના પણ રોગ નાશ પામ્યા. ત્યાર પછી પૂર્વે કરેલાં દુષ્કૃતોની પૃચ્છા કરશે, ભવભ્રમણથી થાકેલી તે પ્રવ્રજ્યા ગ્રહણ કરશે. પોતાના દોષોની આલોચના કરીને, નિઃશલ્ય બનીને તીવ્ર તપ અને દૃઢ ચારિત્ર યોગે સમગ્ર કર્મ-મલનો ક્ષય કરી કુબ્જા લક્ષ્મણાનો જીવ મોક્ષે જશે.

પછી શીલસન્નાહ આચાર્યે કહ્યું કે, 'હે વત્સ! આવું ભવભ્રમણ કરાવનાર શલ્યવાળું લક્ષ્મણાનું ચરિત્ર સાંભળીને સમ્યક્ પ્રકારે આલોચના કરીને તારા આત્માને

સદ્દગતિમાં સ્થાપન કર. કારણ કે, તું તીવ્ર તપ અને ચારિત્રથી યુક્ત છો, ઘણા સૂત્ર-અર્થનો અભ્યાસ કર્યો છે, તો આ શલ્યને છુપાવીને શા માટે નિરર્થક દુર્ગતિમાં જાય છે? અરણ્યમાં કરેલું રુદન, અંધકારમાં કરેલું નાટક-નૃત્ય જેમ નિષ્ફળ જાય છે, તેમ તારું સર્વ તપ-ચરણ નિરર્થક ન જાવ. એક ફૂંકની ખાતર ઘણા સમયથી ધમી ધમીને મુશ્કેલીથી એકઠું કરેલું સુવર્ણ કોણ હારી જાય! હાથમાં સ્વાધીન રહેલ ચિંતામણિને કાગડો ઉડાડવા માટે કોણ ફેંકવા તૈયાર થાય? તો ચિંતામણિ રત્ન કરતાં અધિક દુર્લભ તપ ચારિત્ર મેળવીને હે મૂઢ! તુ કેમ હારી જાય છે? અલ્પ માટે ઘણું ગૂમાવે છે.

આ પ્રમાણે ગુરુએ કહેલ સાંભળીને તે રુપ્પી સાધ્વી કહેવા લાગી કે, 'હે ભગવંત! આપ તારકના સમક્ષ કોઇ કદાપિ જૂઠું બોલે ખરુ? સમગ્ર મહા સમુદ્રનો પાર પામીને જે મૂઢ નાના ખાબોચિયામાં ડુબી જાય, એમ જે પોતાનું શલ્ય પ્રગટ કરતા નથી, તે તપ-ચારિત્રનું સેવન કરી ઘણાં કર્મનો ક્ષય કરનાર થાય છે. પણ પોતાનું અલ્પ શલ્ય છુપાવી રાખે છે, તે ખાબોચિયામાં ડુબી જવા સમાન છે એમ તું કહે છે.

હવે ગાઢ કપટને આધીન થયેલી કહેવા લાગી કે, 'હું એટલુ જાણું છુ કે, તે સમયે આપને રાગવાળી નજરથી જોયા ન હતા. મને મારા મનમાં એટલો જ સંકલ્પ ઉત્પન્ન થયો કે, આનું શીલસન્નાહ-(શીલરૂપી બખ્તર) નામ ગુણયુક્ત છે કે કેમ! એ પરીક્ષા કરવા માટે તમોને અવલોકન કર્યા હતા. એ પ્રમાણે બોલતી તરત જાણે માયાશલ્યથી ભોકાયેલી હોય તેમ પ્રાણોથી છુટી ગઇ અને સજજડ સ્ત્રીવેદનુ કર્મ ઉપાર્જન કર્યું. ત્યાથી મૃત્યુ પામેલી તે વિદ્યુત્કુમાર નિકાયમાં નોલણના વાહન તરીકે

ઉત્પન્ન થઇ. ત્યારપછી દૌર્ભાગ્યના મહાગ્રહથી ઘેરાયેલી તે દુઃખી કુલમાં જન્મ પામી. તરુણપણું પામી છતાં કોઇ તેની પ્રાર્થના કરતું નથી, ત્યાંથી તિર્યંચમાં, ફરી મનુષ્ય, ફરી તિર્યંચ ગતિમાં, છેદાતી, ભેદાતી, ભાર વહન કરતી, ભૂખ-તરશની વેદના અનુભવતી ઘણાં દુઃખથી ત્રાસ પામતી એવી તે સંસારમાં ઘણું ભટકી. એ પ્રમાણે એક ભવ ન્યુન એવા લાખ ભવ સુધી રૂપીના જીવે ભ્રમણ કર્યું. ત્યાર પછી ધર્મ કરીને છેલ્લે સૂરિનો ભવ પામી. સૂત્રવિધિથી તે સૂરિએ ગચ્છની સાર-સંભાળ કરી અને પૂર્વની કરેલી માયાના પ્રતાપે ઇન્દ્રની અગ્રમહિષી બની. ત્યાથી ચ્યવીને તે સબુક્ક બ્રાહ્મણની પત્ની થઇ. જાતિસ્મરણ પામેલી તે પ્રતિબોધ પામીને અનુક્રમે સિદ્ધિ પામી ગૌતમે પૂછયું કે, હે ભગવંત! શું સાધ્વી થયા પછી સાત-આઠ ભવ છોડીને સંસારમાં અધિક કાળ ભ્રમણ કરે? ત્યારે ભગવંતે કહ્યું કે 'હે ગૌતમ! તે સમયે શીલસન્નાહ સૂરિએ ઘણું જ કહેવા છતાં ભવવેલડીના મૂળ સરખી માયા ન છોડી, એટલે તેના કર્મના વિપાકથી દુઃખે કરીને ઉલ્લંઘન કરાય તેવા લાખ ભવો સુધી તેને સંસારમાં હિંડન-ભ્રમણ કરવું પડયું. જો તેણે માયા કરી ન હતે, તો તે તરત સિદ્ધિ-ગતિને પ્રાપ્ત કરત. ( ૪૦૦ ગ્રન્થાગ્ર )

રૂપી ચરિત્ર શ્રવણ કરીને જે કોઇ પોતાનું નાનું પણ શલ્ય નહી ઉદ્ધરશે. ગુરુની પાસે નહિં આલોવશે, તો તે પાર વગરના ભયંકર ભવ-સમુદ્રમાં આમ તેમ અથડાતો-પીડાતો ભટકશે. જેમ દહિંનો સાર હોય તો માખણ, ભાલાનો સાર હોય તો ઉપરનો તીક્ષ્ણ અગ્ર ભાગ, તેમ જિનશાસનમાં સાર હોય તો શલ્ય વગરની આલોચના.

હવે તે શીલસન્નાહ સૂરિએ રૂપીની વિચિત્ર પ્રકૃતિ દેખીને પોતાના જન્મથી માંડીને છેવટ સુધીનાં શલ્યો ચૈત્યવંદન કરવા પૂર્વક ઉદ્ધર્યાં. જે સ્થાન ઉપર અંતિમ આરાધના કરવાની હતી, તે સ્થાનની દ્રષ્ટિથી પ્રતિલેખના અને પછી રજોહરણથી પ્રમાર્જના કરી. ત્યાં સાધુ સમુદાય સહિત પલ્યંકાસને બેઠેલા તે સૂરિ આ પ્રમાણે આરાધના કરવા લાગ્યા—

## અંતિમ આરાધના.

ત્રણે ભુવનને પૂજ્ય એવા જિનોને નમસ્કાર થાઓ. જેમનાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે, હવે જેમને કરવાનું કંઈ બાકી રહેતું નથી, એવા કૃતકૃત્ય થયેલા સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ. પાંચે પ્રકારના આચારમાં અપ્રમત્ત એવા આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ, ઉત્તમ શિષ્ય સમુદાયને સૂત્ર-અર્થ ભણાવનાર ઉપાધ્યાયજીઓને તેમ જ સમભાવને વરેલા એવા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ. ચારે પ્રકારના કષાયના મેલથી મુક્ત થયેલા એવા તેઓએ ચાર પ્રકારના આહારના પચ્ચકખાણ કર્યાં, ચારે શરણોને અંગીકાર કરી સર્વે જીવોને ખમાવે છે અને પોતે તેઓને ખમે છે. સાધુઓના પરિવાર-સહિત શીલસન્નાહ સૂરિએ એક મહિના સુધી પાદપોપગમન નામનું અનશન કર્યું. તે મહાત્મા કેવલજ્ઞાન પામી ભવથી વિરહિત બની શિવપદને પામ્યા.

## પિતા-પુત્રી પતિ-પત્ની બન્યા.

ફરી ગૌતમે પૂછ્યું કે, હે ભગવંત! તે પેલી દહિં વેચનારી તથા સુજ્ઞશ્રીએ તે સમયે પ્રવ્રજ્યા અંગીકાર કરી કે કેમ? ત્યારે પ્રભુએ કહ્યું કે, 'તે સુજ્ઞશ્રી કન્યા તે લોકોની

સાથે જ્યારે તે વખતે જતી હતી, ત્યારે ગોવાલણે વચમાંથી જ તેનું અપહરણ કર્યું. તેણે તે કન્યાને કહ્યું કે, 'મારું દહિં ખાઇ ગઇ અને બ્રાહ્મણી કહેલ ડાંગરનું મૂલ્ય આપ્યા વગર ક્યાં ચાલી? જો હજુ અત્યારે હે ભદ્રે! મારી સાથે ગોકુલમાં આવીશ અને અતિવિનીત થઈ મારી સાથે રહીશ, તો તારું પુત્રીની જેમ પાલન કરીશ એટલે સુજ્ઞશ્રી ગોકુલમાં ભરવાડણને ઘરે ગઇ. દેવાંગના સરખા રૂપવાળી તે અનુક્રમે યૌવન વય પામી. હવે દુષ્કાલનો સમય પૂર્ણ થયો, સર્વ દેશોમાં લોકો સ્વસ્થ થયા, માર્ગ પણ નિરુપદ્રવ થયા, ભિક્ષુઓ પણ ભિક્ષા મેળવવા લાગ્યા. હવે સુજ્ઞશ્રીનો પિતા સુજ્ઞશિવ પરદેશમાં રહી ઘણું ધન કમાયો એટલે વિચારવા લાગ્યો કે, પરદેશમા ચાહે તેટલું ધન હોય, તેની શી કિંમત? મિત્રો કે શત્રુઓ જેને દેખી ન શકે તેવા ધનને સાર્થક કેમ ગણાય? એમ વિચારી સુજ્ઞશિવ પોતાના દેશ તરફ પ્રયાણ કરતાં કરતાં તે જ ગોકુળમાં આવી પહોંચ્યો. ભોજન માટે ભ્રમણ કરતો હતો, ત્યા પ્રથમ યૌવનવાળી સુજ્ઞશ્રીને દેખી કામદેવના બાણોથી ઘવાયેલા હૃદયવાળો તે બાલિકાને કહેવા લાગ્યો કે, 'જો તારો માતા-પિતા તને મારી સાથે પરણાવે, તો તને સો પલ-પ્રમાણ સુવર્ણ, તેમ જ તારાં સ્વજનોને પુષ્કલ ધન આપું. પુત્રીએ તેમને વાત કરી તો તેઓ પૂછવા લાગ્યા કે, 'ધન ક્યાં છે? તો તેણે ઘણાં કિંમતી પાંચ રત્નો બતાવ્યાં.

ગોવાલ-ગોવાલણ કહેવા લાગ્યા કે, 'આ પથરાના-પાચિકાને અમે શું કરીએ! ત્યારે સુજ્ઞશિવે કહ્યું કે, આ રત્નોનો પ્રભાવ તમો હજી જાણતા નથી. તમો મારા નગ-રમાં ચાલો જેથી તમોને આ પાંચિકાનો પ્રભાવ દેખાડું.

એટલે તેઓ નગરમાં તેની સાથે ગયા. ત્યાં રત્નના પરીક્ષકોને રત્નો બતાવ્યાં, તેઓએ વળી રાજાને બતાવ્યાં. ત્યારે રાજાએ રત્નોના વ્યાપારીઓને કહ્યું કે, 'હે રત્ન પરીક્ષકો! જેમ તેના માલિકને નુકશાન ન થાય, અને મને પણ રત્ન-પ્રાપ્તિ થાય, તેમ તમો રત્નોની કિંમત નક્કી કરો. ત્યારે ઝવેરીઓએ કહ્યું કે, એક એકનું મૂલ્ય કહેવા અમો સમર્થ બની શકતા નથી તો પછી આ શ્રેષ્ઠ પાંચ રત્નોનું મૂલ્ય કેટલું કહેવું? ત્યારે રાજાએ સુજ્ઞશિવને કહ્યું કે, તને કેટલી કિંમત આપું? તેણે કહ્યું કે, 'આપ પ્રસન્ન થઇને જે આપશો, તે લઇશ.' ત્યારે રાજાએ તેને દશ ક્રોડ પ્રમાણ દ્રવ્ય આપ્યું અને કહ્યું કે, તને સંતોષ થયો? તો કે હા. ફરી સુજ્ઞશિવે કહ્યું કે, 'હે દેવ! નજીકના પર્વત પાસે આમનું ગોકુલ છે, ત્યાં ગાયો માટે પાંચ યોજનની ભૂમિમાં કરની માફી આપો.'

રાજાએ તે માગણી પણ સ્વીકારી, દ્રવ્ય લઇને તેઓ ગોકુલમાં આવ્યા. ત્યાર પછી સુજ્ઞશ્રી સાથે તેણે લગ્ન કર્યાં. (પિતા-પુત્રી છે, તેમ બનેને ખબર નથી) મૂઢ હૃદયવાળા તે બનેને પરસ્પર અતિશય પતિ-પત્ની તરીકેની પ્રીતિ ઉત્પન્ન થયેલી છે, વિષયાસક્ત એવા તે બંનેનો કાલ પસાર થતો હતો.

હવે કોઇક દિવસે ગોચર ચર્યા માટે નીકળેલા મુનિ યુગલને વહોર્યા વગર પાછા ફરતા દેખીને એકદમ તે રુદન કરવા લાગી. સુજ્ઞશિવે પૂછ્યું કે, 'હે પ્રિયે શાનો ભય લાગ્યો?' ત્યારે સુજ્ઞશ્રી કહેવા લાગી કે, 'હે નાથ! બાળપણમાં જે મેં અનુભવ્યું હતું, તે આજ યાદ આવ્યું.' મારાં શેઠાણી આ સાધુઓને વિવિધ પ્રકારનાં ભક્ષ્ય ભોજન

વડે હંમેશાં પંચાંગ નમસ્કાર કરવા પૂર્વક પ્રતિલાભતી હતી, તે મેં આજે મુનિઓને જોયા, તે પૂર્વે દેખેલું આજે મને યાદ આવ્યું, આ મુનિયુગલને દેખી તે સ્મરણ તાજું થયું. તેથી રુદન આવી ગયું. એટલે ફરી ભ્રાન્તિ પામેલા સુજ્ઞશિવે પૂછયું કે, 'તારી શેઠાણી કોણ ?' એટલે તેણે પોતાનું પૂર્વનું બનેલું સમગ્ર ચરિત્ર કહ્યું. એટલે તેણે સ્પષ્ટ જાણ્યું કે, 'આ સુજ્ઞશ્રી તો મારી પોતાની જ પુત્રી છે.'

## સુજ્ઞશિવનો પશ્ચાતાપ.

આ જાણીને સુજ્ઞશિવ હૃદયમાં સંતાપ કરવા પૂર્વક વિચારવા લાગ્યો કે, 'પુણ્યરહિત એવા મને દૈવે શું કર્યું ? અથવા તો કહેલું છે કે 'આ જગતમાં દૈવની ગતિ ન્યારી હોવાથી તેવા માની પુરુષોના ઉપર એવા પ્રકારનાં સંકટો આવી પડે છે કે, જે કહેવા, સહેવા કે ઢાંકવા માટે સમર્થ થઇ શકાતું નથી.' તો હવે ઘણા પાપપંકથી ભરેલા દેહવાળો પાપી હું શું કરું ? શું હું ભડભડતી જ્વાલા-વાળા અગ્નિમાં પ્રવેશ કરીને મારા દેહને બાળી નાખું ? અથવા તો છરીથી મારા શરીરના તલ તલ જેટલા નાના ટુકડા કરી હે ભગવંત ! તેને અગ્નિમાં નાખી બલિ અર્પણ કરું, વળી તે અગ્નિને ઘીથી સિંચું અને અગ્નિને તર્પણ કરું. અથવા તો ઉંચા પર્વતના શિખર પર આરોહણ કરીને મારા શરીરને ઉપરથી નીચે પટકાવું ? અથવા લોઢાની જેમ લુહારો પાસે મોટા ઘણથી મારૂં શરીર કૂટાવું ? અથવા ખેરનાં લાકડાં કરવતથી કપાય, તેમ અતિ તીક્ષ્ણ દાંતાળી કરવતથી મારા શરીરને કપાવું કે અગ્નિ વર્ણવાળા તાંબા અને સીસાનો રસ મુખમા રેડાવું ?

અથવા ભયંકર આકરા ક્ષારોનું ખાખા શરીરે વિલેપન કરાવી આ મારા દેહને બાળી નખાવું, અથવા તો મગર વગેરે ભયંકર જળચરોવાળા સમુદ્રમાં આ દેહને ફેંકું કે, જેથી જળચર પ્રાણીઓ મારા શરીરને તરત ફાડી ખાય."

ઈત્યાદિ વિચાર કરીને પોતાના હૃદયમાં નિર્ણય કર્યો કે, સળગતા અગ્નિ સિવાય મારાં પાપોને બાળવા કોણ સમર્થ છે? એ નિર્ણય કરીને ત્યાં રહેલા લોકોને તે એમ કહેવા લાગ્યો કે, 'અરે લોકો! આ સુજ્ઞશ્રી નામની મારી જ પુત્રી છે. હું તે જ સુજ્ઞશિવ છું કે, જેણે વિપ્રને ઘેર આ પુત્રીને વેચી નાખી હતી. અરેરે! દુર્દૈવ યોગે નિર્ભાગી એવા મેં તેની સાથે લગ્ન કર્યાં. માટે હે લોકો! અને લોકપાલો! મારૂં આ વચન તમે સાંભળો કે, આ ભુવનમાં મારાથી ચઢિયાતો બીજો કોણ પાપી છે? જે કારણથી જગતની સ્થિતિ આવા પ્રકારની છે કે, 'કન્યાની જાતિ, શીલ, કુલ વગેરે ગુણો જાણી-સાંભળી-ખાત્રી કરીને પછી વિવાહ-લગ્ન કરાય છે, જે અહિં ઉત્તમ પુરૂષો છે, તેઓ ખાત્રી કર્યા વગર વિવાહ કરતા નથી. નહિંતર દૈવયોગે આ ભવમાં જ વિષયાસક્ત એવા માતા, ભગિની, પુત્રી વગેરેની સાથે અજ્ઞાનતાથી સંયોગ થઈ જાય છે. અરેરે! પાપી એવા મેં આવા પાપનો વિચાર તે સમયે ન કર્યો અને ભયંકર દુઃખવાળી નરકમાં મારા આત્માને કેમ ફેંક્યો?

માટે હે લોકો! અતિ ભયંકર પાપરૂપ કાદવથી લેપાયેલા મારા શરીરને સળગતા ભારેલા અગ્નિમાં નાખવા સિવાય બીજું પ્રાયશ્ચિત્ત નથી.' એ પ્રમાણે કહીને નગર બહાર કાષ્ઠોની મોટી ચિતા તૈયાર કરાવીને નગરજનો સમક્ષ પોતાની નિન્દા કરતો તે તેના ઉપર આરૂઢ થયો.

ત્યાર પછી મધ, ઘી વગેરે તેમાં સિંચ્યાં, તો પણ તે ચિતામાં અગ્નિ પ્રગટ થતો નથી, ત્યારે હે ગૌતમ! લોકો એમ બોલવા લાગ્યા કે, 'હે પાપી દુષ્ટ નિર્દય ધીઠા! મિત્ર શત્રુ પ્રત્યે સમાન ભાવવાળો હોવા છતાં, તારા મહાન પાપોદયના કારણે તારા દેહને અગ્નિ બાળતો નથી.' એ પ્રમાણે લોકોએ ધિક્કાર ધિક્કારના શબ્દો બોલતાં બોલતાં તેની પત્ની સહિત ઘણો માર્યો અને જનસમુદાયે તેને નગરમાંથી હાંકી કાઢયો. હે ભગવંત! તે અગ્નિ કેમ ન સળગ્યો? ભગવંતે કહ્યું કે, 'તે ચિતા ભવિતવ્યતા યોગે અગ્નિથી ન બળે તેવાં કાષ્ઠોથી બનાવેલી હતી.'

## સુજ્ઞશિવ નિઃશલ્ય બની સિદ્ધિ પામ્યો.

પછી ગામ છોડીને તે આગળ જતો હતો, ત્યારે માર્ગમાં એક મુનિવર-યુગલ બીજા ગામમાંથી આહાર-પાણી ગ્રહણ કરીને નીકળ્યા, તેની પાછળ પાછળ જવા લાગ્યો. એમ કરતાં તે ઉદ્યાને આવી પહોંચ્યો, તો ત્યાં સુરો, અસુરોવડે નમેલા ચરણ-કમલવાળા ચાર જ્ઞાનવાળા જગદાનંદ નામના આચાર્યને જોયા. તેમનાં દર્શન કરીને તેણે વિચાર્યું કે, 'આમના દર્શનથી મારા હૃદયમાં ભાવના ઉલ્લસિત થાય છે, તો નિર્મોહી આ મુનિવર પાસે મારાં પાપની શુદ્ધિ પૂછું.' આચાર્ય ભગવંતને પ્રણામ કરીને પોતાની પત્ની સહિત સુજ્ઞશિવ વિપ્રને અને તેમના ચિત્તને જાણી મનઃપર્યવજ્ઞાની સૂરિએ કહ્યું કે, 'અરે ભદ્ર! આ સંસારમાં વિવિધ કર્મવશવર્તી જીવોને તેવું કોઇ પાપ કે પુણ્ય નથી કે, જે જીવને ન સંભવે' હવે કર્માધીન આત્માને કોઇ પ્રકારે તેની સ્ખલના થાય, તો ધીર પુરુષોએ તેની શુદ્ધિ ગુરુના ચરણ-કમલમાં કરવી. જેમ અશુચિથી ખર-

ડાયેલ ચરણની શુદ્ધિ જળથી કરાય છે, તેમ પાપ-પંકથી મલિન થયેલા આત્માની શુદ્ધિ આલોયણરૂપી જળથી કરાય છે. રાગ-દ્વેષ વશાવર્તી જીવે જે પાપમેલ ઉપાર્જન કર્યો હોય, તે સંયમ-સહિત તપ કરીને અગ્નિથી જેમ સુવર્ણની શુદ્ધિ થાય, તેમ આત્માની શુદ્ધિ કરનારો થાય છે.

તો હે મહાનુભાવ! ભય, લજ્જા, મોટાઇ આદિનો ત્યાગ કરીને તારું સર્વ પાપ પ્રગટ કરી આલોચના કર, જેથી વૈદ્યની જેમ તારું શલ્ય એકદમ યોગ્ય ઉપાય કરી દૂર કરીએ.' ત્યાર પછી ઉત્તમ શ્રદ્ધા પામેલો તે ગુરુ સમક્ષ સર્વ શલ્ય પ્રગટ કરવા લાગ્યો. આગળ જે ચિંતવ્યું હતું કે, 'આ બાલાને મારીને તેના માંસનું ભક્ષણ કરું, અથવા તેનું માંસ વેચી નાખું. તેને જેવી રીતે વેચી નાખી, તેમ જ લોકોની કન્યાઓનું હરણ કર્યું, જેવી રીતે સુજ્ઞશ્રી સાથે લગ્ન કર્યા, તે સિવાય બાલ્યકાળથી બીજાં પણ જે જે પાપો કર્યાં હતાં, તે સર્વ બાળકની જેમ સરળ ભાવથી ગુરુને નિવેદન કર્યાં. ત્યાર પછી જ્ઞાનાતિશયથી ગુરુએ તેનો સંવેગ પારખીને જે પ્રમાણે કેવલી ભગવંતોએ કહેલું છે, તેને અનુસારે પ્રાયશ્ચિત્ત આપ્યું.

ગુરુએ જે પ્રમાણે તપસ્યા, ચારિત્ર કરવાની આજ્ઞા કરી, તે પ્રમાણે ગુરુની ભક્તિ સહિત પોતાના આત્માની આ પ્રમાણે શુદ્ધિ થવાનું માનતો તપ કરવા લાગ્યો. આજ્ઞા પ્રમાણે તપ પૂર્ણ થયો, ત્યારે મહાસંવેગ પામેલો સુજ્ઞશિવ કહેવા લાગ્યો કે, 'હે ભગવંત! કૃપા કરીને ભાર્યા સહિત મને દીક્ષા આપો.' ત્યારે ગુરૂએ કહ્યું કે, 'અત્યારે તારી ભાર્યા ગર્ભવતી છે, તે કારણે વ્રત ગ્રહણ અને પ્રાયશ્ચિત્ત માટે અયોગ્ય છે. પછી ગુરૂએ સુજ્ઞશિવને

દીક્ષા આપી, તથા ગ્રહણ અને આસેવન એવા બને પ્રકારની શિક્ષા ગ્રહણ કરાવી, સરળ પરિણામ અને ભક્તિ-વાળો તે આકરું આવા પ્રકારનું તપ કરવા લાગ્યો. પોતાના શરીરની ટાપ-ટીપ ન કરતો અને શરીરની મમતા વગર છ-છ મહિનાનો તપ કરતો, ગ્લાનિ વગર અપ્રમત્તપણે આચાર્યની સાથે વિચરતો હતો. એમ કરતાં છવ્વીશ વરસ અને તેર દિવસનો દીક્ષા-પર્યાય પાળી પાદપોપગમન અન-શનની વિધિ કરવા પૂર્વક સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધિ-પદ પામ્યો.

## સુજ્ઞશ્રી છઠ્ઠી નરકે ગઈ.

પછી અવસરે ગૌતમ સ્વામીએ પૂછ્યું કે, 'હે ભગ-વત! તેવા પ્રકારનું મહાપાપ કરીને તે સુજ્ઞશિવ અંતકૃત -કેવલી કેવી રીતે થયો? ભગવંતે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'હે ગૌતમ! તે મહાનુભાવે વિશુદ્ધપણે આલોચના કરી અને ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્ત પણ પૂર્ણ કર્યું હતું. ગૌતમ સ્વામીએ પૂછ્યું કે, તે સુજ્ઞશ્રીનો જીવ ક્યાં ગયો? ભગ-વતે કહ્યું કે, 'હે ગૌતમ! તે છઠ્ઠી નરક પૃથ્વીમાં ગઈ.' હે નાથ! કયા કર્મના ઉદયથી તે બાપડી ત્યાં ગઈ?' ભગવંતે કહ્યું કે, 'અતિરૌદ્ર અધ્યવસાય કરવાના કારણે ત્યાં ઉત્પન્ન થઈ. પ્રસૂતિ સમય નજીક આવ્યો, ત્યારે તેણે ચિંતવ્યું કે, 'આવતી કાલે સવારે વિવિધ પ્રકારના ક્ષારો વડે કરીને આ ગર્ભને પાડી નાખીશ. આવા પ્રકારના આડા-અવળા પાપ વિચારના મનવાળી ગર્ભના માટે ખોટા પાપ વિચાર કરતી પુત્રને જન્મ આપી તરત મૃત્યુ પામી, એથી સુજ્ઞશ્રી છઠ્ઠી નરકે ગઈ.

## સુસઢનાં જયણા વગરનાં તપ–સંયમનાં માઠાં ફળ.

તત્કાલ જન્મેલા જરા-ઓર-જંબાલથી વીંટળાએલા એવા તે પુત્રને કૂતરાએ મુખમાં ગ્રહણ કરીને કુંભારના ચાકડા ઉપર મૂકયો. જેટલામાં કૂતરો ભક્ષણ કરવા જાય છે, એટલામાં ત્યાં કુંભાર આવી પહોંચ્યો, તેને હાથમાં લઇને પોતાની પત્નીને તે બાળક આપ્યો, વળી ભાર્યાને કહેવા લાગ્યો કે, ' હે પ્રિયે! પુત્ર વગરના આપણને ભક્તિથી તુષ્ટ થયેલી કુલદેવતાએ પુત્ર આપ્યો. ત્યાર પછી વિસ્તારથી જમણવાર સહિત પુત્રનો મોટો મહોત્સવ કર્યો અને પોતાના પિતાનું જે સુસઢ એવું નામ હતું તે જ નામ પુત્રનું પણ પાડ્યું. અનુક્રમે યૌવન વય પામ્યો, તે સમયે ત્યા વિશુદ્ધ જ્ઞાનાતિશય યુક્ત એવા મુનિ વૃષભો તે નગરમાં પધાર્યા. તેમની પાસે જિનેશ્વરોએ કહેલો જિનધર્મ સાંભળ્યો, ઉત્પન્ન થયેલા સંવેગવાળા ભવના દુઃખથી ભય પામેલા તેણે દીક્ષા અંગીકાર કરી. તે હંમેશાં ગુરૂની પાસે રહીને ગુરૂ આદિની ભક્તિ કરતો છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ લાગ-લાગટ ઉપવાસ, પંદર દિવસના, મહિનાના એ વગેરે આકરાં તપ કરતો હતો.

અનુક્રમે ધીમે ધીમે સંયમમાં શિથિલ થતો ગયો. ગુરૂ વારંવાર શિખામણ આપતા, તો તે હિતશિક્ષા માનતો નહીં અને તપ-ચરણ સિવાય બીજા કોઇ સંયમને માનતો નહિં. ત્યાર પછી મધુર વચનથી ગુરૂ મહારાજ કહેવા લાગ્યા કે, ' હે વત્સ ! આ ભવ અટવીમાં અથડાતા જીવને સુવિશુદ્ધ જયણા વગર એકલા તપ અને ચારિત્ર શરણભૂત થતા નથી. આંધળા પાસે નૃત્ય, બહેરા પાસે ગીત શોભા પામતું નથી, તેમ સર્વ જીવોનું જયણા રહિત એવું તપ

અને ચારિત્ર શોભા પામતું નથી. આ પ્રમાણે ગુરૂ વડે વારંવાર પ્રેરણા પામવા છતાં તે ગુરૂના વચનને અંગીકાર કરતો નથી અને જયણા રહિત તપ અને ચારિત્ર કરવા લાગ્યો.

ફરી ગુરૂએ તેને કહ્યું કે, હે ભદ્ર! દેવતાઓને પણ આશ્ચર્ય પમાડે એવું દુષ્કર તપ-ચારિત્ર તેં આદર્યું છે, જો તે તપ ચારિત્ર જયણા સહિત તેમ જ આલોચનારૂપ જળથી કલુષતાનો મેલ ધોઈ નાખે અને ગુરૂની આજ્ઞાનુસાર જો થોડા પણ તપ-ચારિત્ર કરે તો હે સૌમ્ય! તું નક્કી સર્વે દેવો, કિન્નરો, ખેચરો, મનુષ્યો અને મુનિઓને આ લોક અને પરલોકમાં દરેકને વંદનીય બને. ગુરૂ આજ્ઞાથી નિરપેક્ષ બની સ્વચ્છંદ મતિથી કરનાર એવું તારૂં તપ તો કાસ નામના ઘાસના પુષ્પની જેમ સર્વથા નિષ્ફલ જાય છે. આ પ્રમાણે વિવિધ યુક્તિથી આચાર્યે કહ્યું, તે સાંભળીને તેણે કહ્યું કે, 'મને પ્રાયશ્ચિત્ત આપો.' એટલે ગુરુએ વિધિથી તેને પ્રાયશ્ચિત્ત શુદ્ધિ આપી. ત્યાર પછી ગુરુના વચનાનુસાર સંયમ-જયણાદિથી યુક્ત થયો થકો હંમેશાં તપ ચરણમાં રક્ત બની કેટલોક કાળ ગુરુ સાથે વિચરવા લાગ્યો. ફરી પણ પાછો સંયમ-જયણામાં શિથિલ બની, છઠ્ઠ, અઠ્ઠમથી માંડી યાવત્ છ-છ મહિનાના આકરા તપ કરવા લાગ્યો. પરંતુ સ્વચ્છંદ મતિથી શીતલ જળનો પરિભોગ કરવા લાગ્યો. ફરી પણ મોટા ગુણોથી ગૌરવવાળા ગુરુએ પ્રાયશ્ચિત્તનો પ્રગટ ઉપદેશ આપ્યો, તો પણ મૂઢ બુદ્ધિવાળો તે પ્રમાણે કરતો નથી, પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણે મનફાવતું સર્વ કર્યા કરે છે. પાપનાં આસ્રવ-દ્વારો બંધ કરતો નથી, સ્વાધ્યાયમાં પ્રમાદ અને શિથિલતા કરવા લાગ્યો, એટલું જ નહિં પરંતુ દરરોજના આવશ્યક

યોગો તેમ જ ચરણસિત્તરી-કરણસિત્તરીમાં પણ શિથિલતા અને પ્રમાદ સેવવા લાગ્યો.

આચાર્ય મહારાજ શોધિ નિમિત્તે જે જે પ્રાયશ્ચિત્ત આપતા હતા, તે તે જડ કરતો ન હતો, પણ પોતાને જે અનુકૂળ આવે, તે સ્વેચ્છાથી કરતો હતો. (૫૦૦) વળી ગુરુની મજાક ઉડાવતો હતો કે, પાપની શુદ્ધિ કરનાર આચાર્યે મને જે પ્રાયશ્ચિત્ત આપ્યું તે મને શું દુષ્કર છે? અર્થાત્ મારા માટે ગમે તેટલું તપનું પ્રાયશ્ચિત્ત આપે તો પણ મને સહેલું છે. હું માસખમણથી માંડી છ મહિનાના લાગલાગટ ઉપવાસ કરનાર તે પણ મારી પોતાની ઇચ્છાથી આવું તીવ્ર તપ કરનાર છું, તો શું આથી અધિક તપ મને ગુરુજી આપનારા છે?

આ પ્રમાણે ચાહે તેમ બકવાદ કરનારને આચાર્ય મહારાજે પોતાના ગચ્છમાંથી કાઢી મૂક્યો, એટલે ધનુષ-માંથી છુટેલા બાણની જેમ ધર્મથી વિમુક્ત બનેલો ગમે ત્યાં રખડયા કરતો હતો. દુષ્કર તપ-ચરણ કરતો પરંતુ પૃથ્વી, જલ, અગ્નિના કાર્યાકાર્યના વિવેક વગરનો ઉપયોગ કરતાં તેણે કેટલોક કાળ પસાર કર્યો. સ્વચ્છંદપણે પ્રવ્રજ્યા પાળીને મરીને તે સુસઢનો જીવ ઇન્દ્રની સરખી ઋદ્ધિવાળો સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો, ત્યાંથી ચવેલો તે સુસઢનો જીવ આ જ ભરતક્ષેત્રમાં વાસુદેવ થઈને ૭ મી નારકીમાં જશે. ત્યાંથી નીકળીને સ્ત્રીપણે મૈથુનમાં અતિ આસક્તિવાળો બની મરીને તે સુસઢ અનંતકાયમાં જશે. જયણારહિત અતિ દુષ્કર તપ-ચરણ કરતો હોવા છતાં સુસઢનો જીવ અતિ ભયંકર ભવસમુદ્રમાં દીર્ઘકાળ પર્યંત ભ્રમણ કરશે.

ગૌતમસ્વામીએ પૂછ્યું કે, 'હે ભગવંત! દુષ્કર તપ ચરણ કરનાર તે દુઃખમાં હેરાનગતિ ભોગવતો શા કારણે ભવમાં ભટકશે? પ્રભુએ કહ્યું કે, 'તે મૂલગુણ અને ઉત્તર ગુણોના અણુસમજપણાને કારણે તથા ગુરુવચન અને જયણા ન આચર્યાં, તેથી ભવમાં ભ્રમણ કરશે. 'હે ગૌતમ! જે પ્રકારે તેણે દુષ્કર તપશ્ચરણ કર્યું, તેના આઠમાં ભાગનું તપ–ચરણ જો જયણા સહિત કરવામાં આવે તો બીજો તેટલા જયણાવાળા તપશ્ચરણથી મુક્તિ મેળવે. 'હે ગૌતમ! તે સુસઢ અહિં જળનો ઉપભોગ ન કરતો હતે, તો તે જિનવરની આજ્ઞાથી યુક્ત થયેલો તે પરમપદને પામતે.

વળી અહિં એ સમજવાનું છે કે, એક બે યાવત્ છ અહિને ભોજન કરનારા આતાપના લેવા પૂર્વક તીવ્ર તપ–શ્ચરણ કરનાર મુનિઓ એક બાજુ અને બીજી બાજુ પ્રથમ દિવસના દીક્ષિત કે જેઓ ગુરુ અને ભગવંતની આજ્ઞા પ્રમાણે જયણા વગેરે સહિત ચારિત્ર પાલન કરનારા છે, તેઓ વચ્ચે લાખમાં અંશનો ફરક છે. તેઓ એક દિવસના દીક્ષિતના લાખમાં અંશમાં પણ આવી શકતા નથી. કારણ કે, ક્ષમા, ઈન્દ્રિયદમન, ગુરુ આજ્ઞા આદિથી રહિત છે. હે ગૌતમ! જિન દીક્ષા ગ્રહણ કરીને જેઓ જયણારહિત તપશ્ચરણ કરે છે, તેઓ જિન–આજ્ઞાનું ખંડન કરનારા છે અને ગૃહસ્થોથી પણ અધિક સમજવા.

આ પ્રમાણે વિશુદ્ધ જયણા રહિત તપમાં નિત્ય ઉદ્યમી એવા સુસઢની અતિશય દુઃખ પરંપરા સમ્યગ્ પ્રકારે સાંભળીને હે ધર્મની ઈચ્છાવાળા! તમો જયણામાં વિશેષ ઉદ્યમવાળા થાઓ.

આ પ્રમાણે યતના-વિષયક છેદગ્રન્થમાંથી ઉદ્ધરી સંકલિત કરેલી પ્રાકૃત સુસઢની કથાનો આગમોદ્ધારક આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના શિષ્ય આ૦ શ્રી હેમસાગરસૂરિએ કરેલ ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો. (સં. ૨૦૨૬ આસો શુદિ ૧ ગુરુવાર દાદર, જૈન જ્ઞાન મંદિર, મુંબઇ-૨૮

## સૂત્રોપદિષ્ટ-હિતોપદેશ

### સશલ્ય મૃત્યુ પામનારનાં દુઃખો.

ધગ ધગ એવા શબ્દ કરતાં પ્રજ્વલિત જ્વાલા-પંક્તિ-ઓથી આકુળ મહા ભયંકર ભારેલા મહા અગ્નિમાં શરીર સહેલાઇથી બળે છે, અંગારાના ઢગલામાંથી એક કૂદકો મારીને ફરી જળમાં, તેમાંથી સ્થળમાં, તેમાંથી સરીને ફરીને નદીમાં જાય, એવાં દુઃખો ભોગવે કે તે કરતાં મરવું સારું લાગે. પરમાધામી દેવતાઓ નારકી જીવોના શરીરના હથિયારોથી એવા નાના કટકાઓ કાપીને પછી હંમેશા તેને સહુકાઇથી અગ્નિમાં હોમે છે. સખત કઠોર તીક્ષ્ણ કરવતથી શરીર ફડાવીને તેમાં લૂણ, ઊસ, સાજીખાર, ભભરાવે, તેત્રા પોતાના શરીરને અત્યંત શુષ્ક કરી નાંખે, તો પણ તે જીવતાં સુધી પોતાના શલ્યનો ઉદ્ધાર કરવા સમર્થ થઇ શકતાં નથી.

યવક્ષાર, હળદર વગેરે પદાર્થોથી પોતાનું શરીર લિંપીને મૃતપ્રાયઃ કરવું સહેલું છે. સ્વહસ્તે પોતાનું મસ્તક છેદીને ગ્રહણ કરવું. આ પણ કાર્ય કરવું સુલભ છે, પરંતુ એવું તપ-સંયમ કરવું દુષ્કર છે કે જેનાથી નિઃશલ્ય બની શકાય.

### પોતાનું દુશ્ચરિત્ર પ્રગટ કરવું દુષ્કર છે.

પોતાના શલ્યથી દુઃખી થયેલો, માયા અને દંભથી

કરેલાં શલ્યો-પાપો છુપાવતો તે પોતાના શલ્યો પ્રગટ કરવા સમર્થ બની શકતો નથી. કદાચ કોઈક રાજા દુશ્ચરિત્ર પૂછે, તો સર્વસ્વ અને દેહ આપવા કબૂલ થાય, પરંતુ પોતાનું દુશ્ચરિત્ર કહેવા સમર્થ થઈ શકતો નથી.

કદાચ રાજા કહે કે, 'તને સમગ્ર પૃથ્વી આપું, પરંતુ તારે તારું સમગ્ર દુશ્ચરિત્ર પ્રગટ કરવું.' તો પણ કોઇ પોતાનું દુશ્ચરિત્ર કહેવા તૈયાર થતાં નથી. રાજા કહે કે, 'તારું જીવન કાપી નાંખું છુ, જો જીવતા રહેવાની અભિલાષા હોય તો તારું દુશ્ચરિત્ર કહે' પ્રાણોનો ક્ષય થાય તો પણ દુશ્ચરિત્ર તે કહેતો નથી. સર્વસ્વનું હરણ થાય, રાજ્ય કે પ્રાણ ચાલ્યા જાય તો પણ કોઇ પોતાનું દુશ્ચરિત્ર કહેતા નથી. હું પણ કદાચ પાતાળ-નરકમાં જઇશ, પરંતુ મારું દુશ્ચારિત્ર કહીશ નહીં. જે પાપી અધમ બુદ્ધિવાળા એક જન્મના પાપ છુપાવનારા કાપુરુષો હોય, તે દુશ્ચરિત્ર ગોપવે, છુપાવે છે. તે મહાપુરુષ કે સદ્બુદ્ધિવાળા નથી. અહીં જે દાનવ કે દુર્જન, તે સત્પુરૂષો કહેવાતાં નથી.

ચરિત્રોમાં સત્પુરૂષો તે કહેવાય છે કે, જેઓ શલ્ય રહિત તપ કરવામાં તલ્લીન હોય, આત્મા પોતે પાપશલ્ય કરવાની ઇચ્છાવાળો ન હોય અને અર્ધનિમેષ જેટલા કાળમાં અનંતગુણ પાપ વડે ભરાઇ જાય.

## દુઃખ સમયે કેવી ભાવના ભાવવી ?

કુંથુઆના જીવનું શરીર કેવડું ? તેના દૃષ્ટાંતથી જગતના જીવોને નિરંતર દુઃખ રહે છે. નાનામાં નાનું અને તેનાથી પણ વધારે નાનું, તેનાથી પણ ઘણું અલ્પ, તેમાં

કુંથુઆનો પગ કેવડો? પગની અણીનો એક માત્ર નાનામાં નાનો ભાગ, તેનો પણ ભાગ જો આપણા શરીરને સ્પર્શે કે કોઈના શરીર ઉપર ચાલે તો પણ આપણને દુઃખનું કારણ બને. લાખો કુંથુઆના શરીરોને એકઠાં કરી, નાના (ઝવેરાતના) કાંટાથી તોલ કરીએ, તો પણ એક પલ કે (ગ્રામ) ન થાય. તો એક કુંથુનું શરીર કેટલું માત્ર થાય? એવા બારીક એક કુંથુઆના પગની અણીના ભાગના-સ્પર્શને સહન કરી શકતો નથી અને પાદાગ્રભાગના સ્પર્શથી આગળ કહી ગયા તેવી અવસ્થા જીવો અનુભવે છે, તો "હે ગૌતમ! તેવા દુઃખસમયે કેવી ભાવના ભાવવી જોઈએ? કુંથું સરખું ઝીણું પ્રાણી મારા મલિન શરીર પર ભ્રમણ કરે, સંચાર કરે, હીંડે (ચાલે) તો પણ તેનો ખણીને વિનાશ ન કરે, પરંતુ રક્ષણ કરે. આ જીવ કાંઇ હંમેશા અહીં નિવાસ કરવાનો નથી કે લાંબો સમય રહેવાનો નથી, એક ક્ષણમાં ચાલ્યો જશે, બીજી ક્ષણ નહીં રહે, કદાચ બીજી ક્ષણમાં ન ચાલ્યો જાય તો "હે ગૌતમ! આ પ્રમાણે ભાવના ભાવવી કે આ કુંથુ અહીં રાગથી નથી વસ્યો, કે મારા ઉપર તેને દ્વેષ નથી થયો. ક્રોધ, મત્સર, ઇર્ષ્યા કે વૈરથી અને ડંખ નથી મારતો, તે ક્રીડા કરવાની ઇચ્છાથી અને (ડંખતો) કરડતો નથી. કુંથુ વૈર-ભાવથી કોઈના શરીર ઉપર નથી ચડતો. તે તો ગમે તેના શરીર ઉપર વગર અભિપ્રાયે ચઢી જાય છે; વિકલેન્દ્રિય હોય, બાળક હોય, બીજુ કોઇ પ્રાણી હોય, તેઓ સળ-ગતાં અગ્નિ અને વાવડીના જળમાં પ્રવેશ કરે, તે કદાપિ એમ ન વિચારે કે, આ મારો પૂર્વનો વૈરી છે, અથવા મારો સંબંધી છે. માટે આત્માએ એમ વિચારવું કે, આમા મારા અશાતાના પાપનો ઉદય આવ્યો છે, આવા જીવો

પ્રત્યે મેં કાંઇ અશાતાનું દુઃખ કર્યું હશે, પૂર્વ ભવમાં કરેલા પાપકર્મના ફળ ભોગવવાનો અથવા તે પાપના પુંજનો છેડો લાવવા માટે, મારા આત્માના હિત માટે આ કુંથુ તિરછી, ઉર્ધ્વ, અધો-દિશા અને વિદિશામાં મારા શરીર પર આમ-તેમ ફરે છે. આ દુઃખને સ્વભાવથી-સમભાવથી સહન કરીશ, તો મારાં પાપકર્મનો છેડો આવશે. કદાચ કુંથુને શરીર પર ફરતાં ફરતાં મહા વાયરાનો ઝાપટો લાગ્યો, તો તે કુંથુને શારીરિક દુઃસહ દુઃખ અને રૌદ્ર તથા આર્તધ્યાનનું મહાદુઃખ વૃદ્ધિ પામશે. આવા સમયે વિચારવું કે, આ કુંથુઆના સ્પર્શથી તને નામનું દુઃખ ઉત્પન્ન થયું છે, તો પણ તારાથી સહન કરી શકાતું નથી અને આર્તરૌદ્રધ્યાનમાં ચાલ્યો જાય છે, તો તે દુઃખના કારણે તું શલ્યનો આરંભ કરીને મનોયોગ કે વચનયોગ કે કાય-યોગથી સમય, આવલિકા, મુહૂર્ત્ત સુધી શલ્યવાળો થઇશ અને તેથી તેનું ફળ તો તારે એકદમ લાબા કાળ સુધી વેઠવું પડશે. તે વખતે તેવા દુઃખો તું શી રીતે સહન કરીશ ? તે દુઃખો કેવાં હશે ? ચારે ગતિ અને ૮૪ લાખ યોનિ સ્વરૂપ અનેક ભવો અને ગર્ભાવાસો ગ્રહણ કરવા પડશે, જેમાં રાત્રિ-દિવસના દરેક સમયે સતત પ્રચંડ ઘોર મહા ભયંકર દુઃખ સહન કરવું પડશે. ઓ...મા...રે ! ઓ બાપ...રે ! એમ આક્રન્દન કરવું પડશે.

## દ્રવ્યપૂજા અને ભાવપૂજા.

ત્રણે લોકથી પૂજા પામેલા અને જગતના ગુરુ એવા ધર્મ-તીર્થંકરોની દ્રવ્ય-પૂજા અને ભાવ-પૂજા એમ બે -બે પ્રકારની પૂજા કહેલી છે. ચારિત્રાનુષ્ઠાન અને કષ્ટવાળા ઉગ્ર ઘોર તપનું આસેવન કરવું તે ભાવ-પૂજા અને દેશ-

વિરતિ શ્રાવકો જે પૂજા-સત્કાર તેમ જ દાન, શીલ આદિ ધર્મ સેવન કરે તે દ્રવ્યપૂજા, તેથી કરીને હે ગૌતમ! અહીં આવું તાત્પર્ય આ પ્રમાણે સમજવું.

ભાવ-અર્ચન એ અપ્રમાદથી ઉત્કૃષ્ટ ચારિત્ર-પાલનરૂપ છે, જ્યારે દ્રવ્ય-અર્ચન એ જિનપૂજારૂપ છે. મુનિઓ માટે ભાવ-અર્ચન છે. અને શ્રાવકો માટે બંને અર્ચન કહેલાં છે. તેમાં ભાવ અર્ચન પ્રશંસનીય છે.

"હે ગૌતમ! અહીં કેટલાંક શાસ્ત્રના પરમાર્થને નહીં સમજનારા અવસન્ન-શિથિલ-વિહારી, નિત્યવાસી, પરલોકના નુકશાનનો વિચાર નહીં કરનારા, પોતાની અતિ પ્રમાણે વર્તન કરનારા, દ્વેષ, મોહ, અહંકાર, મમત્વ આદિમાં અતિ પ્રસક્ત બનેલાં, સમગ્ર સંયમરૂપ સદ્ધર્મથી પરાઙ્મુખ, નિર્દય, નિર્લજ્જ, પાપની ઘૃણા વગરના, દયા હીન, પાપ આચરણ કરવામાં અભિમાન બુદ્ધિવાળાં, એકાંતપણે જે અત્યંત ચંડ, રુદ્ર અને ક્રૂર અભિગ્રહો કરનાર મિથ્યાદૃષ્ટિઓ, સર્વ સાવદ્ય યોગનાં પચ્ચક્ખાણ કરીને સર્વસંગ, આરંભ, પરિગ્રહથી રહિત થઇ. ત્રિવિધ, ત્રિવિધે (મન-વચન-કાયાથી કૃત-કારિત-અનુમતિથી) સામાયિક દ્રવ્યથી ગ્રહણ કરે છે, પરંતુ ભાવથી ગ્રહણ કરતાં નથી. નામનું જ મસ્તક મુંડાવે છે, નામના જ મહાવ્રતધારી છે, શ્રમણ થયાં છતાં પણ અવળી માન્યતા કરીને સર્વથા ઉન્માર્ગનું સેવન અને પ્રવર્તન કરે છે તે આ પ્રમાણે "અમે અરિહંત ભગવંતની ગંધ, માળા, દીપક, સંમાર્જન, લિંપન, વસ્ત્ર. બલિ, ધૂપ આદિની પૂજા-સત્કાર કરીને હંમેશાં તીર્થની પ્રભાવના કરીએ છીએ—" એ પ્રમાણે માનનારા ઉન્માર્ગ પ્રવર્તાવે છે. આ પ્રમાણેનાં

તેમનાં કર્તવ્યો સાધુધર્મને અનુરૂપ નથી. "હે ગૌતમ? વચનથી પણ તેમના આ કર્તવ્યની અનુમોદના આપવી નહીં."

"હે ભગવંત! કયા કારણથી એમ કહેવાય છે કે, વચનથી પણ તેમના આ દ્રવ્યપૂજનની અનુમોદન ન કરવી?"

"હે ગૌતમ! તેમના વચનાનુસારે અસંયમની બહુલતા, મુળગુણનો નાશ થાય, તેથી કર્મનો આસ્રવ થાય, વળી અધ્યવસાય આશ્રીને સ્થૂલ તેમ જ સૂક્ષ્મ શુભાશુભ કર્મ-પ્રકૃતિઓનો બંધ થાય, સર્વ સાવદ્યની કરેલ વિરતિ રૂપ મહાવ્રતોનો ભંગ થાય, વ્રતભંગ થવાથી આજ્ઞા-ઉલ્લંઘનનો દોષ લાગે, તેનાથી ઉન્માર્ગીપણુ પામે, તેનાથી સન્માર્ગનો લોપ થાય, ઉન્માર્ગ પ્રવર્તન કરવું અને સન્માર્ગનો વિપ્રલાપ કરવો એ યતિઓને માટે મહાઆશાતના રૂપ છે, કારણ કે, તેવી મહાઆશાતના કરનારને અનંતા-કાળ સુધી ચારે ગતિમાં જન્મ-મરણના ફેરા કરવા પડે છે, આ કારણથી "હે ગૌતમ! એમ કહેવાય છે કે, તેના વચનની અનુમોદના ન કરવી." દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બેમાં ભાવસ્તવ ઘણાં ગુણવાળું છે."

'દ્રવ્યસ્તવ ઘણાં ગુણવાળું છે' એમ બોલનારની બુદ્ધિ સમજણ વગરની છે.

"હે ગૌતમ! છ કાયના જીવોનું હિત-રક્ષણ થાય તેમ વર્તવું, આ દ્રવ્યસ્તવ-ગંધ, પુષ્પાદિકથી પ્રભુ-ભક્તિ કરવી, તે સમગ્ર પાપનો ત્યાગ ન કરેલ હોય, તેવા દેશ-વિરતિવાળા શ્રાવકને યુક્ત ગણાય છે, પરંતુ સમગ્ર પાપના પચ્ચક્ખાણ કરનાર સંયમી સાધુને પુષ્પાદિકની પૂજારૂપ દ્રવ્યસ્તવ કરવું કલ્પતુ નથી.

## ભાવસ્તવની ઉત્તમતા માટે દશાર્ણભદ્ર અને ઇન્દ્રનું ઉદાહરણ.

'હે ગૌતમ ! જે કારણથી આ દ્રવ્યસ્તવ અને ભાવ-સ્તવરૂપ બંને પૂજાઓ બત્રીશ ઇન્દ્રોએ કરેલી છે, તો કરવા લાયક છે'—એમ કદાચ તમો સમજતા હો. તો તેમાં આ પ્રમાણે સમજવાનું છે. આ તો માત્ર તેઓનો વિનિયોગ મેળવવાની અભિલાષારૂપે ભાવસ્તવ ગણેલ છે. અવિરતિ એવા ઇન્દ્રોને ભાવસ્તવ (છ કાય જીવોની ત્રિવિધ-ત્રિવિધે દયા સ્વરૂપ)નો અસંભવ છે.

દશાર્ણભદ્ર રાજાએ ભગવંતનો આડંબરથી સત્કાર કર્યો, તે દ્રવ્યપૂજા અને ઇન્દ્રની સરસાઇમાં હાર્યા, ત્યારે ભાવસ્તવરૂપ દીક્ષા અંગીકાર કરી, ત્યારે ઇન્દ્રને પણ હરાવ્યા. એ ઉદાહરણ અહીં લાગું પાડવું જોઇએ, માટે ભાવસ્તવ જ ઉત્તમ છે.

ચક્રધર, ભાનુ, ચન્દ્ર, દત્ત, દમક વગેરેએ ભગવંતને પૂછ્યું કે, 'શું સર્વ પ્રકારની ઋદ્ધિ સહિત કોઇ ન કરી શકે તેવી રીતે ભક્તિથી પૂજા-સત્કાર કર્યો, તે શું સર્વ સાવદ્ય સમજવું ? કે ત્રિવિધ ત્રિવિધ વિરતિવાળું અનુ-ષ્ઠાન સમજવું ? કે સર્વ પ્રકારના યોગવાળી અવિરતિને વિષે તે પૂજા ગણવી ?

"હે ભગવંત ! ઇન્દ્રોએ તો તેમની સર્વ તાકાતથી સર્વ પ્રકારની પુજા કરી છે. "હે ગોતમ ! અવિરતિવાળા ઇન્દ્રોએ ઉત્તમ પ્રકારની ભક્તિથી પૂજા-સત્કાર કર્યો હોય, તો પણ તે દેશવિરતિવાળા અને અવિરતિવાળાના આ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એમ બંનેનો વિનિયોગ તેની યોગ્યતાનુસાર જોડવો.

# અન્તિમ સાધના

## આત્મ ભાવના

અહો આત્મા ! તું અનાદિ કાળથી ભવાટવીમાં અટવાયા કરે છે. હજુ તારા દુઃખનો અંત ન આવ્યો. હવે મહાપુણ્યોદયે મનુષ્યભવ આર્યક્ષેત્રાદિક ધર્મસાધન લાયક સામગ્રી મેળવી તો હવે ધર્મસાધના કર કે જેથી તારા જન્મ-મરણના ફેરા ટળે. દુઃખમય સંસારનું સ્વરૂપ સમજ્યા પછી ત્યાં પડી રહેવું તે વિવેકી માટે યોગ્ય ન ગણાય. મુક્તિનો સાચો માર્ગ પામ્યા પછી આળસ-પ્રમાદ કરવો તે ચિંતામણિરત્નથી કાગડાને ઉડાડવા જેવું ગણાય.

આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર;
પાંચે તીરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરું પ્રણામ.

नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंद पडिमाओ ।
दव्वजिणा जिणजिवा, भावजिणा समवसरणत्था ॥

જેમ મંત્રથી ઝેર ઊતરી જાય, રોગ મટી જાય તેમ પ્રભુના નામ મંત્રથી મિથ્યાત્વ, અવ્રત, યોગ, કષાય, પ્રમાદથી બાંધેલા કર્મરોગ મટી જાય છે.

ગત ચોવીશીના તીર્થંકરનાં નામો: કેવળજ્ઞાની, નિર્વાણી, સાગર, મહાયશા, વિમલ, સર્વાનુભૂતિ, શ્રીધર, દત્ત, દામોદર, સુતેજા, સ્વામી, મુનિસુવ્રત, સુમતિ, શિવગતિ, અસ્તાગ, નિમીશ્વર, અનિલ, યશોધર, કૃતાર્થ, જિનેશ્વર, શુદ્ધમતિ, શિવંકર, સ્યન્દન અને સમ્પ્રતિ.

વર્તમાન ચોવીશીના તીર્થપતિઓનાં નામો: ઋષભ, અજિત, સંભવ, અભિનન્દન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુન્થુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને વીરપ્રભુ.

આવતી ચોવીશીમાં થનારા તીર્થંકર ભગવતોનાં નામો: પદ્મનાભ, શૂરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, સર્વાનુભૂતિ, દેવશ્રુત, ઉદય, પેઢાલ, પોટ્ટિલ, શતકીર્તિ, સુવ્રત, અમમ, નિષ્કષાય, નિષ્પુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ, સંવર, યશોધર, વિજય, મલ્લ, દેવ, અનંતવીર્ય અને ભદ્રકૃત.

વીસ વિહરમાન જિનનાં નામો–સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભ, ઋષભાનન, અનંતવીર્ય, સુરપ્રભ, વિશાલ, વજ્રધર, ચંદ્રાનન, ચંદ્રબાહુ, ભુજંગ, ઇશ્વર, નેમિપ્રભ, વીરસેન, મહાભદ્ર, દેવજશા, અનંતવીર્ય (અજિતવીર્ય).

ચાર શાશ્વતા જિનનાં નામો–ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન. એ સર્વ મળી ૯૬ જિનને મારી ત્રિકાલ ક્રોડાનુક્રોડ વંદના હોજો.

શાશ્વતી પ્રતિમા ૫૦૦ ધનુષની તેમ જ સાત હાથની રત્નમય દિવ્ય મનોહર છે, જેનાં દર્શનથી શાશ્વતપદ પ્રાપ્ત થાય છે. વ્યંતર જ્યોતિષ દેવલોકમાં અસંખ્યાતા જિનબિંબો છે. ત્રણ ભુવનમાં ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ શાશ્વતા જિનબિંબો છે તે સર્વને મારી ક્રોડાનુક્રોડ વંદના હોજો.

વળી અશાશ્વતી પ્રતિમા, આબુજીમાં આદિનાથ, નેમિનાથ, પાર્શ્વ, શાંતિનાથ પ્રમુખ, અષ્ટાપદ ઉપર ભરત મહારાજાએ સોનાનું દેરાસર, રત્નના ચોવીશ પ્રભુનાં શરીરપ્રમાણ જિનબિંબો ભરાવ્યાં. ગૌતમસ્વામીએ સ્વલબ્ધિથી ઉપર જઈ જગચિંતામણિનું ચૈત્યવંદન કહેવા પૂર્વક વંદના કરી, તિર્યક્ જાંભક દેવતાને પ્રતિબોધી ૧૫૦૩ તાપસોને પારણાં કરાવી કેવળજ્ઞાન પમાડ્યા. વળી રાવણ રાજાએ વીણા વગાડી ત્યાં તીર્થંકર ગોત્ર બાંધ્યું.

चत्तारि अट्ठदसदोय, वंदिया जिणवरा चउवीसं ।
परमट्ठ निट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥

એવા ત્યાં બિરાજમાન સર્વે પ્રભુને મારી વંદના હોજો, વળી ગિરનારજી ઉપર નેમિનાથ ભગવાને ૧૦૦૦ પુરુષ સાથે દીક્ષા લીધી. સંસારને દુ:ખરૂપ, દુ:ખથી ભરેલો, દુ:ખની પરંપરાનું કારણ, સાચા સુખનો વેરી, હળાહળ વિષ, બળતી આગ જેવો જાણી નેમિનાથ રાજીમતીનો ત્યાગ કરી સંસારથી નીકળી પડ્યા, ચારિત્ર લઇ ૫૫ દિવસે કેવળજ્ઞાન પામ્યા. ૭૦૦ વરસ સુધી કેવળીપણે વિચરી ઘણા આત્માઓને પ્રતિબોધી ૫૩૬ મુનિ સાથે મુક્તિ વર્યા તેમને મારી ક્રોડાનુક્રોડ વંદના હોજો.

સમેતશિખર ગિરિ ઉપર વીશ ટુંકે વીશ પ્રભુ ૨૭૩૪૯

મુનિ સાથે મુક્તિ પામ્યા. ત્યાં શામળા પાર્શ્વનાથજી મૂળ નાયક તરીકે બિરાજે છે. અને તારંગાજીમાં અજિતનાથ, ચંપાનગરીમાં વાસુપુજ્ય, ગિરનારમાં નેમિનાથ, પાવાપુરીમાં વીરપ્રભુ સિદ્ધિ વર્યા. શ્રી સિદ્ધાચળજી ઉપર પુર્વ નવાણું વખત આદિનાથ પ્રભુ ઘેટીના પાગેથી સમોસર્યા. તિહાં જિનબિંબો તથા જિનમંદિરો ઘણાં છે, તે સર્વેને મારી ક્રોડાનુક્રોડ વંદના હોજો.

હવે દ્રવ્યજિન તે તીર્થંકર પદવી ભોગવીને પોતાનો કેટલોક પરિવાર લઇને મુક્તિમાં બિરાજે છે. હવે જેઓ તીર્થંકર પદવી પામશે તે શ્રેણિકરાજા, સુપાર્શ્વ (મહાવીર પ્રભુના કાકા), ઉદાયિ કોણિકના પુત્ર, દૃઢકેતુ ( મલ્લિનાથના કાકા), કાર્તિક શેઠ, શંખ, આનંદ શ્રાવક, દેવકી, કૃષ્ણ, હરશતકી, રાવણનો સુલસા પુરોહિત, રોહિણી, રેવતી દ્વૈપાયન, રાવણ આદિના જીવો જે ભાવિમાં તીર્થંકર થશે, તેમ જ મારા જીવને નિગોદમાંથી બહાર કાઢયો તે સિદ્ધના જીવને મારી ક્રોડાનુક્રોડ વાર વંદના હોજો.

ભાવજિન કોને કહેવાય ? ચાર ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન મેળવી દેવતાએ રચેલા સમવસરણમાં બેસી જયારે બાર પર્ષદાને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે, તે દ્વારા તીર્થંકર નામકર્મ ખપાવે તે ભાવજિન. તે સુવર્ણ સરખી કાયાવાળા ૧૦૦૮ ઉદાર લક્ષણોવાળા, જ્ઞાનાતિશયે કરી સર્વ પદાર્થો જાણી રહ્યા છે, સર્વ ભાવ દેખી રહ્યા છે, વચનાતિશયથી ભવિ જીવોને પ્રતિબોધે છે; તેમના પ્રતિબોધથી કોઇક જીવ સમ્યક્ત્વ, કોઇક ચારિત્ર, કોઇક શ્રાવકપણું, કોઇક ક્ષપકશ્રેણિને પામે છે. એ પ્રમાણે ઘણા જીવોને ક્લેશ-કર્મથી મુક્ત કરે છે. વળી પુજાતિશયે કરી ભવિ

જીવને પ્રભુપુજા સેવા ભક્તિ વંદના કરવા મન થાય છે પુજા સ્તવનાદિકથી પ્રભુ સરખા પૂજનિક થાય છે.

અપાયાપગમાતિશયે કરી ભવિજીવને આ અને ભવો-ભવનાં કષ્ટ, દુઃખ, આપદા ટળી જાય છે. એ ચાર મોટા અતિશયો કહ્યા. વળી અશોકવૃક્ષ, ઢીંચણ સુધી પુષ્પવૃષ્ટિ, પચરંગી જળ-થળના નીપજેલા પુષ્પો વરસે છે, વાણી એક યોજન સુધી સંભળાય છે, ચામર વીંઝાય છે. રત્ન-સિંહાસન પર બિરાજમાન છે, ભામંડલ પુંઠે શોભે છે, આકાશે દુંદુભી વાગે છે, ત્રણ છત્ર છાજે છે, ૧૨ ગુણ, ૩૪ અતિશય, પાંત્રીશ વાણીગુણ-વાળા, આઠ પ્રાતિહાર્યથી શોભિત, અસંખ્યાતા ઇન્દ્રોથી સેવિત, ૧૮ દોષરહિત, કેવળજ્ઞાન-દર્શનવાળા, તરણ-તારણ જહાજ સમાન, અજ્ઞાન-રૂપ અંધકાર ટાળવા સૂર્યસમાન, તેમના કલ્યાણક સમયે અંધકારમય નરકમાં પણ ક્ષણવાર અજવાળું થાય છે. મહાગોપ, મહામાહણ, નિર્યામક, અને મહાસાર્થવાહની ઉપમાવાળા એવા ભાવ તીર્થંકર શ્રી સીમંધરસ્વામીજી આદિ વીસ વિહરમાનને મારી કોડાનુકોડ વાર વંદના હોજો. બે ક્રોડ કેવળી, બે હજાર ક્રોડ સાધુ, ગણધર ભગવંતો, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા-રૂપ ચતુર્વિધ સંઘ, સમકિત જીવ પ્રભુઆજ્ઞા પાળનાર તે સર્વેને મારી ક્રોડાનુક્રોડ વંદના હોજો.

આ વંદના સ્તવનાનું ફળ એ જ માગુ છું, જે મારા કર્મવાળા આત્માને તમારા સરખો કર્મરહિત બનાવો, એ જ પ્રાર્થના કરૂ છુ. તમારા જેવુ નિર્મળ કેવળજ્ઞાન-દર્શન સ્થિરતારૂપ ચારિત્ર, અનંતુવીર્ય જન્મ-મરણના દુઃખથી રહિત અનંત સુખ, અરૂપી ગુણો, અગુરુ લઘુ અવગાહના

સાદિઅનંતસ્થિતિ, ફરી સંસારમાં આવવું ન પડે, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ મોહ આશા-તૃષ્ણાં, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ભૂખ, તરશ, તાઢ, તડકો, દુઃખ, ક્લેશ, સંતાપ, એવા અનેક દોષરહિત મારો આત્મા છે. સ્વરૂપે આત્મા શુદ્ધ છે. મારા અવરાએલા અનંતા ગુણો પ્રગટ થાવ, એવી મારી આપને પ્રાર્થના છે. એ સિવાય ધન-દોલત, રાજ્ય, સ્ત્રી, પુત્ર પરિવાર, આબરૂ કંઇ માગતો નથી. આ બધા પદાર્થો તુચ્છ અલ્પકાલ ટકનારા, નાશવંત, પરિણામે દુઃખદાયી છે, તે આપનું શાસન પામી સારી રીતે સમજેલો છું.

સિદ્ધ પરમાત્મા જેઓએ આઠે કર્મો કાયમ માટે કાપી નાખ્યા છે તેમને, પાંચ આચાર પાળનારા, ૩૬ ગુણયુક્ત એવા આચાર્ય મહારાજને, હંમેશા પઠન પાઠન કરતા કરાવતા એવા ઉપાધ્યાયજીને, મોક્ષની સાધના કરતા અને બીજાને તેમાં સહાય કરતા સાધુ મહારાજને, તથા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમ નવપદને મારી ક્રોડાનુક્રોડ વંદના હોજો.

એમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે.

હે આત્મા! તું સવારના પહોરમાં જાગૃત થઇ નવકાર મહામંત્રનું સ્મરણ કરી ક્ષણવાર આત્મચિંતવન કર, કે તું અહીં મનુષ્ય ભવમાં કયા પુણ્યના ઉદયે આવ્યો? દોહિલો નરભવ વારંવાર મળતો નથી; આ ધર્મ, આવા જિનેશ્વર સરખા દેવ, ત્યાગી સંયમી ગુરુ મહારાજનો યોગ વારંવાર

થતો નથી; મળેલી ઉત્તમ ધર્મ સામગ્રીનો સદુપયોગ નહિ કરે તો વારંવાર આ સામગ્રી મળવાની નથી. માટે ચેત, જાગ, પ્રમાદ છોડી, આળસ ત્યજી આત્મસાધનામાં ઉદ્યમ કર. માતપિતા, પુત્ર, સ્ત્રી, સગાવહાલાં સહુ સ્વાર્થ સધાય ત્યાં સુધીનાં સગા છે. તારા સાચા હિતકારી એ ગણાય કે જેઓ આવતા ભવ માટે પુણ્યનું ભાથું તૈયાર કરાવે. એવા નિઃસ્વાર્થી હિતકારી હોય તો માત્ર ધર્મગુરુઓ કે લગીર પણ સ્વાર્થ રાખ્યા વગર ગમે તે ભોગે જીવોના કલ્યાણ તરફ માત્ર દૃષ્ટિ રાખે છે. ફરી ફરી આવો સુંદર અવસર મનુષ્યભવમાં તને નહિ મળે. આ ભાવના રોજ ભાવવી, જેથી સંસારનાં ક્લેશ, દુઃખ, આપદા ટળી જશે અને તું શાશ્વતી, અક્ષય મોક્ષસંપત્તિ પામીશ. જે રીતે સ્વપર કલ્યાણ થાય, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, મંગળ, જય વિજય, મોક્ષ પરમ મહોદય થાય તેમ મુમુક્ષુ આત્માએ આત્મસાધના સાધવી.

ઇતિ આત્મભાવના

## ક્ષામણાકુલકને આધારે ચાર ગતિ જીવના ખામણા.

જે કોઇ જીવને દુઃખી કર્યા હોય તે સર્વને મન, વચન, કાયા એમ ત્રિકરણ યોગે ખમાવું છું.

અપાર ભવસમુદ્રમાં ભટકતાં મને ચિંતામણિ રત્ન-સમાન જિનેન્દ્ર ધર્મની પ્રાપ્તિ થઇ તેથી હું ધન્ય છું. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ એ ચારે ગતિમાં જન્મથી માંડી મરણ સુધીનાં દુઃખથી ભરપુર એવા ભવમાં ભટકતાં મેં

મોહવશથી જે કોઇ જીવને દુઃખ, ત્રાસ, વેદના અશાતા, આપ્યાં હોય તે સર્વને ત્રિવિધ ત્રિકરણ યોગે અંતઃકરણ પૂર્વક ખમાવું છું સાતે નારકીમાં નારકીપણે ઉત્પન્ન થઇ નારકીના જીવને દુઃખ દીધું હોય, પરસ્પર મસળવું, ચૂરવું, કેંદવું, મારવું આદિ ત્રાસ કર્યા હોય તેને હું ખમાવું છુ. પરમાધામીના ભવમાં નિર્દયપણે મૂઢ અજ્ઞાની મારા જીવે નારકીના જીવોને હણ્યા હોય, હા હા પરમાધામીના ભવમાં મારા જીવે અજ્ઞાન કષાયવશ બની ક્રીડા નિમિત્તે કરવત, તરવાર, ભાલા, હથિયાર, બાણ, સાંડસા, દોરડા, ચાબુક, અગ્નિથી છેદન, ભેદન, તાડન, મારણ, યંત્રમાં પીલવું, વૈતરણી નદીમાં તારણ, કુંભીપાચનરૂપ ઘણાં દુઃખો નારકી જીવોને આપ્યા હોય, તેને અત્યારે હું જાણતો નથી, તામસ ભાવથી જે કંઈ દુઃખ દીધું હોય તે સર્વને ત્રિવિધ ખમાવું છું.

તિર્યંચગતિમાં પૃથ્વી, અપ, તેઉ, વાયુ, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયના ભવોમાં મેં સ્વ, અન્ય અને પરસ્પરના શસ્ત્રથી પૃથ્વીકાયાદિ જીવોનો વિનાશ કર્યો હોય તેને ખમાવું છું.

શંખપ્રમુખ બેઇન્દ્રિય, જું વગેરે ત્રણ ઇન્દ્રિય જીવો, માખી વગેરે ચાર ઇન્દ્રિયવાળા ભવોમાં મેં જે જે જીવોનું ભક્ષણ કર્યું હોય, દુઃખ કે ત્રાસ આપ્યાં હોય તેને ખમાવું છું. ગર્ભજ, સમૂર્છિમ, જલચર પંચેન્દ્રિયના ભવમાં મત્સ્ય, કાચબા, સુંસુમાર આદિ અનેકરૂપને ધારણ કરનાર જીવોનું ભક્ષણ કરી વિનાશ કર્યો હોય, જળચરના ભવમાં મેં બીજા જીવોના ભક્ષણ-છેદન-ભેદન કર્યાં હોય, તેઓને ત્રિવિધ ખમાવું છું. સર્પ પ્રમુખ ઉરપરિસર્પ, ઘો વાનર પ્રમુખ ભુજપરિસર્પ, કૂતરાં, બિલાડાં, વગેરે સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચના ભવોમાં જીવોને છેદી ભેદી દુઃખી કર્યા

હોય, ભક્ષણ કર્યા હોય તે સર્વને હું ખમાવું છું. જીવ-ઘાત કરવારૂપ અશુભ કર્મ શાર્દૂલ, સિંહ, વાઘ, ચિત્તા, ગેંડા, રીંછ, આદિ હિંસક જાતિમાં ઉત્પન્ન થઇ મારા જીવે જે જીવોને છિન્નભિન્ન કર્યા હોય તેને ખમાવું છું. હોલા, ગીધ, કુકડા, હંસ, બગલા, સસલા, સારસ, કાગડા, બાજ, કબરી, ચકલા, સમૂર્છિમ, ગર્ભજ, ખેચર, પંચેન્દ્રિય ભવોમાં મેં ભૂખવશ થઇ કરમિયાં; કીડા આદિ જીવોનાં ભક્ષણ કર્યા હોય; મનુષ્યભવોમાં જીભ ઇન્દ્રિયમાં લંપટ બની મૂઢ પારધીની શિકારક્રીડા કરનારા મેં જે જીવોનો શિકાર કર્યો હોય, વળી શરીરની પુષ્ટિ માટે મદિરા, માંસ, મધ, માખણ, અથાણું, વાસી ખોરાક, અભક્ષ્ય ભક્ષણ, કરવાથી બેઇન્દ્રિયાદિક જીવોનો વિનાશ કર્યો હોય, તે સર્વને હુ ત્રિવિધયોગે ખમાવું છું. વળી સ્પર્શેન્દ્રિયમાં લંપટ બની કુંવારી કન્યા, સધવા, વિધવા, પરસ્ત્રી, વેશ્યાદિકનુ ગમન કરી જે જીવોનો વિનાશ કર્યો હોય, વળી આંખના વિષયમાં લંપટ બની તથા નાસિકા અને કાનના વિષયમા આસક્ત બની જે જીવો હણ્યા હોય તે સર્વને ત્રિવિધ ખમાવું છું. ક્રોધથી અથવા માનભંગ થવાથી બળાત્કારે આજ્ઞા મનાવી હોય, રાજ્યાધિકારીપણામાં અપરાધી કે બિન અપરાધીને બાંધ્યા, ઘાયલ કર્યા, માર્યા, ત્રાસ પમાડ્યા, ભૂખ્યા-તરસ્યા રાખ્યા, કોઇને ખોટું કલંક આપ્યું, ઇર્ષ્યાથી કોઇને ખોટી રીતે ઉતારી પાડેલ હોય, કોઇની ચાડીચુગલી કે નિંદા કરી હોય તે સર્વને ખમાવું છું. અનેક મ્લેચ્છ અનાર્ય જાતિમાં રૌદ્ર ક્ષુદ્ર સ્વભાવવાળા મેં ધર્મ એવો શબ્દ સાંભળ્યો ન હોય, વળી પરલોકની ઇચ્છાએ ધર્મના બહાને જીવોનો ઘાત કર્યો હોય, બીજા જીવોના દુઃખનો હેતુ બન્યો હોઉં, આર્યદેશમાં કસાઇ, પારધી, ડુંબ, માછી-

માર, ફાંસી આપનાર હિંસક જાતિમાં જન્મી જે જે જીવોનો વિનાશ કર્યો હોય, તે સર્વને મન-વચન-કાયાથી ખમાવું છું. તે જીવો મને ક્ષમા આપજો.

ગાઢ મિથ્યાત્વના ઉદયથી યજ્ઞાદિકમાં જીવહિંસાઓ કરાવી હોય, વૃક્ષો વેલડી વગેરેના વનને દવ દેવરાવી જે ત્રસ સ્થાવર જીવોને બાળ્યા હોય, દ્રહ, તળાવ, કૂવા, ટાંકા, જળાશયો શોષાવ્યાં હોય અને તેમાં માછલાં, કાચબા વગેરેનો વિનાશ થયો હોય, તેને હું ખમાવું છું. ઉલંઠપણે કર્મભૂમિ અંતરદ્વીપાદિને વિષે જે જીવોનો નાશ કર્યો હોય, દેવના ભવમાં પણ ક્રીડાના પ્રયોગથી કે લોભબુદ્ધિથી જીવોને દુઃખી કર્યા હોય, ભવનપતિના, વ્યંતર જ્યોતિષના ભવમાં, તામસભાવમાં નિર્દયપણાથી જીવોને દુઃખી કર્યા હોય, આભિયોગિક દેવપણામાં પારકી રિદ્ધિ સમૃદ્ધિમાં ઈર્ષ્યા કરી, પરાભવ કર્યા તે સર્વ જીવોને હું ખમાવું છું, ચારે ગતિના કોઈ પણ ભૂતકાળના ભવોમાં, કે આ ભવમાં મેં જીવોને માર્યા હોય, પ્રાણનો વિયોગ જાણતાં-અજાણતાં કર્યો હોય, દુઃખી કર્યા હોય તો તે સર્વને હું ખમાવું છું. જે જે જીવો પ્રત્યે નાના-મોટા અપરાધો કર્યા. હે જીવો! મધ્યસ્થ થઇ વેર મૂકી ખમો. હું પણ ખમું છું. આ સંપૂર્ણ જીવલોકમાં મારો કોઇ શત્રુ નથી. હું જ્ઞાન-દર્શન-સ્વભાવ-વાળો છું, એક છું નિત્ય છું. મમત્વરહિત છું. અરિહંત સિદ્ધ સાધુ અને કેવલીકથિત ધર્મનું મને શરણ હોજો. તે જ મંગલિક હોજો, કર્મક્ષયના કારણ એવા પંચપરમેષ્ઠિનું મને ભવોભવ શરણ હોજો.

આ ખામણાં જીવોને ભાવશુદ્ધિ અને કર્મક્ષયનું મહાન કારણ છે.

ઇતિ ક્ષામણાકુલકને આધારે ચાર ગતિ જીવના ખામણાં.

# આ લો ચ ણ.

પાપસેવન કરીને કર્મ બાંધ્યાં હોય તે મિચ્છામિ દુક્કડં.

શ્રી વીરપરમાત્માને અને શ્રી ગૌતમગણધરને ભાવથી નમસ્કાર કરી મારા આત્માએ અજ્ઞાન કે કષાયને આધીન બની જે મન, વચન, કાયાના યોગે કર્મબંધ કર્યો હોય તેનું મિચ્છામિ દુક્કડં.

રાત્રિભોજન, અભક્ષ્ય, અનંતકાય, વાસીભોજન ભક્ષણ કરવાથી કોઇ જીવને ભય ત્રાસ ધ્રાસ્કો પમાડીને, કપટ કરી માંહોમાંહે ખેદ કરી-કરાવી, પરના અવગુણની નિંદા કરી, પોતાનાં વખાણ કરી, ચપલતા કરી, આકરા-કઠોર મર્મ અભ્યાખ્યાનના વચન બોલીને, આર્ત-રૌદ્રધ્યાન, કૂતુહલ કરીને, નાટક-સિનેમા, સરકસ, ખેલ જોઇને, ચોરી પચ્ચ-ક્ખાણ ભંગ કરી, સતી સ્ત્રી બળતી જોઇને, કોઇને છિદ્ર કદાગ્રહમાં જોઇને, અનર્થ દંડ કર્યા હોય, હોળીની લડાઇ જોઇ, અજયણાએ ચાલતાં-બેસતાં-ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં કોઇ જીવને વિરાધી દુ:ખ ઉપજાવ્યું હોય તેને અરિ-હંત, સિદ્ધ, સાધુ, સિદ્ધગિરિ, ગુરુ, આત્માની સાક્ષીએ, મન, વચન, કાયાથી આ ભવ-પરભવ, ભવોભવમાં થયેલા પાપનો મિચ્છામિ દુક્કડં.

હવે ૧૮ પાપસ્થાનક આલોવું છું: જીવને પ્રાણથી વિયોગ ક્રોધ, લોભ, ભય હાસ્યથી જૂઠું બોલ્યો, વગર આપેલી વસ્તુ લીધી, મૈથુન સેવ્યું, પરિગ્રહની મમતા રાખી, ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ કર્યાં, કજિયો કર્યો, કોઇના ઉપર ખોટું કલંક ચડાવ્યું, રતિ-અરતિ કર્યા, પારકી નિંદા, કપટપૂર્વક જૂઠું બોલ્યો, મિથ્યાત્વશલ્ય-

અધર્મમાં ધર્મબુદ્ધિ, ધર્મમાં અધર્મબુદ્ધિ કરી, આમ અઢાર પાપસ્થાનકો જાણતાં-અજાણતાં સેવ્યાં-સેવરાવ્યાં, આ ભવ કે પરભવમાં તે સીમંધરસ્વામીની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં. આ સર્વ પાપની નિંદા-ગર્હા કરું છું. આ અને હવે પછી જે કહેવાશે તે સર્વ મારાં પાપ નિષ્ફળ થાઓ.

પાંચ આશ્રવ સેવી, પારકાં છિદ્ર જોઇ, છ કાયની વિરાધના કરીને, સાત વ્યસન સેવી, આઠ મદ સ્થાનક સેવી, વિશ્વાસઘાત કરી, નવ નિયાણા બાંધી, દસ અવિનય આચરી, ૧૪ રાજલોકમાં ભમી, ૧૫ કર્માદાન સેવી, સત્તર ભેદે અસંયમ સેવી, ૧૮ પાપસ્થાનક સેવી, પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયો સેવી, ૨૫ ક્રિયાઓ કરી બાર અવ્રત આચરી, પંદર યોગે કરી, ત્રીશ મહામોહનીયનાં સ્થાનક સેવી, ચારિત્રની વિરાધના કરી, સંયમ લઇ શુદ્ધ રીતિએ પાલન ન કર્યું, વ્રત લઇ ભંગ કર્યો, પચ્ચક્ખાણ ખંડિત કર્યું, સૂત્ર વિરુદ્ધ-ઉત્સૂત્ર પ્રરૂપણા કરી ઉન્માર્ગનો ઉપદેશ કર્યો, પ્રભુઆણા ભાગી, કોઇને દુર્બુદ્ધિ આપી, જ્ઞાન-દર્શન-ચારિત્રની વિરાધના કરી, દાન-લાભ-ભોગ-ઉપભોગ ને વીર્ય એ પાંચેના અંતરાય કર્યા, ધર્મ કરતાં કોઇને અંતરાય કર્યો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ચારિત્રમાં ન પાળી, અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ શ્રીસંઘની આશાતના કરી, શત્રુંજય. ગિરનાર, આબુ, અષ્ટાપદ, સમ્મેતશિખર આદિ સ્થાવર તીર્થોની અજાણતાં કે મૂર્ખપણે આશાતના કરી, ગિરિરાજ ઉપર થૂંક્યાં, પેશાબ કર્યો, તીર્થના અવર્ણવાદ બોલ્યા, જંગમ તીર્થરૂપ આચાર્યાદિ સાધુની આશાતના

કરી, ઉપધાન-ઉજમણા-મહોત્સવો સાધર્મિક ભક્તિ, છ'રી પાળતા સંઘ વગેરે શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોનો સીધો કે આડકતરી રીતે અપલાપ કર્યો, મતિ, શ્રુત, અવધિ, મનઃ-પર્યવ અને કેવળ એ પાંચે જ્ઞાનની આશાતના કરી જ્ઞાના-વરણીય કર્મ બાંધ્યાં, તે કર્મ કેવી રીતે બંધાય તે કહે છે.

કુદેવની પ્રશંસા કરે, જ્ઞાન વિષે કુસદેહ કરે, કુશાસ્ત્ર કુમતિની પ્રશંસા કરે, સિદ્ધાંતના મૂળ અર્થ ભાંગે, પરદોષ પ્રકાશે, મિથ્યાત્વનો ઉપદેશ કરે, તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય. કાળ-સમયે ન ભણે, અકાળે સૂત્રાદિક ભણે, વિનય બહુમાન ન કરે, ગુરુને ઓળવે, સૂત્ર-અર્થ તદુભય ખોટા કહે; આવી રીતે જે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં તે સર્વનું મિચ્છામિ દુક્કડં.

હવે દર્શનાવરણીય કર્મ આલોવું છું.

કુતીર્થની, કુદેવની, કુગુરુની સ્તુતિ-પ્રશંસા કરી, ધર્મના નામે હિંસા કરી, મિથ્યાત્વ ઉપર ભાવ રાખી, અતિ દુઃખ શોક કરી, સમ્યક્ત્વમાં દૂષણ લગાડી, વ્રત ન પાળવાથી, મિથ્યાત્વ ઉપજાવી, અધર્મ ફેલાવી, માર્ગનો લોપ કરી, આ ભવ કે પરભવમાં જે દર્શનાવરણી પાપ-કર્મ બાંધ્યાં હોય તેનું મિચ્છામિ દુક્કડં.

અશાતાવેદનીયકર્મ બાંધવાનાં પંદર કારણ. મનુષ્યને મારી દુઃખ શોક ધરી, જીવોને બંધનો બાંધીને, છેદન ભેદન પીડન ત્રાસ, આક્રંદન, પરદ્રોહ કરીને, થાપણ-અના-મત ઓળવી, યુદ્ધ કરી, પ્રાણીઓને દમન કરીને ક્રોધ ઉપજાવી, પરનિંદા કરી જે અશાતાવેદનીયકર્મ બાંધ્યું તે મિચ્છામિ દુક્કડં. સમ્યક્ત્વ રોકનાર દર્શન મોહનીયનાં કારણ

જણાવે છે. કેવળજ્ઞાન, સિદ્ધાંત, સંઘ. પ્રભુમાર્ગ અરિહંતની નિંદા કરી, કુમાર્ગ પ્રકાશી જે દર્શનમોહનીય બાંધ્યુ. ચારિત્ર મોહનીય બે પ્રકારે બાંધે. કષાય અને નોકષાયથી, તીવ્ર ક્રોધાદિક કષાયથી હાસ્યાદિક કરીને જીવ ચારિત્ર મોહનીય બાંધે. જે કર્મથી જીવ સંસારના વિષયમાં ખૂંચ્યો રહે, તેની ૭૦ કોડાકોડીની સ્થિતિ કહેલી છે. એ કર્મ મદિરાપાન સરખું હોવાથી જેમ દારૂ પીધેલાને પોતાના શરીરનું, કપડાંનું કે બોલવાનું કશું ભાન રહેતું નથી, તેમ મોહાધીન થયેલ આત્મા કર્તવ્યાકર્તવ્ય જાણવા છતાં ભાન ભૂલી જાય છે બધાં કર્મમાં આ કર્મ મોટું મોહરાજા તરીકે ગણાય છે. એ મોહનીયને જીતવું ભલભલાને મુશ્કેલ પડે છે. યોગમાં જેમ મનોયોગ, વ્રતમાં ચોથું બ્રહ્મચર્ય, ઇન્દ્રિયમાં રસના ઇન્દ્રિય, તેમ મોહનીય કર્મ જીતવું આકરું છે. છતાં આત્મા બળિયો થાય તો તેને પણ જીતી શકે છે; જંબૂસ્વામીના જીવ ભવદેવના ભવ માફક આ મોહનીય કર્મ મારાથી કોઇ પ્રકારે બંધાયું હોય તો તેનું ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

તિર્યંચ આયુષ્ય કોણ બાંધે ?

શિયળ-આચાર રહિત, બીજાને ઠગે, જૂઠું બોલે, મિથ્યાત્વ પોષે, કુકર્મમાં પ્રેરે, તે લમાપ ખોટાં રાખે, માયા પ્રપંચ કરે, બોલેલું ન પાળે, ખોટી સાક્ષી પૂરે, કીંમતી માલ સાથે હલકો માલ ભેળવી કીંમતીમાં ખપાવે, અછતાં જૂઠા આળ ચડાવે, ખાતર પાડે, ચોરી કરે, વઢવાડ લડાઇ કરે, કાપોત નીલ લેશ્યા, આર્તધ્યાન કરે, આવાં કાર્યો કરનાર તિર્યચગતિનું આયુ બાંધે. આવાં પાપ કરી મેં જે પાપકર્મ બાંધ્યાં હોય તે મિચ્છામિ દુક્કડં.

નરકાયુનાં કારણો કયાં ?

અતિ ક્રોધ, માન, માયા, લોભ કરે, મિથ્યાત્વમાં રાચે, જીવને મારે, વ્રત-પચ્ચખ્ખાણ ભાંગે, ચોરી કરે, ગૃદ્ધિથી વિષયસેવન કરે, દેવ, ગુરુ, ધર્મ, શાસ્ત્ર, સંઘની નિંદા કરે, જિનપૂજાનો નિષેધ કરે, ધર્માનુષ્ઠાનો નિષેધે, સદાચાર રહિત બની માંસ, મદિરા, રાત્રિભોજન, મહારંભ મહાપરિગ્રહ કરે, રૌદ્રધ્યાન ધ્યાવે, કૃષ્ણલેશ્યા કરે, પંચેન્દ્રિય જીવોની હિંસા કરે તો નરકાયુ બાંધે. આવાં પાપો કરી મેં જે પાપકર્મ બાંધ્યાં હોય તેનો મિચ્છામિ દુક્કડં.

અશુભ નામકર્મ બાંધવાના પ્રકાર જણાવે છે મહામિથ્યાવી, અધર્મી, દાન ન દે, પરને દેતાં રોકે, જિનમંદિર જિન-પ્રતિમા તોડે, કઠોર મર્મવાળી ભાષા બોલે, મહા પાપારંભ કરે, પરનિંદા-દ્રોહ કરે, અશુભ ચિંતવે તો અશુભ નામકર્મ બંધાય. આવી રીતે મારાથી જે કંઈ મન-વચન-કાયાયોગે પાપકર્મ બંધાયું હોય તે મિચ્છામિ દુક્કડં.

નીચ ગોત્રકર્મ કયા કારણે બંધાય ?

પારકા ગુણ ઢાંકે, પારકા અવગુણ જાહેર કરે, ચાડી ખાય, અણસાંભળેલી વાત પ્રચારે, ન જોયેલાને જોયું કહે, આત્મપ્રશંસા કરે તો હલકા કુળમાં અવતાર પામે. આવાં કર્મ કરી જે પાપકર્મ બાંધ્યા હોય તેનો મિચ્છામિ દુક્કડં.
અંતરાય કર્મ બાંધવાના હેતુઓ જણાવી આલોવે છે. કૃપાહીન થાય, છતી વસ્તુનું દાન ન દે, અસમર્થ ઉપર કોપે, ગુરુને ન અનુસરે, તપસ્વી, અધિક ગુણીનો વિનય ન કરે, જિનપૂજા કે ધર્માનુષ્ઠાન નિષેધે, જિનવચન ઉત્થાપે

જિનધર્મમાં વિઘ્ન કરે, ભણતાં અંતરાય કરે, મોક્ષ-માર્ગમાં અંતરાય કરે, પરમાર્થના ઉપદેશકની હાંસી કરે, સૂત્રના અર્થ વિપરિત પ્રકાશે, અસત્ય અદત્ત સેવે, ખરાબ કર્મ પ્રચારે, સિદ્ધાંતની અવહેલના કરે, શાસ્ત્રો-પુસ્તકો સાચવે નહિ, આવી રીતે મારાથી જે કોઇ અંતરાય પાપ-બંધાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં.

શ્રી વીતરાગાય નમઃ સંસારના અનંત પરિભ્રમણ વડે વિવિધ જાતિમાં પૃથ્વીકાયાદિક જીવો મારાથી મરી ગયા હોય, ચોર્યાસી લાખ જીવાયોનિમાં ભવ પામીને, સંસારચક્રમાં ભમીને ચોવીશ દંડકે, ચાર ગતિમાં જીવના ૫૬૩ ભેદમાં, રાગદ્વેષ ક્રોધાદિક ચાર કષાય, અજ્ઞાન, મિથ્યાત્વ અવિરતિ, મોહ મત્સર કરીને; નિદ્રા, આળસ, ભય, શોક, દુગંછા, ક્લેશ, હાંસી, અભ્યાખ્યાન, પાંચ ઇન્દ્રિયોના વિષયો, આહારાદિ ચાર સંજ્ઞાથી, વિકથાથી, માયા-નિયાણુ-મિથ્યાત્વ-શલ્ય, રસ-રિદ્ધિ-શાતા ગારવ, કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યાથી, અસિ-મસિ કૃષિકામ, આશા-તૃષ્ણાએ કરી, ફરતાં, ચરતાં, તરતાં વાહનમાં બેસવાએ કરી, ભાર ભરીને જીવ ત્રાસ પમાડયાં, ઘાણી પીલાવી, તલની મીલો, યંત્રથી વેપાર; ખેતર ખેડાવવા, વાડી, બગીચા આરામ ઉદ્યાન બનાવ્યા, કામ સ્નેહ દૃષ્ટિ રાગે કરી, સ્ત્રી-પુરુષ-નપુંસક વેદે રામા-રમાએ મન, વચન, કાયાએ, કુદેવાદિની શ્રદ્ધાએ, ભોગ, રોગ, સુખ, દુઃખ, સંપદા, સંયોગ, વિયોગ ઇષ્ટ અનિષ્ટ આર્ત-ધ્યાન રૌદ્રધ્યાન, સંકલ્પ સ્વાર્થ વગર કે અસંતોષપણે પરને વિઘ્ન કરીને, ત્રાસ ઉદ્વેગ પમાડીને ચાર કષાય, પાંચ આશ્રવ સેવી, છકાયની વિરાધના, સાત વ્યસન સેવી, અષ્ટપ્રવચન માતા અપાલન કરીને, નવ બ્રહ્મચર્યની વાડ

ભાંગી, દસ પ્રકારનો અવિનય કરી, ૧૮ પાપસ્થાનકો સેવ્યાં-સેવરાવ્યાં-અનુમોદ્યાં હોય તે સર્વ પાપ મુજને નિષ્ફળ થાઓ.

ચાર ગતિમાં ભમતાં મારા જીવે જે છકાયના જીવની હિંસા કરી હોય, પ્રાણ લીધા, આકરા કર નાખી વસુલ કર્યા હોય, પૃથ્વીકાયમાં સ્ફટિક રત્નમણિ પરવાળા ધાવડી ખડી લૂણ મીઠું ક્ષાર, હરતાલ, પારો, મણશીલ, અબરખ, તેજંતુરી, પાષાણની દરેક જાત. સિંધવ, તાંબુ, સીસું, લોહ, કાળી ધોળી માટી, ઇત્યાદિક પૃથ્વીકાય જીવો હણ્યા, ખાણો ખોદાવી, ધાતુ ગળાવી, ઘર બંધાવ્યાં, ટાંકાં ગળાવ્યાં, ભોંયરાં, કૂવા ખોદાવ્યાં, બોરિંગ કરાવ્યાં, ખેતર, ખેડાવ્યાં, પૃથ્વીનાં પેટ ફોડાવ્યાં, પત્થર ફોડયા, સુરંગ મેલી, ઇંટો પડાવી, છો સીમેંટનાં કારખાનાં ચલાવ્યાં, મકાનો. પૂલો, બંધો, રસ્તા, કારખાનાં બાંધવાના કોન્ટ્રાક્ટો કર્યા અને બંધાવ્યાં, એવી રીતે પૃથ્વીકાયના જીવોની જે મારાથી આ ભવમાં કે પરભવમાં વિરાધના થઇ હોય તે માટે હું ત્રિકરણયોગે સીમંધર સ્વામીની સાક્ષીએ, બે ક્રોડ કેવળજ્ઞાનીની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ સર્વ પાપનું પ્રતિક્રમણ, નિંદન, ગર્હન કરું છું.

હવે મેં અપકાયના જીવની વિરાધના કરી હોય, જમીન, કૂવા, તળાવ, દ્રહ, કુંડ, વાવ, સરોવર ફોડાવ્યાં, અણગળ પાણી વાપર્યાં, પાળ, નીક, નહેર, ક્યારા બાંધ્યાં, ખેતરવાડી સીંચાવી, વાવ, કૂવા, તળાવ ઉલેચાવ્યાં, દરિયા-નદીમાં વહાણ, સ્ટીમર, લોંચ, જળવાહન ચલાવ્યાં, જળ-જંતુ વિરાધ્યા, નિરર્થક નળ ઉઘાડા મૂકી અણગળ પાણી વહેવડાવ્યું, ખારા-મીઠા કૂવા-તળાવનાં પાણી ભેગાં કર્યાં

ઇત્યાદિ અપ્કાય જીવની મારાથી વિરાધના થઈ હોય તે મિચ્છામિ દુક્કડં.

અગ્નિકાયની વિરાધના અંગારા, જ્વાલા, વીજળી, ગેસ, એસિડ, ચૂનાભઠ્ઠી, નીભાડા સળગાવ્યા, સોનું, ચાંદી, તાંબુ વગેરે ધાતુ ઓગળાવી, એન્જીનો ચલાવ્યાં, જંગલ, ઘાસ બાળ્યાં, આગ ચાંપી, પ્રાયમસ-ગેસના ચૂલા વાપર્યા, ધાણી ચણાની ભઠ્ઠી, કંદોઇની ભઠ્ઠી ચલાવી, ઇત્યાદિ અગ્નિકાય જીવની મારાથી વિરાધના થઇ હોય, વાયુ-કાયની વિરાધના થઈ હોય ભમતો-મંડલિક, મુખવાયુ, ગુંજારવ, ઘન-ઘનોદધિ વગેરે, હવાઇ જહાજ, વીજળીના પંખા, વેગથી મોટર વાહન ચલાવી વાયુકાય જીવની મારાથી વિરાધના થઈ હોય, તાપાક્રાન્ત થયા થકાં વાય-રાની ઇચ્છા થઇ હોય તે સવિ પાપનું મિચ્છામિ દુક્કડં.

હવે વનસ્પતિકાયની વિરાધના આલોવું છું. લીલાં, વૃક્ષો છેદ્યાં, થડ, ફળ, ફૂલ, પાંદડાં છેદ્યાં-છુંદ્યાં, સુડ કીધં, મૂળ ખોદી કાઢયાં, કઢાવ્યાં, કોમળ ફળી, ફણી આંબલી, પોંક, પાપડી, ઓળા ખાધા, ખેતર નિંદ્યાં, નિંદાવ્યાં, લણ્યા. લણાવ્યાં, વન-જંગલ કપાવ્યાં, આંબા, રાયણ, મહુડા, બાવલ, સાગ, સીસમ, વડ, પીંપર, પીપળો, લીંબડા, ખીજડા, ખજુરી, ખાખરા, જાંબુ, બોરડી, થોર ઇત્યાદિ મોટાં વૃક્ષ છેદ્યાં, કાપ્યાં કપાવ્યાં. મૂળા, ગાજર, સુરણકંદ, આદુ, મોથ, સકરકંદ, રતાળુ, ડુંગળી, લસણ, ગરમર, બટાટા, ઉંમરવડ, પીપર, કોલુંબરાના ટેટા, પાંચ ઉંબરાની જાતો, મધ, માખણ, મદિરા, માસ, મહાવિગઇ, સોમલખાર, તાલફૂટ વિષ, અફીણ, સર્વ જાતની માટી, રાત્રી કેરી, બોળ અથાણું, અજાણ્યાં ફળ, રીંગણાં,

ચલિતરસ, કાળ પાકેલી સુખડી, દ્વિદળ સાથે કાચું ગોરસ, લીલી હળદર, આદુ, કચુરો, વંસકારેલાં, ગાજરકંદ, લુણીની ભાજી, કુણાંકુંપળ, ભ્રમર વૃક્ષની છાલ, ભૂમિરૂહ, અંકુર ઇત્યાદિ વનસ્પતિકાય સંબંધી મેં જે કંઇ પાપ સેવ્યાં હોય તે મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

હવે ત્રસકાયની થયેલી વિરાધનાની આલોચના કરૂં છું. કરમિયાં, ઇયળ, વાળો, ગાંડરી, ચૂડેલ, શંખ, શંખલાં, છીપ, પોરા, જળો, ગડોલાં, અળસિયાં કોડા વગેરે બેઇંદ્રિય જીવો, ગધૈયા, કુંથુઆ, જુ, લીખ, માંકડ માર્યાં, ખાટલા તડકે મૂકયા. જીવવાળું અનાજ તડકે મૂકયું, ઝાટકયું, કીડી મંકોડાનાં દર અંદર પાણી રેડાવ્યું, છાણની યતના ન કરી, વાસી ગાર-છાણ રાખ્યાં, છાણાં, લાકડાં, કોલસા જોયા વગર, યતના વગર ચૂલામાં ગોઠવ્યાં, ઘીમેલ, ઉધઇ, જુઆ, ચોરકીડા, ધનેડાની વિરાધના થઇ હોય, સજીવ ધાન્ય દળાવ્યાં, ભરડાવ્યાં, ખંડાવ્યાં, ઇંદ્રગોપ, ખડમાકડી, કંસારી, ગંડોલા ઇત્યાદિ ત્રણ ઇન્દ્રિયવાળા જીવો વિરાધ્યા હોય, કંસારી, ગરોળિયા, માખી, કુંતિ, વીંછી, તીડ, મચ્છર, ડાંસ, પતંગિયાં, ફૂદાં, ભમરા, ભમરી, કાનખજુરા, ચાંચડ, આગિયા, ઇત્યાદિ ચાર ઇંદ્રિયવાળા જીવોને અગ્નિથી બાળ્યા, ધૂમાડાથી મુંઝવ્યા, દીવા ઉઘાડા મૂકયા, ઘી, તેલ, છાશ, દહીં, દૂધ, મધ, માખણનાં ભાજન ઉઘાડાં મૂકયાં, તે માંહે ઊડતા જીવો પડયા, ઇત્યાદિ જે કંઇ વિરાધના મારાથી થઇ હોય તે સવિ હું પ્રતિક્રમું, નિંદુ, ગર્હું છું.

મહારા જીવે જલચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ, આદિ પંચેન્દ્રિય જીવની નાની મોટી કીલામણાદિક કરી વિરાધના કરી હોય, મગરમચ્છ, કાચબા,

મગર, માછલાં, દેડકા, ગ્રાહ, નક્ર, ચક્ર, સુંસુમાર વગેરે જળચર, શિયાળ, હરણ, રોઝ, સુવર, નહાર, વાઘ, સિંહ, હાથી, ઘોડા, બળદ, ગાય, ભેંસ, ઊંટ, પાડા, બોકડા, ગાડર, ગધેડાં, ખચ્ચર, રીંછ, વાંદરાં, કૂતરાં, બિલાડી, વનિચર, લોંકડી વગેરે સ્થળચર, હંસ, મોર, બગલા, કાગડા, પોપટ, મેના, પારેવાં, કાબર, કોયલ, હોલા, તેતર, સારસ, ગર્ભજ, સંમુર્છિમ, બીડેલી કે ઉઘાડેલી પાંખવાળા, પક્ષીઓ, સમઠી, સીંચાણા, ઘુવડ, કૌંચ, ચકલાં, ચકોર, ચક્રવાક, ચાતક, કુકડા, ભારંડ, જસારિકા ઇત્યાદિ ખેચર પચેન્દ્રિય જીવની વિરાધના મારાથી થઇ હોય, હણ્યા, ઉડાડયા, નીચે પાડયા, પાંજરે પૂર્યા, પરાધીન કર્યા, સર્પ, અજગર, ઘો, બાભણી, પદ્મનાગણી વગેરે ઉરપરિસર્પ હણ્યા, હણાવ્યાં, નોલ, કોલ, ઊંદર, ગરોળી, ખિસકોલી, કાકીડા, ગોહ વગેરે ભુજપરિસર્પને હણ્યાં, હણાવ્યાં, આ ભવે કે પરભવે કોઇ પણ તિર્યંચ પંચેન્દ્રિય જીવની મારાથી કોઇ વિરાધના થઇ હોય, દુભવ્યા, ત્રાસ પમાડયા હોય, તે અરિહંતાદિકની સાક્ષીએ ત્રિકરણ યોગે ખમાવું છું.

મારા જીવે કોઇપણ ભવમાં ગર્ભજ કે સમુર્છિમ જીવની હત્યા વિરાધના કરી દુઃખ આપ્યાં હોય, માનસિક, વાચિક, કાયિક અશાતા કરી, મિથ્યાત્વ સેવ્યાં, તળાવ, નદી, કૂવામાં અણગળ પાણીથી સ્નાન કર્યાં, પર્વાનલે જમ્યા, નોરતાં, ગ્રહણે, અધિક માસે નદી-સમુદ્રે સ્નાન કર્યાં, જીવોનો શિકાર, વધ, બંધન, છેદન, ભેદન કર્યા, રાજા-મંત્રી, રાજ્યાધિકારીના ભવમાં અન્યાય, આકરા કર-દંડ, સજા ફરમાવ્યાં, લાંચ લીધી, ગામ લૂટયા, તલ, સરસવ, એરંડા, મગફળી વગેરે યંત્રોથી પીલ્યાં-પીલાવ્યા, શેરડી પીલાવી, કસાઇ,

પારધી, માછીમારના ભવે જીવોના અંગોનાં છેદન, ભેદન, વધ, બંધન, જાળ-પાંજરામાં પૂર્યાં, જીવ વિણાશ્યા, ચતુર્વિધ સંઘની આશાતના, અવજ્ઞા, નિંદા કરી, સમ્યક્ત્વમાં, બાર વ્રતમાં કે સાધુપણામાં અતિચાર લગાડયા; વ્રતો-મહાવ્રતો ભાંગ્યાં દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણ જીવદયા, સાધર્મિકભક્તિનુ દ્રવ્ય ભક્ષણ ઉપેક્ષા કરી, છતી શક્તિએ તે દ્રવ્યની સારસંભાળ ન કરી. માતા-પિતા, ભાઇ-બહેન. ભોજાઇ, દાદા-દાદી, કાકા, મામા, સસરા, સાળા, ભત્રીજા, પત્ની, પતિ આદિ સગાસંબંધી, કુટુંબ, જ્ઞાતિજ્ઞ, પાડોશી, એક ગામવાસી, ચેલા, ગુરુ, મિત્ર, સાધર્મિક, દાસ, દાસી, નોકર વગેરે જીવોને લડાઇ-કજિયો-વઢવાડ, કલેશ કરાવ્યા હોય, ક્રોધે કરી દુહવ્યા, મરાવ્યા, કેદ કરાવ્યા, દંડાવ્યા, જીવ રહિત કર્યા-કરાવ્યા હોય, અશાતા ઉપજાવી હોય તે સર્વેને ત્રિકરણયોગે ખમાવું છું.

તીર્થંકર પરમાત્માએ પ્રતિષેધેલાં કાર્યો મેં કર્યાં હોય, જીવાદિક નવ તત્ત્વ, ષટ્દ્રવ્ય, સાત નય, ચાર નિક્ષેપા, નિગોદાદિ સૂક્ષ્મ પુદ્ગલ પર્યાયો સદ્દહ્યા નહિં, કુમતિથી ઉત્સૂત્ર પ્રરૂપણા કરી, મિથ્યાત્વ પ્રવર્તાવ્યાં, મિથ્યા ધર્મની ઉન્નતિ વધારી, મહા આરંભ, મોટાં યંત્રો, મિલો, કારખાનાં, અગ્નિયંત્રો ચલાવ્યાં તીર્થ ઉથાપ્યાં, સ્થાવર તીર્થ, જંગમ તીર્થની આશાતના કરી હોય, વીતરાગની આજ્ઞા વિરુદ્ધ વર્ત્યાં, ચોર્યાસી લાખ યોનિ માંહે મારે જીવે જે કોઇ જીવ આ ભવ કે પરભવે હણ્યાં-હણાવ્યા, અનુમોદ્યાં હોય, શ્રાવકના ધર્મમાં સમ્યક્ત્વ વ્રત-ખંડન કર્યાં હોય, સાધુધર્મમાં જે વિરાધના આ જાણતાં-અજાણતાં થઇ હોય, આ સર્વ આલોચના અરિહંત, સિદ્ધ, સાધુ; આત્મા, સિદ્ધા-

ચળછ, સીમંધરસ્વામીની સાક્ષીએ, બે ક્રોડ કેવળી, બે હજાર ક્રોડ સાધુની સાક્ષીએ, ચતુર્વિધ શ્રીસંઘની સાક્ષીએ મન, વચન, કાયાના ત્રિકરણયોગે પાપનો પશ્ચાત્તાપ, નિંદન, ગર્હન, પ્રતિક્રમણ કરું છું. આ સર્વ લાગેલું પાપ નિષ્ફળ થાઓ અને મારો આત્મા પાપથી મુક્ત થાઓ. અને ભવો-ભવ આ સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સર્વવિરતિની સામગ્રી અને આરાધના પ્રાપ્ત થાવ એ જ મારી એક માગણી–પ્રાર્થના છે. શ્રી સિદ્ધગિરિ સમીપ ઊભા રહી આ આલોયણા કરે તે આત્મા થોડા ભવમાં સર્વ કર્મક્ષય કરી શાશ્વતું સિદ્ધ-સ્થાન મેળવે. શ્રીરસ્તુ.

## શ્રી પર્યન્તારાધના.

માંદો આરાધક આત્મા અરિહંત પરમાત્માને નમસ્કાર કરી ગુરુની સાક્ષીએ કહે કે હવે મને છેવટની સમાધિ થાય તેવી ભગવંતે ફરમાવેલી અવસરોચિત આરાધના કરાવો. ત્યારે ગુરુ મહારાજ કહે છે:

તે મારું પાપ નિષ્ફળ થાઓ.

જિંદગીમાં લીધેલાં વ્રતોના અતિચારો ગુરુ સમક્ષ પ્રગટ કરી આલોવવા જોઈએ. શક્ય વ્રતો ઉચ્ચરવાં, દરેક જીવોને ક્ષમા આપવી જોઈએ. તેમજ ભવ્યાત્માએ ૧૮ પાપસ્થાનક વોસરાવવાં જોઈએ. ચાર શરણ અંગીકાર, પોતે કરેલા પાપનું નિંદન, સુકૃત કાર્યોની અનુમોદના, મર્યાદાવાળું અનશન, પંચપરમેષ્ઠિને નમસ્કાર, જ્ઞાનાદિ પાંચ આચારોના અતિચાર આલોવવા જોઈએ. છત્રી

શક્તિએ સામર્થ્ય છતાં જ્ઞાની ચારિત્રવંતને આહાર, વસ્ત્ર ઔષધાદિક ન આપ્યાં; અવજ્ઞા કરી હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. પાંચ પ્રકારના જ્ઞાનની નિંદા, જ્ઞાનના સાધનનો નાશ કર્યો હોય, જ્ઞાનનાં ઉપકરણ, પુસ્તક, પ્રત, પોથી વગેરેની આશાતના થઈ હોય, નિઃશંકિતાદિ ગુણ સહિત સમ્યક્ત્વ બરાબર ન પાળ્યું, પ્રભુ પ્રતિમાની ભાવથી પૂજા ન કરી, અભક્તિથી પૂજા કરી, દેવદ્રવ્યનો વિનાશ કર્યો યા ઉપેક્ષા કરી, તીર્થસ્થાનો, જિનમંદિર વગેરે ધાર્મિક સ્થળમાં આશાતના કરનારને શક્તિ છતાં નિવારણ ન કર્યું; પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સહિત ચારિત્ર ન પાળ્યું; પાંચ સ્થાવર જીવોની કે ત્રસ જીવોની વિરાધના થઇ હોય; કીડા, શંખ, છીપ, પોરા, જળો, અળસિયાં, કુંથુઆ, માંકડ, મંકોડા વગેરે તથા વિંછી, માખ, ભ્રમર વગેરે બે, ત્રણ કે ચાર ઇંદ્રિયવાળા વિકલેન્દ્રિય ત્રસ જીવોનો વધ થયો હોય તે મારું પાપ નિષ્ફળ થાઓ. જળમાં વસનાર, આકાશમાં ઊડનાર કે જમીન પર ચાલ-નાર કોઇ પણ પંચેન્દ્રિય જીવનો વધ થયો હોય તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

તેની નિંદા-ગર્હા કરું છું.

ક્રોધ, લોભ, ભય, હાસ્ય પરવશપણાથી મૂઢ બની અસત્ય બોલાયું, કપટ કળાથી બીજાને છેતરી અણઆપેલું ધન ગ્રહણ કર્યું, રાગસહિત હૃદયથી દેવસંબંધી, મનુષ્ય સંબધી, તિર્યંચ સંબધી મૈથુન સેવ્યું હોય, ધન, ધાન્ય, સોનું વગેરે નવ પ્રકારના પરિગ્રહની મમતા કરી હોય, રાત્રિભોજન કર્યાં હોય, બાર પ્રકારનું તપ શક્તિ પ્રમાણે ન કર્યું, મોક્ષસાધક મન, વચન, કાયાના યોગમાં હંમેશાં

શક્તિ ન ફોરવી તે સર્વ પાપની નિંદા-ગર્હા કરું છું.

હવે ગુરુ કહે છે કે સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતો ગ્રહણ કરી ભંગ કર્યો હોય, અતિચારો લાગ્યા હોય તે જણાવ; કોપરહિત બની સર્વ જીવોને ખમાવ, અને આગલા ભવનું વેર ભૂલી સર્વને મિત્ર સરખા ગણ. પહેલે પ્રાણાતિપાત વગેરે ૧૮ પાપસ્થાનકો જે મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણરૂપ છે તેનો ત્યાગ કર.

મને શરણ હોજો.

ચોત્રીશ અતિશય કેવળજ્ઞાનવાળા, દેવતાએ રચેલા સમોવસરણમાં બેસી હંમેશા દેશના આપી ભવ્ય જીવોને તારનારા એવા અરિહંત પ્રભુનું મને શરણ હોજો. આઠ કર્મથી સદા માટે મુક્ત, આઠ પ્રાતિહાર્યોવાળા, આઠ મદ-સ્થાનકોથી રહિત, સંસારક્ષેત્રમાં જેમને ફરી ઊગવાનું નથી અર્થાત્ જન્મ લેવાનો નથી, ભાવશત્રુને હણનારા અને ત્રણ જગતને પૂજનીય એવા અરહંતાણં, અરિહંતાણં એવા જુદા જુદા નામવાળા અરિહંતનું મને શરણ હો. ભયંકર દુઃખ-રૂપ લહરીઓવાળો, દુઃખે કરીને તરી શકાય તેવો સંસાર-સમુદ્ર તરી જેમણે અક્ષય શાશ્વતું નિરાબાધ સિદ્ધિનું સુખ મેળવ્યું છે તેવા સિદ્ધોનું મને શરણ હો. તપરૂપી ઘાણથી કર્મબેડીઓ જેમણે તોડી નાખી છે, ધ્યાનાગ્નિથી કર્મમેલ બાળી જેમણે સુવર્ણ સરખો નિર્મળ આત્મા કર્યો છે, જેમને જન્મ-મરણ ઉદ્વેગ ક્રોધાદિક કષાયો નથી એવા સિદ્ધોનું મને શરણ હો.

બેંતાળીશ દોષ રહિત આહાર કરનારા, પાંચ ઇન્દ્રિ-યોને જીતનારા, કામદેવને જીતનારા, નવ વાડ સહિત બ્રહ્મ-ચર્યનું પાલન કરનારા, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ આઠ

પ્રવચન માતાને ધારણ કરનારા, પાંચ મહાવ્રતના ભારવહન કરવામાં વૃષભ સમાન, પાંચમી મોક્ષગતિ અથવા શિવ-સુંદરીના નિરંતર ગાઢ અનુરાગી, સકલ સંગના ત્યાગી, મણિતૃણ, શત્રુમિત્ર, રાગી-દ્વેષી, સેવક કે ઉપસર્ગ કરનાર એ સર્વ ઉપર સમાનભાવવાળા, એકાંત મોક્ષ સાધવાવાળા એવા સાધુ મુનિરાજોનું મને શરણ હો.

કેવળજ્ઞાની વીતરાગ સર્વજ્ઞ પ્રરૂપિત અહિંસાદિ લક્ષણ-વાળો અને જગતના સર્વ જીવોને એકાંત હિતકારી એવા શુદ્ધ ધર્મનું મને શરણ હો. કરોડો કલ્યાણ ઉત્પન્ન કરનાર અનર્થનાશક એવી છકાયના જીવોની દયા જેમાં વર્ણવેલી છે, એવા ધર્મનું શરણ હો. દુર્ગતિના કૂવામાં પડતા આત્માને ધારણ કરી સદ્ગતિમાં સ્થાપન કરનાર તેવા જિનેશ્વર કથિત ધર્મનું મને ભવોભવ શરણ હો. સ્વર્ગરૂપી શહેર કે મોક્ષનગરમાં પહોંચવા માટે સાર્થવાહ સરખો, ભવાટવી ઉલ્લંઘન કરવા માટે ભોમિયારૂપ, સંસાર-સમુદ્ર તરવા માટે નિર્યામક-કપ્તાન સરખા ધર્મનું મને શરણ હો.

નિંદા કરું છું.

આ લોકોત્તર શરણ ગ્રહણ કરી, સંસારથી વિરક્ત બની હવે પહેલાં મેં જે કંઈ દુષ્કૃત-પાપ કર્યું હોય, તેની અરિ-હંત સિદ્ધ, સાધુ, દેવ, આત્માની સાક્ષીએ નિંદા કરું છું. મિથ્યાત્વયોગે મૂઢ બની મન, વચન, કાયાથી જૂઠા ધર્મ-મતનું સેવન કર્યું, કોઈને જૈન ધર્મથી ભ્રષ્ટ કર્યા, અસત્ય માર્ગ પ્રગટ કર્યો, બીજાને પાપકારણ બન્યો હોઉં, જંતુ ઘાત કરનાર હળ, ટ્રેકટર, યંત્ર, છરી, ચપ્પુ, કાતર, કોશ, કોદાળી, ઘંટી, ઘંટલા, સાંબેલા, ખાંડણી, દસ્તા, લસોટ-

વાની શીલા અધિકરણો બનાવ્યાં, વસાવ્યાં, લડાઇનાં હથિયારો, અસ્ત્રો, શસ્ત્રો, દારૂગોળા બનાવ્યાં, વાપર્યાં, વસાવ્યા, પાપી કુટુંબનું ભરણપોષણ કર્યું, તે સર્વની નિંદા કરું છું.

અનુમોદના કરું છું.

જિનમંદિર, જિનપ્રતિમા, શાસ્ત્ર લખેલાં પુસ્તકો, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ સાતક્ષેત્ર તેમાં જે મેં મારું ધનબીજ વાવ્યું અને સુકૃત કર્યું; જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ, પૂજા, યાત્રા, સાધર્મિક ભક્તિ, શાસનપ્રભાવના, સ્વાધ્યાય વગેરે પ્રભુ આજ્ઞાનુસાર સુકૃત કર્યું હોય, જીવદયા કરી હોય તે સર્વ સુકૃતની અનુમોદના કરું છું. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક તથા જૈન સિદ્ધાંતનું બહુમાન કર્યું, સામાયિક આદિ છ આવશ્યકમાં ઉદ્યમ કર્યો, તે સુકૃતની અનુમોદના કરું છું.

એમ જાણીને શુભ ભાવ રાખવો.

આ જગતમાં જીવે પોતે પૂર્વે કરેલાં શુભાશુભ પુણ્ય-પાપ કર્મ એ જ સુખદુ:ખનાં કારણ છે. બીજાં તો માત્ર નિમિત્ત કારણ છે; પૂર્વે બાંધેલાં કર્મ ભોગવ્યા સિવાય તીર્થંકરનો પણ છૂટકારો થતો નથી, માટે જ્યારે કોઇ કર્મ-ઉદયમાં આવે ત્યારે કર્મની અટલ ગતિ વિચારવી, પણ કર્મઉદય સમયે દીનતા કે અરેરાટી ન કરવી. ભાવ વગર ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીલ વગેરે ધર્માનુષ્ઠાન આકાશ-પુષ્પ માફક નિરર્થક છે તેમ જાણી શુભ ભાવ રાખવો. નારકીમાં તેં પારાવાર ગાઢ દુ:ખો સહન કર્યાં, ત્યાં કોણ મિત્ર હતો? તેમ જાણી દુ:ખ વખતે શુભ ભાવના ભાવવી.

ચતુર્વિધ આહારનો ત્યાગ.

મેરૂપર્વત જેટલા ઢગલા થાય એટલો બલ્કે તેથી પણ વધારે ખોરાક તેં બધા ભવમાં મળી ખાધો છતાં જીવને તૃપ્તિ ન થઈ, માટે હવે ચારે આહાર છોડ, ચારે ગતિમાં ખોરાક મળવો સહેલો છે પણ વિરતિ વ્રત-પચ્ચક્ખાણરૂપ સામાયિક દુર્લભ છે. એક માત્ર મનુષ્ય ગતિમાં જ વિરતિ મળે છે એમ સમજીને આહારના પચ્ચક્ખાણ લઈ પંડિત મરણ અંગીકાર કર. જીવ વધ કર્યા વગર આહાર મળી શકે નહિ, જીવવધ ભવભ્રમણના કારણરૂપ છે, માટે આહાર-ત્યાગનાં પચ્ચક્ખાણ કર. આહાર ત્યાગ કરવાથી ઇંદ્રપણું મેળવવું તે હથેળીમાં છે, અને મોક્ષસુખ પણ સુલભ છે. માટે ભાવથી આહારનો હવે ત્યાગ કર.

મનમાં નવકાર મહામંત્રનું સ્મરણ કર.

વિવિધ પાપ કરવામાં તત્પર જીવ અન્તસમયે નવકાર મહામંત્રનું ભાવપૂર્વક સ્મરણ કરે તો પાર્શ્વનાથ ભગવંતે ઉગારેલ સર્પ માફક બીજા ભવે ઇન્દ્રપણું પામે છે. સુંદર સ્વાધીન સ્ત્રી, નિષ્કંટક રાજ્ય, વૈમાનિક દેવપણું સુલભ છે, પણ નવકાર મહામંત્ર મળવો અતિદુર્લભ છે. નવકાર મહામંત્રથી પરભવમાં અને આ ભવમાં કલ્પવૃક્ષ, ચિંતા-મણિરત્ન કે કામધેનુ માફક મનોવાંછિત સુખપ્રાપ્તિ થાય છે. નવકારમંત્રના સ્મરણ, જાપ, શ્રવણ ચિંતવન અને આરાધનથી મહાભવસમુદ્ર ખાબોચિયા સરખો નાનો બની જાય છે, અને જલદી મોક્ષ સુખ આપે છે, માટે આવા મહા-માંગલિક અક્ષયસુખ દેનાર ચૌદ પૂર્વના સારરૂપ, પૂર્વના સંપૂર્ણ જ્ઞાનવાળા અંતસમયે જેનું આલંબન લે છે તેવા મહામંત્ર નવકારની નિશદિન એકાગ્રચિત્તે આરાધના કર. નિઃસ્વાર્થી એકાંત જીવોનું હિત કરનારા એવા ગુરુ મહા-

રાજાએ ઉપદેશેલી 'પર્યન્તારાધના' શ્રવણ કરી, સકલ પાપ ત્રિવિધ વોસરાવી, ચાર શરણ અંગીકાર કરી આ મહાપ્રભાવિક નવકાર મંત્રનું ધ્યાન કર. પંચપરમેષ્ઠિ સ્મરણ કરવામાં તલ્લીન બનેલ રાજસિંહકુમાર મરણ પામી પાંચમા દેવલોકમાં ઈન્દ્રપણું પામ્યા. તેની ભાર્યા રત્નવતી પણ તે જ પ્રકારે આરાધના કરી પાંચમા કલ્પમાં સામાનિક દેવપણું પામી ત્યાંથી ચવી બન્ને આત્મા મોક્ષે જશે.

પરમ સંવેગજનક આ પર્યન્તારાધના શ્રી સોમસૂરિ મહારાજે રચેલી છે, તે પ્રકરણ અનુસારે સારાંશરૂપે અર્થ લખેલો છે. જે ભવિ આત્માઓ તેને અનુસરશે તે આરાધક બની પરંપરાએ મોક્ષસુખના અધિકારી બનશે.

। णमों सुयधराणं ।

## અંતગડ કેવળી શ્રી મણિરથકુમાર મુનિની ચાર સ્કંધવાળી આરાધના.

મણિરથકુમાર મુનિને સર્વજ્ઞ ભગવંતે કહ્યું કે હવે તારૂં યથાસુખ આયુષ્ય થોડુંક બાકી છે, માટે સંલેખના કર્મ અંગીકાર કરી ઉત્તમ સ્થાનની આરાધના કર. ત્યાર પછી મણિરથકુમારે 'ઈચ્છં' કહી તે આજ્ઞાને અનુસરી ચાર સ્કંધવાળી આરાધના શરૂ કરી, સંલેખના કર્મ કર્યું. આલોયણા વિસ્તારથી સ્વીકારતા, તે કાળને યોગ્ય એવા ફાસુક સંથારામાં બેઠા અને બોલવા લાગ્યા કે

હું તીર્થનાથના તીર્થને, તીર્થાધિપતિ ઋષભદેવને તથા શ્રી વીરજિનેશ્વર અને બાકીના જિનેશ્વરોને પ્રણામ કરૂં

છું. તેમ જ મસ્તક વડે ગણધર ભગવંત તથા આચાર્યોને નમસ્કાર કરીને તથા સર્વ સાધુઓને નમીને ચાર પ્રકારની આરાધના કહીશ. તેમાં પ્રથમ જ્ઞાનની, બીજી દર્શનની, ત્રીજી ચારિત્રની, ચોથી વીર્યાચારની આરાધના કહેવામાં આવશે. પ્રથમ જ્ઞાનના આઠ પ્રકારો કહીશ. કાળ, વિનય, બહુમાન, ઉપધાન, ન ઓળવવું, વ્યંજન, અર્થ, તદુભય. તે આઠ આચારમાં જ્ઞાનની આરાધના કરનાર બને.

જે કાળે ભણવાનું કહ્યું છે તે કાળે ન ભણ્યો, અકાળે ભણ્યો તેની નિંદા અને ગર્હા કરું છું. ગુરુ મહારાજ જ્ઞાનદાતાનું અભ્યુત્થાન, બે હાથ જોડવારૂપ અંજલી કરવી, આસન આપવું એ રૂપ વિનય ન સેવાયો હોય તેની ભાવથી નિંદા કરું છું. ગુરૂ મહારાજ જ્ઞાની મહાત્મા છે. એમનું ભાવથી હંમેશાં બહુમાન ન કર્યું હોય તે મારૂં પાપ નિષ્ફળ થાવ. અંગ-ઉપાંગ-પયન્નાદિ સૂત્રોના યોગ-વહન ન કર્યા તેનું હું નિંદન કરૂં છું. શ્રુત ન હોય તેને શ્રુત કહ્યું, મૂઢ એવા મેં શ્રુતને અશ્રુત કહ્યું, અજ્ઞાનતાથી શ્રુત છુપાવ્યું, તેની નિંદા કરૂં છું. માત્રા-બિન્દુ-વિકલ્પ કરી જુદો અર્થ કર્યો, વ્યંજન આડો-અવળો જોડ્યો હોય તે પાપને નિંદું છું. મૂઢ એવા મેં અમૃત સરખા જિનવચનનો વિપરીત અર્થ કર્યો, સૂત્ર અને અર્થ તદુભય બંનેનો હાસ્યથી વિપરીતાર્થ કર્યો, ઉત્સૂત્ર ઉન્માર્ગ, મોહાન્ધ એવા મારા જીવે ન કરવા લાયક ચેષ્ટા કરી હોય તેની નિંદા કરૂં છુ અને હવે જ્ઞાનારાધના કરૂં છું. આ જ્ઞાનાચાર મેં કોઇ પણ પ્રકારે ખંડિત કર્યો હોય તેનું પાપ નિષ્ફળ થાઓ. હવે બીજી દર્શનની આરાધના કહુ છું.

જિનેશ્વરના સર્વ વચનમાં કે એકવચનમાં વિકલ્પ-શંકા

ન કરવી, પણ સત્ય જ છે. આ વાત સત્ય હશે કે કેમ? એવી શંકા કરી હોય, ચમત્કાર દેખાડનાર કે એવા બીજા મતની દીક્ષા-વેષ ગ્રહણ કર્યો હોય; મૂઢતાઃથી અહીં જ પરમાર્થ છે એમ જાણ્યું હોય તે મિથ્યા થાઓ. મોક્ષ હશે કે કેમ! આચાર્યાદિ સાધુનાં મલિન વસ્ત્ર-ગાત્ર શરીર દેખી દુર્ગંચ્છા કરી હોય. પરવાદી-કુતીર્થ કે કુમાર્ગની રિદ્ધિ-પૂજા-પ્રભાવના દેખી અને તે તરફ ખેંચાણ થયું હોય; ક્ષપક-તપસ્વી સાધુનું વૈયાવચ્ચ, સ્વાધ્યાયમાં લીન સાધુની ઉપબૃંહણા-પ્રશંસા પ્રમાદથી ન કરી, સાધુક્રિયામાં સીદાતા મુનિને દેખી તથા બહુ દોષવાળા મનુષ્યને દેખી સ્થિરી-કરણ ન કર્યું, ગુરૂ-બાળસાધુ સાધર્મિકનું આહાર-ઔષધ-વસ્ત્ર-પાત્રાદિકથી વાત્સલ્ય-ભક્તિ ન કર્યાં હોય, મેરૂ જેમ સ્થિર અચલાયમાન જિનવચન જાણવા છતાં શક્તિ પ્રમાણે શાસનની પ્રભાવના ન કરી, પ્રાવચની, ધર્મકથી, વાદી, નિમિત્તક, તપસ્વી, વિદ્યાસિદ્ધ અને કવિ એ આઠે પ્રભાવ-કોની વિશુદ્ધ મનથી પ્રશંસા ન કરી તે સર્વ મારાં દુષ્કૃ-ત્યોની નિંદા કરૂં છું. આ પ્રમાણે દર્શન-આરાધના કહી.

હવે ત્રીજી ચારિત્રની આરાધના જણાવે છે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચનમાતાની સેવા તે ચારિત્રા-રાધના, યુગમાત્ર ભૂમિ ઉપર નજર નાખીને ચાલવું, તે ઈર્યાસમિતિ તે ન સચવાઈ; બોલતાં ભાષાસમિતિનો ઉપ-યોગ ન રાખ્યો; વસ્ત્ર, પાણી, ભોજન ગ્રહણમાં સમ્યગ્ પ્રકારે સમિતિ ન સાચવી; ચીજ લેતાં મૂકતાં યથાર્થ પ્રમાર્જના ન કરી; ઠંડીલ-માત્રુ વગેરે પરઠવવાનુ હોય તેમાં દુષ્પ્રતિલેખન-અપ્રમાર્જના થઇ હોય; જીવાકૂળ ભૂમિમાં પરઠવ્યું હોય, ઇત્યાદિ પાંચે સમિતિમાં જે કોઇ ભંગ થયો

હોય તેની નિંદા કરૂં છું. મનરૂપી મદોન્મત્ત હાથી જે અસ્ખલિતપણે ગમે ત્યાં ભટકી રહેલ છે, અને શીયળવનનો વિનાશ કરે છે, તે મનને હું જિનશાસનરૂપી વારિબંધ ( હાથી પકડવાનું સ્થળ ) પામવા છતાં ગોપવી ન શકયો, જે વચનરૂપી દાવાગ્નિથી સળગેલો સંયમબગીચો તેને બાળી મૂકે છે, તેમાં મૌનજળ સીંચવાનું હોવા છતાં પણ તેમાં જે પ્રમાદ થયો હોય, તપેલા લોઢાના ગોળા જેવી આ કાયા સર્વ જીવોને બાળી મૂકે છે; તે કાયાને જે નથી ગોપવતો તે સંયમ મલિન કરે છે. તેવી મલિનતા થઇ હોય, અને વળી આ પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ અષ્ટપ્રવચનમાતામાં જે કંઇ પ્રમાદ થયો હોય તે સર્વની નિંદા-ગર્હા કરૂં છું. વળી બાર પ્રકારના તપને વિષે છતી શક્તિએ ઉદ્યમ ન કર્યો, તાકાત છુપાવી તેની નિંદા કરૂં છું. આ પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાચારરૂપ ચાર સ્કંધવાળી આરાધના સાધી મણિરથકુમાર અપૂર્વ કરણ વડે ક્ષપકશ્રેણીથી અનંત વરજ્ઞાન-દર્શન ઉત્પન્ન કરી તે જ સમયે અંતગડ કેવલી થઇ મુક્તિમાં પધાર્યા.

## શ્રી કામગજેન્દ્ર સાધુની આરાધના

એવી રીતે કેટલાક દિવસ વીત્યા બાદ કામગજેન્દ્ર સાધુ પણ પોતાનું આયુ અલ્પ જાણી સંલેખના કલ્પ કરી સંથારા ઉપર બેસી બોલવા લાગ્યા:

ત્રણ લોકના ગુરુ, ત્રણલોકના પ્રથમ મંગળરૂપ એવા ઋષભદેવ તેમ જ બાકીના જિનેશ્વરોને પ્રણામ કરી હવે સામયિક ઉચ્ચરું છું. હે ભગવંત! ત્રિવિધ યોગ કરણવડે કરી

સામયિક એટલે રાગદ્વેષ બંને વચ્ચેનો મધ્યસ્થભાવ તે રૂપ સમતાસ્વરૂપ સામયિક અંગીકાર કરું છું. લોભ-મોહયુક્ત મારા વડે સૂક્ષ્મ કે બાદર પ્રાણવધ થયો હોય તે સર્વને ત્રિવિધ ત્રિવિધ વોસિરાવું છું. હાસ્ય-ભય-ક્રોધ-લોભ-મોહથી જૂઠું બોલ્યો હોઉં; થોડું કે બહુ પારકું વગર આપેલું લીધું હોય, મનુષ્ય. તિર્યંચ, દિવ્ય મૈથુનસંયોગ ચિત્તમાં ચિંતવ્યો હોય, સચિત્ત અચિત્ત કે મિશ્ર પરિગ્રહ કોઇ પ્રકારે એકઠો કર્યો કે મમતા કરી હોય, રાત્રે અશનાદિક આરોગ્યાં હોય, જે મને મનમાં મમત્વ તેમ જ સુંદર તરુણી સ્ત્રીઓ વિષે, સુંદર રત્નો તથા રૂપો વિષે મમત્વભાવ થયો હોય, વસ્ત્ર-પાત્ર-દાંડો-ઉપકરણ શિષ્યો ઉપર મમત્વભાવ થયો હોય તે સર્વને ત્રિવિધે વોસિરાવું છું. સુંદર પુત્ર, પુત્રી, નોકરો, ભાઇઓ, બહેનો તથા માતા, પિતા, મિત્રો ઉપર અત્યંત સ્નેહ થયો હોય, માલિક, સ્વજન, પરજન, ભવન, બંધુ, શૈય્યા, પાટલા પાટ, સંથારા, શરીર વગેરેમાં મમત્વભાવ થયો હોય, મને ટાઢ કે તાપ ન લાગે એવો ગર્વ કર્યો હોય અથવા પોતાનો સ્વભાવ સુંદર માન્યો હોય; મારો દેશ, મારું નગર, મારું ગામ એવા શબ્દોમાં, સંગીતમાં મમત્વ-રાગ બુદ્ધિ કરી હોય, તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. મૂઢભાવથી કોઇ જીવ ઉપર મેં કોપ કર્યો હોય, એવી જ રીતે માન, માયા અને પારકા દ્રવ્યમાં લોભ કર્યો હોય, રાગમાં આસક્ત થઇ મારાથી કોઇ કપાયો સેવાઇ ગયા હોય તે સર્વ પાપને વોસિરાવું છું.

કોઇ જીવને એક સ્થાનથી બીજા સ્થાન પર ખસેડયા હોય, રાગદ્વેષથી કોઇની ચાડી-ચુગલી ખાધી, નિષ્ઠુર-કઠોર-આકરાં દુર્વચનો કોઇને સંભળાવ્યાં, મર્મશબ્દો કહી

કોઇનાં હૃદય વીંધ્યાં હોય, કોઇને આપવાનું કહી આશા-ભંગ કર્યો, કોઇને આપતાં અટકાવ્યો, જે દીન, પરાભવિત, ગ્રહ-રોગથી ઘેરાએલ તેવાની વિડંબનાપૂર્વક મશ્કરી કરી, બીજા ભવોમાં પણ જે મેં અનિષ્ટ-કટુક વચન કોઇ પ્રત્યે કહ્યું હોય, તે આ મારાં ખામણાં સમયે દરેકને યાદ કરી પુનઃ પુનઃ ખમાવુ છું. મિત્ર હો કે અમિત્ર કે મધ્યસ્થ હો, હવે હું દરેક પ્રત્યે મધ્યસ્થભાવ રાખુ છું. મિત્રને ખમું છું. શત્રુને ખમાવું છું. દરેક મારા તરફ મધ્યસ્થભાવ રાખો. મિત્ર ક્ષણમાં શત્રુ થાય છે. શત્રુ મિત્ર થાય છે. હવે મિત્રામિત્રનો વિવેક કરવો યોગ્ય છે. સ્વજનો મને ક્ષમા આપો. હું સ્વજનોને ખમાવું છું. અત્યારે સ્વજન કે પરજન દરેક મારા મનને સરખા છે. પૂર્વભવમાં દેવલોક-તિર્યંચ-મનુષ્યપણામાં જે કોઇ જીવોને મેં દુઃખમાં નાખ્યાં હોય, જીવનિકાયમાં કોઇનુ પણ અશુભ મેં કર્યું હોય તેને ભાવથી હું ખમાવું છું. રાગદ્વેષ-મોહથી જાણતાં કે અજા-ણતાં જે જીવોને દુઃખિત કર્યા તે સર્વે મને ખમો. સર્વ જીવોને હું ખમાવું છું. સર્વે મને ખમો, સર્વ સાથે મારે મૈત્રી છે, કોઇ સાથે મારે વેર-વિરોધ નથી. એવી રીતે સર્વ-સાવદ્યયોગ વોસિરાવી પૂર્વે કરેલ દુષ્કૃતની નિંદા કરી, દુભાવેલ જીવોને ખમાવી, શુભ પરિણામની વધતી ધારાથી અપૂર્વકરણ ક્ષપકશ્રેણિના પરિણામવાળા કેવળજ્ઞાન-દર્શન-ધારણ કરનાર શ્રી કામગજેન્દ્ર મુનિ અંતગડ કેવલિ થયા.

## મુનિશ્રી વજ્રગુપ્તજીની પાપના પ્રતિક્રમણરૂપ અંતિમ આરાધના

વજ્રગુપ્ત સાધુ પોતાનું આયુ અલ્પ જાણી, આલોયણા લઇ, ભાવશલ્યોનો ઉદ્ધાર કરી, કરવા યોગ્ય છેલ્લાં કાર્યો

ફરી સંથારા પર બેઠા, અને બોલવું શરૂ કર્યું.

હું જિનેશ્વર ભગવંત-તીર્થ-બારઅંગ અને સર્વ સાધુ-ઓને નમસ્કાર કરૂં છું ધર્મ આપનાર ધર્માચાર્યને ભાવથી નમસ્કાર કરી હવે આ સમયે પાપનું પ્રતિક્રમણ કરું છું. સામાયિક કરવાના ચિત્તવાળો ઇરિયાવહિમાં, ગોચરીમાં, આલોચનામાં અને પગામ સજઝાયમાં આવતા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

અરિહંતપ્રભુ, સિદ્ધ ભગવંતો, જ્ઞાન-વિનયધનવાળા, બ્રહ્મચર્ય-તપથી યુક્ત સાધુઓ, કેવળીએ પ્રરૂપેલો ધર્મ, એ મને મંગળરૂપ હોજો. જૈન ધર્મ મારાં માતા, પિતા, ગુરુ, સહોદર, સાધુધર્મતત્પર મારા બંધુઓ સમાન છે. તે સિવાયના સર્વ સંસારના પદાર્થો આળજંજાળ છે. જગતમાં સારરૂપ શું છે? સાચું શરણ કોનું? જૈન ધર્મ. સકલ જગતમાં સુખ કયું? સમ્યક્ત્વ. બાંધનાર કોણ? મિથ્યાત્વ. અસંયમથી વિરમું છું. રાગ-દ્વેષરૂપ બંધનને નિંદુ છું. મન-વચન-કાયાના દંડોથી વિરમું છું. ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ત્રણ શલ્યથી રહિત બની માયા-નિયાણ-મિથ્યાત્વશલ્યનું પ્રતિક્રમણ કરું છું. રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ રહિત, જ્ઞાન-દર્શન-ચારિત્ર વિરાધનાને પડિક્કમું છું. ક્રોધ, માન, માયા, લોભ, આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞાનો ત્યાગ કરું છુ. સ્ત્રી, દેશ, ભક્ત, રાજ-કથા, આર્ત-રૌદ્રધ્યાન, શબ્દ, રૂપ રસ, ગંધ, કામગુણો, કાયિકી-અધિકરણકી આદિ પાંચ ક્રિયાઓ સંબંધી સંકલ્પ, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, છ જીવનિકાયનો રક્ષક હું, મેં જે કંઇ પણ પાપાચરણ કરેલાં હોય તે પાપનું પ્રતિક્રમણ કરું છું.

છ લેશ્યા, સાત ભયસ્થાન વર્જિત, આઠ મદસ્થાન રહિત, નવ બ્રહ્મચર્યની ગુપ્તિથી ગુપ્ત, દસ પ્રકારના યતિધર્મમાં સાવધાનતાવાળો, શ્રાવકની ૧૧ પ્રતિમા, બાર ભિક્ષુપ્રતિમાથી યુક્ત, તેર ક્રિયાનાં સ્થાનો, ૧૪ ભૂતગ્રામ (જીવોનો સમુદાય), ૧૫ પરમાધામીઓ, ૧૬ પ્રકારની ગાથા, ૧૭ પ્રકારના અસંયમ, ૧૮ અબ્રહ્મ, ઓગણીશમું એગુણવીશ સંખ્યાવાળું જ્ઞાત અધ્યયન, ૨૦ અસમાધિ સ્થાનકો, ૨૧ શબલો, ૨૨ વેદનાના પરિષહો, અહીં સર્વનું હું પ્રતિક્રમણ કરું છું. ૨૩ સૂયગડાંગનાં અધ્યયનો, ૨૪ અરિહંતોની અસદ્દહણા-અશ્રદ્ધા તેને પ્રતિક્રમું છું. ૨૫ ભાવના, ૨૬ દશા કલ્પ વ્યવહાર અધ્યયન, ૨૭ અણગારકલ્પ, ૨૮ આચાર પ્રકલ્પ, ૨૯ પાપશ્રુત પ્રસંગો, ૩૦ મોહનીય સ્થાનકો તે સર્વની વિરાધનાનું પ્રતિક્રમણ કરું છું. ૩૩ આશાતના. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા વર્ગની જે આશાતનાઓ, દેવતાઓ-દેવીઓ, આલોક-પરલોક, લોક-કાળ શ્રુતની જે આશાતનાઓ, શ્રુતદેવતાની, વાચનાચાર્યની. સર્વ જીવોની જે આશાતના થઈ હોય તેને નિંદુ છું. આવશ્યક કે આગમ સૂત્ર પઠન-પાઠન કરતાં હીનાક્ષર, અધિકાક્ષર, આડાઅવળા અક્ષર બોલાયા, પદ ઓછું બોલાયું, ઘોષ યથાર્થ ન બોલ્યા, અકાલે સ્વાધ્યાય કર્યો, છદ્મસ્થ ભૂલકણો એવો હું કેટલા દોષો યાદ કરું ? જે દોષો યાદ ન આવ્યા હોય, તે સર્વ જાણતાં અજાણતાં થયેલાં સારાં પાપ પણ નિષ્ફળ થાઓ. સમ્યક્ત્વ જ્ઞાન, સંયમ, ક્રિયા કલ્પ બ્રહ્મચર્યનું આરાધન કરું છું, તેનાથી વિપરીત આચરણનું પ્રતિક્રમણ કરું છું. મોક્ષમાર્ગ વિષે જિનેશ્વર ભગવંતોએ જે કાંઇ વચનો કહ્યાં છે તેને આરાધું છું. વિપરીતનું પ્રતિક્રમણ કરું છું.

સમગ્ર નિર્ગ્રંથ પ્રવચન સત્ય, તથ્ય, શાશ્વતું, સારભૂત, સુંદર, કલ્યાણ-મંગળ કરનારું છે. ત્રણ શલ્યો પાપશત્રુઓ છે. દુઃખનો શત્રુ યથાર્થ સિદ્ધનો માર્ગ છે. અહીં રહેલા જીવો સિદ્ધિ પામે છે, કર્મથી મુક્ત થાય છે. તે કારણથી હું શુદ્ધ ભાવથી બરાબર આચારનું પાલન કરીશ. હવે હું સમ્યક્ત્વ-ગુપ્તિયુક્ત મિથ્યાત્વથી રહિત, અપ્રમાદી, પાંચ સમિતિસહિત શ્રમણ બન્યો છું. જિનેશ્વરોએ મોક્ષમાર્ગમાં બતાવેલા અનુષ્ઠાનોનું સેવન કરીશ, અને જે ન કરવા લાયક કાર્યો કર્યાં હોય તેનું પ્રતિક્રમણ કરું છું. આ મોક્ષમાર્ગમાં પ્રતિષેધેલા કાર્યો જે મેં કર્યાં હોય તેનું પ્રતિક્રમણ કરું છું. દૃષ્ટાંત હેતુયુક્ત કે તેથી રહિત અકેયની શ્રદ્ધા ન કરી હોય, જિનેશ્વરોએ કહેલ પદાર્થમાં વિપરીત પ્રરૂપણા કરી હોય. ઉત્સૂત્ર-ઉન્માર્ગ અકલ્પાચરણ કર્યાં હોય, તેનું નિંદન-ગર્હન કરી આત્માને શુદ્ધ કરું છું. આલોચણા યોગ્ય જે દોષો થયા હોય તે અહીં આલોચું છું. પ્રતિક્રમણ કરવાથી કેટલાક દોષોની શુદ્ધિ થાય છે. બન્ને પ્રકારે કેટલાક દોષોની શુદ્ધિ થાય છે. તેની પણ તે રીતે શુદ્ધિ કરું છું. પરઠવવાથી શુદ્ધિ થાય છે તે પણ કરું છું. કાઉસ્સગ્ગ કરવાથી તેમજ તપથી બીજા દોષો શુદ્ધ થાય છે, તે કરવા તૈયાર થયો છું. કેટલાક દોષો ચારિત્ર પર્યાયના છેદથી, કેટલાક દોષો મૂળપ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે, કેટલાક અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તથી, કેટલાક પારંચી પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય છે તે સર્વ હું અંગીકાર કરવા તૈયાર થયો છું. દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત જે કરે તે સર્વ લઈ શકાય છે, તેથી હું પ્રતિક્રમણ કરી ભાવથી શુદ્ધ થાઉં. એ પ્રમાણે આલોચન-પ્રતિક્રમણ કરતા વિશુદ્ધમાન લેશ્યાવાળા અપૂર્વકરણ પામેલા ક્ષપકશ્રેણીમાં ચડી કેવળજ્ઞાન-દર્શનવાળા વીર્યાન્તરાય-આયુ ક્ષય કરી વજ્રગુપ્તમુનિ અંતગડ કેવળી થયા.

## શ્રી સ્વયંભૂદેવ મહર્ષિની અંતિમ સાધના

સ્વયંભૂદેવ મહર્ષિએ પણ પોતાનું આયુષ્યપ્રમાણ જાણીને દ્રવ્ય ભાવ ઉભય સંલેખના કરી, કરવાયોગ્ય વ્યાપાર કરી સંથારા પર બેસી બોલવાનું શરૂ કર્યું કે:

સર્વ કર્મરજ દૂર કરી છે, સર્વ ભયો જેના પ્રશાંત થયા છે, તેવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી સંક્ષેપથી પંડિત-મરણ અને બાળ મરણના વિભાગ કહીશ:

### બાળમરણ

બાળમરણથી કે પંડિતમરણથી મરવાનું જ છે, તો તેમાં બાળમરણ સંસારનું કારણ છે; પંડિતમરણથી નિર્વાણ થાય છે બાળ અને મરણ એટલે શું? તો રાગ-દ્વેષ બંનેથી યુક્ત તે બાલ. અને પ્રાણ-શ્વાસોશ્વાસ તેનો ત્યાગ તે મરણ. કોઇ વખત ગર્ભમાં કલલાવસ્થામાં અવ્યક્ત ભાવમાં, કોઈ વખત ઘણી સ્ત્રીઓના ગર્ભમાં પેશી થવા સમયે ગળી ગયો, પિંડ થવા સમયે ક્ષારથી ગર્ભાવાસથી નીકળી ગયો; હાડકાં સાથે અને હાડકાં વગર પણ ઘણીવખત ગર્ભ ગળી ગયો; અતિક્ષાર-કડવા મૂળિયાથી બળી ગયો, દુશ્ચારિણી, પરિવ્રાજિકા, કુમારી, રંડા સ્ત્રીના ગર્ભમાંથી લોહી વહન થઈ સંસારમાં ઘણી વખતે ગર્ભભ્રષ્ટ થયો; કોઇ વખત ભયથી, કોઇ વખત વધારે મહેનત-થાકથી નીકળી ગયો; કોઇ વખત માતાનું ઉદર ચીરી નાખવાથી કોઇ વખત માતાની યોનિમાંથી થોડો બહાર નીકળી મરી ગયો; કોઈ વખત બહાર નીકળ્યો પણ ઘણી વેદનાથી વ્યાકુલ બનેલો મરી ગયો; કોઇ વખત માતાએ જીવતો સ્મશાન કે ચિતામાં ફેંકયો, કોઈ વખત ડાકિની કે પક્ષીઓ

પકડાયો; કોઇ વખત બિલાડીથી હણાયો, કોઇ વખત ઉધરસ, સોસ-તાવ, પેટરોગ કુષ્ટથી સર્વઅંગમાં સડી ગયો, ભગંદરથી શરીર વિનાશ પામ્યું; કોઇ વખત દાંતની વેદના, કર્ણશૂલ, આંખ દુઃખવી, મસ્તકવેદના, વળી રૂધિર પ્રવાહથી નિર્બળ બની, કદી ઝાડાના રોગથી, કદી ખસ-ખુજલી, કોલ્લાંઘી અર્શો, કદી મરકીથી, કદી વિસ્ફોટક, કોઈ વખત પેટના શૂળથી, કોઇ વખત વજ્રથી હણાયો, કદી પહાડના શિખરથી ભૃગુપાત થયો, કોઇ વખત શૂળીએ ચડાવેલ, કોઇ વખત ઊંધે મસ્તકે બાંધીને ટાંગ્યો, કોઇ વખત અગ્નિ-પાણીથી મૃત્યુ થયું, કોઇ વખત હાથીએ છૂંદી નાંખ્યો, સિંહે ફાડી નાખ્યો, ભૂખ્યો-તરસ્યો થઈ, શ્વાપદથી, સર્પ ડખવાથી, ચોરથી, સનેપાતથી, ખળખો અટકવાથી, વાત પિત્તથી, ઇષ્ટજનના વિયોગથી, અનિષ્ટના સંયોગથી, ભયથી મૃત્યુ પામ્યો. ચક્ર ભાલાથી ભેદાયો, ઢેફા-પથરાથી છેદાયો, તલવાર કે તેવા હથિયારથી છેદાયો, તલવાર, બાણ, મંત્ર-જંત્ર, ઝાડાના રોગ, અજીર્ણથી, ઠંડી કે હીમથી, અતિતાપ-લૂ, મહાપુરમાં તણાવાથી, કુંભીપાક કરવતથી કપાયો, ઉકળતા તેલના કડાયામાં શેકાયો-તળાયો, કાતર-વાંસલાથી છોલાયો, જળચરથી ગળાયો, પક્ષીઓ વડે સર્વ અંગ ખવાઇ ગયાં. માંહોમાંહે એક બીજા લડતાં, યંત્રમાં પીલાયો, શત્રુથી હણાયો, ચાબુક લાકડીના પ્રહાર, આર ભોંકાવી, સાહસ કરતાં, ઝેર ખાઇને, એમ મનુષ્યપણામાં એક એક જાતિનાં અનેક વખત મરણ પામ્યો.

હવે તિર્યંચ ગતિમાં કેવી કેવી રીતે મૃત્યુ પામ્યો તે સાંભળો:

હે જીવ! હવે તું મરણ સમયે કાયર ન બન, જુરા

નહિ, પણ તારા હૃદયમાં આવા પ્રકારના મરણનો વિચાર કર. જ્યારે તું પૃથ્વીપણે હતો ત્યારે ખોદાવું, ઉપર ક્ષારાદિકનું પડવું, એક બીજી કાયાના શસ્ત્રો વડે કરીને મરણને તું કેઈ વખતે પામ્યો? જેમ કોઈ અહંકારી યુવાન પુરુષ ઘરડા માણસને માર મારે, તે હેરાનગતિ-વેદના ભોગવે, તેવી રીતે પૃથ્વીને ચાંપવાથી તે કાયાના જીવોને વેદના થાય છે. રે જીવ! જળમાં જ્યારે તું હતો ત્યારે ઘણી વખત પીવાયો, સુકાયો, ક્ષોભાયો, બીજાં શસ્ત્રો વડે શીત-ઉષ્ણ વેદનાથી સોસાયો. અગ્નિકાયમાં પાણી-ધૂળ-કાદવ વરસાદના સમૂહથી ઘણી વખત મરણવેદના સહી. અત્યારે હવે તું મરણ પથારીએ પડેલો છે તો સમતાભાવે દુઃખ સહન કર. વાયુકાયમાં શીત-ઉષ્ણ વાયરાના પરસ્પર મેળાપથી વાયુકાયના જીવો મરણને પામે છે, વનસ્પતિકાયમાં છેદન-ફાડણ-દહન-મસળાવું-ભાંગવું વગેરે પ્રકારે મરણ પામ્યો, તેની વેદનાઓ ઘણી વખત સહી. ત્રસકાયમાં જીવતાં જ ઘણી વખત બીજાથી ખવાયો, પગથી ચંપાઈ ઠંડી, હીમ-ગરમી તાપથી બાળમરણ પામ્યો.

ત્રસપણામાં ડુક્કરપણે હતો ત્યારે પત્થરોથી રણમાં હણાયો, હરણના ભવમાં અસ્ત્રાની જેવી અણીવાળા બાણથી પેટ ભેદાઈને મરી ગયો. સિંહવડે સાંધા, હાડકાં, અવયવો તડતડ શબ્દ કરતાં સરાયો. આવી અનેક વેદનાઓ તેં પરાધીનતાથી સહન કરી છે તો હવે અહિં આવેલી વેદનાઓને સમભાવે તું સહન કર. તિત્તિર, કબૂતર, શિયાળ, મોર પશુ-પક્ષી ભવમાં હે જીવ! ઘણી વખત તારાં બાળમરણ થયાં. શિકારીના બાણથી હણાએલો અને તેની વેદનાવાળો મૂર્છાથી મરણ પામ્યો, દીવાની શીખાને નિર્મલ રત્ન માની

પતંગિયાપણામાં તૃષ્ણાપૂર્વક જ્યાં પકડવા જાય છે ત્યાં બળી મરી ગયો. માછલીમાં હતો ત્યારે કાંટા પર ચોંટાડેલ લોટપિંડ ખાવા ગયો ત્યાં ગળામાં તાળવા ઉપર કાંટો ભોંકાયો તેમાં કસાઈ મૃત્યુ પામ્યો. ભમરામાં હતો ત્યારે ગંધની લોભથી કમળ પર બેઠો, હાથી આવી તને ચાવી ગયો. વધુ કેટલું કહું ? જે જે એક એક ગતિ-યોનિ-જાતિમાં તું અનંત વખત જન્મ્યો, ત્યાં અનેક વેદના સહન કરી બાળમરણથી દરેક વખત મર્યો, જેનું ફળ માત્ર સંસારમાં રખડવા સિવાય બીજું થયું નથી. નરકમાં હે જીવ ! તેં જુદા જુદા પ્રકારની અનેક વેદનાઓ સહી તે યાદ કરી હાલ તું આવેલી સામાન્ય વેદના સમભાવે સહન કર, અને પંડિતમૃત્યુ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કર.

નરકગતિમાં કરવતથી કપાવાની, કુંભીના સાંકડા મુખમાંથી પરમાધામીઓ બળાત્કારે બહાર ખેંચે, કાંટાળા વૃક્ષો પર બેસાડે, લોહી-પરુ દુર્ગંધી અશુચિ પદાર્થોથી ભરપૂર વૈતરણી નદીમાં વહેવું, અણીયાળા ગરમ પત્થર પર ચાલવું, તે વેદના યાદ કરી આ વેદના સમભાવે સહન કર. નરકમાં ૩૩ સાગરોપમના લાંબા કાળ સુધી નારકીની તીવ્ર વેદનાઓ સહી તો અહીં ક્ષણની વેદના કેમ સહન કરતો નથી ? દેવલોકમાં ઘૂઘરીવાળા સુંદર શબ્દો કરતા કંદોરા પહેરેલી દેવાંગનાઓ તે છોડી તો પછી આ અશુચિ, અપવિત્ર એવી સ્ત્રીઓમાં હવે મોહ ન કર. વજ્ર, હીરા, નીલમ, પરવાળાં સરખી કાંતિવાળા શ્રેષ્ઠ દેવવિમાનો, ભવનો છોડયાં; તો હવે આ જૂના મકાનમાં શું મુંઝાઈ રહ્યો છે ! અનેક જાતિના પંચરંગી રત્નોના ઢગલા, મણિ-મોતીના ઢગલાઓ, જાણે ઈંદ્રધનુષ્ય ન હોય તેટલાં રત્નો

મૂકીને આવ્યો. હવે આ અસાર નાશવંત વૈભવમાં મૂંઝા નહિ. દેવીના અંગસ્પર્શ સરખા દેવદૃષ્યો છોડયાં તો હવે અહીંની કંથાને બહુ યાદ ન કર. જાણે શ્રેષ્ઠ રત્નથી બનાવ્યું હોય, પુષ્પના પરાગથી શોભતું એવું દિવ્ય શરીર છોડયું, હવે ઘડપણવાળા શરીરમાં મમતા ન કર. હવે તે દેવલોકને યાદ કરી રખે નિયાણુ કરતો કે સ્વર્ગમાં આટલી રિદ્ધિ છે. જેને જે યોગ્ય હશે તે થશે જ. આ અશુચિયુક્ત મૂત્ર, પિત્ત, રૂધિર જેમાં ભરેલાં છે એવા દેહ ઉપર મમતા ન કર. જીવની સાથે માત્ર પુણ્ય અને પાપ જવાનાં છે. આ નાશવંત શરીર તો અહીં જ પડી રહેવાનું છે. મને ઠંડી ન વાય તેથી ગરમ કપડાં પહેરું છું પણ જીવ ગયા પછી દુર્જન સરખા શરીરના એક ટુકડાને પણ ઇચ્છતો નથી. મને સૂર્યતાપ ન લાગે તેથી મસ્તક પર છત્ર ધરું છું. પણ પરલોકગમન સમયે ખલ શરીર સર્વ ગુમાવે છે. મુસાફરીમાં મને ભૂખ લાગશે ધારી સાથે ભાતું વહન કર્યું, તો હે જીવ! મરણકાળે તેં પરભવની મુસાફરી માટે પુણ્યનું ભાતું કેમ તૈયાર ન કર્યું ? મને તરશ લાગશે ધારી મરૂસ્થલી પ્રદેશમાં પાણી વહન કર્યું, પણ સુકૃત ન ઉપાર્જન કર્યું. હે ખલશરીર! તને ખૂબ લાલન-પાલન કર્યું. સુગંધી પુષ્પોથી શોભાયમાન કર્યું, છતાં તું જ્યારે પરલોકમાં હે જીવ! પ્રયાણ કરે છે ત્યારે તેની પાછળ એક ડગલું પણ શરીર વળાવવા આવતું નથી. અહો જીવનું કેટલું અજ્ઞાન છે કે મુસાફરીમાં સારા સહાયક એવા ધર્મમિત્રને છોડીને નાશવંત દેહ માટે આખો દિવસ સર્વ કાર્યો કરે છે, આ પૃથ્વીમાં આ જીવ જેવો બીજો કોઈ અવિશેષ નથી, છતાં શરીર માટે તે સર્વ ઉદ્યમ કરે છે. એક ધર્મનું નામ પણ યાદ કરતો નથી. ધર્મથી સદ્‌ગતિ થાય છે, દેહ

તો મરણકાળે રગદોળાઈ જવાનો છે, છતાં કૃતઘ્ન જીવ શરીરના સુખની ચિંતવના કરે છે શરીરની છેવટની સ્થિતિ કાં તો રાખનો ઢગલો અથવા સળવળતા કીડાઓનો ખોરાક, સૂર્યકિરણોથી સોસાતું અથવા પરૂનો પ્રવાહ, પક્ષીઓનું ભોજન, શિયાળ આદિના વાસ કરવા રૂપ પત્થર સરખું સુકાઈને કઠણ થઈ જશે. આવા પ્રકારના છેવટે નશ્વર એવા દેહથી જો તપ કરીને તેની પાસેથી જે કંઇપણ કસ કાઢી શકાય તેટલો કાઢી લેવો, પણ દેહમાં મૂર્છા ન કરવી. દેહથી ધર્મ કરો, અંતે તો દુર્જન માફક દગો દેવાનું છે અને ફાગણ સહિનાની હોળીની ક્રીડા માફક શરીરની પણ હોળી સળગવાની છે. બીજાઓ સળગતા લાકડાના અંગારાથી આ પુદ્ગલને તપાવવાના છે, તો પછી તું જાતે તપ કરીને તપાવ. ઊંટના અંગે જેટલો ભાર વહન કરાવાય તેટલો લાભ મળ્યો. કર્મ પુદ્ગલસ્વરૂપ છે. પુદ્ગલમય દેહથી તેને હણો હે જીવ! આટલું કર કે કોઠું કોઠાથી ફોડાય. સ્વાધીનતા કે પરાધીનતાથી દેહ છોડવાનો છે, તો પછી સ્વાધીનતાએ કેમ ન છોડવો? પરોણો ઘેર આવ્યો; રાજી થાવ કે નારાજ થાવ તોપણ આવેલો પરોણો જવાનો નથી. તો હસતું કેમ નહિ? હે જીવ આટલું તને કહ્યું, હવે તું નકામા વિકલ્પ ન કર હે નિર્બુદ્ધિ આત્મા! આ દેહ ઉપર મૂર્છા ન કર. વળી હે જીવ! તારે વિચારવાનું છે કે :

હે જીવ! તું સંસારમાં પરિભ્રમણ કરી રહેલ છે તેમાં એવા કોઇ જીવ બાકી નથી, કે જેને તેં આરોગ્યા ન હોય. તેમજ સકલ જગતમાં એવો કોઇ જીવ નથી કે જેનો તું બંધુ, મિત્ર, શત્રુ ઘણી વખત ન થયો હોય. જે પહાડ પર, પૃથ્વી પર, નદી, તળાવ વગેરેમાં વનસ્પતિ દેખે છે તે સર્વને તેં અનેક વખત ભક્ષણ કરી છે. હે જીવ! જગતમાં પુદ્ગલ-

સ્વરૂપ જે કંઈ તને દેખાય છે, તેને તેં અનેક વખત ભક્ષણ કર્યાં. તું પણ બીજા જીવોવડે ઘણી વખત ભક્ષણ કરાયો. ચઉદ રાજલોકમાં વાલાગ્રના ખુણા જેટલો ભાગ પણ બાકી નથી, જ્યાં તેં અનંત વખત જન્મ અને મરણ કર્યાં ન હોય. સવાર–બપોર–સાંજ, દિવસ કે રાત્રિ એવો કોઈ કાળ નથી, જે કાળમાં તું મર્યો ન હોય. જળમાં જન્મ્યો, થલમાં મર્યો, જળમાં વૃદ્ધિ પામ્યો, જળમાં મર્યો, એવું કોઈ જળ થલ નથી કે જ્યાં તું જન્મ્યો કે મર્યો ન હોય.

ધરણીમાં જન્મ્યો, આકાશમાં મર્યો; પાછા ધરતી ઉપર પડ્યો, આકાશ–ધરણી વચ્ચે જન્મ્યો અને મર્યો. જીવમાં જન્મ્યો, જીવે માર્યો, જીવે જીવમાં પાડ્યો, જીવથી તું જીવ્યો, જીવન માટે જીવોને હણે છે. હે જીવ! જીવથી તું જન્મ્યો, જીવે તને જિવાડ્યો, વૃદ્ધિ પમાડ્યો અને વારંવાર માર્યો પણ ખરો. તો જ્યાં જ્યાં તું જન્મ્યો, સચિત્ત અચિત્ત કે મિશ્ર યોનિમાં ત્યાં ત્યાં હે જીવ! તેં મરણ પ્રાપ્ત કર્યું. આવી આવી રીતે તેં અનંતાનંત મરણો મેળવ્યાં, તે સર્વ મરણો હે અલ્પજ્ઞજીવ! બાલમરણ સમજ.

## પંડિતમરણ

તો હવે પ્રશ્ન છે કે પંડિતમરણ કોને કહેવાય? પંડિત બુદ્ધિવાળો હોય તેવી બુદ્ધિવાળાનું મરણ પંડિતમરણ કહેવાય. પાદપોપગમ, ઇંગિનિ અને લગડ મરણ એમ પંડિતમરણના ત્રણ ભેદ છે. તે સંથારાને વિષે નિયમથી યુક્ત મરણ હોય છે. છએ કાયના જીવોની રક્ષા જે મરણમાં હોય તે પંડિતમરણ, તેથી વિપરીત અર્થાત્ વિરતિ વગરનું, જીવરક્ષા વગરનું બાલમરણ કહેલું છે.

આલોયણા જેમાં લેવાઈ હોય, પ્રતિક્રમણ થયું હોય તે પંડિતમરણ. આલોયણા ન લીધી હોય, શલ્ય બાકી રહ્યાં હોય, પાપનાં પ્રતિક્રમણ ન થયાં હોય તે બાલમરણ. દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાપૂર્વક જે મરણ થાય તે પંડિતમરણ, તેથી વિપરીત બાલમરણ. તીર્થંકરાદિને પ્રણામ-પૂર્વક, જિનવચન વર્ણન શું કરીએ ? પંડિતમરણથી સ્વર્ગ કે મોક્ષ મળે છે. બાળમરણથી આ શાશ્વતો સંસાર મળે છે. આટલું જાણી-સમજીને હે આત્મા ! સુખની પ્રાર્થના કરતો હોય તો અરિહંતાદિકને સંભારતો બાલમરણ ત્યાગ કરી પંડિતમરણ અંગીકાર કર. ઇષ્ટનો વિયોગ મોટું દુઃખ છે. અનિષ્ટસંપત્તિ, અનિષ્ટવચન એ દુઃખો છે. એ યાદ કરતો હવે પંડિતમરણથી દેહ છોડ. નારકીમાં છેદન, ભેદન, તાડન, પરસ્પર ઘાત કરવા વગેરે એ દુઃખનું સ્મરણ કરી હવે પંડિતમરણ અંગીકાર કર. તિર્યંચગતિમાં ભાર વહન કરવાનો, દોરડાથી બંધાવું, મત્સ્યગલાગલ ન્યાયે એક બીજાનું ભક્ષણ કરવું, વાહનમાં જોડાવું, ભૂખ, તરસ, ટાઢ, તાપ, વરસાદ વેઠવો, આર ભોંકાવી, ચાબુકના માર, પરોણીના માર, મૂકપણું. રોગ, પરાધીનતા, ત્રાસ, ભય વગેરે દુઃખોથી ભરપૂર તિર્યંચગતિનાં દુઃખોને યાદ કરતો હવે પંડિત મરણને સ્વીકાર. મનુષ્યગતિમાં જન્મ લેવો, વૃદ્ધાવસ્થા ભોગવવી, રોગથી હેરાન થવું, મરણ સમયે પણ શારીરિક, માનસિક, આધિ, વ્યાધિ, ઉપાધિનાં અનેક દુઃખથી ભરપૂર તેવો આ માનવભવ સમજી હવે પંડિત-મરણથી પ્રયાણ કર. હે જીવ ! આ સંસારમાં તે જે દેખ્યું, અનુભવ્યું કે સાંભળ્યું હોય તેવા બાલમરણ ઘણાં કર્યાં, હવે પંડિતમરણને સ્વીકાર. કહ્યું છે કે

એક જ પંડિતમરણ સેંકડો જન્મોને છેદે છે. તે મરણથી

મરવું કે જે મરણથી સુંદર મરણ થાય. તેનું જ સુમરણ ગણાય કે જે હવે સંસારમાં ફરી મરશે નહિ; જેણે સમગ્ર કર્મો બાળી નાખ્યાં છે એવા સિદ્ધો એ જ પરમ છેલ્લું સાધ્ય છે. તીર્થંકરો કે ઇન્દ્રના મરણનો નાશ નથી. માટે અવશ્ય આપણું મરણ નક્કી છે, તો પછી પંડિતમરણથી કેમ ન મરવુ ? જો તારે હવે મરણની જરૂર નથી, મરણથી કંટાળ્યો જ હોય. મરણનો ત્યાગ કરવો હોય, મરણના દુઃખથી ભીરુ બન્યો હોય. તો પંડિતમરણનું શરણ અંગીકાર કર એમ છતાં હજુ તને સંસારમાં મરણો પસંદ હોય, મરણથી કંટાળો આવ્યો ન હોય તો વિશ્વસ્ત બની જન્મમરણની રેંટમાળામાં શાંતિથી વાસ કર. એ પ્રમાણે હવે ભાવથી બંને પ્રકારનાં મરણ જાણીને આ સ્વયંભૂદેવ ભવનો પાર કરનાર એવું પંડિતમરણ સ્વીકારે છે. એ પ્રમાણે બોલનાર શ્રી સ્વયંભૂ મહર્ષિ અપૂર્વકરણ ક્ષપકશ્રેણિ, ત્યારબાદ કેવળ વર જ્ઞાન દર્શન ઉત્પન્ન થયાં, તે જ સમયે આયુનો પણ ક્ષય થયો, તેથી તે સ્વયભૂદેવ મહર્ષિ અંતગડ કેવળી થયા.

## શ્રી મહારથ સાધુની સાધના

સંયમની સાધનામાં દિવસો પસાર થઇ રહ્યા હતા તે સમયે મહારથ સાધુ પણ પોતાનુ અલ્પાયુ જાણી ગુરુએ જેને આલોયણ આપી છે, સર્વ કરેલાં પાપસ્થાનકોને પ્રતિક્રમ્યા છે, સંલેખનાથી સંલિખિત કર્યા છે સર્વ અંગો જેણે અને સર્વથા કર્યું છે કરવા યોગ્ય સર્વ જેણે, એવા સંથારા ઉપર બેઠા અને નવકાર ગણવામાં લીન બન્યા. વળી

સર્વાતિશયવાળા અરિહંતોને નમસ્કાર કરું છું. તેઓ મંગળરૂપ થાઓ, ઋષભાદિક, ચોવીશ અને ભૂતકાળના,

ભવિષ્યના તેમજ મહાવિદેહમાં વિચરતા એ સર્વ અરિહંતોને નમસ્કાર કરું છું.

## એવા સર્વ તીર્થંકરોને પ્રણામ કરું છું.

સર્વ ઉત્સર્પિણી–અવસર્પિણીમાં થયાં અને થશે, ભરત પૂર્વ-પશ્ચિમ વિદેહ તેમજ ઐરવત પુષ્કરવરદ્વીપ ઘાતકિખંડમાં તેમજ આજે પણ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવગતિમાં, એક ભવ કે અનેક ભવ કરનાર એવા વળી તીર્થંકર નામગોત્ર વેદતાં હોય, વધારતાં હોય, બાંધ્યું હોય, ભાવિમાં બાંધશે, આજે ગૃહસ્થપણે, છદ્મસ્થપણે વિચરતા હોય, કેવળ જ્ઞાનરત્ન ઉત્પન્ન કર્યું હોય, સમવસરણમાં બેઠેલા હોય, દેવછંદામાં હોય, પૃથ્વી પર વિચરી રહ્યા હોય, ધર્મ કહી રહ્યા હોય, કહેશે; શ્યામ, કાળા, ગૌર મુક્તાફળ પદ્મ સરખા વર્ણવાળા હોય, રાજ્ય ત્યાગ કર્યો હોય, કુમારપણામાં, પરિણીત હોય, પુત્રવાળા કે વગરના, ભવસમુદ્રમાં ડૂબતા ભવ્યાત્માને તરવા માટે તીર્થ જેઓએ કર્યું છે, એવા તીર્થંકરને નમસ્કાર થાઓ. દુઃખપૂર્ણ સમુદ્રથી તેઓ તારે છે, માટે સર્વ આદરથી નમો; સર્વ દેખનારાવાળા, લોકગુરુ રક્ષણ કરનાર સર્વજ્ઞને ભાવથી નમો; અરિહંતોને ભાવથી નમસ્કાર થાય તો દરેક ભવમાં બોધિલાભ કે સિદ્ધિ માટે થાય છે હજારો દુ ખથી મુક્ત કરનાર એવા, મોક્ષને જે નમસ્કારથી મેળવી શકાય તેવા અરિહંતના નમસ્કારને ચિંતવું છું.

## એ સર્વ સિદ્ધોને ભાવથી નમસ્કાર કરું છું.

લાખો ભવથી બાંધેલું કર્મરૂપી ઇન્ધન જેણે બાળી ભસ્મ કરી નાખ્યું છે એવા સિદ્ધોને ભાવથી નમું છું. કર્મ ખપાવી જેઓ સિદ્ધ થયા, થાય છે, થશે તે સર્વ

સિદ્ધોને ત્રિવિધ ત્રણ કરણથી નમસ્કાર હો. તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ, સ્વલિંગ, અન્યલિંગ, કુલિંગસિદ્ધ, તીર્થંકર સામાન્ય સ્રીલિંગ, પુરુષલિંગ, નપુંસક· પણે, પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોધિત, સ્વયંબુદ્ધસિદ્ધ બેઠેલાસિદ્ધ ઢળીપડેલા, કાઉસ્સગ્ગમાં, પડખે સૂતેલા સિદ્ધ થયા હોય, રાત્રે, દિવસે, સંધ્યા સમયે, મધ્યાહ્ન, સવારે સિદ્ધ થયા હોય, બાળપણે, યૌવનપણામાં, વૃદ્ધપણામાં, મધ્યમવયમાં, દ્વીપમાં, જંગલમાં, સમુદ્રમાં, દેવતાએ હરણ કરેલ હોય, પર્વતને વિષે સિદ્ધ થયા હોય, તે સર્વ ભાવસિદ્ધોને વંદના કરું છું. તેમજ દ્રવ્ય-ક્ષેત્ર કાળમાં સિદ્ધ થયા હોય તે સર્વને ત્રિકરણયોગે વંદન કરું છું. મરણ સમયે અસંગપણે સિદ્ધોને ભાવથી કરેલો નમસ્કાર દુર્ગતિને રોકે છે, સદ્‌ગતિને પમાડે છે, કેટલાકો સિદ્ધિને પામે છે. માટે હું સર્વાદરથી સિદ્ધિને નમસ્કાર કરીશ જેથી મોહજાળને છેદી સિદ્ધિ નગરીને મેળવું.

## તે આચાર્ય ભગવંતોને ભાવપૂર્વક સર્વાદરથી નમું છું

જેઓએ જિનવચનોને સૂત્રપણે ગૂંથીને અમારા સરખાને જે આજ સુધી મળી રહ્યું છે, તે દ્વાદશાંગીના ગૂંથનારા ગણધર ભગવંતોને પ્રણામ કરું છું. ૧૪ પૂર્વીઓ, તેથી ઓછા પૂર્વના જ્ઞાનવાળા, વાચનાચાર્ય, અગીઆર અંગને ધારણ કરનારા, આચારને ધરનારા વળી જેઓ સકલ પ્રવચન ધારણ કરી રહ્યા છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર. તપાચાર, વીર્યાચાર પાળનારા-પળાવનારા સુધીર-ગંભીરાદિ ગુણવાળા, જિનવચન પ્રકાશિત કરનારા, પોતાની શક્તિ અનુસાર જૈનશાસનની પ્રભાવના કરનારા, પ્રવચનના સારનો ગૂઢ-મર્મ સમજાવનારા એવા આચાર્ય

ભગવંતોની ગેરહાજરીમાં હમારા સરખા મંદ બુદ્ધિવાળા શાસ્ત્રના રહસ્યને ક્યાંથી સમજી શકે? તેવાં ગૂઢસૂત્રો અને અર્થને આચાર્યની પરંપરાએ પ્રકાશિત કર્યાં છે. જો આવા આચાર્યો ન હોત તો આવાં ગંભીર સૂત્રોનાં રહસ્યો શી રીતે જાણી શકાત?

સૂત્ર તો માત્ર સૂચન કરનાર હોય છે, તેમાં અર્થ સૂચવેલો હોય, પણ તેની વિસ્તૃત વ્યાખ્યા આચાર્યો પ્રકાશિત કરે છે. બુદ્ધિરૂપી તેલથી યુક્ત આગમ જ્યોતિથી સુંદર શોભતા એવા સૂરિરૂપી પ્રદીપો જ્યાં નથી, ત્યાં લોકો શી રીતે જોઈ જાણી શકતા હશે?

ચારિત્ર-શિયળરૂપી કિરણવાળા, અજ્ઞાન-અંધકાર નાશ કરનાર, નિર્મળ ચંદ્ર સરખા આચાર્ય ભગવંતો ભવ્યોરૂપી કુમુદવનને પ્રતિબોધિત કરે છે. દર્શનરૂપી નિર્મળ પ્રતાપ વાળા, દશ દિશામાં ફેલાયાં છે જ્ઞાનરૂપી કિરણ જેનાં એવા સૂર્યસરખા સૂરિ જ્યાં નથી, ત્યાં મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કોણ કરશે? ઉદ્યોત કરનાર જેમ સૂર્ય ઇચ્છિત ફળ આપનાર કલ્પવૃક્ષ, ચિંતામણિ સરખા સૌભાગ્યવંત જંગમ તીર્થરૂપ આચાર્યને હું પ્રણામ કરું છું. જે કોઈ ક્ષેત્ર-કાળ ભાવમા, ભૂત-ભાવિમાં થયા-થાશે તે સર્વ આચાર્યોને નમું છું મરણકાળ સમયે જો આચાર્યને નમસ્કાર કરાય તો ઘણા ભવના જન્મ-જરા-મરણ છેદાઇ જાય એ વાતમાં સંદેહ ન રાખવો. શલ્યરહિત આચાર્યને કરાતો નમસ્કાર મનુષ્ય કે દેવલોકના સૌભાગ્ય અક્ષયફળ આપવામાં સમર્થ બને છે. તે કારણે સર્વાદરથી સૂરિભગવંતોને નમસ્કાર હો, જેથી કર્મકલંકથી વિમુક્ત બની જલદી મોક્ષ સુખ પામું.

## શ્રી ઉપાધ્યાયજીને વંદન

હવે પાઠકવર્ય શ્રી ઉપાધ્યાયજીને વંદન કરું છું. વળી કેવા? આચારાંગાદિ બાર અંગો-ઉપાંગ સાથેનું શ્રુતજ્ઞાન ધારણ કરનાર, શિષ્ય સમુદાયના હિતાર્થે તે શ્રુતનો ઝરો નિરંતર વહેવડાવે છે. સૂત્રનો જે અર્થ હોય તે ઉપાધ્યાયજી ભણાવે છે. તેથી ઉત્કૃષ્ટ ભાવથી તેમને નમો. પર્વતના શિખર પરથી જેમ જળસમૂહ ઝરે છે, તેમ તેમના મુખથી શ્રુતઝરણું નિરંતર વહ્યા કરે છે. તેવા ઉપાધ્યાયજીને ભક્તિથી વંદુ છું. તેઓ કર્મક્ષય માટે શુદ્ધ લેશ્યાવાળા શ્રુત ભણાવે છે, તેમ ભણાવવામાં પોતાના શ્રમની પણ જેઓ દરકાર કરતા નથી, તેવા ઉપાધ્યાયજીને હું પ્રણામ કરું છું. જ્ઞાન દર્શનની સમૃદ્ધિવાળા તેઓનું કલ્યાણ હો. જેઓ ઘણા ભવ્યોને બોધ ઉત્પન્ન કરનાર સદાકાળ શ્રુતનો સ્વાધ્યાય કરે છે, જેમના પ્રસાદથી સર્વ સૂત્રો જાણી શકાય છે, પ્રથમ સર્વ સાધુઓ તેમની પાસે અભ્યાસ કરે છે, મરણ સમયે ઉપાધ્યાયજીને કરેલો નમસ્કાર દુર્ગતિને રોકી સદ્ગતિ તરફ ખેંચી જાય છે. બોધિલાભ કરે છે, માટે સર્વાદરથી હે મુનિઓ! ઉપાધ્યાયજીને નમસ્કાર કરો. તેમને કરેલ નમસ્કાર સર્વ સુખનું મૂળ છે અને સર્વ દુઃખનો ક્ષય કરીને મોક્ષમાં સ્થાપન કરે છે.

## સર્વ પ્રકારના સાધુઓને નમસ્કાર કરું છું

ત્રિકરણયોગે ત્રણે પ્રકારે સાધુઓને વંદન કરું છું. જેનાથી લાખો ભવમાં ઉપાર્જન કરેલ કર્મ ક્ષણવારમાં નાશ કરું. ત્રણ ગુપ્તિથી ગુપ્ત, મિથ્યાત્વનો લોપ કરી, કર્મને કાપી નાંખવામાં કરવત સમાન સમ્યક્ત્વવાળા મુનિરાજને પ્રણામ કરુ છું. પાંચ સમિતિને વિષે જયણાવાળા, ત્રણ

શલ્યને દબાવવા માટે મોટા મલ્લ સમાન. ચાર વિકથાથી સર્વથા મુક્ત, અહંકાર-મોહથી રહિત, ધીર, શુદ્ધ લેશ્યાવાળા, કષાયોથી પરિવર્જિત, જીવોના હિત માટે યત્ન કરનાર, છકાયના જીવોને રક્ષણ કરવાવાળા મુનિવરને નમસ્કાર હો.

આહાર, ભય, મૈથુન. પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી મુક્ત, વ્રતમાં દૃઢતાવાળા, વ્રતગુણોથી યુક્ત, ઉત્તમ સત્ત્વવાળા, સર્વકાળ અપ્રમત્ત એવા મુનિવરોને નમસ્કાર હો. પરિસહ સેના હરાવવામાં પ્રતિમલ્લ, મોક્ષમાર્ગની વચમાં આવતાં ઉપસર્ગોને સહન કરનારા, વિકથા, પ્રમાદ રહિત, સ્વહિત સાધનારા શ્રમણભગવંતોને વંદના કરું છું. શ્રમણ શાસ્ત્ર અનુસરનારા-પાપરૂપ કાદવનો લેપ ન લાગવામાં સાવધાન મનવાળા, વ્રતવાળા સૌભાગી, શાસ્ત્રની સત્ય પ્રરૂપણા કરનારા એવા સાધુ મહાત્માને વંદના કરું છું. મરણ સમયે સાધુ મહારાજને કરેલ નમસ્કાર ચિંતામણિ રત્ન સહયા બરાબર છે. કાચના બનાવટી મણિ કેમ માગે છે? સાધુને નમસ્કાર કરાય તો તે પાપને દૂર કરનાર થાય. પુણ્ય વગરના પાપીઓના હ્રદયમાં આ નમસ્કારનો વાસ ક્યાંથી હોય? ભાવ માત્રથી નિર્મળ એવો સાધુને નમસ્કાર કરાય તો સર્વ સુખનું મૂળ અને મોક્ષનું કારણ બને છે. તે કારણે સર્વાદરથી સાધુને નમસ્કાર કરું છું, જેથી ભવસમુદ્ર તરીને મોક્ષદ્વીપ પ્રાપ્ત કરું.

જગતમાં શ્રેષ્ઠ એવા આ પાચ પરમેષ્ઠિને જુહાર હો. આના કરતા ચડિયાતો બીજો કોઇ નમસ્કારને યોગ્ય નથી. દરેક શ્રેયમાં શ્રેય, મંગલિકોમાં પરમ મંગલિક, પવિત્રમાં પવિત્ર ફળોમાં મોટું ફળ આ જ છે. આ પરમેષ્ઠિ નમસ્કાર

પવિત્ર, શ્રેષ્ઠ, શાશ્વત, ચડિયાતો. ચૌદ પૂર્વનો સાર, જીવને સંસારસમુદ્રનો પાર પમાડનાર છે. આની જ આરાધના કરો. બીજાં કાર્યોથી શું? પંચ નમસ્કારમાં મનવાળો હોય તે અવશ્ય દેવત્વ પામે. ચારિત્ર પણ ન હોય, જ્ઞાન લગીર હજુ પરિણમ્યું નથી, પણ પંચ નમસ્કારનું ફળ દેવલોક અવશ્ય તેને અપાવે છે. સેંકડો દુઃખરૂપ જળચરોથી વ્યાપ્ત તથા મોટા મોજાંના આવર્તોથી ભયંકર એવા સંસાર-સમુદ્રમાં કદી પણ આ નમસ્કારરત્ન મને મળ્યું નહોતું.

મેં નહીં મેળવેલી વસ્તુ મેળવી. આ મહાભય હરનારું આશ્ચર્યકારી સારભૂત કૌતુક છે. રાધાવેધ કરવો, મૂળથી પહાડ ઉખેડી નાખવો, આકાશમાર્ગે જવું તે કરતાં નમસ્કાર દુર્લભ છે. જેના પ્રભાવથી અગ્નિ શીતળ બની જાય, ગંગા નદીનું વહેણ અવળી દિશામાં વહે, એવું ન બનવાનું કદાચ બની જાય; પણ જિનેશ્વરને કરેલ નમસ્કાર મોક્ષફળને આપે નહીં, એવું કદાપિ ન બને. સંસાર સમુદ્રમાં અટવાતાં નક્કી મેં પૂર્વે કદાપિ પણ મેળવેલ નથી. તેથી જ આજે જન્મ-મરણ ચાલુ છે. જો પહેલાં મેં આ નવકાર મંત્ર મેળવ્યો હોત તો કર્મક્ષય કેમ ન થયો? દાવાનળ સળગ્યા પછી ઘાસની ગંજી કેટલો વખત સ્થિર રહી શકે? અથવા તો કદાચ મેળવ્યો હશે તો ભાવ વગર માત્ર દ્રવ્યથી મેળવ્યો હશે. જ્યાં સુધી ચિંતામણિ તરીકે ન ઓળખ્યો હોય ત્યાં સુધી તે ફળ કેવી રીતે આપે? તો હવે મારે પ્રયત્નપૂર્વક તેને આરાધવો જોઈએ, જો જન્મ-મરણના દુઃખના અંતને ઇચ્છતો હોઉં તો એમ બોલતાં મહારથ સાધુ અપૂર્વકરણ કરવા વડે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયા. કેવી રીતે? શુક્લ ધ્યાનરૂપી અગ્નિ વડે કર્મવૃક્ષને

બાળીને. આ પ્રમાણે અંતિમ આરાધના સાધી તેઓ અંતગડ કેવળી થયા.

( પ્રાકૃત કુવલયમાળા પત્ર ૨૬૯ થી ૨૭૯. )

## નારકીમાં વેદના કેવી હોય ?

નક્ષત્ર સૂર્યરહિત, ઘોર અંધકારમાં કષ્ટે કરી દેખી શકાય તેવા અંધકારવાળી, અતિ ઉષ્ણ, અતિ શીતળ, ઘણા પ્રકારની વેદનાઓ સાતે નરકમાં હોય. કોઈ જગ્યા પર મેદ, ચરબી, મજજા, ફેફસાં આદિથી વ્યાપ્ત, કોઈ જગ્યા પર લોહી, પીત્ત, પરૂના પ્રવાહ વહેતી નદી હોય, કોઈ જગ્યા પર માંસ-જાળઓ પરૂથી પૂર્ણ, કોઈ જગ્યા પર વજ સરખી ચાંચવાળા પક્ષીઓથી વ્યાપ્ત, કોઈ જગ્યા પર કુંભી પાકથી રંધાતા છે જંતુ જેમાં, કોઈ જગ્યા પર ફરતા કાગડા, ઘોર સિંહ, શિકારી કુતરાવાળી વેદના, ફરતા ભયંકર કંક પક્ષી તે ચાંચ ભોંકે તેવી વેદના, કોઈ જગ્યા પર ઉપરથી પડતા શસ્ત્રોના સમુદાયવાળી વેદના, કોઈ જગ્યા પર ઉકાળેલા સીસાના કે તાંબાના પ્રવાહી રસ હોય તે પીવડાવવાની વેદના, કોઈ જગ્યા પર દુર્ગંધી સડી ગયેલા કલેવરની દુર્ગંધની વેદના, કોઈ જગ્યા પર કરવત કે યંત્રથી ચીરાતા શરીરોવાળી વેદના, મહા શિલાઓનો સમુદાય ઉપરથી પડી ચૂરી નાખે તેવી વેદના, પરમાધામીઓ નરકપાલો પકડી પકડીને સળગતી જવાલાવાળા અગ્નિમાં ફેંકે એવી સેંકડો પ્રકારની વિવિધ વેદનાઓ નરકમાં છે. આ જગતમાં જીવોને દુઃખ કે દુઃખનાં સ્થાનકો છે તેને અહીં નરક કહે છે. તો પછી જે નરક છે તેની તો વાત જ શી કરવી ? તેવા નરકાવાસમાં ક્ષણવારમાં જીવો ઉત્પન્ન થઈ સાંકડા કુટિલ નિષ્કૂટસા દુઃખથી પ્રવેશ કરે છે.

હવે ત્યાં ભવનમાં મોટા દ્વાર અને ભીંતવાળું ઘટિકાલય હોય છે. નરકમાં વીર ભગવંતે નિષ્કૂટો કહેલા છે. મૂત્રજળો, લોહીવાળાં પરૂ, ચરબી, વિષ્ટા, બળખા વગેરેથી બીભત્સ, દુઃખે કરીને દેખી શકાય, ભય આપનારી દુર્ગંધી અશુચિ હોય છે. હવે તે નિષ્કૂટોમાં અંતરમુહૂર્તમા કર્મવશથી દુંખના આવાસરૂપ શરીર ગ્રહણ કરે છે. અતિ ભયંકર કાળા રંગવાળું, આંખ. હાથ. કાન, નાસિકા રહિત શરીરવાળું, નપુંસક સ્વરૂપ, જેની કોઈ પણ પ્રકારે ઇંદ્રિયો ઓળખી શકાતી નથી તેવું ત્યાં હોય છે.

જેમ જેમ શરીર પુરાય, પુષ્ટ થાય તેમ તેમ નિષ્કૂટ (કુંભી)માં તે સમાતો નથી. અને જેમ અંદર સમાતો નથી તેમ વેદનાતુર વધારે બને છે. કોઈપણ પ્રકારે વેદનાવાળો ચીત્કાર શબ્દ કરતો તે તુચ્છ કુંભીમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે, તેટલામા બીજા નરકપાળ-પરમાધામીઓએ તેને દેખ્યો ને કોલાહલ શબ્દ કરતા તેના તરફ હર્ષ પામતા દોડે છે. મારો, છોલો, છેદો, કાઢો, ફાડો, બાણથી ભેદો, પકડો પકડો પાપીને, પગમાં ફાંસો નાખો, એમ બોલતાં કોઇક ભાલાથી વીંધે છે, બીજા વળી બાણથી, ત્રીજાઓ ખડ્ગથી છેદે છે.

એ પ્રમાણે કાલપાસથી ખેંચાતાં, વજ્ર શિલાતલમાં પડતાં, એના સો ટુકડા થાય છે. લોઢાની તીક્ષ્ણ શૂળીઓ પર પડતો ભેદાય છે; વળી બીજો પાપી ઘોર અગ્નિમાં પડે છે. પડતાંની સાથે વળી કોઈક અણધાર્યો તીક્ષ્ણ તરવારથી છેદે છે બીજા પરમાધામીઓ વળી બાણથી, કોઇક ભાલાથી ભેદે છે, બીજા વજ્રથી ભાગે છે, કોઇક ચૂરે છે, કોઇક દઢ ગોફણ, પત્થર, લાકડાના ઘા મારી મરણતોલ

કરી નાખે છે. કોઇક પરમાધામી યંત્રમાં ઘાણીમાં પીલે છે, કેટલાક તીક્ષ્ણ શૂલાઓમાં પરોવે છે, કેટલાક કરકર શબ્દ કરતી કરવતવડે છેદે છે. બીજા કેટલાક કુંભીપાકમાં છમછમ કરતાં રાંધે છે. કેટલાક વિલાપ કરી રહેલાની ચડચડ શબ્દ કરતી ચામડી ઉતારે છે.

એવી રીતે દુઃખ પામતાં, હા હા વિલાપ કરતાં મહા-દુઃખમાં ડૂબેલા કોઇ પ્રકારે નદીમાં બૂડાડે ત્યારે ધીમેથી આમ બોલે છે, "હે સ્વામી ! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. દુઃખી હું આપને વિનંતિ કરું છું. મેં આપનો શો અપરાધ કર્યો અથવા તો શું પાપ કર્યું ?" ત્યારે મસ્તક ઉપર પ્રહાર કરી નિષ્ઠુર સ્વરથી કહે છે, "રે રે ! નથી સમજતો કે તે વખતે નકામો એ રાંકને માર્યો. તું તે વખતે નિર્દય બની જીવોને મારી નાખતો હતો, ત્યારે ન પૂછ્યું કે મેં શું અપરાધ કર્યો છે ? જીવોનું ચડચડ ફાડીને માંસ ખાતો હતો ત્યારે તેં ન પૂછ્યું કે મે શો અપરાધ કર્યો છે ! પાપી હૃદયથી જ્યારે તું જૂઠું બોલ્યો ત્યારે હે મુગ્ધ ! તું ન સમજ્યો, અને પૂછે છે કે મેં શો અપરાધ કર્યો ? વળી નિષ્ઠુર બની જ્યારે વગર આપેલું ગ્રહણ કર્યું ત્યારે પૂછતો નહોતો કે મેં શો અપરાધ કર્યો ? પરદારાના મોહિત બની અન્ય યુવતીઓ સાથે ભોગ ભોગવતો હતો ત્યારે હે મૂઢ ! જાણતો ન હતો, કે આજે હવે પૂછવા તૈયાર થયો છે કે મેં શો અપરાધ કર્યો ?

લોભ મમતાવાળો બની જ્યારે તું પરિગ્રહમાં મૂર્છા-વાળો બન્યો ત્યારે હે મૂઢ ! નહોતો જાણતો કે હવે કહે છે કે મેં શું પાપ કર્યાં ? રે રે રાગવાળો બની લુબ્ધ થઇ જ્યારે શિકાર ખેલતો હતો ત્યારે હે મૂઢ ! ન જાણ્યું કે

એક જીવ ખાતર બહુ ચૂક્યો ? જ્યારે સ્વજનોની આળ-પંપાળમાં પ્રસક્ત બન્યો ત્યારે પોતાની જાતિમાં મદોન્મત્ત બની બીજાની નિંદા કરતો હતો, ત્યારે કેમ ન સમજાયું કે એક જીવ ખાતર બહુ ચૂકી ગયો. રૌદ્રધ્યાનથી હું આને સારું તેમ પરિણામવાળો જ્યારે બન્યો હતો, ત્યારે બધું સમજતો હતો. અત્યારે તું મુગ્ધ કેમ બની જાય છે ? હરિ હરાદિને છોડી બીજો કોણ સર્વજ્ઞ છે ? એવું કહેતો ત્યારે બધું સમજતો હતો, અત્યારે તું અજાણ બની જાય છે ? વેદ-વિધાન કરવામાં ઉદ્યમવાળો તું હતો અને બીજા ધર્મ નથી તેમ કહેતો હતો ત્યારે સર્વ જાણતો હતો. અત્યારે હવે અજાણ બની ગયો ?

જ્યારે પાપારંભથી વિરમેલા સાધુને નિંદતો હતો ત્યારે તું સમજણો હતો. બીજા બધા તારા મનથી અજ્ઞાની હતા. જ્યારે તું એમ બોલતો હતો કે દેવો નથી, ધર્મ નથી, તે વખતે એમ વિચારતો હતો કે મારા સિવાય બીજો કોઇ જાણકાર નથી. પશુને મારો, ભેંસને ફાડો, તેમાં પાપસંબંધ નથી, ત્યારે તું વિચારતો હતો કે મારા જેવો બીજો કોણ જાણકાર છે ? એમ બોલતો ચડચડ સર્વાંગ ફાડીને લોહી વાળું માંસ કાપી તેમાંથી બળી ફેંકતો હતો. તે પાપી જીવ પણ બહુ પાપવશથી ખેરકાષ્ટ માફક ટુકડે ટુકડારૂપે છેદાયો. પારાના રસ માફક જેનું શરીર પરિવર્તન થઇ ગયું છે એવો તે ઓગળી ગયો.

હા હા એમ વિલાપ કરતો જેની જ્વાળાઓ નીકળી રહેલી છે, તેવા અગ્નિમાં ફેંકાયો. કઠોર તાપ અગ્નિથી તપેલો, હે સ્વામી ! હું તરસ્યો થયો છું એમ બોલે છે. અહીં તે પરમાધામીઓ કહે છે કે હું પાણી લાવું છું,

લાવું છું, એમ કહી ઉકળતા સ્ફુલિંગ દુષ્પ્રેક્ષ્ય એવા ત્રાંબા સીસાના રસ લાવે છે. હવે તે સાત્ર આપતાંની સાથે અતિ ઉષ્ણ હોવાથી ગળું અને જિહ્વા દાઝી ગયાં છે એવાં તે કહે છે બસ બસ મારી તૃષ્ણા છીપી ગઇ.

હવે દયા વગરના તે પરમાધામીઓ તેને કહે છે ત્યારે માંસનો રસ પ્રિય લાગ્યો હતો. પછી ગળુ દબાવીને સાંડસા વડે કરીને હોઠો પહોળા કરી, લાલચોળ અગ્નિથી તપાવેલ લોહ ગળામાં ઘાલે છે, ત્યારે તે તેનાથી ઓગળી જતાં ભય પામી દરેક દિશામાં દોડી જાય છે કઠોર અગ્નિથી ઓગળી ગએલ તાંબુ-સીસુ તે પણ વીજળી સરખું તેનાથી વહેતી વૈતરણી નામની નદીને શીતળ જળાશય માને છે. પરમાધામીઓ નારકીઓની પાછળ યમ પુરુષ માફક દોડે છે. ત્યાં 'હણો, મારી નાખો, ભેદો, છેદો, મારું મારું છું.' એમ બોલતાં સાંભળીને દૂર દોડતાં દોડતાં વૈતરણી નદી પાસે પહોંચી અંદર કૂદકો મારે છે, તેમાં શરીર ઓગળી જાય છે. ઓગળી ગયા બાદ ફેરી શરીર બાંધે છે.

વળી તેના પ્રવાહમાં ખેંચાતાં દાઝે છે, કરુણ વિલાપ કરે છે. કોઇ પ્રકારે બહાર નીકળી જાય પણ શરીર પરિશાટન બની સર્વ અંગો ઢીલાં પડી જાય છે. હવે અગ્નિના તાપથી શેકાઇ ગએલા કલંબવાલુકા-જેમાં અણી ખૂંચી જાય અને પગમાં સેકાય તેવા કાંકરા કીનારે હોય તેવી નદી દેખે છે. અહીં ઠંડક થશે તેમ માની તે તરફ દોડે છે, ત્યાં જુવારની શેકાતી ધાણીની માફક ઉદ્વર્તન ઊંચુ નીચું થતું તેમ ધાણી માફક ભુંજાય છે. સીમિ સીમિ કરતાં ગરમ રેતીમાં ચામડાના ટુકડાની માફક દાઝે છે. તલવાર, ગદ, બરછી-ભાલા, ઘાસ સરખા પાંદડાવાળા સિલ સિલ

શબ્દ કરતા છાયડાને માનતાં અસિપત્રવનમાં છાયાની આશાએ દોડે છે. જેટલામાં બીચારા ઓચિંતા ત્યાં દોડે છે ત્યાં એકદમ મહાવાયરો વાવાથી કઠોર તીણા કાંકરા, વેગવાળા પ્રહાર, પત્થરઘાતથી મિશ્રિત એવા વાયરાથી ગરમ લુ સરખા પવન અથડાવાથી અસિપત્તવણની ડાળીઓ કંપવા લાગી, અને શસ્ત્ર સમુદાય અંગેઅંગને ભેદવા લાગ્યો.

જેમના બે હાથ પગ છેદાઈ ગયા છે, મસ્તક અને કપાળના બે ટુકડા થઈ ગયા છે, ભાલાથી પેટ ભેદાઇ ગયું છે, અંદરના આતરડાઓ લટકવા લાગે છે તે મહાદાહથી દાઝતા તમાલ પત્ર સરખા શ્યામ જળાશય દેખે છે. અને સમજે છે કે આથી કંઇ ગરમીની શાંતિ થશે. જેમાં ઠંડુ પાણી ભરેલું છે, તે તાપપીડા દૂર કરશે, એમ વિચારે છે. તેટલામાં તરવાર, ચક્ર, ઘાણ, પરૂ, ચરબી, લોહી, મૂત્રથી મિશ્રિત, અગ્નિ અંગારા મુર્મુર સમુદાયરૂપ અગ્નિ વરસે છે, તેવી રીતે પીડા પામેલા વેતાલની ગુફા સન્મુખ દોડે છે. દીન બની દોડતાં કાંટા કાંકરા રૂપ શલ્યથી ભોંકાતા દોડે છે. ત્યાં પહોંચીને પણ કોઈક વજનદાર વજ્રશિલા અથડાવાથી શરીરના ટુકડે ટુકડા થઇ ગયા છે. બીજી નરકમાં જાણે પેઠા ન હોય તેમ ગુફામાં મુખપ્રવેશ કરાવે છે.

હવે પ્રલયકાળના મેઘની ગર્જનાનો અતિ દુસ્સહ શબ્દ સાંભળીને તે અતિભય પામેલા ઊલટી દિશામાં પલાયન કરે છે. ત્યાંથી ભાગતાં ભયંકર ગુફાના તોડેલા પથરાની ભિત્તિ ભાગોથી ચૂરેચૂરા થઇ ગયા હોય તેમ ડાંગરના લોટ માફક પીસાય છે કોઈ પણ પ્રકારે ત્યાંથી છૂટી ગયા અને પૂર્વ વૈરી જાણી વૈક્રિય, સિંહ, શિયાળ, કૂતરાં, પક્ષી વડે પકડાય છે, તેનાથી ભક્ષણ કરાતાં, એક બીજા જાનવર

આમ તેમ શરીર ખેંચાતાં ન સાંભળી શકાય તેવા વિરસ-પણે ચીસ પાડતાં, કોઈ પણ પ્રકારે બાકી રહેલા શરીરથી વજનું કુડંગ તેમાં પ્રવેશ કરે છે. વેદનાથી પરાધીન ક્ષણ માત્ર તે ચિંતવે છે. હા હા અંધ મૂઢ બની મેં અકાર્યો કર્યાં. તે વખતે મને ગુરુ મહારાજે કહેલું હતું કે નરકમાં આવી ભયંકર વેદનાઓ છે, પણ મૂઢ એવા મેં તે વખતે શ્રદ્ધા ન રાખી, આજે પ્રત્યક્ષ અનુભવું છું. હા હા તે વખતે મને કહ્યું હતું કે પ્રાણી માત્રને ન મારો. પણ અધન્ય એવો હું તે વખતે તે બંધ ન કરી શક્યો, કારણ કે વિષયમાં મોહિત બનેલ હતો અરે જૂઠું ન બોલશો એમ ઉપદેશ આપતા સાધુને મૂઢ બનીને મેં કહ્યું કે "જૂઠું કોણ નથી બોલતા?'

મારા ગુરુ કહેતા હતા કે પારકું દ્રવ્ય લગીર પણ ન લેવું ત્યારે ઉત્તર આપ્યો કે મારી પાસે દ્રવ્ય જ ક્યાં છે? સાધુમહારાજ કહે છે કે પરકલત્ર-પારકી સ્ત્રી સાથે પરલોક વિરુદ્ધ આચરણ ન કરાય, તો ત્યાં હા હા કરતો અને પૂછતો કે પરલોક કેવો હોય છે. વળી ગુરુ મહારાજ કહે કે મોટો પરિગ્રહ એકઠો કરશો નહીં, તો હું કહેતો કે એના વગર અમને કેમ ચાલે? જ્યારે સાધુઓ કહેતા કે 'આટલો આરંભ ન કરો' તો હું કહેતો કે આ મારા કુટુંબને કેવી રીતે જિવાડવું? હવે અત્યારે જે કુટુંબનું તે પાપારંભ કરી પોષણ કર્યું હતું, તે તારા પાપના ભોગવટા વખતે ક્યાં ગયું? કે જેના માટે આવું દુઃખ તેં ઉપાર્જન કર્યું હતું. તે વખતે ગુરુ મહારાજ કહેતા હતા કે આ સાબર અને હરણનો ઘાત ન કર. તેમને મેં મૂઢે જવાબ આપ્યો કે આ પશુઓ ઝાડનાં ફળ અને ડાળી સરખા છે.

આમ જ્યારે ત્યાં કંઇક ચિંતવે છે ત્યારે કેટલાક ક્ષણમાત્રમાં સમ્યકત્વ પામે છે. જ્યારે બીજા મહાદુઃખથી સતત આચ્છાદિત આ પાપ ત્યાગ કરી શકતા નથી. હવે તેઓને ધમધમ કરતો પવનથી વ્યાપ્ત દવાગ્નિ પ્રગટ થાય છે, અને કુડંગને બાળી નાખવાની શરૂઆત કરે છે. ત્યાં દુઃસહ જાળાવલિથી દાઝી ગએલા અંગવાળા નારકી જીવો દુઃખીપણે નરકાવાસમાં ગાંડાની માફક ભ્રમણ કરે છે, વળી બાણુ-ભાલા ભોંકાવાથી ભયંકર, દુઃસહ અગ્નિ જવાળાથી ચારે બાજુ વ્યાપ્ત; લાલ લોહી, પરૂ ચરબીથી યુક્ત એવી નારકીમાં હંમેશા હિંડન કરે છે.

આ પ્રમાણે દુઃખની પરંપરાથી દુઃસહ, ક્ષણમાત્ર પણ જે સુખ મેળવી શકતા નથી, કરેલા દુષ્કૃત કર્મથી વિમોહિત, હવે સુખવર્જિત જીવનથી ભ્રમણ કર. સર્વથી ઓછું આયુષ્ય પ્રથમ નરકમાં દસહજાર વર્ષનું હોય છે. અને સર્વથી વધારે ૩૩ સાગરોપમનું આયુષ્ય સાતમી નારકીમાં હોય છે. આ સર્વ કહેલ દુ.ખ કેવળજ્ઞાનીએ દેખેલું છે. તેને વળી કેટલાક અજ્ઞાનીઓ ખોટું કહે છે.

કેટલાક મૂઢ અજ્ઞાની કહે છે કે સ્વર્ગ કે નરક કોણે દીઠાં? વળી બીજા એમ કહે છે કે નરક એ ભદ્રિકોએ કલ્પેલી વસ્તુ છે. જેઓ તેને જાણે છે તેઓ ત્યાં જાય છે. અમે જાણતા નથી તેથી અમો ત્યાં જતા પણ નથી. અજ્ઞાન અજ્ઞાન! ખબર પડતી નથી કે નરક શી ચીજ છે? વળી કેટલાક એમ બહાદુરીપૂર્વક બોલે છે કે જે દુઃખ ત્યાં પડશે તે સહી લઇશું. જેમ નગરના ગંધાતી ગટરના કાદવમાં ડુક્કરને ઉદ્વેગ થતો નથી, તેમ ડુક્કર સરખા જીવને સંસારની દુઃખરૂપી ગટરમાં કંટાળો આવતો નથી. શું ડુંબના બાળકને ઢોલના શબ્દથી કંટાળો આવે ખરો? નરકગતિનાં

કર્મ કેટલાકો બાંધે છે પણ જાણતા નથી. મૂઢ એવા બીજાઓ જેના ઉપર રોષ હોય તેને બતાવે છે.

વળી બીજા ચિંતવે છે કે આ પાપોથી આજે વિરમું, આવતી કાલે વિરમીશ, પરંતુ નિષ્પુણ્યક એટલામાં સાર-ભૂતધર્મ વ્યવસાયથી રહિત મૃત્યુ પામે છે હવે તું દુર્ગતિના માર્ગરૂપ પાપારંભથી અટક અટક એમ બોલતા સાધુ હાજર હોવા છતાં નરકમાં જાય છે. માટે સમજુ અને વિવેકી જે કોઇ પુણ્ય-પાપ જાણે છે, જે સુંદર કે ખરાબને જાણે છે તે આમ ભાવના ભાવે. નારકીમાં રહેલા નારકીઓ અનુભવ કરીને જે દુ:ખ જાણે છે તેને અરિહંતો જ વર્ણવી શકે. અમારા સરખા અલ્પજ્ઞાની પાસે તે કહેવાની શક્તિ ક્યાંથી હોય?

## તિર્યંચગતિનાં દુઃખો

હવે કોઇ પણ પ્રકારે ત્યાંના દુ:ખો ભોગવીને આયુષ્યને અંતે કઇક કર્મમલ બાકી રહેલ છે, ત્યારે તે તિર્યંચયોનિ કે મનુષ્યગતિમાં પ્રવેશ કરે છે. ત્યાં તે કેવાં કાર્યો કરે છે? તપનો, શીલનો ભંગ કરે, કામરાગ, રતિરાગ, લોભ, કૂટ-પણું, ખોટાં તોલમાપ, ખોટા ચલણ સિક્કા પાડવા વગેરે પાપાચરણ તે આચરે. પશુ, ભેંસ, દાસ નોકર થઇ દુ:ખમાં ક્લેશ પામે છે. પરલોકનિરપેક્ષ બની, દુ:શીલ બની લોકોને ભરખી જાય છે. આવા સર્વે સરીને, તપ ત્યાગ કર્યા વગરના તિર્યંચયોનિમાં જાય છે. દોરડાથી જેમ બળદ ખેંચાય છે તેમ તિર્યંચાનુપૂર્વી કર્મથી જીવ તિર્યંચગતિમાં જાય છે. તિર્યંચયોનિમાં ત્રસ, સ્થાવર, પર્યાપ્તા, અપર્યાપ્તા, સ્થૂલ, સૂક્ષ્મ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિ યોનિઓ ઘણા ભેદ-વિકલ્પવાળી છે. સ્થાવરો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ,

વનસ્પતિ એમ પાંચ છે. બે, ત્રણ, ચાર પાંચ ઇંદ્રિયવાળા ને જંગમ અર્થાત્ ત્રસ જીવો સમજવા.

બે પગ, ચાર પગ, પગ વગરના, પગવાળા એમ તિર્યંચના ચાર વિકલ્પો છે. પશુ-પંખી, સરીસિવ પેટથી ચાલનાર ભ્રમર મધુકરાદિ ઘણા પ્રકારો છે જળ-સ્થળ બંનેમાં ચાલનારા, આકાશમાં ઊડનારા આ દરેક તિર્યંચ ગતિના જીવોને અલ્પમાત્ર સુખ, ઘણું દુ:ખ હોય છે પૃથ્વી ખોદવી, ખણવું. વિદારણ, તપાવવું, સળગાવવું, ધમવું, બાંધવું, મરડવું. પરસ્પર એક બીજાનાં શસ્ત્ર બની અગ્નિમાં પાણી પડે ખારા પાણીમાં મીઠાં પ ણી પડે, કૂવાના પાણીમાં તળાવનાં પાણી પડે, વનસ્પતિને છરી ચપ્પુથી કાપે, તે વગેરેથી સ્થાવર જીવોને દુ:ખ થાય છે નિર્દય મનુષ્યો વાંકા કુહાડાથી વનસ્પતિઓને છેદે છે. ચુવ નો દુ:ખી થઈ ઔષધીઓ, અનાજ વગેરે લણે છે. પાણીના જીવો બીજયોનિમાં સીંચાય છે, વળી બીજા યંત્ર-પ્રયોગથી નાશ કરાય છે. નિર્દય સમર્થ દઢ બાહુદંડથી ભેદાએલ અને તલવાર કુહાડાથી કપાઇ વનસ્પતિપણામાં જંગલમાં ઘણી વખત ભૂમિપર રગદોળાયો, સખત પવનના વેગથી ભાંગી ગયેલ, ભારથી નમી પડેલી ડાળી, કડકડ શબ્દ કરતી વનમાં ઘણી વખત ભાંગી ગઈ, ધગધગ સળગતા અગ્નિની ભયંકર જ્વાળાથી જેનાં પાંદડાં સળગી ગયાં છે તેવા તડતડ કરતા અગ્નિ વડે કરીને હે રાજા તું ઘણી વખત બળી ગયો. કોઇ જગ્યા પર વજ્રસણી વીજળી પડવાથી, કોઇ જગ્યા પર પાણીના વેગથી, કોઇ જગ્યા પર હાથીની સુંઢથી વૃક્ષપણામાં હે રાજન્! તું ભગ્ન બન્યો હશે.

( કુવલયમાલા-પત્ર ૩૫. )

## મદનરેખા રાણીએ યુગબાહુ–સ્વપતિને કરાવેલી અંતિમ આરાધના

પિતાતુલ્ય મોટા ભાઇની આજ્ઞા ઉલ્લંઘવી ન જોઈએ, એમ વિચારતાં યુગબાહુ કુમાર જેટલામાં બગીચામાંથી નીકળી નગર તરફ જવા માટે તૈયારી કરે છે, તેટલામાં પાપ-અપકીર્તિ-ભયનો ત્યાગ કરી દુર્મતિવાળા મોટાભાઇ મણિરથ રાજાએ વિશ્વાસુ યુગબાહુને ગળામાં તરવારનો ઝાટકો મારી ઘાયલ કર્યો. તરવારના ઘાની વેદનાવાળો યુગબાહુ ભૂમિ ઉપર ઢળી પડયો. તે સમયે નજીક ઊભેલી મદનરેખાએ પોકાર કર્યો કે વિશ્વાસઘાત કરી ક્ષત્રિયપણું લજવ્યું. નજીકના પહેરેગીર સૈનિકો ઉઘાડી તરવારે આવી પહોંચ્યા અને શું થયું? શું થયું? એમ પૂછયું, ત્યારે મણિરથ રાજાએ કહ્યું કે "પ્રમાદથી મારા હાથમાંથી તલ-વાર પડી ગઇ અને આમ બન્યું છે, માટે નિર્ભય બનો," રાજાનું કુચેષ્ટિત સૈનિકો ન જાણતા હોવાથી તે વાત પહેરેગીરોએ માન્ય કરી. પણ પાછળથી સાચી વાત પ્રગટ થઇ.

રાજા ત્યાંથી ચાલ્યો ગયો અને યુગબાહુના મોટા પુત્રને રાજાના કુકૃત્યના અને પિતાની ઘાયલ સ્થિતિના સમાચાર આપ્યા. પુત્ર પણ શોકાકુલ બની વૈદ્યાદિકને બોલાવી બગીચામાં આવી પહોંચ્યો. અને લેપ આદિ યોગ્ય ઉપચાર કરવા લાગ્યો. પરતુ ક્ષણવારમાં ચેષ્ટાશૂન્ય મૂક બની યુગબાહુની આંખ મીંચાવા લાગી. ઘણું લોહી વહી જવાથી શરીર ફીકું પડી ગયું. હવે નજીક મૃત્યુ જાણી ગંભીરતા ધૈર્ય ધારણ કરી કાન પાસે જઇ કોમળ સ્વરથી મદનરેખા પતિને કહેવા લાગી:

"હે ક્ષત્રિયધીર! ધીરજને ધારણ કરી ચિત્તની એકાગ્રતા કરો. હે દયાસમુદ્ર! કોઇના ઉપર રોષ અત્યારે ન લાવશો. તમારા પોતાનાં કરેલાં કર્મો તમને ઉદયમાં આવ્યાં છે, એમ સમભાવ રાખી રાગ દ્વેષ કર્યા વગર ઉદયમાં આવેલાં દુઃખો શાંતિથી સહન કરો. પોતાનાં કર્મ એ જ પોતાનાં ખરા અપરાધી છે, બીજાં કોઇ પ્રાણી આમાં અપરાધી નથી. કહેલું છે કે અન્ય કે આ ભવમાં જેણે જે કર્મ કર્યું હોય તે તેણે અવશ્ય ભોગવી લેવું પડે છે, બીજા તો માત્ર ઠેકાં માફક નિમિત્તરૂપ છે. હવે અરિહંત, સિદ્ધ, નિર્ગ્રંથસાધુ, કેવળીભાષિત ધર્મના શરણને અંગીકાર કરો. હિંસાદિક ૧૮ પાપસ્થાનકોનો ત્યાગ કરો. હે મહામતિ! હવે પરલોકના શંબલ-ભાથાને સ્વીકારો. શલ્ય માફક દુ.ખ દે એવાં પોતે પહેલાં કરેલા દુરાચારની નિંદા કરો. હે સ્વામિ! સર્વ જીવોના અપરાધોને ખમાવો. બીજાએ કરેલા તમારા અપરાધની માફી આપો."

"દ્વેષ કરવાથી આત્મા પોતાનો લાભ ગુમાવે છે. માટે દ્વેષ વૈરનો ત્યાગ કરો, અને જગતના તમામ જીવો મારા મિત્રો છે તેમ ભાવના ભાવો. અરિહંત, સર્વજ્ઞ દેવને, ગુણવંત મુનિવર ગુરુને, પ્રભુએ કહેલ તારણહાર ધર્મને જિંદગી પર્યંત અંગીકાર કરો. હે મહા બુદ્ધિશાળી! જીવહિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહના ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ અંગીકાર કરો. ધન સ્વજન-પુત્ર-પ્રિયા-મિત્ર મકાન આદિ પદાર્થોમાં મમત્વ ન કરશો. પુત્રાદિક મરણ સમયે કોઇને શરણભુત બની શકતા નથી. હૃદયમાં એ વિચારો કે ધર્મ એ જ ધન-બન્ધુ-દુઃખ હરનાર, સુખ દેનાર

છે. પ્રાણીને સુખશાંતિ આપનાર હોય તો માત્ર એક ધર્મ છે. હવે ચારે પ્રકારનો આહાર તથા પાપનો ત્યાગ કરો. છેલ્લા શ્વાસોશ્વાસ સમયે દેહનો પણ હે ધીર! તમે ત્યાગ કરો. જે નમસ્કાર મહામંત્રનું નામ છેલ્લી વખતે સ્મરણ કરવાથી પાપી આત્મા પણ નક્કી દેવ થાય છે, માટે મનમાં તેને યાદ કરો." આવી રીતે મદનરેખાએ કહેલાં સર્વ વચનો મસ્તક પર બે હાથે અંજલિ રચી યુગબાહુએ સાંભળ્યાં અને સ્વીકાર્યાં, અને ક્ષણવારમાં નશ્વરદેહ છોડી પાંચમા દેવલોકમાં ઇંદ્ર સરખા સામાનિક દેવતા અંતિમ શુદ્ધ આરાધનાના પ્રભાવે થાય છે.

ખરેખર ચિંતામણિ રત્નાધિક ધર્મનો મહિમા છે. તે સમયે યુગબાહુનો મોટો પુત્ર ચંદ્રયશ પિતાના મૃત્યુથી આક્રંદ–રૂદન કરવા લાગ્યો. અને ધૈર્યવાળી મદનરેખા મનમાં વિચારવા લાગી કે ખરેખર લોભ માફક આ મારું રૂપ અનર્થનું મૂળ છે, જે રૂપને દેખી ક્ષોભિત ચિત્તવાળા રાજાએ સગાભાઈને પણ મારી નાખ્યો. ક્ષણવારમાં વિનાશ પામનાર અસારરૂપના કારણે મૂઢ એવા મોટાભાઈએ આવું અકાર્ય કર્યું. હવે આવું મહાપાપ કરનાર બળાત્કારે પણ મારું શિયળ ખંડન કરશે. તે કારણે જ એણે આ અનર્થ કરેલ છે, પરંતુ સિંહની કેસરા, સતીનું શિયળ, શેષનાગનો મણિ, પ્રાણ હોય ત્યાં સુધી કોઈ હરણ કરવા સમર્થ નથી. હવે હું વનાન્તરમાં નાસી છૂટીને પણ પરલોકનું હિત સાધીશ; નહિતર દુષ્ટ બુદ્ધિવાળો આ મારા પુત્રને પણ હણશે. એમ વિચારી સતી શિરોમણિ, ધૈર્યવતી, પતિભક્તા શિયળ રક્ષણ માટે રાજ્ય વૈભવ છોડી એકાકી નીકળી પડી.

तव नियमेण मोक्खो दाणेण य हुंति उत्तमाभोगा ।
देवच्चणेण रज्जं अणसणमरणेण इन्दत्तं ॥

તપ-વ્રત-પચ્ચખ્ખાણ વિરતિથી મોક્ષ, દાન આપવાથી ઉત્તમ ભોગોની પ્રાપ્તિ, દેવની પૂજા ભક્તિથી રાજ્યપ્રાપ્તિ અને છેવટે અનશન કરનારને ઇન્દ્રપણું પ્રાપ્ત થાય છે.

## સિંહને કરાવેલી અંતિમ આરાધના

ચંડસોમ નામના સાધુ દેવલોકમાં પદ્મચંદ્રદેવભવથી ચવી વીંધ્યાટવિમાં સિંહ થાય છે. પૂર્વભવના સંકેત અંગે મિત્રો બની પૂર્વે નક્કી કરેલ કે ગમે ત્યાં જન્મ્યા હોઈએ, પણ ત્યાં સમ્યક્ત્વ પમાડવા. એ પ્રતિજ્ઞા યાદ આવી, તેટલામાં પદ્મકેસર આવ્યો. હવે અહીં અયોધ્યા જઈ કુમાર કુવલયચંદ્રને પ્રતિબોધ કરીએ. મેં ના કહી, પ્રતિબોધ કરવાનો આ સુંદર ઉપાય નથી. જ્યાં સુધી પ્રિયબંધવના વિયોગાદિ દુઃખો પ્રાપ્ત કર્યા નથી, ત્યાં સુધી ધર્મવ્યાખ્યાન ભાવથી સાંભળતા નથી. માટે ત્યાં જઈ કુમારને વનમાં ખેંચી જા. હું ત્યાં જાઉં છું, જ્યાં ચંડસોમ સિંહ છે એકાંત અરણ્યમાં દુઃખી થયેલો, બંધુથી વિયોગ પામેલો રાજપુત્ર સહેલાઈથી સમ્યક્ત્વ પામશે.

હવે સિંહ પાસે આવીને મુનિ કહે છે:

અરે મૃગેન્દ્ર! તું હવે સમજ. તેં પૂર્વભવ વૃતાંત સાંભળ્યું. તારું વચન યાદ કરી અમે અહીં આવ્યા છીએ; માટે સમ્યક્ત્વ અંગીકાર કર. દુરાત્મા કોપથી તું આ સિંહનો ભવ પામ્યો છે. હવે એમ કર કે જેથી ભવાંતરમાં આ ક્રોધ તને હેરાન ન કરે. આ અમૃત સરખાં સુંદર વચન સાંભળી સિંહ પોતાનું લાંબુ પૂછડું હલાવતો, સાભ-

ળવા માટે કર્ણયુગલ સ્થિર કરતો, રોમાંચ અનુભવતો, સિંહ ધરણી તલથી ઊભો થયો અને મુનિ ભગવંતના ચરણકમળમાં નમન કરી ઊભો રહ્યો. નજીક ઊભા રહી અંજલિ કરી પચ્ચક્ખાણ માગવા લાગ્યો. જ્ઞાનાતિશયથી જાણી મુનિ ભગવંતે કહ્યું. " હે કુમાર! આ મૃગપતિ એમ કહે છે કે ભગવંતે મારા ઉપર મહાઉપકાર કર્યો. હવે હું શું કરું? પાપ કરનારા અમોને નિરવદ્ય પ્રાસુક આહાર ક્યાંથી મળે? અમે માંસાહારી છીએ. અમારે જીવન સંધારણ માટે કોઈ ઉપાય નથી, માટે હવે મારે જીવવું યોગ્ય નથી. તેથી હે ભગવંત! મને અણશણનાં પચ્ચક્ખાણ કરાવો." ભગવંતે સિંહને કહ્યું, " હે દેવાનુપ્રિય! આ કરવા યોગ્ય છે. તારા સરખાને આ જ યોગ્ય છે. જૈનધર્મ સમજ્યા પછી તારે હવે જીવવું વ્યાજબી નથી " એમ કહી મુનિએ અણશણ કરાવ્યું. સિંહે પણ વિનયથી મસ્તક નમાવી તે સ્વીકાર્યું. સિંહ થોડે દૂર જઇ નિર્જીવ એકાંત ત્રસ સ્થાવર જંતુરહિત સ્થાનમાં બેઠો. મનમાં સિદ્ધોનું સ્મરણ કરતો, પંચનવકારમાં પરાયણ, અસાર સંસારને ભાવતો, કર્મપરતંત્રતાને વિચારતો, દુઃશીલનું પરિવર્જન કરતો ત્યાં રહ્યો છે.

કુમાર કુવલયમાળાને પ્રતિબોધ કરવા જતાં તે સિંહને અનશન કરી બેઠેલ તેને દેખ્યો. તેને દેખી કુમાર કુવલયચંદ્રને યાદ આવ્યું, કે પૂર્વજન્મમાં ભણેલું આ સૂત્ર જે ભગવંતના વદનકમલમાંથી નીકળ્યું હતું, " જે મને જાણે છે તે ગ્લાનની સુશ્રુષા કરે છે. જે ગ્લાનની સેવા-સુશ્રુષા, વૈયાવચ્ચ કરે છે તે મને જાણે છે. આ સિંહ મારા પૂર્વભવનો સ્નેહી સાધર્મિકબંધુ છે. અમે એક આચાર્યના

શિષ્યો હતા. જરૂર તેની છેલ્લી આરાધનારૂપ વૈયાવચ્ચ કરું. નહીંતર પક્ષીઓ, શ્વાપદો, શિયાળ, કાગડા વગેરે અનશની સિંહને ઉપદ્રવ કરશે. તેમ છતાં રૌદ્ર કે આર્તધ્યાન પામી નરક કે તીર્યંચ ગતિમાં જશે. માટે જ્યાં સુધી દેવગતિ ન પામે ત્યાં સુધી સાધર્મિકબંધુ તરીકે રક્ષણ કરું. પછી દક્ષિણાપથમાં જઈશ." એમ વિચારી તે કાનમાં નવકારમંત્ર સંભળાવવા લાગ્યો, ધર્મકથા કહેવા લાગ્યો, તે આ પ્રમાણે:

હે સિંહ! દરેક જન્મમાં ઘણી વખત સમ્યક્ત્વ વગરનો મર્યો. હવે એવી રીતે મૃત્યુ પામ કે જેથી બીજી વખત મરવાનો વખત ન આવે. એમ ધર્મકથા સાંભળતો ત્રીજે દિવસે સિંહ ક્ષુધાથી દુર્બળદેહવાળો નમસ્કાર મંત્ર શ્રવણ કરતાં કરતાં મરીને સાગરોપમ સ્થિતિવાળો દેવ થયો. ત્યાં ભોગ ભોગવતો રહેવા લાગ્યો. ત્યાર પછી સિંહના કલેવરનો ત્યાગ કરી કુમાર કુવલયચંદ્ર કુવલયમાળાને પ્રતિબોધ કરવા માટે દક્ષિણ દિશા તરફ ચાલ્યો.

(પ્રાકૃત કુવલયમાળા પત્ર ૧૧૧)

## ગજસુકુમાલ મુનિ

ગજસુકુમાલમુનિ નેમિનાથ ભગવંતને બે હાથ જોડી અંજલિ કરી વિનંતિ કરે છે, "જો આપ અનુજ્ઞા આપો તો રાત્રે સ્મશાનમાં કાઉસ્સગ્ગ કરું." અનુજ્ઞા પામી સ્મશાનમાં મુનિ ગયા. ત્યાં ક્રૂરકર્મ કરનાર સસરો દુર્જન સોમિલ બ્રાહ્મણ આવી પહોંચ્યો. ગજસુકુમાળમુનિને એકાંત સ્મશાનમાં દેખી તીવ્ર ક્રોધાગ્નિથી બળી રહેલો સોમિલ વિચારે છે, કે આ ધૂતારાએ મારી સુંદર પુત્રી પરણીને અંતે પાખંડવેષ લીધો. શું આ ઉચિત કર્યું છે?

હવે આ વૈર વાળવા માટે સુંદર અવસર છે, તેમ વિચારી નિર્દય ક્રૂરકર્મીએ મસ્તક ઉપર ધગધગતા લાલ અંગારા માટીની પાળ બાંધી મૂકયા જેમ જેમ દુર્જન વધારે વધારે અંગારા મુનિના મસ્તકે ગોઠવે છે, તેમ તેમ મુનિવરનો ક્ષમારસ નીતરે છે. જેમ જેમ મસ્તકે અગ્નિ બળતો જાય છે, તેમ તેમ કર્મ બળીને રાખનો ઢગલો બને છે. મુનિવર ત્યાં આત્મા અને દેહની ભિન્નતા ભાવતાં શમ-રસમાં ઝીલતાં વિચારે છે, કે દેહ અને કર્મ બળે છે, અને મારો આત્મા તો સુવર્ણ માફક નિર્મળ બને છે. હે આત્મા! તું સ્કંદકાચાર્યના ૫૦૦ શિષ્યોને યાદ કર કે જે તલ પીલાય તેની માફક ઘાણીમાં પીલાવાની મહાવેદના છતાં સમતા-ભાવ ટકાવી સર્વકર્મક્ષય કરી અંતગડ કેવળી થયા. વાઘણે સુકોશળ મુનિને ફાડી ખાધા. આવા મરણાંત ઉપ-સર્ગમાં વિશુદ્ધ ધ્યાનથી આવા મહાપુરુષો ચલાયમાન થયા નથી, તો તેમની આગળ મારી વેદના કઈ વિસાતમાં છે? આવી વેદના પરાધીનપણે નારકીમાં ઘણી વખત ભોગવી, પણ તે ભોગવેલી નિષ્ફળ ગઈ.

હે જીવ! તું આજે સમજણમાં આ વેદના શાંતિ-પૂર્વક સહન કર, જેથી સકામ નિર્જરાથી મહાલાભ થશે. પૂર્વના મહાપુરુષો પોતાના સત્ત્વથી ચલાયમાન નથી થયા. તેમ તું અત્યારે સત્ત્વથી ચલાયમાન ન થઈશ અપ્રમત્ત-પણે ઉદયમાં આવેલાં કર્મને સ્વેચ્છાથી ભોગવી ખપાવી નાખ. જો કે તીવ્ર શરીરવેદના છે, છતાં તે કરતાં મારા મનમાં માનસિક વેદના બહુ ખટકે છે, કે આ બ્રાહ્મણ મારા નિમિત્તે દુર્ગતિનો ભાજન બન્યો. આમ ભાવના ભાવતાં ગજસુકુમાલ મુનિવર કેવળજ્ઞાન પામી શાશ્વતપદ પામ્યા. દેવતાઓએ ઉચિત કર્મ કરી નિર્વાણ-મહોત્સવ કર્યો.

## અવન્તિસુકુમાલ

આચાર્ય ભગવાન શ્રી આર્યસુહસ્તિસૂરિ મહારાજ અવંતિસુકુમાલ મુનિને દીક્ષા પછી હિતશિક્ષા આપે છે, "હે વત્સ! આ ચારિત્રરત્ન મહાપુણ્યયોગે મેળવ્યું છે. એ સ્વર્ગ અપવર્ગ મેળવી આપનાર છે માટે દીર્ઘકાલ સુધી તેનું તું અપ્રમત્તપણે પાલન કરજે" ત્યારે નવીન સાધુ કહે છે કે, "હે સ્વામી! આપ આજ્ઞા આપો તો હું આજે જ મારું ઇચ્છિત કાર્ય સિદ્ધ કરવા ઇચ્છું છું." ગુરુની આજ્ઞા મળતાં ગુરુ પાસેથી નીકળી બોરડી, કંથારી, ગોખરૂની કાંટાળી જમીન ઉપર જંગલના માર્ગે જાય છે- જતાં પગમાંથી લોહી વહી રહેલ છે. લોહીની ગંધના અનુસારે અનેક બચ્ચાંવાળી તાજી વિયાયેલી શિયાળણી ત્યા આવી પહોંચી. અને આ નૂતન મુનિના અંગને ભક્ષણ કરવા લાગી. પ્રથમ પહોરે જાનુભાગ સુધી, બીજા પહોરે સાથળ સુધી, ત્રીજા પહોરે નાભિ સુધીનુ શરીર શિયાળણીએ ભક્ષણ કર્યું, ત્યારે સ્થિરહૃદયવાળા મુનિવર પંચત્વ પામ્યા. ભાવના ભાવતાં, પીડા સહન કરતા, કોઇ પણ જીવ ઉપર કોપ ન કરતાં નવીન પુણ્ય ઉપાર્જન કરી એક દિવસના ચારિત્રના યોગે નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

## મુનિચંદ્ર રાજા

મુનિચંદ્ર રાજા કોઇક વખત અંતઃપુરમાં ચિંતવે છે, "જયાં સુધી રાણી નથી આવ્યાં ત્યાં સુધી કાઉસ્સગ્ગ ધ્યાન કરું. અર્થાત્ જયાં સુધી દીવાની શીખા છે ત્યાં સુધી કાઉસ્સગ્ગ નહીં પારીશ." એમ પ્રતિજ્ઞા કરી મીણનું પુતળું જાણે ન હોય તેમ સ્થિરતાથી કાઉસ્સગ્ગ ધ્યાનમાં

રાજા ઊભેલા છે. ત્યાં રહેલી દાસી વિચારે છે કે દીવામાં તેલ ખૂટયું છે માટે ઉમેરું, નહીંતર રાજા અંધારામાં શી રીતે રહેશે? દીવામાં દાસીએ તેલ પૂર્ણ કર્યું અને દીપશિખા વિશેષ દીપવા લાગી. જાણે કેતુગ્રહ ન હોય તેમ દીપક નિશ્ચલ બન્યો. રાજા પણ પોતાના ધ્યાનમાં દીપક સાથે જાણે સ્પર્દ્ધા કરતા ન હોય તેમ એકાગ્ર ધ્યાનવાળા બન્યા. એમ બીજા-ત્રીજા પહોરમાં પણ દાસીએ દીપકને તેલથી ભર્યો. જાણે રત્નાંકુર ન હોય તેમ ચાર પહોર સુધી અવિરામ દીપશિખા ચાલુ રહી. અતિસુકુમાર શરીરવાળા રાજા કાઉસ્સગ્ગ ધ્યાનમાં લાંબા સમય સુધી સ્થિર ઊભા રહેલા હોવાથી લોહી અંગેઅંગમાં ભરાઇ ગયું અને વેદના ઘણી થઈ, છતાં આત્માને ભાવનાથી વાસિત કરે છે.

"હે જીવ! આ વેદનાથી શરીરના અંગો લેવાયાં છે, તેમાં તને શી હાનિ છે? શરીર અને આત્મા જુદી ચીજ છે. શરીર તો કૃતઘ્ન છે. જીવને અપ્રતિષ્ઠાન નારકીમાં જે વેદનાઓ ભોગવવી પડે છે તેના અનંતમા ભાગની પણ આ વેદનાઓ નથી, બલ્કે આ વેદના સહન કરવાથી અનંતગુણી નિર્જરા જ થનાર છે. અંગભંગથી બાહ્ય પ્રાણો નીકળી જવાના છે, પરંતુ તારી પ્રતિજ્ઞાનો નિર્વાહ અખંડિત વર્તે છે." હવે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ને ધ્યાનમાં દિવસ ઊગ્યો, દીવો ઓલવાઇ ગયો. કાઉસ્સગ્ગ પારે છે પરંતુ અંગો ઝલાઇ ગયાં હોવાથી પગ ઊંચકતાંની સાથે પૃથ્વી પર ઢળી પડે છે. શ્રી પંચપરમેષ્ઠિ ધ્યાનમાં નિશ્ચલ ચિત્તવાળો આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી દેવલોક પામ્યો.

## સ્કંદકાચાર્યે ૪૯૯ શિષ્યોને કરાવેલી આરાધના

શ્રી મુનિસુવ્રતસ્વામી પાસે સ્કંદકે પાંચસો મનુષ્યો સાથે દીક્ષા લીધી. વિદ્યાભ્યાસથી અનુક્રમે બહુશ્રુત થયા.

ત્યાર પછી પાંચસો શિષ્યો સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરી રહ્યા છે. કોઇક સમયે ભગવાન મુનિસુવ્રતસ્વામિ પાસે આવી અનુજ્ઞા માગે છે કે "મારી બેનના દેશમાં બેન બનેવીને પ્રતિબોધ કરવા જાઉં ?" પ્રભુએ કહ્યું, "તને અને તારા સર્વ શિષ્યોને મારણાન્તિક ઉપસર્ગ થશે." તે સાંભળી શ્રી સ્કંદકાચાર્ય કહે છે કે "મહાનન્દસ્વરૂપ મોક્ષાભિલાષી તપસ્વીઓને ઉપસર્ગ આરાધનાસાધક થાય છે. માટે કૃપા કરી કહો કે અમો ઉપસર્ગના કારણે આરાધક થઇશું કે વિરાધક થઇશું ?" સ્વામી કહે છે કે "તારા સિવાય સર્વે આરાધક થશે. તે સાંભળી સ્કંદકાચાર્ય વિચારે છે કે આટલા સાધુઓ આરાધક થતા હોય તો તે સુંદર છે; એમ જાણી કુંભકાર નગરી તરફ સપરિવાર વિહાર કર્યો. નગરી બહાર ઉદ્યાનમાં સમોસર્યા અને તે વાત પાલક મંત્રીને ખબર પડી. પહેલાના વૈરની શુદ્ધિ માટે ગુપ્તપણે ઉદ્યાનમાં જુદા જુદા પ્રકારના હથિયારો દટાવ્યાં, અને દંડકી રાજાને એકાંતમાં કહે છે કે:-પરિસહ ઉપસર્ગથી કંટાળી સ્કંદકાચાર્ય અહીં બહાર ઉદ્યાનમાં આવ્યા છે. આ મહાવીર્ય-પરાક્રમવાળો છે. એણે સાધુવેષમાં પાંચસો સુભટોને સાથે રાખ્યા છે. ઉદ્યાનમાં શસ્ત્રસમુદાય અને ભયંકર તીક્ષ્ણ હથિયારો જમીનમાં દાટી છુપાવ્યા છે. તમો જ્યારે વંદન કરવા જશો એટલે તમને હણી તમારું રાજ્ય પડાવી લેશે.

આ વાતમાં તમને જો વિશ્વાસ ન આવતો હોય તો છુપાવેલા હથિયારોની ઉદ્યાનમાં જઇ તપાસ કરો એટલે ખાત્રી થશે. આમ મંત્રી પાલક રાજાને ભરમાવીને ઉદ્યાનમાં લઇ જઇ પોતે દાટેલાં હથિયારો બતાવે છે. એ જોઇને રાજા

ક્રોધિત બને છે, અને સર્વ મુનિઓને બાંધી પાલકને સોંપે છે. ખરેખર વિચાર વગરનાને કંઇ પણ અકાર્ય હોતું નથી. તને ઠીક લાગે તે શિક્ષા કર. બિલાડીને ઊંદર મળે અને જેમ રાજી થાય, તેમ આ સાધુ મેળવીને પાલક રાજી થાય છે, અને નગર બહાર પીલવાના યંત્રો ઘાણી તૈયાર કરાવી ત્યાં સર્વ સાધુઓને લઇ જાય છે, અને સાધુઓને કહે છે કે તમારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લો. હવે તમને સર્વને આ ઘાણી યંત્રથી પીલી નાખીશ.

ત્યાર પછી જાણ્યું છે નક્કી પોતાનું મૃત્યુ એવા ધીર સાધુઓ જીવનની આશા અને મૃત્યુની ભીતિથી રહિત, સુંદર આત્મ-ભાવનાવાળા સમ્યગ્ પ્રકારે આલોચના લઇને મૈત્રીભાવનાવાળા સર્વ મુનિવરોએ વિધિપૂર્વક પર્યન્ત આરાધના કરી. કાયરે પણ છેવટે મરવાનું છે, ધીર પુરુષને પણ મરવાનું. બંને પ્રકારે મરવાનું તો નક્કી જ છે, તો પછી સમજુ આત્માઓએ વીર ધીર બની કેમ ન મરવું ? ઇત્યાદિ ઉપદેશ આપીને સ્કંદકસૂરિએ પોતાના શિષ્યોને શરીર પરનો મમત્વભાવ દૂર કરાવ્યો.

હવે ક્રૂરાશય. ક્રૂરવાણીવાળો, ક્રૂરકર્મી, પાપી પાલકમંત્રી એક એક સાધુને ઘાણી યંત્રમાં નાખી પીલી અત્યંત ભયંકર વેદના કરવા લાગ્યો. પીલાતા એવા પોતાના શિષ્યોને દેખીને મનમાં વધારે પીડા પામે એમ ધારી દુષ્ટ બુદ્ધિવાળાએ યંત્ર નજીક સ્કંદકને બાંધી ઊભા રાખ્યા છે. પીલાતા સાધુના અંગચ્છેદ થવાથી ઊછળતી લોહીની ધારાથી સ્કંદકનું શરીર લોહીથી તરબોળ થઇ ગયું છે, છતાં પણ પીલાતા સાધુને ભગવંતની વાણીરૂપ અમૃત છાંટણાથી સમયોચિત વાક્યોવડે તે મહાનુભાવોને નિજામણા

આરાધના કરાવી. આ શરીરથી જીવ જુદો છે, જીવથી શરીર જુદું છે. આટલું સમજતો કયો ડાહ્યો-સમજુ શરીર-નાશમાં દિલગીરી કરે? એમ એ મુનિઓએ પોતાના આત્માને સમજાવ્યો.

વળી આ સમગ્ર વિપાક પોતે કરેલાં કર્મનો જ છે. સજ્જન પુરુષો કર્મ હણવાની ઇચ્છાવાળાને ઉપસર્ગ કે દુઃખરૂપ થતા નથી. બાહ્ય શરીર જે નક્કી નાશ પામવાનું છે તે શરીર માટે અંતઃકરણમાં કોપ ન કરવો, કારણ કે કોપ શાશ્વત ધર્મધનનો નાશ કરનાર છે. એ પ્રમાણે નિજા-મણા કરાવતા નિર્મલ મનવાળા મહાત્માઓ, જેઓ શત્રુ અને મિત્ર પ્રત્યે સમદૃષ્ટિવાળા છે તેઓ, ક્ષમા ધનવાળા યંત્રની પીડાને સહન કરતાં કેવળજ્ઞાન પામી અનુક્રમે સિદ્ધિનું શાશ્વતું સુખ પામ્યા.

એ પ્રમાણે અનુક્રમે ૪૯૮ મહર્ષિઓને ઘાણીમાં પીલી નાંખ્યા. હવે રહ્યા એક બાળમુનિ. સ્કંદકાચાર્યે પાલકને કહ્યું કે હે મંત્રી! આ બાળમુનિ હોવાથી તેની વેદના હું નહીં દેખી શકું, માટે પ્રથમ મને પીલ. તે સાંભળી ક્રૂર બુદ્ધિવાળા પાલકે સ્કંદકાચાર્યને વધારે દુઃખ કરવા માટે તેનાં દેખતાં જ તે બાળમુનિને પીલવાનું શરૂ કર્યું. તે બાળમુનિને પણ શાંતિથી એવી આરાધના કરાવી જેથી શુક્લધ્યાનરૂપી અમૃત ઝરણાંથી કર્મ હુતાશન શાંત બની કેવળજ્ઞાન પામી મહાનન્દસ્વરૂપ મોક્ષ પામ્યા. હવે ૪૯૯ સાધુઓને આરાધના કરાવનાર સ્કંદકાચાર્યનો વારો આવ્યો. પણ કર્મના ઉદયથી અંત સમયે મનમાં ક્રોધી બની વિચાર્યું કે આ પાપીએ સપરિવાર મારો વિનાશ કર્યો. એક બાળ-મુનિને મારા વચન ખાતર પણ ક્ષણવાર વિલંબ ન કર્યો,

તેથી ગર્વમાં પર્વત સરખો એવો આ રાજા જે મારા સમુદાયના વિનાશનું કારણ છે, અને સાધુનો વધ થતો હોવા છતાં ઉપેક્ષા કરનાર દેશવાસી લોકો એ સર્વ શિક્ષાપાત્ર છે. માટે મેં આ જિંદગીમા કરેલા દુષ્કર તપ અને ચારિત્રનું ફળ મળનાર હોય તો તેના પ્રભાવથી આ દરેકને હું ભાવિ જન્મમાં બાળનાર થાઉં. એ પ્રમાણે નિયાણું કરી દુર્બુદ્ધિવાળા સ્કંદકાચાર્ય કાળ કરી વહ્નિકુમારને વિષે મહર્દ્ધિક દેવતા થયા.

આ બાજુ સ્કંદકાચાર્યના બહેન એટલે કે તે નગરના રાજાની રાણી પુરંદરયશા વિચારે છે, કે આજે કોઇ સાધુ ગામમાં ગોચરી માટે ફરતાં કેમ દેખાતા નથી ! બીજી બાજુ સ્કંદક મુનિનું રજોહરણ જે લોહીથી ખરડાયેલું તે છૂટો પડી ગયેલ હાથ ન હોય તેમ જાણી ગીધ પક્ષીએ ચાંચમાં પકડયું અને ઊડયું. ભવિતવ્યતા યોગે તે રજોહરણ બેન બેઠી હતી ત્યાં ચાંચમાંથી સરી પડયું. તે રજોહરણ લઇ તપાસી જુવે છે તો તે પોતે આગળ તૈયાર કરેલું અને દીક્ષાસમયે ભાઇને અર્પણ કરેલ તે હતું. તેમાં કંબલરત્નનો ખંડ પણ ઓળખ્યો. તે નિશાનીથી ભાઇ વગેરે સાધુઓને હણાએલા જાણી મહાશોકને પામેલી રાજાને ઠપકો આપે છે, કે હે સાધુવૈરી ! પાપીષ્ટ હમણાં જ તું નાશ પામીશ. કારણ કે મહર્ષિઓની અને દેવતાઓની અવજ્ઞા મહાનુકસાન કરનારી છે. એમ કહી પુરંદરયશા વિચારે છે કે હવે હું પણ દીક્ષા લઉં. દુઃખસાગર એવા આ સંસારવાસથી ઉગરી જાઉં, એમ વિચારતાં, તેને દેવોએ મુનિસુવ્રતસ્વામી પાસે મૂકી, ત્યાં દીક્ષા લઈ પરલોકનું ભાથું એકઠું કર્યું.

સ્કંદકાચાર્ય દેવતાના ભવમાં અવધિથી પૂર્વભવનુ

વૃત્તાંત જાણી ક્રોધથી આખા દેશ સાથે તે નગર બાળી મૂકયું. આજે એ દંડકારણ્યથી પ્રસિદ્ધ છે.

૪૯૯ મુનિવરો માફક પંડિત મરણરૂપ આરાધના કરવી, પણ સ્કંદકાચાર્ય માફક બાળમરણરૂપ વિરાધના ન કરવી.

## શ્રી આર્યસ્કંદકની અંતિમ સંલેખના

શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહ નજીક ગુણશીલ ચૈત્યથી વિહાર કરી કૃતમંગલા નામની નગરી બહાર પધાર્યા, અહીં ઈશાન ખૂણામાં છત્રપલાશક ચૈત્ય હતું, ત્યાં દેવતાઓએ સમવસરણ રચ્યું. નગરલોકો ત્યાં પ્રભુના દર્શને જવા નીકળ્યા. નજીકમાં શ્રાવસ્તીનગરી હતી. ત્યાં કાત્યાયન ગોત્રી ગર્દભાલ પરિવ્રાજકનો શિષ્ય સ્કંદક તાપસ રહેતો હતો. તે સ્કંદક ચાર વેદ, ઈતિહાસ, નિઘંટુ, કોષ, સાંગોપાંગ શાસ્ત્રોને જાણકાર-ધારનાર પારગામી હતો. કાપિલીય શાસ્ત્ર, ગણિત, શિક્ષા, આચાર, વ્યાકરણ, છંદ, વ્યુત્પત્તિ જ્યોતિષ એવાં અનેક શાસ્ત્રોમાં તે ચતુર હતો તે જ શ્રાવસ્તિ નગરીમાં ભગવાન મહાવીરનો શિષ્ય પિંગલ જે પ્રભુવાણી સાંભળવામાં રસિક હતો, તે પિંગલ સાધુએ એકદા સ્કંદક તાપસને પ્રશ્ન કર્યો કે શું લોક અંતવાળો છે કે અંત વગરનો છે? તેવી જ રીતે સિદ્ધો સિદ્ધિ અંતવાળા કે વગરના છે? અને જીવ કેવી રીતે મરે જેથી સંસાર ઘટે અગર વધે? આ પ્રશ્નોના જવાબ આપો.

તે સમયે સ્કંદક શંકાકાંક્ષા આદિવાળો થયો, અને પિંગલક સાધુને જવાબ આપી ન શક્યો. તે વખતે નગર લોકો મહાવીર ભગવાનના સમોવસરણ તરફ જઈ રહેલા છે. ભગવાન મહાવીર આવ્યાની વાત સાંભળી સ્કંદક તાપસને વિચાર થયો કે શ્રમણ ભગવાન મહાવીર કૃતમંગલા નગરી બહાર સંયમ-તપ વડે આત્માને ભાવતા વિચરે છે,

માટે હું તેમની પાસે જઈ વંદન-નમસ્કાર કરું. તેમની પર્યુપાસના કરી આ પ્રશ્નો પૂછું, તેમાં મારું કલ્યાણ છે. સ્કંદક તાપસ મઠમાંથી ત્રિદંડ-બેસવાનું આસન, વાસણ સાફ કરવાનો કપડાનો કટકો, અંકુશક વીંટી, ગણિત્રિકા છત્ર, પાવડી, ગેરૂથી રંગેલાં વસ્ત્રો વગેરે વસ્તુઓ હાથમાં રાખી, છત્ર ઓઢી, પાવડી પહેરી, ભગવાં વસ્ત્ર પહેરી, શ્રાવસ્તિ નગરી વચ્ચે થઈને કૃતમંગલા નગરી બહાર છત્રપલાશક ચૈત્યમાં જવા વિચાર કર્યો.

તે સમયે ભગવાને ગૌતમને કહ્યું કે તું તારા પૂર્વ-સંબંધી સ્કંદક તાપસને જોઈશ. એટલામાં સ્કંદક તાપસ ત્યાં આવી પહોંચે છે ગૌતમસ્વામી પણ આવી શુભ દેખી સ્વાગત કરી પૂર્વે પિંગલક સાધુએ પૂછેલા પ્રશ્નોમાં મૂંઝાવાથી અહીં આવવું થયું છે તે પ્રશ્નો પ્રગટ કર્યા, એટલે પોતાના મનની ગુપ્ત વાત પ્રગટ થવાથી તાપસને આશ્ચર્ય અને કૌતુક થયું. અને તે વાત જાણનાર મારા ધર્મગુરુ ધર્મોપદેશક શ્રેષ્ઠ કેવળજ્ઞાન-દર્શન ધારણ કરનાર શ્રમણ ભગવાન મહાવીર છે. પછી અતિઉદાર રૂપવાળા અનેક લક્ષણોયુક્ત, ઘરેણાં વિના શોભતા શરીરવાળા મહાવીર ભગવાનને જોઈ હર્ષ પામ્યો, પ્રીતિવાળો થયો, પુલકિત બન્યો. શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરી પર્યુપાસના કરે છે. ભગવાન તેના મનમાં ઘોળાયા કરતા પ્રશ્નોનું સમાધાન કરે છે. યાવત્ કેવી રીતે મરે તો સંસાર વધે અને ઘટે?

બે પ્રકારનાં મરણ: બાળ અને પંડિત. બાળમરણના બાર ભેદ તે આ પ્રમાણે:-તરફડતા મરવું, પરાધીનતાથી રીબાઈને શરીરમાં શસ્ત્રાદિક શલ્ય પેસી જાય અગર, સાચા

ધર્મથી ભ્રષ્ટ થઇ મરવું, જે ગતિમાં મર્યા ફરી તે જ ગતિમાં જવું, પહાડથી પડી, ઝાડ ઉપરથી પડી, ડૂબીને, અગ્નિમાં પેસી, ઝેર ખાઇ, બંદુક વગેરે હથિયારથી, ફાંસો ખાઇ, ગીધાદિક ફોલી ખાય તે રીતે મરવું ઇત્યાદિક પ્રકારે મરતો જીવ અનંત વખત નારકીભવ પામે છે. ચારે ગતિમાં મરતો પોતાના ભવ વધારે છે.

પંડિતમરણ એટલે શું ? તે બે પ્રકારનાં. પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. પ્રથમ તે ઝાડ માફક સ્થિર રહી મરવું. બીજું તે ખાન-પાનના ત્યાગ કરવારૂપ મરણ. વળી પાદપોપગમન બે પ્રકારનું. જે મરનારનું શરીર બહાર કાઢી સંસ્કાર કરવામાં આવે તે નિર્હારિમ મરણ; તેથી ઊલટું પ્રતિકર્મ વગરનું તે અનિર્હારિમ મરણ. ભક્તપ્રત્યાખ્યાન મરણ પણ ઉપર પ્રમાણે બે પ્રકારનું. નિર્હારિમ અને અનિર્હારિમ. આ બંને પંડિતમરણ પામનાર ભવસંસાર ઘટાડે છે. અનંતભવને પામતો નથી. આ પ્રમાણે મરનારનો સંસાર ઘટે છે.

પછી ભગવાનના મુખથી સ્કંદક તાપસે હર્ષપૂર્વક ધર્મશ્રવણ કરી, ઊભા થઇ પ્રદક્ષિણા કરી કહ્યું કે "હું નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા પ્રતીતિ રાખું છું. મને રુચિ તેની જ છે. તેનો હું સ્વીકાર કરું છું. નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે, સંદેહ વગરનું છે, ઇષ્ટ પ્રતીષ્ટ છે." એમ કહી ભગવંતને વંદન-નમસ્કાર કરે છે પછી ઇશાન ખૂણામાં જઇ ત્રિદંડ આદિ તાપસ ઉપકરણને એકાંતમા છોડી દીધાં, અને ભગવાન પાસે આવી સ્કંદક આ પ્રમાણે કહે છે:-

"હે ભગવંત ! ઘડપણ-મૃત્યુ આદિ દુઃખથી આ લોક સળગી રહેલ છે. સળગતા મકાનમાંથી જેમ માણસ

કિંમતી અને અલ્પ વજનદાર સામાન લઇ બહાર નીકળી, એકાંત નિરૂપદ્રવ સ્થાને જાય છે. કારણ બચેલો સામાન મને આગળ હિતરૂપ, સુખરૂપ, કુશળ અને કલ્યાણ કરનાર થશે, તેમ મારો આત્મા પણ તેવા સામાનરૂપ છે. તેની કાળજી-સંભાળ કરું. આત્મા મને ઇષ્ટ, કાન્ત, પ્રિય સુંદર, મનગમતો, સ્થિરતાવાળો, વિશ્વાસપાત્ર, સમ્મત, અનુમત, બહુમત, ઘરેણાંના ડાબડા જેવો છે. માટે તેને ટાઢ, તડકો, ભૂખ, તરસ, ચોર, વાઘ, સર્પ, ડાંસ, મચ્છર, વાતપિત્ત, સળેખમ, સન્નિપાત અનેક પ્રકારના રોગો, જીવલેણ દરદો તથા પરિસહ ઉપસર્ગો નુકશાન ન કરે અને પૂર્વોક્ત વિઘ્નોથી બચાવી લઉં તો મારો આત્મા પરલોકમાં હિત સુખ કુશળ પરંપરાએ કલ્યાણરૂપ થાય. માટે હું આપની પાસે પ્રવજ્યા-દીક્ષા લઉં, મુંડિત થઉં, પડિલેહણાદિક ક્રિયાઓ શીખું, સૂત્ર અર્થો ભણું. તથા મને આપ આચાર-વિનય, તેનાં ફળ, ચારિત્ર, આહારના દોષોને કેમ ટાળવા અને સંયમયાત્રા અને તેના નિર્વાહક આહાર નિરૂપણરૂપ ધર્મને કહો. તેમ ઇચ્છું છું."

પ્રભુએ ઉત્તમ આત્મા જાણી સ્કંદકને દીક્ષા આપી અને ધર્મ કહ્યો કે "હે દેવાનુપ્રિય! જયણાથી જવું, બોલવું, ઊઠવું, બેસવું, પ્રાણભૂત જીવ સત્ત્વો વિષે સંયમ-પૂર્વક વર્તવું. એ બાબતમાં લગીર આળસ ન કરવી." ભગવાનની આજ્ઞા પ્રમાણે સ્કંદક મુનિ સંયમ પાલન કરે છે. તેમાં જરાપણ આળસ કરતા નથી. ચાલવામાં, બોલવામાં, ખાનપાન લાવવામાં-લેવામાં, સામાન-ઉપકરણને લેવા-મૂકવામાં, પેશાબ કરવો, જંગલ જવું, લઘુ-વડી નીતિ કરવામાં, મુખ-કંઠ, નાસિકા-કાન, શરીરનો મેલ

પરઠવવામાં સાવધાનતાવાળા, મન, વચન, કાયાની ક્રિયામાં, સાવધાનતાવાળા, મન, વચન, કાયા, ઇન્દ્રિયોને વશ રાખનાર, ગુપ્ત બ્રહ્મચારી. ત્યાગી, સરળ, ધન્ય, ક્ષમાથી સહન કરનાર, જિતેન્દ્રિય, નિયાણું ન કરનાર, ઉતાવળ વગરના, સંયમ સિવાય બીજામાં મન નહીં રાખનાર, સુંદર ચારિત્રમાં લીન, દાન્ત એવા સ્કંદક અણગાર નિર્ગ્રંથ પ્રવચનને આગળ કરી વિચરે છે, અને સ્થવિરો પાસે ૧૧ અંગો ભણે છે. પછી માસિક ભિક્ષુપ્રતિમા વહન કરે છે. સૂત્રાનુસાર આચાર-માર્ગને અનુસાર સત્યતાપૂર્વક કાયાવડે સ્પર્શે છે, શોભાવે છે, પૂર્ણ કરે છે. કીર્તન કરે છે અને આજ્ઞાપૂર્વક આરાધે છે. પછી બે મહિનાની ભિક્ષુપ્રતિમા ધારણ કરવા ઇચ્છું છું. તેવી પ્રભુ પાસે અનુજ્ઞા મેળવી બાર ભિક્ષુપ્રતિમાનુ સૂત્રાનુસારે આરાધન કરી ગુણરત્ન સંવત્સર તપ કરવાની આજ્ઞા માગે છે. ' હે દેવાનુપ્રિય ! સ્કંદક અણગાર ! જેમ ઠીક પડે તેમ કરો. આવા ધર્મકાર્યમાં ઢીલ ન કરવી. " પછી તે તપ ધારણ કરી વિચરે છે.

ગુણરત્ન સંવત્સર તપનો વિધિ આ પ્રમાણે: પહેલા મહિનામા નિરંતર ઉપવાસ કરવા, અને દિવસે સૂર્યની સામા નજર માંડી તડકાવાળી જગ્યામાં ઉભડક બેસી રહેવું. રાત્રે વસ્ત્ર વગર વીરાસને બેસી રહેવું. એ પ્રમાણે બીજે મહિને નિરંતર છઠ્ઠ કરવા; દિવસે સૂર્ય સામે તડકામાં ઉભડક બેસી રહેવું; રાત્રે આગળ કહ્યુ તેમ વસ્ત્ર વગર વીરાસને બેસી રહેવું. ત્રીજે મહિને અઠ્ઠમ, ચોથે મહિને ચાર ચાર ઉપવાસ, પાંચમે મહિને પાંચ પાંચ ઉપવાસ એમ આગળ આગળના મહિને ઉપવાસ વૃદ્ધિએ સોળમે મહિને સોળ સોળ ઉપવાસ નિરંતર કરવા, અને દરરોજ સૂર્યની

સામે નજર, તડકાવાળી જગ્યામાં ઉભડક બેસી તડકો લેવો, તથા રાત્રીએ કાંઇ પહેર્યા ઓઢ્યા વગર વીરાસને બેસી રહેવું. આ પ્રમાણે સ્કંદક અણગારે સૂત્રાનુસાર ગુણરત્ન સંવત્સર નામના તપ કર્મને પૂર્ણ કર્યો. પછી ભગવાન પાસે આવી વંદન નમન કરી અનેક ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ ચાર પાંચ ઉપવાસ કરવારૂપ અને માસ-અર્ધમાસખમણ-રૂપ વિચિત્ર તપ કર્મવડે આત્માને ભાવતા વિચરે છે.

પૂર્વે જણાવેલા પ્રકારના ઉદાર વિપુલ કલ્યાણ-શિવ-ધન્ય-મંગળરૂપ શોભાયુક્ત ઉત્તમ ઉજ્વળ સુંદર મોટા પ્રભાવવાળા તપકર્મથી શરીર સૂકાઇ ગયું, રૂક્ષ થયા, માંસ-રહિત હાડકાં-ચામડાથી ઢંકાએલા, ચાલે ત્યારે હાડકાં ખડખડ થાય, અને બધી નસો ઉપર દેખાય એવા તપથી દુર્બળ બની ગયા. માત્ર પોતાના આત્મબળથી જ ગતિ અને સ્થિતિ કરે છે બોલવા જેટલી પણ તાકાત રહી નથી. જેમ કોઇ સૂકા લાકડાં, સૂકાં પાંદડાં કે સકા પદાર્થથી ભરેલી સગડી હોય, એરંડાના લાકડા કે અંગારાથી ભરેલી સગડી હોય, તે સગડીઓને તડકે સૂકવ્યા પછી ઘસડવામાં આવે ત્યારે અવાજ કરતી ગતિ કરે છે, એ જ પ્રમાણે સ્કંદક અણગાર પણ જ્યારે આત્મબળથી ચાલે છે, ત્યારે હાડકાના ખડખડ શબ્દ થાય છે. સ્કંદક મુનિ તપથી પુષ્ટ, માંસ લોહીથી ક્ષીણ, રાખમાં છુપાએલ અગ્નિ પેઠે તપવડે, તેજ-શોભાવડે બહુ બહુ શોભતા હતા. કોઇક વખતે સ્કંદક અણગારને રાત્રે જાગતાં ધર્મનો વિચાર કરતાં આ પ્રમાણે મનોરથ થયો: "મારી આવી દુર્બળ શરીરાવસ્થામા મને ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ પણ છે, અને જ્યાં સુધી મારા ધર્મોપદેશક-ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીરપ્રભુ વિચરે છે ત્યાં સુધીમાં હું મારું

અંતિમ કલ્યાણ સાધી લઉં. માટે આવતી કાલે સવારે સૂર્યોદય થયા પછી શ્રમણ ભગવાન મહાવીર પાસે જઈ વાંદી, નમી, પર્યુપાસના કરી. અનુમતિ લઇ પાંચ મહાવ્રતો ફરીથી ઉચ્ચરી. સાધુ સાધ્વીઓને ખમાવી, યોગ્ય સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે ધીમે ચડી, શ્યામ કાંતિવાળા, દેવોને ઊતરવાના ઠેકાણારૂપ, પૃથ્વીશિલા પટ્ટકનું પ્રતિલેખન કરી, ઉપર ડાભનો સંથારો પાથરી આત્માને સંલેખના અને ઝોષણાથી યુક્ત કરી ખાનપાનનો ત્યાગ કરી, વૃક્ષમાફક સ્થિર રહી મારે કાળ-મરણની આકાંક્ષા ન કરતાં વિચરવું જોઇએ. એમ વિચાર કરી ભગવાન પાસે આવે છે.

ભગવાન પણ રાત્રે કરેલ મનોરથ પ્રગટ કરતાં કહે છે, તને આવા પ્રકારનો મનોરથ થયો છે, તો શુભધર્મકાર્યમાં વિલંબ ન કરવો. પ્રભુની અનુમતિ મેળવી હર્ષિત થયા. ઊભા થઇ પ્રદક્ષિણા દેઇ સ્વયં પાંચ મહાવ્રતો આરોપે છે, સાધુ-સાધ્વીઓને ખમાવી તેવા યોગ્ય સ્થવિરો સાથે વિપુલગિરિ ઉપર ધીમે ધીમે ચડી પૃથિવીશિલા પટ્ટકને ચારે બાજુ તપાસે છે. લઘુ-વડીનીતિ કરવાના સ્થાનને તપાસે છે. પછી ડાભનો સંથારો પાથરી, પૂર્વ દિશામાં મુખ રાખી, પર્યંકાસને બેસી, દશે નખ સહિત બંને હાથ ભેગા કરી, માથા સાથે અડકાડી આ પ્રમાણે બોલ્યા કે:– “ અરિહંત ભગવંત યાવત અચળ સ્વરૂપને પ્રાપ્ત થયેલાઓને નમસ્કાર થાઓ. અચળ સ્થાન મેળવવાની ઇચ્છાવાળા મહાવીર ભગવંતને નમસ્કાર થાઓ. ત્યા રહેલા મહાવીરને અહીં રહેલો હું વાંદું છું. અહીં રહેલા મને જુઓ. ” પ્રભુને વંદી નમી આમ બોલ્યા કે: “ પહેલા

ભગવાનની પાસે મેં કોઈ પણ જીવોનો વિનાશ ન કરવો, દુઃખ ન દેવું, તેવો જિંદગી સુધીનો નિયમ લીધો હતો. બીજાં મહાવ્રતો વગેરે સમ્યક્ત્વ સહિત જિંદગી સુધીનાં અંગીકાર કર્યાં હતાં. હમણાં પણ તે નિયમનું પુનરુચ્ચારણ કરી તથા સર્વ પ્રકારનાં ખાવાનાં-પીવાનાં, ચારે પ્રકારનાં આહારનાં જિંદગી પર્યંતના પચ્ચખાણ કરું છું. આ ઇષ્ટ કાંત પ્રિય શરીરને પણ મરવાની ઘડીએ ત્યાગ કરી દઇશ." એમ સંલેખના ઝુષણા કરી આહારાદિનો ત્યાગ કરી કાળની રાહ જોયા વગર વિચરે છે.

એ પ્રમાણે આર્ય સ્કંદક અણગાર સામયિકાદિ અગિયાર અંગો ભણી, બાર વર્ષ સાધુપણું પાળી, એક મહિનાની સંલેખના કરી, કાળધર્મ પામ્યા. પછી સ્થવિરોએ ભગવંતની પાસે પાછા આવી પૂછયું કે "આલોચન પ્રતિક્રમણ કરી તેઓ સમાધિ પૂર્વક કાળ કરી કયાં ઉત્પન્ન થયા?" ભગવંતે કહ્યું, "બાવીશ સાગરોપમવાળી જેની સ્થિતિ છે તેવા બારમા અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયા છે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઇ સર્વ દુઃખોનો વિનાશ કરશે."

(ભગ૦ શતક ૨ ઉદ્દેશો ૧)

## શ્રીવજ્રસ્વામી, તેમના ૫૦૦ શિષ્યો તથા બાળમુનિની અન્તિમ સાધના

છેલ્લા દશપૂર્વી યુગપ્રધાન શ્રી વજ્રસ્વામી એવા વૈરાગ્યવાળા હતા કે એક રાત્રી જેઓ તેમના સાથે એક ઉપાશ્રયમાં સંથારો કરે તો તેમને અનશન કરવાની ઇચ્છા થાય. તેથી કરી આર્યભદ્રગુપ્તાચાર્યે શ્રી વજ્રસ્વામી પાસે

વાંચના લેવા જતાં શ્રી આર્યરક્ષિતને ઉત્તમાર્થ આરાધના કરાવવા રોકયા, અને ભાવીશાસનમાં અનેકને ઉપકારી થવા- યોગ્ય હોવાથી ભલે વાંચના તેમના પાસે લેજો, પણ એક વસ્તિ-મકાનમાં સંથારો ન કરશો. તેવા શ્રી વજ્રસ્વામી અંતસમય નજીક જાણી વિચાર કરે છે કે દીર્ઘકાળ સંયમ પાળી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરી. હવે આરા- ધના પતાકા ફરકાવવાનો સમય નજીક આવ્યો જાણી તેમજ નજીકના કાળમાં બાર વરસનો ભાવિ મહાભયંકર દુષ્કાળ આવવાનો જાણી, વજ્રસેન નામના એક શિષ્યને દૂર દેશા- ન્તરમાં વિહાર કરાવ્યો અને કહ્યું કે જે દિવસે લાખ રૂપિયા ખરચી ભોજન રંધાતું દેખે તે પછીના બીજે દિવસે સુકાળ થશે.

હવે ગામ, ખાણ, નગર, શહેર વગેરે સ્થળોમાં અન્નની કથા માત્ર રહેલી છે. ક્ષુધાથી ભુખ્યો તરસ્યો લોક હમેશાં આકુળવ્યાકુળ બની ગયો છે. ભીખારીઓ ભીખારીઓને પણ બળાત્કારથી લુંટી લે છે. નગરની શેરી અને માર્ગો હાડપિંજરોથી બીભત્સ બની ગયાં. માતા બાળકનો અને બાળકો માતાનો ત્યાગ કરે છે. યુવાન પુત્રો વૃદ્ધ પિતાનો ત્યાગ કરે છે. લોકો માંસભક્ષી બની ગયા. શ્વાન, કાગડા, ગીધ, સમડી આદિને સુકાળ બની ગયો. આવા ભયંકર દુષ્કાળ સમયમાં ભગવાન વજ્રસ્વામી વિદ્યાબળથી હંમેશાં ગમે ત્યાંથી આહારપિંડ લાવી સાધુને આપે છે, હવે તો તેવા ભક્તિવાળા શ્રાવકોને ત્યાંથી પણ આહારપિંડ પણ દુર્લભ થયા તેથી સાધુઓને ઉદ્દેશી કહ્યું જો તમારે સંયમસાપેક્ષ બનવું હોય તો આહાર ત્યાગરૂપ ભક્તપ્રત્યાખ્યાન કરો. ત્યારે વિનયવંત સાધુઓ પણ કહે છે કે ભોજનથી સર્યું, આરાધના વિધિથી સદ્ધર્મની સાધના કરીશું.

ત્યારબાદ પાંચસો સાધુના પરિવાર સાથે તેઓ એક પર્વત પાસે આવી પહોંચ્યા. પર્વતક્ષેત્રના અધિષ્ઠાયક દેવીની રજા માંગી, દેવગુરુના સ્મરણમાં તલ્લીન બની પરમ વૈરાગી બન્યા. ભગવંતે પણ બધા પરિવારને અમૃત સરખી વિશુદ્ધ ધર્મદેશના આપવાદ્વારા સર્વ સાધુઓને મહાસમાધિમાં સ્થાપન કર્યા. સર્વે આલોચણા લેવાપૂર્વક અનશનવિધિ કરી સુવિશાલ પર્વતશિલા ઉપર મેરુ માફક નિષ્કંપ આરૂઢ થયા. હવે અહીં આવતાં માર્ગમાં એક નાના સાધુને કહ્યું કે તું હજુ બાળસાધુ છે, માટે તું આ નગરમાં રોકાઇ જા. બાળસાધુ નથી રોકાતો, છતાં પણ તેને પાછા વળાવીને તે ગામમાં મૂકીને બધા સાધુ પર્વત પર ગયા. બાળસાધુ તો સાધુઓની પાછળ પાછળ આવી તળેટીમાં બીજા સાધુ ન જાણે અને ન દેખે તેમ અનશન કરી બેઠા. જો આ સાધુઓ મને દેખશે તો તેમનું મન સમાધિમાં નહીં રહે; તેથી તેમને ન દેખાય તેમ તે અનશન સ્વીકારી રહે છે.

ઉનાળાના મધ્ય દિવસે શિલાઓ અતિ તપેલી હતી. તેના ઉપર બેઠેલા બાળસાધુની કાયા માખણ જેમ ઓગળી જાય તેમ પીગળી ગઇ. બાળમુનિ ઉત્તમ આરાધના કરી ત્યાંથી દેવલોક પામ્યા એટલે તળેટીમાં દેવતાઓ આવી વાજિત્રના નાદપૂર્વક મહોત્સવ કરે છે. આ વાજિત્ર મહોત્સવના શબ્દો સાંભળી પેલા ઉપર ગએલા અનશની બધા સાધુઓ ચમત્કાર પામે છે, અને 'આ છે શું?' એમ વિચારે છે જ્યારે બાળમુનિ અન્તિમ સાધના સાધી ગયા એમ જાણીને દરેક સાધુઓ બમણા વૈરાગ્યવાળા થયા, અને શ્રદ્ધા-સંવેગમાં પણ વૃદ્ધિ પામ્યા, અને દૃઢમનવાળા થઇ

વિચારે છે કે નાના બાળકે આપણા પહેલાં ઉત્તમ અર્થ સાધ્યો, સાધુધર્મનો પરમાર્થ બાળકે સાધ્યો તો આપણે તો લાંબા કાળના દીક્ષિત. આપણે કેમ ન સાધી શકીએ?

એટલામાં ત્યાં આગળ કોઇ પ્રત્યનિક દેવતા શ્રાવિકાનું રૂપ વિકુર્વીને ઉપસર્ગ કરે છે કે કૃપા કરી તમો સર્વે આ તૈયાર એવા સીઠાઈથી પારણું કરો. એટલે શ્રી વજ્રસ્વામીજીએ વિચાર્યું કે આપણા અહીં રહેવાથી આ અધિષ્ટાયક દેવીને અપ્રીતિ થાય છે એમ જાણી, નજીકના બીજા પર્વત ઉપર સપરિવાર ગયા. ત્યાં જઈ ક્ષેત્ર દેવતા માટે કાઉસ્સગ્ગ કર્યો એટલે પ્રત્યક્ષ થઈ ક્ષેત્ર દેવતા સાધુઓને વંદન કરી કહે છે કે 'હે મુનિઓ, આપ નિર્વિઘ્ને અંતિમ સાધના સાધો. આપે અહીં પધારી મારા ઉપર કૃપા કરી છે. અતિમોટા વિશાળ શિલાપટ્ટ ઉપર યથાયોગ્ય સાધુઓ રહ્યા. અને વજ્રસ્વામી મુનિકુંજર પણ અનશન કરી રહેલા છે. ઇંદ્ર મહારાજા રથમાં બેસી તે પર્વતની પ્રદક્ષિણા કરે છે. તે પર્વત પર ઊગેલાં વૃક્ષો પ્રદક્ષિણા ફરતા રથથી વામન બની ગયાં. આજે પણ તે પર્વત ઉપર વૃક્ષો નાના રૂપે જ રહેલાં છે. લોકોએ એ પર્વતનું રથાવર્ત એવું ગુણનિષ્પન્ન નામ પાડ્યું, અત્યારે ક્યાં છે! કે જ્યાં શ્રી વજ્રસ્વામીએ આરાધના કરી. તે સર્વ સાધુઓ ગુરુ સાથે મહા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા અને દેવલોકે ગયા.

( ઉપદેશમાળા–દોઘટ્ટી ટીકા. પત્ર ૨૧૮ )

## શ્રમણ ભગવંત મહાવીરના જીવે નંદનમુનિના ભવમાં કરેલી અંતિમ સાધના

આ ભરતક્ષેત્રને વિષે છત્રા નગરીમાં જિતશત્રુ રાજા-ભદ્રાદેવી સહિત રાજ્ય કરતો હતો. તેમના નંદન નામના

રાજપુત્રે ચોર્યાસીલાખ વર્ષ ગૃહસ્થપણું પાળી પછી વિરક્ત બની પોટ્ટિલાચાર્ય પાસે ચારિત્ર અંગીકાર કર્યું. મહિના મહિનાના ઉપવાસ કરી ( એક દિવસ પારણું કરી પાછા ઉપરાઉપરી માસખમણ કરી ) વીશસ્થાનક તપની અનુપમ આરાધનાપૂર્વક ગામ નગરાદિકમાં ગુરુ સાથે વિહાર કરે છે. ઉત્તમ ધ્યાન, સ્વાધ્યાય, સમિતિ, ગુપ્તિ, પાંચ ઇંદ્રિયોનું દમન, છકાય જીવનું રક્ષણ, નવગુપ્તિવાળા, દશવિધ યતિધર્મનું પાલન, અગિયાર અંગ ધારક, બાર પ્રકારનું તપ સેવન, દુઃસહ પરિસહ ઉપસર્ગ સહિષ્ણુ, કોઇ પણ પ્રકારની ઇચ્છા વગરના એવા નન્દનમુનિએ એક લાખ વર્ષ સુધી નિરંતર આંતરા વગર માસખમણો કર્યાં. અને તેના પ્રભાવે તીર્થંકર નામ બાંધ્યું, નિષ્કલંક નિરતિચાર ચારિત્ર પાળી આયુપર્યન્ત સમયે નીચે પ્રમાણે આરાધના સાધી.

કાલાદિક આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે, તેમાં કોઇ અતિચાર લાગ્યો હોય તેની ત્રિકરણ નિંદા કરું છું. નિઃશંકિતાદિ આઠ પ્રકારનો દર્શનાચાર તેમાં કોઇ અતિચાર સેવાયો હોય, જે સૂક્ષ્મ કે બાદર, મોહથી કે લોભથી હિંસા કરી હોય, હાસ્ય-ભય-લોભ-ક્રોધાદિ કારણે જૂઠું બોલાયું તે સર્વની નિંદા કરું છું, અને તેનું પ્રાયશ્ચિત્ત કરું છું. થોડું કે વધારે વગર આપેલું દ્રવ્ય કયાયથી રાગ કે દ્વેષથી ગ્રહણ કર્યું હોય તે ત્રણે પ્રકારે વોસિરાવું છું. ઘણા પ્રકારનાં ધન, ધાન્ય, પશુ, ખેતર, મકાન આદિના પરિગ્રહ લોભથી મેં કર્યાં હોય તે, તેમજ પુત્ર, સ્ત્રી, મિત્ર, બન્ધુ, ઘર, ધન કે તેવા પદાર્થોમાં જે મમત્વ કર્યું હોય તે સર્વ વોસિરાવું છું. ઇન્દ્રિયોને આધીન બની જે ચારે પ્રકારનો આહાર મેં રાત્રે આરોગ્યો હોય તેને ત્રિકરણયોગે નિન્દુ છું. ક્રોધ, માન,

માયા, લોભ, રાગ, દ્વેષ, કજિયો, ચાડી, પારકી નિંદા, ખોટું આળ, ઈત્યાદિ ચારિત્રાચારમાં જે દુષ્ટ આચરિત સેવન કર્યું હોય તે ત્રિકરણયોગે વોસિરાવું છું. બાહ્ય અભ્યંતર તપને વિષે જે અતિચાર સેવ્યા હોય, ધર્માનુષ્ઠાનમાં જે વીર્ય ગોપવ્યું હોય તે વીર્યાચારના અતિચારને નિન્દું છું. કોઈને હણ્યો-માર્યો હોય, ખરાબ વચન કહેવાયું, કોઈનું કાંઈ હરણ કર્યું, કોઈને અપકાર થયો તે સર્વ મને ક્ષમા આપો. જે કોઈ મિત્ર, શત્રુ સ્વજન કે પરજન તે સર્વ મને ક્ષમા આપો. હું સર્વ તરફ સમભાવવાળો છું. તિર્યંચમાં, નારકીમાં દેવલોકમાં, મનુષ્યમા જે કોઈને દુઃખમાં સ્થાપન કર્યો હોય તે સર્વ મને ખમજો. તે સર્વને વિષે મને મૈત્રી છે. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ, પ્રિયસમાગમાદિ તે સર્વ જેમ મહાવાયરાથી સમુદ્રના તરંગો તે માફક ચલ છે. વ્યાધિ, રોગ, જન્મ, વૃદ્ધાવસ્થા, મરણ, રાજભય આદિ દુઃખગ્રસ્ત આત્માઓને જિનોક્ત ધર્મ સિવાય બીજુ કોઈ શરણ નથી. સર્વે જીવો સ્વજનો અને પરજનો તરીકે પૂર્વે થયેલાં છે. તેવા ઉપર લગીર પણ મમત્વભાવ કોણ કરે? જીવ એકલો જ જન્મે છે. એકલો જ મરે છે. સુખ પણ એકલો જ ભોગવે છે. દુઃખ પણ એકલો જ ભોગવે છે. આ શરીર જુદું છે તેમ જ ધનધાન્યાદિ પણ આપણા નથી. બંધુઓ, સગા-સંબંધીઓ અન્ય છે. જીવ પણ અન્ય છે. ફોગટ જીવ મૂર્ખાઈથી મૂંઝાય છે. ચરબી, લોહી, માંસ, હાડકાં, વીર્ય, રુધિર, મૂત્ર, વિષ્ટાથી ભરેલા અને અશુચિનું સ્થાન એવા શરીરમાં કયો ડાહ્યો મૂર્છા કરે? ભાડે લીધેલા ઘર માફક લાલન-પાલન કરેલું હોવા છતાં ક્ષણવારમાં આ શરીર છોડવું પડશે. ધીરતાથી કે કાયરતાથી જીવે અવશ્ય મરવાનું તો નક્કી જ છે, તો પછી બુદ્ધિશાળી એવી રીત મરે જેથી ફરીથી મરવાનો વખત ન આવે.

અરિહંતો મને શરણભૂત થાઓ. સિદ્ધ ભગવંતો, સાધુ ભગવંતો કેવલિકથિતધર્મ મને શરણરૂપ થાઓ. જૈનધર્મ મારાં માતા, પિતા, સાધુઓ, સહોદરો, સાધર્મિકો સગા-સંબંધીઓ છે. તે સિવાય સર્વ આળજંજાળ છે. ઋષભાદિ તીર્થંકર ભગવંતોને, ભરતઐરવત મહાવિદેહના અરિહંતોને ભાવથી નમસ્કાર કરું છું. તીર્થંકર પરમાત્માને કરેલ નમસ્કાર જીવોને ભવક્ષય માટે તથા ભવાંતરમાં સમ્યક્ત્વ મેળવી આપનાર થાય છે.

શુભ ધ્યાનરૂપી અગ્નિવડે લાખો ભવના કર્મેન્ધનો જેમણે સર્વથા બાળી નાખ્યાં છે, તેવા સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ. જેઓ શાસન પ્રવચનને ધારણ કરનારા, ભવચ્છેદ માટે સતત ઉદ્યમવાળા, પાંચે પ્રકારના આચાર ધારણ કરવાવાળા આચાર્ય ભગવંતોને નમસ્કાર હો. જેઓ સર્વશ્રુતને ધારણ કરે છે અને શિષ્યોને ભણાવે છે તેવા ઉપાધ્યાયજી મહારાજને નમસ્કાર હો. લાખો ભવનું બાંધેલું પાપ જેઓ નાશ કરે છે, તેવા શીલ વ્રતવાળા સાધુ મહાત્માઓને નમસ્કાર હો. પાપવાળા મન વચન કાયાના યોગોને બાહ્ય અભ્યંતર પરિગ્રહને જાવજ્જીવ ત્રિવિધ ત્રિવિધ હું વોસિરાવું છું. ચારે પ્રકારના આહારને જિંદગી-પર્યંત તથા છેલ્લા શ્વાસોશ્વાસે શરીરને પણ હું વોસિરાવું છું. ૧. દુષ્કૃતની નિંદા, ૨. જીવોને ખમાવવા, ૩. બાર પ્રકારની ભાવના, ૪. ચાર શરણ, ૫. નમસ્કાર, ૬. અનશનરૂપ છ પ્રકારની આરાધના કરી નંદન મુનિએ ધર્માચાર્યને, સાધુ-સાધ્વીને સર્વ પ્રકારે ખમાવ્યા. સાઠ દિવસ અનશન પાલન કરીને સમાધિપૂર્વક પચ્ચીશ લાખ વર્ષનું આયુ પૂર્ણ કરી મમતા રહિતપણે મૃત્યુ પામ્યા. ત્યાંથી

પ્રાણત નામના દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા. ત્યાંથી છેલ્લાં તીર્થંકર થયા. શ્રી વર્દ્ધમાનસ્વામી, જે આપણા નજીકના ઉપગારી થઇ ગયા અને જેમનું વર્તમાનકાળમાં શાસન વર્તી રહ્યું છે.

( ત્રિષષ્ઠિ શલાકા પુરુષચરિત્ર–પર્વ ૧૦મુ સર્ગ ૧. )

## શ્રી કૃષ્ણ વાસુદેવની અંતિમ સાધના

પૂર્વના આઠ ભવોથી ચાલ્યો આવતો ગાઢ સ્નેહ તે સ્નેહ દરેક ભવ જેવા કે દેવભવ, મનુષ્યભવ તેમ જ તે ભવમાં પણ જેમને સ્નેહાકર્ષણથી સમાગમ થયો હતો, એવા શ્રી નેમીશ્વર ભગવાન રાજિમતી રાજકુંવરીના ગાઢ સ્નેહની અવગણના કરી માતાપિતા તેમ જ ત્રણ ખંડના સ્વામી કૃષ્ણ મહારાજા બળરામ ઇત્યાદિની લગ્ન માટે આગ્રહભરી વિનંતિ છતાં, યોગ્ય વધૂ મળશે ત્યારે લગ્ન કરીશ, એમ સાંકેતિક શબ્દોમાં ટૂંકો ઉત્તર વાળી માતા-પિતાને પરમાલ્હાદનું સ્થાન જે પુત્રલગ્ન તે પણ પોતે પ્રવૃત્તિમાં મૂકતા નથી. કારણ કે પોતે ત્રણ જ્ઞાનના ધણી આગલા ભવથી છે, અને સમજે છે કે રાગ એ સંસાર-વૃદ્ધિનું કારણ છે. માટે પ્રથમથી જ રાગને પ્રવેશ કરવા ન દેવો. રાગથી લેપાયા પછી રાગ છોડવાના પ્રયત્ન કરવા પડે તે કરતાં પ્રથમથી ન લેપાવું તે ઉત્તમ છે, એવા સુંદર મનોરથ ધરનારા શ્રી નેમીશ્વર વિભુ જયવંતા વર્તો.

દેવતાઓએ રત્ન સુવર્ણમય કિલ્લાવાળી, નવજોજન પહોળી, બાર યોજન વિસ્તારવાળી રચેલી દ્વારિકા નગરીમાં કૃષ્ણાદિ યાદવો આનંદ કરી રહ્યા છે. આવી દિવ્ય મનો-હર નગરી માટે એક દિવસ નેમીશ્વર પ્રભુને કૃષ્ણ મહારાજા

પ્રશ્ન કરે છે, કે હે ભગવંત! દેવતાએ બનાવેલી આ નગરીનું અસ્તિત્વ ક્યાં સુધી રહેશે? ભગવંત પ્રત્યુત્તરમા જણાવે છે કે જગતમાં જેટલી વસ્તુ ઉત્પન્ન થાય છે, તે મેઘધનુષ્ય માફક ક્ષણિક અને નાશવંત છે. નગર, ઘર, શરીર, તારુણ્ય, સમૃદ્ધિ, ઈષ્ટસંયોગાદિ થોડા કે લાંબા કાળે જરૂર નાશ પામવાનાં. જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેનો અવશ્યમેવ નાશ થવાનો. તેવી રીતે આ ભલે દેવતાએ નિર્માણ કરેલી નગરી છે, છતાં તેનો પણ તારી નજર સમક્ષ નાશ થવાનો, એટલું જ નહિ પરંતુ આખા યાદવ કુળનો પણ સાથે જ વિનાશ થવાનો. ત્યારે કૃષ્ણ મહારાજાએ ફરી પ્રશ્ન કર્યો કે હે ભગવંત! ત્યારે નગરીનો નાશ કોણ કરશે?

ભગવંત પ્રત્યુત્તરમાં જણાવે છે કે હે કૃષ્ણ! તારી નજરોનજર દ્વૈપાયનઋષિ દેવતાપણું પામી આખું નગર બાળ, વૃદ્ધ, પશુ, વનસ્પતિ વગેરે સહિત બાળી મૂકશે. આ સાંભળી ફરી પ્રશ્ન કર્યો કે આ કામ સ્વાભાવિક થશે કે કોઈ પણ નિમિત્તથી થશે? પ્રત્યુત્તરમાં જણાવ્યું કે યાદવ કુમારો રમતા ભમતા મદિરાપાનથી મસ્ત બની તે દ્વૈપાયન તાપસને ઢેફાં પથરા ફેંકી તર્જના કરી પરાભવ કરશે, જેથી તે ઋષિ કોપથી શાપ આપશે. અને અંતે પોતાની તપસ્યાનું નિયાણું કરશે કે 'આ દ્વારિકાનો સબાલવૃદ્ધ અંત કરું.' એમ કરી કાળ કરી દેવલોક પામશે. તે સાંભળી કૃષ્ણ મહારાજાએ સશોક નગરીમાં આવી આખી નગરીમાં જેટલી મદિરા હતી તે એકઠી કરી નગરથી બહાર ઘણા જ દૂર પ્રદેશમાં જ્યાં કોઈના જોવા કે જાણવામાં ન આવે તેવા પ્રદેશમાં દાટી દીધી. ત્યાં નજીકમાં કાદંબરી અટવીમાં

કુંડ તેમ જ સરોવરનાં જળોમાં તે મદિરા મિશ્ર થઇ ગઈ. અને બધું પાણી મદિરાના જેવા મધુર સ્વાદવાળું બની ગયું. હવે ભવિતવ્યતા જ એવા પ્રકારની કે જેના યોગે કૃષ્ણવાસુદેવના પુત્ર સાંબકુમારના કોઇક માણસે, જે તે વનમાં તૃષાથી અત્યંત પીડા પામે છે, તેણે આ કુંડ દેખ્યો અને મદિરાવાસિત પાણી પીધું. એને સ્વાદ ઘણો જ મધુર લાગવાથી એક તુંબડી દ્વારિકામાં ભરી લાવ્યો. એ પાણી સાંબે પીધું. તે પણ પીને બહુ જ આનંદ પામ્યો અને તે સ્થાન ક્યાં છે તે પૂછી ત્યાં ઘણા યાદવો સાથે ગયો.

કાદંબરી અટવીમાં જઈ યાદવોએ તે મદિરાવાસિત પાણી પીધું, ને મદોન્મત્ત બની અને ક્રીડા કરવા લાગ્યા. હવે એ જ અટવીમાં દ્વૈપાયન તાપસ તપસ્યા કરતો ઊભેલો છે. તે તાપસને આ યાદવકુમારોએ દેખ્યો. યાદવો કહેવા લાગ્યા કે એ ભવિષ્યમાં દ્વારિકાનો નાશ કરનાર થશે, માટે પ્રથમથી જ એનો આપણે નાશ કરી નાખીએ. એમ કરી પથરાના ઘા તેમ જ લાકડીઓના પ્રહારથી તેને લોહી વમતો તેમ જ છિન્નભિન્ન અવયવવાળો કરી મૂક્યો. તે મરણ પથારી પર પડયો. છેવટે નિયાણું કર્યું કે હું આ આખી દ્વારિકાનો નાશ કરનાર થાઉં. આ બધી હકીકતની કૃષ્ણ અને બળરામને ખબર પડી. ખબર પડતાંની સાથે બંને બાંધવો તે તાપસને ખમાવવા અને શમાવવા તેમ જ ભાવિ દ્વારિકાનો નાશ ન કરે તેવી પ્રાર્થના કરવા ચાલ્યા. જ્યાં આગળ મરણપથારીએ આ તાપસ પડેલો હતો. ત્યાં આગળ અંજલિ જોડવા પૂર્વક વિનયથી તે યાદવ કુમારોથી થએલા ગુન્હા બદલ ક્ષમા માગે છે. પરંતુ ક્રોધાગ્નિથી પ્રજવલિત થએલો તે તાપસ કોઈ રીતે શાંત થતો નથી, ઊલટો વધારે

ક્રોધી થાય છે. નિયમ છે કે તપેલા ઘીમાં શીતળજળ છાંટીએ તો ભડકો થાય. તેમ તાપસ સ્પષ્ટ જણાવે છે કે આ મારી મહાન્ પ્રતિજ્ઞા કાળાંતરે પણ ફરશે નહિ, એટલે ખેદ પામેલા કૃષ્ણને બળરામ સમજાવે છે કે હે ભાઇ! તીર્થંકરો કે કેવળી મહારાજાએ દેખેલી વસ્તુ અન્યથા થતી નથી, માટે ખાલી ખેદ ન કર, એમ કહી ઘણા સમજાવ્યા. પછી દ્વારિકામાં બંને પાછા ફર્યા. પેલો તાપસ મરીને અગ્નિકુમાર દેવતા થયો. કૃષ્ણ મહારાજાએ દ્વારિકા નગરીમાં ઉદ્‌ઘોષણા કરાવી કે સહુ કોઇએ બની શકે તેટલું ધર્મારાધન, વ્રત, નિયમ, તપસ્યા, પૂજા, પ્રભાવનાદિ કરવાં. આખી દ્વારિકાનગરી ધર્મપ્રવૃત્તિમય બની ગઇ.

હવે રૈવતગિરિ પર જ્યાં શ્રી નેમીશ્વર ભગવાનનું સમવસરણ થયેલું છે, ત્યાં કૃષ્ણાદિક સપરિવાર ગયા. વંદન કર્યું. યોગ્ય સ્થાને બધા બેઠા પછી ભગવંતે અમૃત સરખી મધુર વાણીથી ધર્મદેશના આપી. તે દેશનાથી સાંબ, પ્રદ્યુમ્ન વગેરે કુમારો વૈરાગ્ય પામે છે, અને કૃષ્ણ મહારાજા તેમને દીક્ષા અપાવે છે. લડાઇઓ લડીને લાવેલી પોતાની પ્રિયાઓ પણ જ્યારે દીક્ષા લેવા તત્પર થાય છે, ત્યારે તેમના પ્રેમના યોગે તેમની આંખમાંથી આંસુ વહે છે, છતાં પણ તેમને દીક્ષા મહોત્સવપૂર્વક અપાવે છે. રૂક્મિણી પ્રમુખ મુખ્ય પટરાણીઓ પણ દીક્ષા લે છે. કેઇ વહાલી પુત્રીઓએ પણ ચારિત્ર અંગીકાર કર્યું. આવી રીતે વૈરાગ્ય પામી ઘણા દ્વારિકાવાસી યાદવયાદવીઓએ ચારિત્ર સ્વીકાર્યું. આમ ધર્મતત્પર લોકો દેવનો ઉપદ્રવ હવે શમી ગયો જણાય છે, તેમ ધારી ધીમે ધીમે ધર્મમાં પ્રમાદી થવા લાગ્યા. હવે દ્વૈપાયન તાપસ દેવલોકમાં ઉત્પન્ન થઇ પૂર્વભવનું વૈર યાદ

કરે છે, અને લોકોમાં કંઇ પણ છિદ્ર ખોળે છે, પરંતુ દ્વારિકામાં આખા નગરના લોકો, રાણીઓ, કુંવરીઓ સર્વે ધર્મમાં લયલીન બની ગયા છે.

આમ ને આમ બાર વરસ વીતી ગયાં લોકોને પ્રમાદ-પરવશ પડી ગયા જાણીને દ્વૈપાયને વિચાર્યું કે હવે મારો લાગ ફાવશે. કોઇ આબેલ પણ હવે કરતું નથી. હમેશાં તે અગ્નિકુમાર દેવતા ચારે બાજુ છિદ્ર ખોળતો ભમ્યા કરે છે. ત્યારે મદ્યાદિકમાં મસ્ત, પાપ કાર્યોમાં આસક્ત. પ્રમાદ-પરવશ નગરને દેખી તે દેવતા પોતાનો લાગ મળી ગયો જાણી બહુ જ હર્ષમાં આવી અટ્ટહાસ્ય કરે છે. જેથી નગરના મુખ્ય મહેલો પણ પાયામાંથી ખસી પડે છે, ભૂકંપો થાય છે, વૃક્ષો મૂળસહિત ઊખડી પડે છે, નગર બળવા માંડે છે, ધૂમ્રના ગોટેગોટા નીકળવા માંડે છે, સુર્યમંડળ ધગધગતા અંગારા વરસાવે છે, વાયુ તો પ્રલયકાળ સરખો વિકૂર્વે છે જેથી અહીંના ત્યાં ને ત્યાંના અહીં કરી મૂકે છે.

નગરના લોકો દરેક દિશામાં નાસાનાસ, ભાગાભાગ, દોડાદોડી કરી મૂકે છે. નગર બહાર પણ જાય છે, છતાં તે તાપસદેવતા તેમને ઊંચકી લાવીને અહીં અગ્નિમાં ફેંકે છે. દ્વારિકાનગરીનાં ઢોર, માણસો કે ઝાડો તમામને તે અગ્નિમાં નાંખે છે. ચિચિયારી, કિકિયારી, કકળાટ એવો થઇ રહ્યો છે, જે અત્યારે વિચારતા પણ કમકમાટીભરી કંપારી વછૂટે છે. અગ્નિજ્વાળાઓ ઠેઠ આકાશને ચુંબન કરવા લાગી. અર્થાત્ બહુ જ ઊંચે સુધી જાય છે. આવું દૃશ્ય જોઇ કોને કલ્પાત ન થાય? કોઇ પોતાના નાના રુદન કરતા બાળકને, કોઇ વૃદ્ધ અશક્ત માતપિતાને, કોઇ પ્રિય કે પ્રિયાને, કોઇ સ્નેહીને લઇ બહાર જવા પ્રયત્ન કરે છે તો તેને ઊંચ-

કીને અગ્નિના ઢગલામાં ક્રૂર તાપસદેવતા દયારહિતપણે ફેંકે છે. હવે જયારે દ્વૈપાયન પાસે કૃષ્ણ અને બળરામ અપરાધ ક્ષમાવવા ગએલા ત્યારે તે બેને બચાવવાનું તાપસે કહેલું હતું. તે બે જણ પોતાના પિતા વસુદેવજી તથા માતા દેવકીજીને રથમાં બેસાડી દરવાજા બહાર રથ ખેંચે છે. તે વખતે જ ઉપરથી સળગતો દરવાજો રથ પર પડે છે.

ત્યારે પિતાજી પુત્રોને કહે છે, "હે પુત્રો! હવે તમો જલદી નગર બહાર નીકળી જાઓ. હવે કોઈનો ઉપાય નથી. ભાવી થવાનું તે મિથ્યા થતું નથી. પૂર્વકૃત કર્મો અવશ્ય દરેકને ભોગવવાં પડે છે. તેમાં તીર્થંકરદેવ કે છ ખંડના સ્વામી ચક્રવર્તિનું સામર્થ્ય કર્મ સામે ચાલી શકતું નથી. માટે તમો બંને જીવતા બહાર નીકળી જાઓ. જો તમે બંને જીવતા હશો તો ફરીથી આખી દ્વારિકા તેમ જ કુટુંબ ઊભું કરી શકશો. અમોને બચાવવા માટે તમોએ સર્વ પુરુષાર્થ ફોરવ્યો છે. જયારે ભવિતવ્યતા ચલાયમાન થાય છે, ત્યારે તેની પાસે કોઈનો કશો ઉપાય ચાલી શકતો નથી. નેમીશ્વર ભગવાન સરખા સર્વજ્ઞ તીર્થંકર મળ્યા. તેમની પાસે ચારિત્ર્ય ગ્રહણ ન કર્યું. જો ચારિત્ર લીધું હોત તો આ સ્થિતિ ન પામત. માટે હે વિનીત પુત્રો! તમો જલદી બહાર નીકળી જાઓ. અમે અમારા પૂર્વકૃત કર્માનુસાર દુઃખ ભોગવી લઈશું." આમ ઘણા આગ્રહથી વસુદેવજી કૃષ્ણ તથા બલદેવજીને કહે છે ત્યારે મરણના ભયથી આક્રંદન કરતા લોકોનાં આક્રંદન સાંભળી બંને ભાઈઓ નગર બહાર નીકળી ગયા. નગરલોકો જે બૂમ મારે છે તે પણ કરુણા ઉપજાવે છે. હા કૃષ્ણ! હા મહાબળ! હા વીર, હે શૂરાતન, આ અગ્નિમાં બળતાં અમને તારું

શરણ છે. માટે હે સ્વામી ! અમારું રક્ષણ કરો. આમ કરગરતા લોકોના કરુણ આક્રંદન, દીનસ્વર. સાંભળતાં તેઓનું હૃદય અત્યંત કરુણા રસથી પીગળવા માંડ્યું.

નગરના દરવાજા દેવતા બંધ કરે છે. તેને કૃષ્ણ સ્વ-પરાક્રમથી પગથી ભાંગી નાખે છે. તોપણ તે લોકોને બહાર કાઢી શકતા નથી. આવી રીતે દેવકોપ સામે નિરુપાય થયેલા બંને ભાઇઓ કોઇક જૂના ઉદ્યાનમાં રહી બળતી દ્વારિકા તથા અત્યંત પ્રલાપ કરતા લોકોને બળતા જુવે છે. નાના બાળકો માતાના કંઠને જોરથી પકડી લે છે માતા પણ બળતી બળતી બીજા પર ધસી પડે છે, મસ્તકો ધાણી માફક ફૂટે છે, મોટા મોટા મહેલ મહેલાતો તૂટી પડે છે, પશુઓ ખરાબ સ્વરથી આરડે છે, આવું ન દેખી શકાય તે દેખીને કરુણ અને દીન વચનથી કૃષ્ણ રુદન કરે છે કે હવે મારું ભાગ્ય પરવાર્યું.

પોતે આત્મગત રુદન કરતા તેમજ બળભદ્ર સાંભળે તેમ બોલે છે, "જરાસંઘ જેવા પરાક્રમી સામે યુદ્ધ કરી જય મેળવ્યો, તે બળ ક્યાં ગયું ? ક્યાં ગઇ તે શૂરવીરતા ? લગભગ મે ત્રણસો મહાન્ યુદ્ધો કર્યાં. કોઇ પણ જગ્યાએ મારો પરાજય નથી થયો. દેવતા અધિષ્ઠિત મારા વાસુદેવનાં રત્નો ક્યાં ગયાં ? ૧૮ હજાર દેવતામાંથી એક પણ દેવતા, ભાગ્ય પરવારેલું હોવાથી, દેખાતા નથી. ગમે તેવા રોગને હરણ કરનારી મારી ભેરી પણ નાસી ગઈ ! અરે પરમ વિનીત અને પરાક્રમી પુત્રો, શક્રે બનાવેલી નગરી, મારી પ્રાણપ્રિય પ્રિયતમાઓ, મારાં વૃદ્ધ શિરછત્ર માતાપિતા સર્વે નષ્ટવિનષ્ટ થઇ ગયા." આમ પ્રલાપ કરતાં કૃષ્ણને દેખીને બળભદ્ર કહે છે;-

"હે ભાઇ! તું નેમીશ્વર ભગવાનનું વચન કેમ ભૂલી જાય છે? પુણ્યોદય જાગ્રત થાય ત્યારે સર્વ રિદ્ધિ સિદ્ધિ, સુખસાહ્યબી પ્રાપ્ત થાય છે. તે પુણ્ય પરવારે ત્યારે મળેલી સામગ્રી પણ આપણને છોડીને ચાલી જાય છે. નગરીઓ. રાણીઓ. પુત્રો. પુત્રીઓ, પ્રજાઓ, મહેલ, બગીચા, વગેરે ઇંદ્રજાળીઓ વિકુર્વે તેમ સંસારમાં પણ સામગ્રીઓ પુણ્યથી પ્રાપ્ત થાય છે, અર્થાત પુણ્ય છે ત્યાં સુધી ટકે છે; પુણ્ય પરવારે ત્યારે તે પણ સાથે જ ચાલ્યાં જાય છે આમાં આશ્ચર્ય શું છે? ઇંદ્રો પણ ઇંદ્રાસન ટકાવી શકતા નથી તો આપણી શી તાકાત?'

"માટે હે દુઃખી બંધુ! નેમીશ્વર ભગવાનના વચનને જે મનુષ્ય મગજમા સમજે છે, તેને આમ બાળકની માફક રુદન કરવું ઉચિત નથી. ગમે તેવી મોટી આપત્તિ આવે તેમાં ધીરજ ન ગુમાવો. જિનેશ્વરના વચનનું સ્મરણ કર, ધીરજ સ્થિરતા ધારણ કર. સાહસિકોને ફરીથી સંપત્તિ સાંપડવી તે દુર્લભ નથી." આમ કહીને સમજાવીને બળરામ કૃષ્ણને આશ્વાસન આપે છે. કૃષ્ણ પાછા બળરામને કહે છે:

"હે ભાઇ! આપણી પાસે ખાવાનું સાધન કે બીજું સાધન કશું નથી. આવી તદ્દન નિર્ધન અને નિરાધાર અવસ્થામાં હવે આપણે ક્યાં જઇશું? રિદ્ધિ અને સ્થાનભ્રષ્ટોનું ઠેકાણું ક્યાં પડે?" ત્યારે બળભદ્ર કહે છે, "દક્ષિણ મથુરામાં આપણા સ્નેહી ભાઇઓ પાંડવો છે ત્યાં જઇએ."

આમ બળતી દ્વારિકા મૂકીને બે ભાઇઓ મથુરા તરફ પ્રયાણ કરતાં કરતા ચાલ્યા જાય છે. દ્વારિકામાં બળતાં

બળતાં કોઇ દીક્ષાની ઇચ્છા પ્રગટ કરે છે. તો દેવતા અદ્ધરથી ઊંચકી ભગવાન પાસે લઇ જઇ દીક્ષા અપાવે છે. માર્ગમાં જતાં કૃષ્ણને ભૂખ અને તરસ બહુ લાગ્યાં છે, ચાલવાની પણ હવે તાકાત રહી નથી. તે વાત બળદેવને જણાવે છે. એટલે તે કૃષ્ણને સુવડાવી પોતે અન્ન તથા જળની શોધ કરવા નીકળી પડે છે કૃષ્ણ પોતાનું પીળું વસ્ત્ર આખા શરીર પર ઓઢીને સૂઇ જાય છે. થાકી ગએલા હોવાથી તેમને ઊંઘ આવી જાય છે.

બીજી બાજુ નેમીશ્વર ભગવાનના મુખથી, કૃષ્ણનું મોત જરાકુમારથી થવાનું છે, તે સાંભળી જરાકુમાર પોતાના હાથે પોતાના ભાઇનું મૃત્યુ ન થાય તે માટે નિર્જન અરણ્યમાં કેટલાએ વરસોથી એકલા ભમ્યા કરે છે. જયાં કોઇ મનુષ્યનો પગસંચાર પણ નથી, જયાં કૃષ્ણનું આવાગમન થાય તેવો તો સંભવ પણ નથી એવા જંગલમાં બાર વરસથી જરાકુમાર રખડયા કરે છે, માત્ર કૃષ્ણનું મોત પોતાના હાથે ન થાય તે ખાતર. પણ ભાવી ભવિતવ્યતા તેવી જ બનવાની હતી. જેથી કૃષ્ણનું આ અરણ્ય તરફ આગમન થયું. હવે જરાકુમાર દૂરથી હરણિયું ધારી બાણ છોડે છે, જેથી કૃષ્ણનો પગ બાણથી વીંધાઇ જાય છે. જરાકુમાર નજીક આવી જુએ છે તેટલામાં કૃષ્ણ ઊઠીને બૂમ મારે છે, કે આ છળપ્રહારી કોણ છે? જે હોય તે પોતાનું નામ તથા ગોત્ર જાહેર કરે. મારી અત્યાર સુધીની જિંદગીમાં મેં કોઇ અજ્ઞાત વંશ કે ગોત્રવાળાનું ખૂન કર્યું નથી. આ ઓચિંતુ મારા પર કોણે બાણ છોડયું? માટે તે પ્રગટ થાઓ.”

હવે જરાકુમાર નજીક આવી પોતે પોતાનું નામ પ્રગટ કરે છે, "હે ભાઈ હું કોઇ નથી. ત્રણ ખંડના સ્વામી કૃષ્ણ મહારાજના રક્ષણ ખાતર હું બાર વરસથી આ નિર્જન વનમાં એકલો વિચરનારો જરાકુમાર છું. બાર વરસમાં અહીં એક પણ મનુષ્ય મારા જોવામાં આવેલ નથી." ત્યારે કૃષ્ણજી તેને પ્રેમપૂર્વક બોલાવી કહે છે, "હે ભાઇ! અહીં મારી નજીક આવ." જેવો જરાકુમાર નજીક આવે છે તેટલામાં કૃષ્ણજીને મૂર્છા આવી, અને તેઓ જમીનપર ઢળી પડ્યા. એમ કરતાં મહાસુશીબતે ચેતના આવી. આમ તેઓ વિલાપ કરતા અને શોકાગ્નિથી ઝળી રહેલા હતા, એટલે જરાકુમારે પૂછ્યું, "ભાઈ! આ તરફ આમ એકલા આવવાનું પ્રયોજન?"

ત્યાર પછી કૃષ્ણે દ્વારિકાદાહ, યાદવકુળનો અંત ઇત્યાદિ સવિસ્તર હકીકત કહી. હવે જરાકુમાર પણ શોક કરે છે. "હે ભાઈ! ભાઇનો વધ કરી હું કયાં છૂટીશ? મારું શું થશે! મારે હવે કોનું શરણ? મારો આધાર શો?" એમ વિલાપ કરે છે, ત્યારે કૃષ્ણે કહ્યું, "અત્યારે શોકનો સમય નથી. આ તો પુર્વકૃત કર્મોનું ફળ છે. બળદેવ મારા માટે જળ લેવા ગયા છે, તે હમણાં આવી પહોંચશે અને તારો વધ કરશે, માટે તું અહીંથી એકદમ ચાલી જા. અને આ કૌસ્તુભરત્ન લે, અને પાંડવોને જઇને આપજે. તેમજ દ્વારિકાના તથા મારા સવિસ્તર સમાચાર કહેજે. અને થોડા ડગલાં પાછા ડગલે ચાલજે, જેથી બળરામ તારા પગલે પગલે પાછળ આવીને તારો વધ ન કરે." આમ કહી તેને વિદાય કર્યો.

હવે કૃષ્ણ મહારાજ પોતાનો અંતસમય નજીક સમજી

અત્યંત શાંત વદન કરી અંતિમ આરાધના કરે છે. નજીક-માંથી ઘાસ એકઠું કરી સંથારો કરે છે. તે સંથારા પર પલ્યંકાસને પોતે બેસે છે. મસ્તક ઉપર અંજલિપુટની રચના કરે છે. વિનયપૂર્વક ઉતરાસંગ કરે છે. અને સંવેગ-વાળી મુખાકૃતિ કરી જિનેશ્વર મહારાજનું સ્મરણ કરે છે. "नमो जिणाणं સર્વસુરાસુર ઇંદ્રોથી પૂજિત છે ચરણકમળ જેમનાં એવા જગદુપકારી જિનેશ્વર દેવને મારા નમસ્કાર થાઓ. શાશ્વત તેમજ અનંતસુખ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યને પામેલા એવા સિદ્ધ પરમાત્માને નમ-સ્કાર થાઓ. પંચાચાર પાળવા અને પળાવવામાં તલ્લીન એવા આચાર્ય મહારાજાઓને નમસ્કાર હો. સૂત્રામૃતનું દાન કરવામાં રક્ત, તપ અને સ્વાધ્યાયમાં લીન મનવાળા ઉપાધ્યાયજી મહારાજને નમસ્કાર થાઓ. મોક્ષ સાધવામાં તલ્લીન, તપ નિયમ, અભિગ્રહ, ભણવું, ભણાવવું. વિનય વૈયાવચ્ચ, સંયમક્રિયાઓમાં અપ્રમત્ત એવા સુસાધુઓને મારા નમસ્કાર હો."

"જે જિનેશ્વર પ્રભુએ આ ભવરૂપી ભયંકર કૂપમાંથી મને બહાર કાઢયો છે, તેમ જ સમ્યક્ત્વરૂપી અમૂલ્ય રત્નનું મને દાન કર્યું છે, અને મારા પર મહાન્ ઉપકાર કર્યો છે, તેવા હરિવંશના વિભૂષણ ત્રણ લોકના નાથ નેમીશ્વર ભગવાનના ચરણકમળમાં નમસ્કાર કરું છું. સૂર્ય દૂર રહેલા કમળોને પ્રતિબોધ કરે છે, અર્થાત્ વિકસ્વર કરે છે, તેમ જિનેશ્વર મહારાજ ભલે અહીંથી ઘણા દૂર છે, અને હું પણ તેમનાથી ઘણે દૂર છું, છતાં અહીં રહેલા મને ત્યાં રહ્યા થકા તેમણે મારા આત્માને પ્રફુલ્લિત, પ્રતિબોધિત કર્યો છે."

"પૂર્વે કહેલ પંચપરમેષ્ઠિ તેમ જ નેમીશ્વર પ્રભુ તેમ જ તેમના ગણધરાદિક પરિવારની મેં મૂઢે જો કોઈ પણ આશાતના કરી હોય તો તે મિચ્છામિ દુક્કડં. તેમ જ રાજ્યાદિક આરંભપરિગ્રહમાં રક્ત થઇ જે પ્રાણાતિપાતાદિ ૧૮ પાપસ્થાનકો રાગ, દ્વેષ યા મોહ કે પ્રમાદથી કે અજ્ઞાનથી કર્યાં હોય તે સર્વેનું મિચ્છામિ દુક્કડં. મન, વચન, કાયાથી કોઇ પણ જીવને દુભાવ્યા હોય તેઓને હું ખમાવું છું. તેઓ મને ખમજો તેમના પ્રત્યે જે વૈર વિરોધ હોય તેનો હું ત્યાગ કરું છું." આ પ્રમાણે સંવેગિત મનથી અને વાણીથી બોલતા કૃષ્ણ મહારાજા પગમાં બાણની વ્યાધિને અધિકતાથી સહન કરતા સંથારામાં રહ્યા થકા ચિંતવે છે. વળી આ બધું નેમીશ્વર પ્રભુ જે દિશામાં હતા તે દિશામાં પોતાનું મુખ રાખીને અંજલિ જોડી ચિંતવે છે.

"ધન્ય છે તે નેમીશ્વર પ્રભુને જેમણે બાળપણામાં રાજકુમારી રાજિમતીનો ત્યાગ કરી, કુમારાવસ્થામાં ચારિત્ર અંગીકાર કરી, કેવળજ્ઞાન પામી, અનેક રાજા, શેઠ, શાહુકારને પ્રતિબોધી, મોક્ષમાર્ગે પ્રયાણ કરાવ્યું. તેમ જ વરદત્તાદિ રાજાઓને પણ ધન્ય છે. તેમ જ કૃતકૃત્ય પ્રદ્યુમ્ન શાંબાદિ કુમારોને પણ ધન્ય છે, રાજિમતી, રૂક્મિણી આદિ તેમ જ યાદવી કન્યાઓ તેમ જ સ્ત્રીઓને પણ ધન્ય છે, જેઓએ સકલ દુઃખનું એકાંત કારણ એવા સંસારને છોડી પરમ સુખનું અદ્વિતીય કારણ તેમ જ અહીં મોક્ષસુખની વાનગીરૂપ એવા ચારિત્રધર્મનો અંગીકાર કર્યો. નેમીશ્વર ભગવાન જેવા તારક મળવા છતાં મેં ચારિત્ર ન ગ્રહણ કર્યું, ત્યારે હું આટલી વિટંબણા ભોગવી રહ્યો છું. તેઓ તો તપ, નિયમ, વ્રત, પચ્ચક્ખાણ, સંયમ,

સ્વાધ્યાયમાં તલ્લીન હોવાથી આવા દુઃખમાંથી બચી ગયા. મેં વિષય, કષાય, પ્રમાદમા આસક્ત થઇ ભગવાને બતાવેલો માર્ગ ન સ્વીકાર્યો. તપ, નિયમ, વ્રત અંગીકાર ન કર્યાં, તેથી અત્યારે અને ભવિષ્યમાં ઘોર દુઃખ સહન કરીશ. હવે મને કોનો આધાર ? હે જિનેશ્વર ! હવે મને તારું જ શરણ હો. તારા સિવાય આ ભયકર ભવસમુદ્રમાંથી કોઇ તારી શકનાર નથી. ”

આ પ્રમાણે કૃષ્ણ મહારાજા અંત અવસ્થાએ આરાધના કરી રહ્યા છે, પરંતુ પોતે નરકનુ આયુષ્ય પ્રથમ બાંધી લીધેલ હોવાથી નરક યોગ્ય લેશ્યાઓ આવીને ઊભી રહી. એક બાજુ ભૂખ અને તરસ, ઉપર મધ્યાહ્નનો તાપ, એકાકી, પગમાં બાણની અસહ્ય વેદના, દ્વારિકાદાહનું સાક્ષાત્ સ્મરણ, માતા, પિતા. પુત્ર, પુત્રી, પ્રિયાઓનો ખેદજનક વિયોગ, તેનું સ્મરણ ઈત્યાદિક કાયિક અને માનસિક વેદના ભોગવી રહ્યા છે. તેવામાં એકદમ દ્વૈપાયનનું સ્મરણ થતાં વૈર ફરીથી ખડું થયુ. તેના ઉપર ક્રોધ ચડયો, “ એક હજાર વરસમાં કોઇ દિવસ મારો પરાજય થયો નથી, આજે લંગોટિયા તાપસથી મને આટલો મોટો ભયંકર પરાજય આપ્યો. નિષ્કારણ દ્વૈપાયને કેટલો અનર્થ કર્યો ? તો હવે જ્યારે કોઈ પણ સ્થળે તેને દેખીશ ત્યાં પેટમાંથી બહાર કાઢી તેની નગરી, કુળ અને રિદ્ધિનો નાશ કરીશ. ” આમ ક્ષણવાર દુર્ધ્યાન આવવાથી, ખરાબ લેશ્યા આવવાથી કૃષ્ણ મહારાજા કાળ કરી ત્રીજી નરકે ગયા.

દ્વારિકામાં બળરામની રાણીઓ ૩૨ હજાર સ્ત્રીઓ સહિત કૃષ્ણની રાણીઓએ તેમજ યાદવ મનુષ્યો તથા નારીઓએ અગ્નિદાહમાં જ નેમીશ્વર ભગવાનનું જ સ્મરણ

કરી અનશન કર્યાં હતાં. આમ છ મહિના સુધી નગરી બળ્યા કરી. પછી દરિયો ઉપર ફરી વળ્યો જેથી ઓલવાઇ ગઇ અને દિવ્ય દ્વારિકાનગરી સમુદ્રમાં તણાઈ ગઇ.

બીજી બાજુ બળરામ પાણી લેવા ગયા હતા, તે પાણી લઇ પાછા આવે છે, તે કૃષ્ણજીને સુખે નિદ્રા કરતાં દેખે છે, તેથી ભલે ઊંઘે એમ ધારી જાગવાની રાહ જોયા કરે છે. પરંતુ તેવામાં કાળી માખીઓ મુખ ઉપર ઊઠ-બેસ કરતી દેખી. બળરામ કૃષ્ણનું મુખ ખોલી જુએ છે તો પોતાના ભાઇ મરણ પામેલા દેખે છે.

અહીં કૃષ્ણની ઘટનામાં વિચારવાનું એટલું જ કે એક વખત જેની હાજરીમાં હજારો દેવતાઓ સેવામાં રહેતા; ત્રણ ખંડનો સ્વામી, અને સ્ત્રી, પુત્ર, પુત્રી, પ્રિયાઓના પરિવારવાળો, દેવતાઅધિષ્ઠિત રત્નોવાળો, પરાક્રમી, વાસુદેવ, નેમીશ્વર ભગવાનનો અદ્વિતીય ભક્ત, તેમજ ભગવાનની તે વખતે હાજરી છે, તેવા વાસુદેવની અંતઅવસ્થા આવા પ્રકારની એકાકીપણે થાય છે, તો સામાન્ય મનુષ્યની શી ગણતરી? અંતઅવસ્થાએ પાસે કોઈ ન મળે. એકાકી, ભૂખ, તરસ, તાપ, બાણની વેદના વગેરે દુઃખો રાજાનો વૈભવ ભોગવેલ, તેવા પુરુષને માટે સામાન્ય ન ગણાય. આવાં દુઃખ વખતે પણ આરાધના કરતાં પણ અશુભ લેશ્યા ઉદયમાં આવી. ધ્યાન રાખવું જોઇએ કે સુખ વખતે સુખમાં આસક્તિ ન કરવી. દુઃખ વખતે દીનતા ન લાવવી. દૈવથી કે ભાગ્યથી જે વખતે જેવી અવસ્થા આવી પડે તે સમતાપૂર્વક સહન કરી લેવી જોઇએ. હંમેશા ધર્મમાં સ્થિર ચિત્ત કરી મરણ અવસ્થા સમયે સમાધિ ટકી રહે તે પ્રમાણે અત્યારથી જ આત્માને કેળવી લેવો જોઇએ.

અંતઅવસ્થાએ પણ સમાધિ ક્યારે ટકશે? જો આવા પ્રકારના વિચારો નિરંતર વિચાર્યા કરશે અને અમલમાં મૂકશે તો જ સમાધિ ટકી શકે. દુઃખ, આપત્તિ, સંકટ વખતે કાયર ન થતાં, ધીરજ ન ગુમાવતાં પૂર્વકૃત કર્મનું ફળ અવશ્યમેવ તીર્થંકર સરખાને પણ ભોગવવું પડયું છે. કર્મ આગળ કોઇનું ચલણ નથી. નળરાજા સરખાને અર્ધી રાત્રીએ દમયંતિને છોડીને નામઠામ તથા કુળ છુપાવીને રખડવું પડયું હતું. હરિશ્ચંદ્ર રાજાને નીચ ચંડાળને ઘેર ચાકરી કરવી પડી હતી. સનત્કુમાર ચક્રીને સાત સો વરસ સુધી વેદના ભોગવવી પડી હતી. ગજસુકુમાલજીને માથે અંગારા ધગધગતા રાખવામાં આવ્યા હતા. ૫૦૦ મુનિઓને ઘાણીમાં પીલ્યા હતા તે વખતે ધીર એવા તે મહાત્માઓ આત્મધર્મમાં સ્થિર રહી સમાધિપૂર્વક આરાધના કરી હતી. તેવા દૃષ્ટાંતો યાદ કરી આપણા આત્માને સમાધિ કેમ પ્રાપ્ત થાય તે માટે પ્રયત્ન કર્યા કરવો જ જોઇએ.

કર્મની કુટિલ ગતિની થિયરી જૈનશાસનમાં જે બતાવી છે, તે બીજે કોઇ સ્થાને નહીં સમજાય, માટે કર્મની પ્રક્રિયા પર બહુ જ વિચારણા કરવી. દુઃખ અગર કર્મ ભોગવતી વખતે જો કાયર થઈએ, દીનતા લાવીએ, તો આર્તધ્યાન થાય. તેથી બીજાં નવીન કર્મો ઉત્પન્ન થાય. તે વખતે ઉદયમાં આવેલાં કર્મો અવશ્ય ભોગવવાં તો પડશે જ. રાજી થાવ યા નારાજ થાવ, તો પણ આવેલાં કર્મો–દુઃખો આનંદથી ભોગવી લેશો તો સકામ નિર્જરાથી સત્તામા રહેલાં કર્મો છે તેનો અંત આવશે. નવીન કર્મો આવતાં અટકશે, અને જૂના જીર્ણ થશે. જિંદગીના કોઇ પણ સમયે સમાધિ ટકાવી રાખવી. એમ કરવાથી જિંદ-

ગીના અભ્યાસથી પ્રાપ્ત થએલી સમાધિ અંત અવસ્થાએ કામ લાગશે. જો તે પહેલેથી નહીં કેળવા તો અંત અવસ્થાએ સમાધિ નહીં આવે.

સામાન્ય અવસ્થામાં એટલે સારી અવસ્થામાં જો સમાધિ ન ટકાવી શક્યા, તો આખર સ્થિતિ તો વિકટ હશે ત્યાં શી રીતે ટકાવી શકશો? સામાન્ય તાવ આવે તેટલા દરદમાં તો ભાન રહેતું નથી. તો જે વખતે મોટું દરદ આવશે ત્યાં સહન થઇ શકવાનું નથી. માટે દેહાદિની અનિત્યતા, અશુચિતા, ચંચળતા ઇત્યાદિ વિચારી ધર્મનું શરણુ સ્વીકારવું. અનિત્ય, અશરણુ, સંસાર, એકત્વ, વગેરે બાર ભાવનાનું સ્વરૂપ તો દરરોજ વિચાર્યા કરવું. આરાધનાનું સ્તવન હંમેશાં કે મહિનામાં એક-બે વખત ધ્યાનપૂર્વક વાંચી જવું. આપણી અત્યાર સુધીની જિંદગીમાં જે વ્રત, તપસ્યા, અધ્યયન, દાન, યાત્રા, પૂજા, પોસા, પ્રતિક્રમણુ, સામયિક, સાધર્મિકભક્તિ ઇત્યાદિ ધર્મકરણી કરી હોય તે યાદ કરી અનુમોદન કરવું. આપણે જે અત્યાર સુધીમાં મન, વચન, કાયાથી પાપકર્મો કર્યાં હોય તે ત્રિવિધે મિચ્છામિ દુક્કડ દેવા. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચાર શરણુ અંગીકાર કરવાં. માતા-પિતા, પિતા-પુત્ર, પતિ-સ્ત્રી, મિત્ર, સ્નેહીસ્વજનો સ્નેહથી અનેક બચાવવાના ઉપાયો કરે છતાં ભવાતર માટે કોઇ શરણુ થઈ શકતા નથી. ભવાંતરમાં શરણુભૂત-સહાયભૂત આ ચાર શરણો જ છે. સ્નેહીઓ ખૂખરી માટીના કે રેતીના થાંભલા સરખા શરણુભૂત છે. રેતીનો થાંભલો ક્યારે વીખરાઇ જશે તેનો ભરોસો હોતો નથી, તેમ આ સ્નેહીઓ ક્યારે ચાલ્યા જશે તેનો પણુ નિયમ નથી. માટે આ અરિહંતાદિ ચાર

શરણો જ સાચાં સહાયકારી છે. બચાવનાર છે, તારનાર છે, સંસાર અરણ્યમાંથી બહાર કાઢનાર છે.

अरिहंतो महदेवो जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जीनपन्नत्तं तत्तं इअ सम्मत्तं मए गहियं ॥ १ ॥

આ ગાથાને હરહંમેશ યાદ કરવી, અનેક વખત એનું રટણ કરવું.

કોઇપણ ધર્મક્રિયા–અનુષ્ઠાન કરતી વખતે નિષ્કામવૃત્તિ રાખવી. સંસારિક પૌદ્ગલિક પદાર્થની, દેવલોક, રાજયાદિની સ્પૃહા–ઇચ્છારહિતપણે કરવી. સાધ્ય મોક્ષ કે કર્મનિર્જરાનું જ રાખવું; પુણ્યની પણ આપણે ઇચ્છા ન રાખવી; આનુષંગિક પુણ્ય અનાજ વાવતા વચમાં ઘાસ ઉગી જાય તે માફક ભલે મોક્ષ સાધતાં વગર ઇચ્છાએ પુણ્ય બંધાઇ જાય. આપણું ધ્યેય પુણ્યનુ ન હોવું જોઇએ. ભવાંતરમાં ધર્મસામગ્રી સાનુકૂળ મળે, શુદ્ધ દેવાદિનો યોગ સહેલાઇથી મળે તેવી ભાવના જિનેશ્વર પાસે ભાવવી.

જિનેશ્વર પાસે એ જ માગણી કરવી કે હે વીતરાગ પરમાત્મા! જ્યાં સુધી ભવવિરહ ન થાય ત્યાં સુધી તારું જ શાસન, તારો ધર્મ, તારી ઉપદેશેલી પ્રવ્રજ્યા મને પ્રાપ્ત થાવ. પુણ્યથી મળેલા ભોગો પણ અનિષ્ટ માનવા. શીતલચંદનના લાકડાનો અગ્નિ શું નથી બાળતો? તેમ આ પુણ્યજનિત ભોગો પણ આત્માને દુઃખ કે કર્મ–અગ્નિથી બાળે છે. તે ભોગો ભોગવતાં પાછો નવીન કર્મોનો આસ્રવ થાય છે. નિયાણું ન કરવું. માટે સાધ્યબિન્દુ લક્ષ્ય શુદ્ધ નિષ્કામ રાખવું. અર્થાત્ મોક્ષને ઉદ્દેશીને સર્વ ધર્મકરણી કરવી. સર્વ જીવો પર મૈત્રીભાવ રાખવો. ગુણી અને ગુણ

ઉપર પ્રેમ રાખવો, નિર્ગુણી ન સુધરે તેના પર ઉપેક્ષા ભાવના રાખવી, પણ તેના પર દ્વેષ ન કરવો, કેમકે પૂર્વે આપણે પણ તેવા જ હતા.

પૂર્વભવના આપણા અનેક શરીરો વગર વોસિરાવેલાં ગમે ત્યાં અથડાતા હશે. જે શરીરના કલેવરોથી હથિયારાદિક બની અનેક આરંભ સમારંભમાં ઉપયોગ થતો હશે, તો હવે આપણે તેને આજથી વોસિરાવવાં જોઇએ, જેથી તેના નિમિત્તે જે અધિકરણરૂપે હિંસા થતી હશે, તેના કર્મનો ભાગીદાર આપણો આત્મા થતો હોય તો હવેથી બચી જાય. ધારો કે એક વખત આપણો આત્મા અમુક વૃક્ષમાં હતો, તે વૃક્ષનું લાકડું કુહાડીનો હાથો બન્યો. તે કુહાડી દ્વારા જે પાપારંભ થાય તે ભલે હવે આપણે એ શરીર સાથે સંબંધ નથી તો પણ આત્માને અધિકરણ દ્વારા ક્રિયા લાગે છે, માટે પૂર્વના તમામ શરીરો મેં વોસિરાવ્યા, હવે મારે એ કલેવરો સાથે સંબંધ નથી. પ્રસંગોપાત કેટલીક અપ્રાસંગિક છતાં ઉપયોગી હકીકત જણાવી. તો આત્માર્થી જીવે સમાધિ ટકાવવા માટે અવશ્ય પ્રયત્ન કરવો એ જ શુભકામના.

## શ્રી પાર્શ્વપ્રભુના પૂર્વભવોની અંતિમ સાધના

ત્રિલોકનાથ શ્રી પાર્શ્વપ્રભુ પહેલા ભવમાં મરુભૂતિ નામે એક ગૃહસ્થપુત્ર છે. હરિશ્ચંદ્ર મુનિના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા છે. મોહનીય કર્મની વિચિત્રતાથી એમની પત્ની અને એમનો ભાઇ કમઠ દુરાચરણમાં પડે છે. મરુભૂતિને કમઠની પત્ની દ્વારા એની જાણ થઇ. ભાઇને સુધારવા માટે રાજા અરવિંદને વાત કરી. રાજાએ કમઠને બોલાવી

શિખામણ આપી. તે વખતે તેણે ભારે ઉદ્ધતાઇ દેખાડી, તેથી અસાધ્ય પાપી સમજી રાજાએ એને નગરમાંથી કાઢી મૂકયો. એ બહાર જઇ તાપસ થયો. પાછળથી મરુભૂતિને એમ લાગ્યું કે મારા નિમિત્તે બિચારા ભાઇને કષ્ટ પડયું, તેથી હું એને ખમાવી આવું (ક્ષમા માગી આવું), જેથી એના અને મારા ચિત્તને સમાધિ મળે.

અહીં જોવાની ખૂબી એ છે કે ગુનેગાર કમઠ છે, ગુનો પણ મોટો છે, વળી સજા તો રાજાએ કરી છે, છતાં મરુભૂતિ સમ્યક્ત્વના પ્રકાશમાં એનો દોષ ન જોતાં, એને પડેલા કષ્ટમાં પોતાને નિમિત્તભૂત જુએ છે, અને સમાધિ માટે ક્ષમાયાચના કરવા ચાહે છે! જૈન શાસનનો મર્મ પર-દોષનું અ-દર્શન, ક્ષમાપના અને સમાધિ છે. સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા, અવ્યાકુલતા, હર્ષ-શોકથી અલિપ્તતા, રાગ-દ્વેષની મધ્યસ્થતા.

સમાધિની સાધના માટે મરુભૂતિએ ઉમળકાભેર જઇને કમઠની આગળ જેવું માથું નમાવી ક્ષમા માગી કે વૈરથી ભરેલા કમઠે એના માથામાં પથ્થરની શિલાનો ઘા કર્યો. મરુભૂતિનું ત્યાં મૃત્યુ થયું.

સમાધિ માટેના ભારે પ્રયત્ન છતાં મરુભૂતિ આ અકસ્માત પ્રસંગથી કોણ જાણે મરણાંત ભયંકર વેદનાના કે બીજા આર્તધ્યાનમાં પડી જવાથી મરીને વનમાં હાથીનો અવતાર પામ્યો.

જો મરણ વખતે સમાધિ ગુમાવી તોએ એવી ખતરનાક નીવડી કે તિર્યંચ-પશુનો અવતાર તો થયો જ, ઉપરાંત એ હાથી તોફાની બન્યો!

અહીં એવું બને કે રાજા અરવિંદ વૈરાગ્ય પામી દીક્ષા લે છે. માનવજીવનના સારભૂત સંયમ, ત્યાગ, તપસ્યા વગેરેની આરાધના કરી અવધિજ્ઞાન પામે છે; અને એક વખતે સાર્થ સાથે વિચરતાં જંગલમાં પસાર થાય છે. ત્યાં પેલો હાથી તોફાને ચઢી લોકોને ભાગંભાગ કરાવે છે, તે વખતે અરવિંદ મહર્ષિ અવધિજ્ઞાનથી એને ઓળખી કહે છે: 'બુજઝ બુજઝ મરુભૂતિ! તું આ તોફાન કરે છે? પૂર્વે તારું કેવું પવિત્ર ધાર્મિક જીવન! અનાદી ભાઈને તેં કેવી ક્ષમાપના કરેલી!' ઇત્યાદિ ઇત્યાદિ યાદ કરાવતાં હાથીને પૂર્વજન્મનું સ્મરણ થાય છે અને તે શાંત થઈ મુનિના ચરણે નમી પડે છે, બોધ પામે છે.

હવે એક વાર હાથી પોતે તળાવમાં ઊતરવા જતાં કાદવમાં ખૂંચી ગયો. કમઠ મરીને ત્યાં સર્પ તરીકે જન્મેલો, તે આવીને એના શરીર પર ચઢી પૂર્વના વૈરથી એના મર્મસ્થાને ભયંકર દંશ મારે છે. મરણાંત ઘોર વેદના હાથીને ભોગવવાનું બનવા છતાં આ વખતે તે સુંદર સમાધિ જાળવે છે, પોતાના કર્મનો જ દોષ જોતાં પરમેષ્ઠીનું સ્મરણ કરે છે અને મરીને દેવલોક પામે છે માનવભવે સમાધિ ગુમાવી તો તિર્યંચ થયો અને તિર્યંચના ભવે સમાધિને સ્થિર કરી તો દેવભવ પામ્યો. સમાધિ એ જીવનનો સાર છે.

હવે તો દેવભવમાં પણ શક્ય સમાધિ સાથે અવસરે અવસરે જિનભક્તિ વગેરે આરાધના કરે છે, મરીને પાછો ચોથા ભવમાં રાજપુત્ર કિરણવેગ તરીકે મનુષ્યભવ પામે છે. ક્રમશઃ એ રાજા થયો, મુનિ પાસે સહેલાઈથી ધર્મ પામ્યો. સમાધિ સાથે ધર્મનું પાલન કરતાં કરતાં કાળક્રમે વૈરાગ્ય છોડીને દીક્ષા લીધી. આ કિરણવેગમુનિ એક વખતે પોતે

વનમાં ધ્યાનમાં ઉભા છે, ત્યાં પેલો કમઠનો જીવ નરકમાં જઈ આવી અહીં સર્પ બનેલો તે આ મહામુનિને શરીરે ભરડો લે છે, દંશ મારે છે. મુનિ ચિત્તને બરાબર સમાધિ-ભર્યું રાખી ઉગ્ર વેદના સહન કરતાં કાળ કરીને સ્વર્ગે સિધાવ્યા. ભયંકર કષ્ટ થોડીવાર આવ્યું ખરું, પરંતુ સમાધિની સાધનાએ એમને ઉંચે ચઢાવી દીધા.

છઠ્ઠા ભવમાં વજ્રનાભ રાજા થઈને સમાધિની સાધ-નાના માર્ગે આગળ વધે છે. ગૃહસ્થપણે શ્રાવકધર્મના આચાર-વિચારોનું પાલન કરી નિમિત્ત મળ્યે ચારિત્ર સ્વીકારે છે. અહીં એકવાર એમના પર કમઠનો જીવ ભીલ-પણે જન્મી બાણ છોડે છે. સમતા-સમાધિમાં ઝીલતા મુનિ આયુષ્ય પૂર્ણ કરી દેવગતિ પામે છે. ધર્મનો સાર સમાધિ છે.

આઠમા ભવમાં સુવર્ણબાહુ ચક્રવર્તી થયા. અહીં છ ખંડની ઠકુરાઈ વચ્ચે પણ શ્રાવકધર્મની સાથે સમાધિ-સ્વસ્થતાની સાધના કરતાં નિમિત્ત મળ્યે વૈરાગ્ય વધી જવાથી મુનિદીક્ષા લે છે અને સમાધિ સાથે વિશિષ્ટ આરાધના કરી તીર્થંકરનામકર્મ ઉપાર્જે છે કાળક્રમે એકવાર પોતે જંગલ-માંથી પસાર થતાં, કમઠનો જીવ સિંહપણે જન્મેલો તે એમના પર આક્રમણ કરે છે. મહામુનિ ચેતી જઇ અંતિમ આરાધના માટે સજ્જ બની જાય છે અને સિંહના જડ-બામાં ચવાતાં ચવાતાં સુંદર સમતા-સમાધિ જાળવે છે. કાળ કરીને દશમા દેવલોકમાં જન્મે છે. સમાધિ એ આત્માનો સ્વભાવ છે.

દશમા ભવમાં અશ્વસેન રાજાના પુત્ર પાર્શ્વકુમાર બની જન્મથી માંડીને અદ્ભુત ચિત્ત સમાધિવાળા છે. આક્રમણ કરનારા રાજાને નિવારવામાં સુંદર ચિત્તની સમાધિ જાળવે છે.

ત્યાંથી પાછા ફરતા વચ્ચમાં પ્રભાવતી કન્યાને એના પિતા એમને સ્વીકારવાનું કહે છે, ત્યાં પણ ચિત્તસ્વસ્થતા રાખી કહી દે છે કે પિતાએ જે કામ માટે મોકલ્યો છે, તે સિવાય બીજી વાત નહિ. એમ કમઠ તાપસને શિખામણ આપવામાં પણ ભારે મનઃસમાધિ રાખે છે, બળતા સાપને પણ સમાધિ પમાડે છે. ત્રીશ વરસની ઉંમરે ચારિત્ર સ્વીકારી અપૂર્વ સમાધિ સાથે અહિંસા-સંયમ-તપની આરાધના કરતાં કરતાં આવેલ કમઠદેવ-મેઘમાલીના ઘોર ઉપસર્ગમાં ઠેઠ નાસિકા સુધી પાણી આવી જતાં પણ ગજબ સમાધિમાં ઝીલે છે. ફક્ત ૮૪ દિવસના ચારિત્રકાળમાં ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામે છે.

આમ પાર્શ્વનાથ ભગવાને દશેય ભવમાં સુંદર સમાધિની સાધના કરી એ ધ્યાનમાં લેવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી છે. જીવનમાં દુબળા પુણ્યને લીધે કેટલીય વિષમતા આવે છે તથા પ્રબળ પુણ્યે ચિત્તને મહેકાવનારી અનુકૂળતાઓ મળે છે. એ વખતે ચિત્તને હર્ષ-શોક, રાગ-દ્વેષ દીનતા-ઉન્માદ વગેરે દ્વંદ્વોને પરવશ ન થવા દેતાં સમાધિરૂપે ભારે સ્વસ્થ અને સાત્વિક રાખવાનું છે. તેમ જ એ સ્વસ્થતા, સમાધિની રક્ષા અને વિકાસ માટે યથાશક્ય સુંદર ત્યાગ-તપસ્યા, અનહદ ભક્તિ સાધુસેવા, વ્રત-નિયમ, પવિત્ર ભાવનાઓ અને ઠેઠ ચારિત્ર સુધીની સાધના કરવા જેવી છે. ત્યાગ-તપસ્યા-સ્વાધ્યાય વગેરેમાંથી સારરૂપે સમાધિ કેળવવાની છે. પરમાત્માના આલંબન અને ઉપાસનામાંથી એ મેળવીએ એ જ મંગળકામના !

( મુંબઇ ગોડીજી સાર્ધ શતાબ્દી સ્મારક અંકમાંથી )

## ધન્ના કાકંદીની અંતિમ સાધના.

કાકંદી નામની નગરીમાં જિતશત્રુ નામે રાજા છે. ભદ્રા નામની રિદ્ધિવાળી સાર્થવાહિની છે; બત્રીશ ક્રોડ સોનૈયા અને તદનુસાર બીજો પણ અખૂટ વૈભવ છે. તેને ધન્નો નામે સુંદર પુત્ર છે. એક સાથે બત્રીશ સુંદર સુવર્ણવર્ણી કાયા-વાળી, અંદ્રસમ સુખવાળી, મૃગસરખી નયનવાળી કન્યાઓ સાથે પાણિગ્રહણ કરી દોગુંદક દેવ માફક ભોગ ભોગવે છે. કોઈક સમયે મહાવીર પ્રભુ વિહાર કરતાં કરતાં કાકંદી નગરી બહાર બગીચામાં પધાર્યા છે. નગરલોક વગેરે ભગવાનની દેશના શ્રવણ કરવા માટે સપરિવાર ઠાઠમાઠથી જાય છે. આ ધન્નો પણ આવી વંદન કરી, દેશના સાંભળી, વૈરાગી બને છે. ઘેર આવી ધન્નો માતાજીને સંસારની અનિત્યતા, આયુની ચંચળતા આદિ જણાવી પોતાનો સંયમ લેવાનો દૃઢ નિશ્ચય જણાવે છે. બત્રીશ પ્રિયાઓને આ સમાચારની ખબર પડી એટલે આવીને કહે છે કે "ભરયૌવનમાં તમારા સરખા સુકોમળ કાયાવાળાને સંયમ અઘરો પડશે, સંયમ લેવો એ તો ગંગાના સામા પુર સામે તરવા જેવું આકરું છે. એ તો લોઢાના ચણા ચાવવા જેવું અઘરું અને નીરસ છે." આમ કહી સમજાવે છે, પરંતુ પ્રભુનો ઉપદેશ જેણે સાંભળ્યો હોય અને દૃઢ વૈરાગી થયો હોય તેને આવાં વચન કશી અસર કરતાં નથી. તેઓને ધન્નો સમજાવે છે કે પરભવમાં આ જીવ સાથે ધર્મ સિવાય કોઇ આવનાર નથી. માતા, સ્ત્રી, પુત્ર, પરિવાર સહુ કોઈ સ્વાર્થનાં સગાં છે.

નારી નરકની દીવડી, દુર્ગતિની દાતારો રે,
વીરે વખાણી વખાણમાં, મેં આજે સુણ્યો અધિકારો રે,

ઈત્યાદિક જ્યારે દૃઢ નિશ્ચય જાણ્યો એટલે ભદ્રા માતા

દીક્ષાની અનુમતિ આપે છે. જીતશત્રુ રાજા પાસે જઈ પ્રણામ કરી વિનંતિ કરે છે કે " મારો પ્રિયપુત્ર વીર ભગવાન પાસે સંયમ અંગીકાર કરવા તૈયાર થએલ છે, તેથી દીક્ષા-મહોત્સવમાં છત્ર, ચામર, હાથી, ઘોડા, પાલખી વગેરે સાજની જરૂર છે માટે તે આપવા કૃપા કરો." રાજા કહે, "ધન્નાનો દીક્ષા-મહોત્સવ રાજ્ય તરફથી થશે, માટે આપ નિશ્ચિત રહો."

રાજાએ કરેલ મહોત્સવપૂર્વક ભગવંત પાસે આવી પાંચ મહાવ્રત ઉચ્ચરી ધન્નો દીક્ષાના દિવસથી મહાઅભિગ્રહ અંગીકાર કરે છે. મારે જિંદગીપર્યંત છઠ્ઠથી ઓછું તપ ન કરવું અને પારણું આયંબિલથી કરવું. આવી રીતે નિરંતર તપ કરી તે વિચરી રહ્યાં છે.

કોઈક વખત શ્રેણિકરાજા ભગવાનને વંદન કરી પૂછે છે, કે ચૌદ હજાર ગુણવંત સાધુઓમાં શ્રેષ્ઠતર ગુણવંત સાધુ અને બળિયો તપસ્વી હોય તે કૃપા કરીને કહો. ત્યારે વીરપ્રભુ કહે છે, કે ૧૪ હજાર સાધુઓમાં ધન્નો કાકંદી કાયમ છઠ્ઠ તપ આયંબિલથી પારણું કરે છે અને તે પણ અરસવિરસ આહાર, એવો આહાર કે માખી પણ તે ન ખાય. માત્ર દેહને ભાડું દેવા માટે આહાર લે છે. વેલાથી તૂટી ગએલ તુંબડું તડકામાં સૂકવે અને કરચલીઓ વળી જાય તેવું ધન્નાઋષિનું મસ્તક છે, આંખો બન્ને ઊંડી ચાલી ગઈ છે, હોઠ તપસ્યાથી સુકાઈ ગયા છે. જીભ તો જાણે ખાખરાનું પાંદડું સુકાયલું હોય તેવી થઈ છે આંગળી અને કોણીના હાડકાં પ્રગટ દેખાય છે; જાંઘો કાગડાના પગ માફક સુકાઈ ગઈ છે. જાણે જૂનું તાડનું ઝાડ ન હોય તેવા મુનિ દેખાય છે. હાથ-પગની આંગળીઓ જાણે સૂકેલી મગની

સીંગ ન હોય ! ગોચરી જાય ત્યારે હાડકાં ખડખડ શબ્દ કરે છે. જ્યારે ચાલે ત્યારે હાડકાં દેખાય છે. માંસ અને લોહી વગરના પગ ઊંટ જેવા દેખાય છે. શરીરની ચામડી જાણે ધમણ ન હોય તેવી દેખાય છે. કાયામાં જોર રહેલ નથી. માત્ર આત્માના બળથી ચાલે છે. કાયાની માયા જેણે સર્વથા પરિહરી છે એવા મુનિવરને વંદન કરવા માટે શ્રેણિકરાજા અભયકુમાર મંત્રી અને ચેલણા રાણી સાથે જંગલમાં જાય છે. જેવું વીર ભગવંતે શરીરનું વર્ણન કર્યું તેવું આ તપસ્વી મુનિવરનું શરીર છે. તેમને વંદન કરે છે. પછી વૈભારગિરિ ઉપર તે મુનિવરે એક મહિનાનું અનશન કર્યું. અંતે વિધિપૂર્વક અંતિમ સાધના સાધી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં એકાવતારી અહમિન્દ્ર થયા.

ધન્ય હો આવા ધન્ના કાકંદી અણગારને.

## પર્ષદામાં પ્રથમ અને અનંતરભવે મોક્ષે જનાર ઊંદરની અંતિમ આરાધના

ભગવાન ગણધર દેવે અંજલિ જોડી ધર્મ જિનવરને પ્રશ્ન કર્યો કે "હે ભગવંત ! આ દેવતા, અસુરો, મનુષ્યો, તિર્યંચો લાખો જીવો અહીં સમોવસરણની પર્ષદામાં બેઠેલા છે. તેમાંથી સહુ પ્રથમ કયો જીવ કર્મક્ષય કરી સિદ્ધિ સ્થાનમાં જશે ?" ભગવાન પ્રત્યુત્તર આપે છે કે "હે દેવાણુપ્રિય ! આ આછા પીળા રંગવાળો તારા પડખેથી જે ઊંદર આવે છે, તે પૂર્વભાવ યાદ આવવાથી વૈરાગ્ય પામ્યો છે, અને નિર્ભયપણે અહીં આવી રહ્યો છે. મારા દર્શનથી અતિશય ખુશ થયો છે. આંખમાં હર્ષાશ્રુ ભરાઈ ગયાં છે; કાનની જોડી વિસ્તારી છે. સર્વાંગે હર્ષથી રોમાંચ ખડા

થઈ ગયા છે, તે ઊંદર આપણા સર્વ કરતાં સર્વ પાપરજથી મુક્ત બની અનાબાધ અક્ષય સુખના સ્થાન રૂપ સિદ્ધિસ્થાન પ્રથમ પ્રાપ્ત કરશે." એવી રીતે ભગવંતે કહેતાંની સાથે જ સકલ નરેન્દ્રસમૂહ, ઈંદ્ર, અસુરેન્દ્ર વગેરે તેમ જ દેવતાઓની કૌતુકરહસ્યથી વિકસ્વર બનેલી હજારો દૃષ્ટિઆળાઓ તે જંગલના ઊંદર ઉપર પડી. ભક્તિ સમૂહથી નિર્ભર તે ઊંદર પાદપીઠ નજીક, પૃથ્વી ઉપર મસ્તક મૂકી પોતે પોતાની ભાષામાં કંઈક કહેવા લાગ્યો. આ વખતે ઇંદ્રમહારાજાએ કહ્યું, "હે ભગવંત! મને આ વાતનું મોટું કૌતુક થાય છે કે શું આ સર્વાધિમ તુચ્છ જાતિવાળો, કોમળ રેતીનાં સ્થળમાં બીલ કરીને વસવાના વ્યસનવાળો જંગલી ઊંદર આપણાં સર્વ કરતાં પ્રથમ સિદ્ધિસ્થાનમાં જશે? આવો આ લઘુ કર્મી હોઇને આવી ક્ષુદ્ર-હલકી જાતિમાં કેમ ઉત્પન્ન થયો?" ઇંદ્ર મહારાજાને પ્રત્યુત્તર આપતાં ભગવાન તેના પૂર્વભવની હકીકત કહે છે.

## ઊંદરનો પૂર્વભવ

વિંધ્ય નામના પર્વતના અંતરાલમાં વિંધ્યવાસ નામનો સન્નિવેશ હતો અને તેમાં છૂટાછવાયાં વસવાટસ્થાનો હતાં. ત્યાં એક અનાર્ય મહેન્દ્ર નામનો રાજા હતો. તેને તારા નામની મહારાણી તથા આઠ વર્ષની વયવાળો તારાચંદ્ર નામનો પુત્ર હતો. આ વખતે તેનાં છિદ્ર ખોળનાર પહેલાનાં વૈર અને ક્રોધ પામેલા કોશળ રાજાએ હલ્લો કરી તેનો સન્નિવેષ વેરવિખેર કરી નાખ્યો. મહેન્દ્ર રાજા બહાર આવ્યો અને લડવા લાગ્યો લડતાં લડતાં મહેન્દ્ર રાજા મૃત્યુ પામ્યો. એનું કેટલુંક સૈન્ય હણાયું. કેટલુંક પલાયન થવા લાગ્યું. બાકીનાં લોકો જીવ લઈને નાઠાં. તે તારા નામની મહા-

રાણી પણ નાના પુત્ર તારાચંદ્રને આંગળીએ પકડી લોકોની સાથે પલાયન થતી ભરૂચ નામના નગરે પહોંચી. ત્યાં કોઈની ઓળખાણ પિછાણ ન હતી, જેથી હવે કોનું શરણ પકડવું? અત્યાર સુધી કોઇ દિવસ કોઈનું વગર નિમિત્તે અલ્પ ગુસ્સાવાળું દુર્જનનું મુખ પણ દેખ્યું નથી, તો પછી તરસ, ભૂખ, થાક, ઉદ્વેગથી કંપતી હું ક્યાં જાઉં? અને ક્યાં ન જવું? શું કરું અને શું ન કરું? કોને ઘેર પ્રવેશ કરવો? શું પૂછવું? શી વાત કરવી? કેમ વર્તવું? વગેરે વિચારતી, શૂન્ય રણમાં તરતની વિઆએલ અને પોતાનાં ટોળાથી વિખૂટી પડી ગએલી, ભય પામતી કાયર હૃદયવાળી ચંચળ હરણી માફક નગરનાં એક ચૌટામાં શિવમંદિરનાં મંડપમાં દાખલ થઇ. થોડા વખતમાં ગોચરી જતું સાધ્વીનું યુગલ દેખાયું. સાધ્વીઓને દેખી રાણીએ વિચાર્યું, "અહો આ મહાભાગ્યશાળી, ધર્મમાં લીન સાધ્વીઓ ચાલી જાય છે. તેઓ પહેલાં મારા પિયરમાં તો મને પૂજ્ય હતા. અમારા સરખાને તેઓનું શરણ સ્વીકારવું તે જ અમારી ગતિ છે." એમ વિચારતી પુત્રને આંગળીએ લઇ, તે ઊભી થઇ. સાધ્વીની પાછળ પાછળ માર્ગમાં પહોંચી. સાધ્વીઓને વંદના કરી. સાધ્વીઓએ ધર્મલાભ કહ્યો, આશીર્વાદ આપ્યા અને વિનય અને શાંતિપૂર્વક પૂછ્યું, "ક્યાંથી આવો છો?" રાણીએ કહ્યું, "ભગવતી! વિંધ્યપુરીથી." ફરી પૂછ્યું, "કોના મહેમાન છો?" ત્યારે રાણીએ જવાબ આપ્યો કે પોતાને એ વાતની ખબર નથી, એટલે તેનાં રૂપ, લાવણ્ય, લક્ષણાદિક તરફ નજર કરી અને તેનું કરુણતાવાળું બોલવું સાંભળીને સાધ્વીઓને અનુકંપા ઉત્પન્ન થઇ, અને કહ્યું, "જો તારે અહીં નગરમાં કોઇની ઓળખાણ ન હોય તો સાધ્વી

પ્રવર્તિનીની મહેમાન બન." રાણીએ પણ 'મહાકૃપા' એમ બોલી તે વાત સ્વીકારી અને ઉપાશ્રયે ગઈ. માર્ગમાંથી આવતી હતી, ત્યારે જ પ્રવર્તિની મુખ્ય સાધ્વીએ તેને દેખી અને વિચાર્યું "અહો આવી આકૃતિવાળીને પણ આવી આપત્તિઓ !" અપુર્વ રૂપ. યૌવન, લાવણ્ય, લક્ષણ વિલાસથી મુખ્ય સાધ્વીએ જાણી લીધું કે તે કોઈક રાજપત્ની છે, તેમ જ તેની પાસે આ સુંદર રાજપુત્ર છે. રાણીએ પ્રવર્તિની પાસે જઈ વંદના કરી. પ્રવર્તિનીએ ધર્મલાભ આશીર્વાદ આપી પૃછયું કે "ક્યાંથી આવો છો?" રાણીએ પ્રવર્તિનીને શરૂથી ત્યાર સુધીનો વૃત્તાન્ત કહ્યો. પછી તેને શ્રાવકોને ઘરે સોંપી. તે શ્રાવકોએ પોતાની પુત્રી સાફક સારી રીતે તેની સાર સંભાળ કરી. તે રાજપુત્ર અભ્યંગન ઉદ્ધર્તન-સ્નાન-ભોજન-વિલેપન કરવું અને વસ્ત્ર વગેરે ધારણ કરવા સાથે સુખપૂર્વક રહેલો છે. કોઈક દિવસ પ્રવર્તિનીએ રાણીને પૃછયું, "હે વત્સ! તારો શો વિચાર છે?" રાણીએ જવાબ આપ્યો કે "હે ભગવતિ! મારા નાથ યુદ્ધમાં મૃત્યુ પામ્યા છે. નગરીનો વિનાશ થયો છે. કુટુંબ પરિવાર પણ નાશ પામ્યો છે. કોશલરાજા બહુ પ્રચંડ છે, પુત્ર બાળક અપરિપકવ છે, અને કેળવાયેલ નથી. હવે રાજ્ય પાછું મળવાની આશા નથી. હવે આ કાળ અનુસાર જે કંઈ કરવા યોગ્ય હોય તે કરું, જેથી ફરીથી કોઈ વખત જન્માન્તરમાં પણ આવી આપત્તિઓ નડે નહીં. તમો જે આજ્ઞા કરશો તે સર્વ કરીશ." ત્યારે પ્રવર્તિનીએ કહ્યું, "વત્સ! જો તારો આવો જ નિશ્ચય છે, તો પુત્ર તારાચંદ્રને આચાર્ય મહારાજને સોંપી દેવો, અને તું અમારી પાસે દીક્ષા અંગીકાર કર એમ કરવાથી સંસારવાસનું દુઃખ છેદાઈ જશે." રાણીએ પણ 'તહત્તિ' કહી

દીક્ષાની વાત સ્વીકારી. અને અનંતનાથ સ્વામી તીર્થંકરના તીર્થની પરંપરામાં વર્તતા સુનંદ નામના આચાર્યની પાસે બાળકુંવરને સમર્પણ કરવા પૂર્વક યથાવિધિ દીક્ષા અપાવી.

## સાધુજીવન કરતાં ઊંદરજીવન ધન્ય ગણ્યું તે રૂપ શલ્યનું ફળ

દીક્ષા લીધા પછી કેટલો કાળ વીત્યા બાદ તારાચંદ્ર રાજપુત્ર યૌવનવયવાળો થયો અને વિલાસ કરવાના સ્વભાવવાળો, ખડ્ગ, ધનુષ, ચક્ર, ગંધર્વ, નાટક, વાજિંત્રનો વિલાસી બની સાધુઆચારથી વિરુદ્ધ વર્તન કરવા લાગ્યો. ત્યારે આચાર્યે સમજાવ્યો, ગણાવચ્છેદકે શિખામણ આપી, ઉપાધ્યાયજીએ ભૂલ બતાવી, સાધુઓએ ઇશારો કર્યો. એમ દરેકે વારંવાર કુમાર બાળમુનિને પ્રેરણા કરી. એટલે એ ચારિત્રના ભગ્ન પરિણામવાળો બન્યો. કોઇક અવસરે આચાર્ય ઠંડીલભૂમિ માટે બહાર ગયા. તે પણ સાથે ગયો. ત્યાં આગળ રોકાયો, અને વનભૂમિમાં જંગલના ઊંદરો ટોળે મળી ક્રીડા કરતા હતા. તેને જોઇને આ તારાચંદ્ર મુનિએ વિચાર્યું કે "ખરેખર આ ઊંદરોનું જીવન ધન્ય છે; ભાગ્યશાળી છે. જુઓ, તે ઇચ્છા પ્રમાણે ક્રીડા કરે છે. કોઇના કઠોર શબ્દ સાંભળવા પડતા નથી કોઇને વંદનનમસ્કાર કરવાના હોતા નથી. ઇચ્છા પ્રમાણે તે હરેફરે છે. માટે ખરેખર અરણ્યના રહેનારા ઊંદરો મારા કરતાં ધન્ય છે. અમારા સરખા પારકાને આધીન જીવન હોવાથી જીવતાં છતાં મરેલા સરખા છીએ. એક સાધુ કહે આમ કર, બીજો વળી કહે તેમ કર; આ ખાવા યોગ્ય છે; આ અભક્ષ્ય છે, આ પી જા, ફેંકી ન દે; આમ ફેંકવામાં પ્રાયશ્ચિત આવે;

આ દોષની આલોચના કર; વિનય કર; વંદન કર; પ્રતિક્રમણ કર; એક ક્ષણ શ્વાસ લેવાની અહીં શાંતિ નથી, માટે મારા કરતાં આ રણના ઊંદરો ધન્ય ભાગ્યશાળી છે.'' એમ વિચારતો તે ઉપાશ્રયે ગયો. આ નિયાણુ શલ્ય-મનથી કરેલા ખોટા વિચારો ગુરુ પાસે પ્રગટ કર્યાં નહિ. આલોવ્યા નહિ. તેની નિંદા ન કરી. પ્રાયશ્ચિત ન લીધું. એમ દિવસો જતાં અકાલ મૃત્યુથી મરીને નમસ્કાર મંત્રના સ્મરણથી જ્યોતિષ દેવલોકમાં કંઈક ન્યૂન પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાં ભોગ ભોગવી આ ચંપાનગરીનાં પૂર્વોત્તર વિદિશામાં મોરૂત્થલીમાં રાની ઊંદરનાં કુળમાં એક ઊંદર સુંદરીની કુક્ષીમાં તે ઉત્પન્ન થયો. સમય પાકયો એટલે જન્મ થયો, અનુક્રમે ઊંદર યૌવનવયવાળો થયો. પછી અનેક ઊંદરી સમુદાયથી પરિવરેલો તે ક્રીડા કરવા લાગ્યો. કોઈક વખત તે બહાર ફરવા ગયેલો અને ત્યાં નજીકમાં સમવસરણની રચના થઈ હતી. પુષ્પવૃષ્ટિથી સુગંધ આવવાથી તે તરફ ખેંચાયો. તેને અનુસારે આવતાં તેવા પ્રકારનાં કર્મથી પ્રેરાએલો, આ સમવસરણમાં તે આવી પહોંચ્યો અને સારું વચન સાંભળવા લાગ્યો. જીવાદિક પદાર્થો સાંભળતાં, સાધુ લોક તરફ નજર કરતાં તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે ઇહા-અપોહની વિચારણા કરતાં કરતાં, 'આવું વચન પૂર્વે મેં નક્કી સાંભળેલું છે, આ વેષ પણ પૂર્વે મે અનુભવેલો છે.' એમ વિચારતાં તેને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવા વડે કરીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. 'હું સાધુ હતો, પછી જ્યોતિષમાં દેવ થયો. પછી વળી અહીં જંગલમાં ઊંદરપણે જન્મ્યો.' એમ યાદ કરી 'અહો આવો વિષમ આ સંસાર છે, કે દેવ થઇને તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થયો.

માટે નજીકમાં ભગવંતના ચરણકમળમાં જઈને વંદના કરું, અને પૂછું કે કયા કારણે હું ઊંદર થયો? અને હવે કયાં જઈશ?' એમ વિચારતો મારી પાસે આવ્યો. બહુમાનપૂર્ણ હૃદયવાળો ઊંદર એકાગ્રચિત્તે મારી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે ભગવંત! ત્રિભુવનનાથ એવા આપની આજ્ઞાનું જેઓ ખંડન કરે છે, તે મારા સરખા મૂઢ દુર્ગતિમાં ભટકે છે, તેથી હે ભગવંત! મેં એવું શું કર્યું, જે કારણે હું આવો ઊંદર થયો?" ભગવાને ઉત્તર આપ્યો, "હે મહાભાગ્યશાળી! તે તે વખતે તેં જે એમ ચિંતવ્યું હતું કે રત્નના ઊંદરો ધન્ય છે. તે નિયાણ શલ્ય દોષના પ્રભાવે દેવલોકમાં પણ રત્નઊંદરપણાનાં આયુ-ગોત્રકર્મ બાંધ્યાં."

## સમ્યક્ત્વ સમયે નરક-તિર્યંચાયુ ન બંધાય

આ સમયે ગણધર ભગવાને પૂછયું કે "હે ભગવંત! સમ્યગ્દૃષ્ટિ જીવ તિર્યંચાયુ બાંધે કે ન બાંધે?" ભગવતે પ્રત્યુત્તર આપ્યો કે "સમકિત દૃષ્ટિ જીવ તિર્યંચ આયુનો અનુભવ કરે. કહ્યું છે કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે નરક અને તિર્યંચ ગતિનાં દ્વાર બંધ થઈ જાય, જો સમ્યક્ત્વનો ત્યાગ થયો ન હોય અગર પહેલાં આયુ બંધાઈ ગયું ન હોય તો. આ ઉંદરે દેવગતિમાં હતો ત્યારે સમ્યક્ત્વનો ત્યાગ કરી તિર્યંચ આયુ બાંધ્યું હતું."

## ઊંદરની ઉત્તમ વિચારણા અને અંતિમ આરાધના

દેવેન્દ્રે આ વખતે પૂછયું, "તો હવે એ સિદ્ધિ કેવી રીતે મેળવશે?" ભગવાને કહ્યું, "અહીંથી જઈને પોતાની

વનસ્થળીમાં જતો જતો તે વિચારશે કે અહો આ સંસાર કેવો દુઃખના છેડાવાળો છે? જીવોનાં ચિત્તો કેવા ચંચળ છે? ઇંદ્રિયરૂપી અશ્વો પણ ચંચળ છે. કર્મની ગતિ કુટિલ છે. નિયાણશલ્ય કેટલું ખરાબ છે. ઊંદરની યોનિ અધમ છે, જિનેશ્વરનો માર્ગ દુર્લભ છે. હવે મારે આજ શ્રેષ્ઠ છે કે નવકાર મંત્રની સહાય લઈ મરીને જ્યાં વિરતિની પ્રાપ્તિ થાય ત્યાં જ જન્મ પામું." એમ વિચારતો પોતાના દરમાં એક ભાગના ભોજનના પચખ્ખાણ કરી 'સંસાર દુઃખમય છે' એ મારું વચન યાદ કરતો, નવકાર સ્મરણમાં તલ્લીન બની ત્યાં રહેશે. દરનાં એક ખૂણામાં અનશન વ્રત પચખ્ખીને તે રહેશે ત્યારે તેની પાસે રણની ઊંદરીઓ એક જાતિના શ્યામક તંબુલ ચોખા કોદ્રવા લાવી તેની આગળ મૂકી નિયંત્રણ કરશે. ત્યારે ઊંદર વિચારશે કે 'દુરંતપંત લક્ષણવાળા હે જીવ! અનાદિ કાળથી આ જીવને આહાર સંજ્ઞા લાગેલી છે. અત્યાર સુધી આહાર કરતાં કરતાં કયો તને લાભ મળ્યો? અત્યારે હવે આહાર ત્યાગ કરવા દ્વારા આ સંસાર તરવાનું નાવ મેળવ.' એમ વિચારતો ઊંદરીઓ તરફ લગીર પણ નજર કરશે નહિ, કે આહાર દેખી પુલકિત થશે નહિ. આવો જાણે રીસાએલ હોય, તેમ દેખી રણઊંદરીઓ વિચારશે કે કોઈપણ કારણથી આપણા ઉપર શ્યામ સુંદરાંગ પતિ કોપાયમાન થયા છે, માટે તેને પ્રસન્ન કરીએ. એમ વિચારી કેટલીક ઊંદરીઓ આલિંગન કરવા લાગી જશે, કેટલીક મસ્તક ખંજવાળશે, બીજી મૂછ અને કેશ લાબા સ્થાપશે, કેટલીક રૂંવાટીમાંથી લીખ દૂર કરશે, બીજી શરીર પંપાળશે. એમ થશે એટલે ઊંદર વિચારશે, "હે સ્ત્રીઓ! તમે પુરુષને નરકમાં મોકલનારી, સ્વર્ગ પામવા માટે અર્ગલા જેવી વિઘ્ન કરનારી છો. સંસારમાં

દુઃખનું મુખ્ય કારણ હોય તો આ ધૂતારી સ્ત્રીઓ છે. માટે તમે દૂર ખસો ” એમ માનનારો તે આ ઊંદરીઓથી ક્ષોભ નહિ પામે. ત્યાર પછી ત્રીજે દિવસે ક્ષુધાથી અંગ શોષાઇ જશે. અને મરીને મિથિલા નગરીના મિથિલ રાજાની ચિત્રા નામની મહાદેવીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થશે. ગર્ભમાં આવશે એટલે દેવીને સર્વ જીવો ઉપર મૈત્રીભાવ થશે, તેથી જન્મ્યા પછી તેનું મિત્રકુમાર નામ પાડીશું. એમ વૃદ્ધિ પામતો અને કુતુહળપ્રિય બાળક કુકડા, સાંકડા, માંજર, હરણને ઘોર ઉપદ્રવ બંધન બાંધીને ક્રીડા કરતો હશે. એમ ક્રીડા કરતાં તેનાં આઠ વર્ષ પૂર્ણ થયાં હશે, ચોમાસાનો કાળ આવ્યો હશે, મેઘ ગર્જના કરે છે; મોર નૃત્ય કરે છે; વીજળી ઝબૂકે છે, બગલાઓ વૃક્ષની ટોચે અને મુસાફરો ઘર તરફ જાય છે; હળ જોડાય છે; પાણીની પરબોની ઝૂંપડીઓ ભાંગી જાય છે; પહાડ અને વૃક્ષો સ્વચ્છ થાય છે. એવી વર્ષાઋતુ આવે ત્યારે ગામોમાં ઘરનાં છાપરાઓ તૈયાર કરાય છે. આવા ચોમાસાના સમયે રાજપુત્ર મિત્રકુમાર નગર બહારનાં સ્થાને જવા નીકળશે. પક્ષી અને શ્વાપદ સમુદાયને બંધન બાંધીને રહેલો હશે. તે પ્રદેશથી અવધિજ્ઞાની મુનિ નીકળશે. પાછાં વળતા રાજકુમારને દેખી મુનિ ઉપયોગ મૂકશે, “ અહો આ રાજપુત્રનો સ્વભાવ કઇ જાતનો ? આમ હોવાનું શું કારણ ? ” ઉપયોગ મૂકશે એટલે મુનિ આગલા ભવોનું તારાચંદ્ર સાધુનું રૂપ, જ્યોતિષ દેવ, જંગલી ઊંદર, હવે અહીં ઉત્પન્ન થયો એમ જાણશે. સાધુએ જાણ્યું કે આ પ્રતિબોધ પામશે, એમ વિચાર કરતા તેને કહેશે, “ કુમાર તું સાધુ, દેવ અને ઊંદર હતો, તે તને શું યાદ નથી ? પોતાના યોનિવાસગર્ભાવાસથી હજી તને કંટાળો આવ્યો નથી કે તું હજુ

જીવોને કદર્થના કરે છે!" તે સાંભળી કુમાર વિચારશે, "અહો, અરે મુનિએ મને શું કહ્યું? સાધુ, દેવ અને રણુ-ઊંદર. પહેલાં સાંભળ્યું હોય તેવું કંઈક તેમણે જણાવ્યું. એમ ઇહા અપોહની ગવેષણા કરતાં તેવા પ્રકારનાં કર્મના ક્ષયોપશમથી તેને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થશે. જાગશે કે પોતે તારાચંદ્ર સાધુ હતો, પછી દેવલોકમાં અને પછી રણુ-ઊંદર થયો નમસ્કાર સ્મરણપૂર્વક મૃત્યુ પામી અહીં આવ્યો. તે જાણી વિચારશે 'અરે સંસારવાસને ધિક્કાર હો. આ જીવ કુત્સિત છે કે જે મહાદુઃખ પરંપરાથી કોઈ પણ પ્રકારે દુર્લભ જિનવરનો માર્ગ પામી પ્રમાદ કરે છે. હવે સર્વથા તેવું કરું જેથી ફરી આવું ન થાય. આજ મુનિની પાસે દીક્ષા અંગીકાર કરી તપ વિધાનો-અભિગ્રહ વિશેષ, આ મુનિચર્યા કરું' એમ વિચારતાં અપૂર્વકરણ ક્ષપકશ્રેણિ-અનંતતર કેવળજ્ઞાન-દર્શન ઉત્પન્ન થશે. તે વખતે જે આયુકર્મ બાંધ્યું હતું તે આયુનો ક્ષય અને કેવલોત્પત્તિ બને સાથે થતાં, તેટલા જ માત્ર કાળમાં અંત-કૃત કેવલી થશે. તેથી હું કહું છું કે આ ઊંદર આપણા સર્વેમાં પ્રથમ સિદ્ધિ પામશે. અત્યારાં તો હજુ દસ લાખ વરસ આયુષ્યનાં જશે, પછી નિર્વાણ થશે."

ઊંદર પ્રત્યે દરેકનો આદર.

આ રણુઊંદરનું આખ્યાન-કથાનક સાંભળી સર્વ ઇંદ્રાદિક દેવતા, અસુરો, મનુષ્યોને મોટું કૌતુક ઉત્પન્ન થયું. ભક્તિ-બહુમાન, સ્નેહ, કૌતુકપૂર્ણ હૃદયવડે ઇન્દ્ર મહારાજે પોતાની હથેળીમાં રણુઊંદરને સ્થાપન કર્યો. ઇન્દ્રે કહ્યું કે અહો જગતમાં તું કૃતાર્થ થયો. દેવતાઓનો પણ તું વંદનીય બન્યો. અમારા સર્વે કરતાં પ્રથમ તું

સિદ્ધિ પામીશ એમ જિનેશ્વરે ફરમાવ્યું. અરે દેવતાઓ! આ જિનેશ્વરના માર્ગનો પ્રભાવ તો જુઓ, કે પુણ્યશાળી તિર્યંચો પણ બીજા જ ભવમાં સિદ્ધિ પામે છે. તેથી કરીને સર્વજ્ઞ ભગવંતો જણાવે છે કે હું સર્વ સત્યોમાં હતો. આવા નજીકના મોક્ષગામી જીવો પણ આવી અધમ યોનિમાં ઉત્પન્ન થયા છે. એવી રીતે જેમ ઇન્દ્ર મહારાજાએ તેમ સર્વ બાકીના દેવેંદ્રો, અસુરેન્દ્રોએ તથા હજારો રાજાઓએ એક હાથમાંથી બીજા હાથમાં ગ્રહણ કરાતો, રાજકુમાર માફક પ્રશંસા કરાતો, સ્થિર કરાતો, વર્ણન કરાતો, વંદન પૂજન, પ્રશંસા કરાયો. અહો ધન્ય–અહો પુણ્યવંત, અહો કૃતાર્થ, અહો સુંદર લક્ષણવાળો, અરે અમારા મનોરથ પુર્ણ કરનાર, અહો બીજા જ ભવે સિદ્ધિ પામશે. જિનવર ભગવંતનાં વચનમાં ફેરફ પડે જ નહિ.

જીવને ધર્મની ઉત્તમ સામગ્રીનો સુદર સંયોગ સાંપડવા છતાં તે કૌતુક, પ્રમાદ, અજ્ઞાનના કારણે મળેલો માનવ ભવ અને પ્રાપ્ત થએલ ચારિત્રરત્ન કેવી રીતે હારી જાય છે અને વિરાધક ભાવ પામી દુર્ગતિ મેળવે છે, તે વાત આ રાજકુમાર મુનિના દૃષ્ટાંતમાં વિચારણીય છે. ચારિત્રરત્ન મળ્યા પછી હિતકારી આચાર્ય ભગવંતની સારણાદિક તથા મુનિ ભગવતોની હિતશિખામણ, શ્રાવકોની પ્રેરણા સ્વચ્છંદી આત્માઓને અંકુશ–બંધન પરાધીનતા લાગે છે. પરંતુ મનમાં ચિંતવેલ નાનું શલ્ય ગુરુ પાસે પ્રગટ ન કર્યું, આલોચના ન લીધી, એટલે શલ્યવાળું બાળમરણ પામી ચારિત્ર હોવા છતાં હલકો જ્યોતિષ દેવ થયો. ત્યાર પછીના ભવમાં રણમાં અધમ ઊંદર યોનિમાં ઉત્પન્ન થયો. છતાં આગલા ભવનાં સાધુપણામાં કંઇક પુણ્ય બીજ રોપેલું

જેથી તિર્યંચ એવા ઊંદરના ભવમાં પણ પંદરમા શ્રી ધર્મનાથ ભગવંતના અને સમવસરણનાં દર્શન, પ્રભુવંદન અને તેમની દિવ્યવાણીનું શ્રવણફળ મેળવ્યું. પ્રતિબોધ પામી ઊંદર અનશન કરે છે. ઊંદરડીઓ અને આહાર તરફ ઉપેક્ષાભાવ, નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં પૂર્વભવ હારી ગયાનો પશ્ચાત્તાપ કરતો સમાધિ પૂર્વક એવી અંતિમ આરાધના કરી જેથી બીજા જ ભવે આખા સમવસરણની અંદર રહેલા તમામ જીવો પૈકી પ્રથમ મુક્તિ પામનાર આ ઊંદરનો આત્મા હતો. અહીં આ એક જ દૃષ્ટાંતમાં વિરાધનાનું વિરૂપ ફળ અને આરાધનાનું ઉત્તમ ફળ જાણી વિવેકી આત્માએ આરાધના માટે પ્રતિદિન કટિબદ્ધ થવું.

(પ્રાકૃત કુવલયમાળા મહાકથાના આધારે. પત્ર ૯૯)

एकोऽहं नास्ति मे कश्चिन्नाहं चापि कस्यचित् ।
न तं पश्यामि यस्याहं, नासौ दृश्योऽस्ति यो मम ॥

હું એકલો જ છું, મારું કોઈ નથી હું કોઈનો નથી હું જેનો છું તેને દેખતો નથી, મારું પોતાનું છે તે (ચર્મચક્ષુથી) દેખાતુ નથી

## ઝાંઝરિયા મુનિવરની અંતિમ સાધના

પેઠણપુર નગરમાં મકરધ્વજ રાજા છે. મદનસેના નામની રાણી છે. મદનબ્રહ્મ નામનો પુત્ર છે. તે બત્રીશ યૌવનવતી સુંદર કન્યા સાથે પાણિગ્રહણ કરી વિલાસ કરી રહેલ છે. કોઈ વખત તે નગર બહાર ઉદ્યાનમાં ગયો છે, ત્યાં મુનિવરને દેખી વંદન કરી ધર્મોપદેશ સાંભળે છે. ધર્મો

પદેશ સાંભળી પૂર્વકૃત સુકૃતયોગે વૈરાગ પામે છે. માતા-પિતાની અનુમતિ માગી ચારિત્ર અંગીકાર કરે છે.

નિર્મળ ચારિત્ર પાળતાં, ઘોર તપ કરતા તે મુનિવર પોતાના શિષ્યની સાથે પૃથ્વિતળમાં વિચરી રહ્યા છે. કોઇ સમયે ત્રંબાવતી નામની નગરીમાં ગોચરી માટે મુનિવર ભ્રમણ કરી રહ્યા છે, તે વખતે જેનો પતિ પરદેશ ગયો છે, તેવી રૂપવંતી કોઇ તરુણ યુવતી ગવાક્ષમાં બેઠી નગરચર્યા જોઇ રહી છે મનમાં અનેક પ્રકારના યૌવન વય સફળ કરવાના તરંગો ઊછળી રહેલા છે. સોળ શણગાર સજી મદોન્મત્ત બની ચારે તરફ નયનયુગલ ફેરવતી વિષયમાં રક્ત બની માર્ગમાં જતા-આવતા લોકો તરફ નજર કરે છે, તેટલામાં પ્રૌઢવય, સુંદર રૂપવાળા, કામદેવ સરખા મુનિવરને દેખ્યા. દેખી અંગમાં કામજ્વર પ્રગટ થયો. તેમને બોલાવી લાવવા દાસીને મોકલી. દાસી નીચે આવી મુનિને વહોરવા પધારવા વિનંતિ કરે છે. સરળ સ્વભાવી મુનિવર દાસી સાથે ઘરમાં જાય છે. તેની મેલી મુરાદ મુનિવર સમજેલા નથી. અનેક મીઠાઇ મેવા ભરેલા થાળ આગળ કરી તે કહે છે કે આમાંથી જે ઇચ્છા હોય તે સ્વીકારો.

આ મલિન કપડાં કાઢી નાખો અને આ રેશમી સુવાળા વસ્ત્રને પહેરી આ વિશાળ મંદિરના માલિક બનો. આ સુખશય્યામાં પોઢી મારા વિરહાગ્નિને આપના મનોહર દેહથી શાન્ત કરો.

એવા અનેક વિષયભોગની પ્રાર્થનાનાં વચન મુનિવરને કહે છે, છતાં આ મુનિવરને લગીર પણ તેના મધુર વચનનો અસર થતી નથી. અને ચંદનથી પણ અધિક શીતળ વાણીથી મુનિવર કહે છે કે તું હજુ ભોળી બાળક

છે. ઉત્તમ કુળમાં જન્મેલાને આ કાર્ય કરવું ન શોભે. આ તો કુળને કલંક લગાડનાર છે. આ લોકમાં અપયશ, પરલોકમાં દુર્ગતિનાં દુઃખો આપનાર છે. જગતમાં બે વાત બહુ અપયશ કરનારી ગણાય છે. એક ચોરી બીજી જારી.

શિયળ ચિંતામણિરત્ન છોડી કયો મૂર્ખ વિષયવિષને પકડે? વરસાદ વરસતો હોય ત્યારે છતે મકાને ઉઘાડામાં જઈ કોણ ભીંજાય? શિયળ-બ્રહ્મચર્ય પાળવા સરખો આ મહેલ છોડી પાપકરમના વરસાદમાં જઈ કયો મૂરખ ભીંજાય? મેં મન, વચન, કાયા, ત્રિકરણ યોગે વ્રત લીધેલું છે, તે ધ્રુવના તારા માફક અવિચળ પાળીશ, અને કોઈ પણ ભોગે મારા નિર્મળ શિયળને ખંડિત નહીં થવા દઉં.

આ પ્રમાણે સાધુનો નિશ્ચય જાણી, સાધુની શિખા મણને અવગણી કામાંધ બની મુનિવર ઉપર આળ ચઢાવવા માટે પોતાના પગના ઝાંઝર મુનિવરને પહેરાવી દીધાં, અને ઝાડને જેમ વેલી વીંટાય તેમ બે બાહુથી મુનિવરને વળગી પડી.

પરંતુ મુનિ બળ કરી ત્યાંથી પગમાં ઝાંઝર સાથે તેના મકાનમાંથી બહાર નીકળી ગયા, એટલે કામિની સ્ત્રીએ ઘોંઘાટ કરી મૂકી લોક એકઠા કર્યા અને પોતાના ઘરમાં પેસી અણછાજતું કાર્ય કરી દોડી જાય છે માટે તેમને પકડવા માટે બૂમાબૂમ કરવા લાગી. લોકો અજાણ્યા; સાચી વાત કોઈને ખબર નથી. એટલે તેઓ મુનિની નિંદા કરવા લાગ્યા. સાધુના વેષમાં રહી આ પાખંડ શો આદર્યો છે? રાજમાર્ગે ઝાંઝર પહેરેલા મુનિ ચાલ્યા જાય છે. ગવાક્ષમાં બેઠેલાં રાજા-રાણી મુનિને દેખી રહ્યાં છે. નજીક આવેલા મુનિવરને દેખી રાણીની આંખમાં આંસુ ભરાયાં.

આંસુ દેખી રાજાના મનમાં એમ થયું કે જરૂર આ રાણીનો કોઈ જાર-પ્રેમી જણાય છે, તેથી કુપિત થએલ રાજાએ મુનિને સેવક પાસે બોલાવી, ઊંડો ખાડો ખોદાવી અંદર મુનિને બેસાડયા.

મુનિ સમજી ગયા કે હવે આ અંત સમય નજીક આવ્યો છે, એટલે છેલ્લી વખતે કરવા યોગ્ય તૈયારી કરવા માંડી. અણુશણ કરે છે, સર્વ જીવોને ખમાવે છે, અને સમતાસાગરમાં ઝુલી રહ્યા છે. ચોર્યાસી લાખ જીવાયોનિને ખમાવે છે. સર્વ પાપકર્મ ખપાવવા નવકાર મહામંત્રનું સ્મરણ કરે છે. જીવે કરેલાં જ કર્મ ઉદયમાં આવે છે; આમ ઉદયમાં આવેલાં કર્મસમયે હે જીવ! બહાદુરીથી ભોગવી લે. હસતાં કે રડતાં ઉદયમાં આવેલાં કર્મ દરેકને ભોગવવાં પડે છે તો હસતાં કેમ ન ભોગવી લેવાં, જેથી નવાં ન બંધાય? આ પ્રકારે શુદ્ધ ધ્યાન કરી રહ્યા છે, તે વખતે રાજાએ ખડ્ગથી સાધુને હણાવ્યા. પરિણામે મુનિ ક્ષપકશ્રેણીથી અંતગડ કેવળી થયા. મુનિવરે શાશ્વતપદ મેળવ્યું.

સાધુના દેહને તલવાર વડે હણવાથી ત્યાં હાહાકાર વ્યાપી ગયો. સાધુનો ઓઘો તથા વસ્ત્ર લોહીથી ખરડાયાં; રાજાએ ક્રૂર અન્યાય કર્યો. ત્યાંથી સમળી લોહીથી ખરડાએલ ઓઘો લઈ ઊડી, વચમાં રાણી બેઠેલી ત્યાં ચાંચમાંથી લોહીથી ખરડાએલ ઓઘો સરી પડ્યો. પોતાના ભાઈનો ઓઘો દેખી રાણીના હૃદયકમળમાં ધ્રાસ્કો પડ્યો. રાજાએ ગુનાની તપાસ કર્યા વગર નિષ્કારણ નિર્ગુનેગાર મુનિવરને હણી નાખ્યા જાણી રાણીએ અણશન કર્યું. પાછળથી સાચી વાત રાજાને ખબર પડી કે આ મુનિવર

રાણીના સગા સહોદર છે. મેં મહાઅન્યાય કર્યો, મહાન પાપ કર્યું. આ મુનિહત્યાના પાતકથી શી રીતે છૂટીશ ?

રાજાની આંખમાંથી આંસુની ધારા વહી જાય છે, અને કલેવરને ચોધાર આંસુથી ખમાવે છે. ગદ્‌ગદ સ્વરે રાજા કારમું રુદન કરે છે. કલેવર પાસે બેસી માન મેલી મુનિવરને ખમાવે છે. સમતા રસમાં તરબોળ બની વારંવાર કલેવર પાસે ખમાવે છે. આંસુથી મુનિના પાદપદ્મ પખાળે છે. ભૂપતિ ઉગ્ર પશ્ચાત્તાપ તેમજ ભાવના ભાવતો સર્વ કર્મને બાળી નાખે છે. ભવોભવના વૈર ખમાવી રાજાએ કેવળજ્ઞાન મેળવ્યું.

અંત સમયે સાચા હૃદયથી પાપનો પશ્ચાત્તાપ થાય તો પણ આત્મા કેવી સાધના સાધી શકે છે !

( कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यकृत वीतरागस्तोत्र १७ प्रकाश )

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झित ॥ १ ॥

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनः क्रिययान्वितम् ॥ २ ॥

यत्कृतं सुकृतं किञ्चिद् रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥ ३ ॥

सर्वेषामर्हदादीनां यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं सर्वं तेषां महात्मनाम् ॥ ४ ॥

त्वां त्वत्फलभूतान् सिद्धांस्त्वच्छासनरतान् मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥ ५ ॥

क्षमयामि सर्वान् सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥ ६ ॥

एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कस्यचिद् ।
त्वदंघ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ॥ ७ ।
यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम ।
तावन्मयि शरण्यत्वं मा मुञ्च शरणं श्रिते ॥ ८ ॥

અર્થ: હે નાથ! મેં કરેલાં દુષ્કર્મની ગર્હા કરતો અને સુકૃતની અનુમોદના કરતો નિ:સહાય હું આપના ચરણનું શરણ અંગીકાર કરું છું. ૧

કરણ-કરાવણ-અનુમોદન-મન-વચન-કાયા ત્રિકરણ ત્રિયોગથી થએલા પાપો નિષ્ફળ થાઓ. હવે તેવાં પાપો ફેરી નહીં કરીશ તેવી ધારણા કરું છું. ૨

હે પ્રભુ! આપના માર્ગને અનુસરનાર એવા જ્ઞાનાદિક રત્નત્રયીના વિષયવાળું મેં જે સુકૃત કર્યું હોય તેની અનુમોદના કરું છું. ૩

સર્વે અરિહંતાદિક અર્થાત્ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુના અરિહંતપણું ઇત્યાદિક જે જે ગુણો તે મહાત્માઓમાં રહેલા હોય તેમના સર્વ ગુણોની અનુમોદના કરું છું. ૪

હે વિતરાગ પ્રભુ! હું આપનું, આપની બતાવેલી ક્રિયાના ફળરૂપ સિદ્ધ ભગવાનનું, આપના શાસનમાં રક્ત થએલ મુનિવરોનું, અને આપના શાસનનું શરણ અંતઃકરણથી પામ્યો છું. ૫

હે વિતરાગ! હું ચોરાશી લાખ યોનિના સર્વ જીવોને ખમાવું છું, અને સર્વ જીવો મને ખમો; આપના શરણમાં રહેલા મને સર્વ જીવો વિષે મૈત્રી હો. ૬

હે વિતરાગ! (સ્વજન આદિ ઉપર મમતા રહિત

હોવાથી ) હું એકલો જ છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી; આપના શરણમાં રહેલો હોવાથી મને લગીર પણ દીનતા નથી. ૭

હે પ્રભુ ! આપની કૃપાથી શ્રેષ્ઠ જે મહા પદવી–અર્થાત્ મુક્તિને હું જ્યાં સુધી પ્રાપ્ત ન કરું, ત્યાં સુધી તમારા શરણે આવેલા મારા ઉપર વાત્સલ્યભાવ ન છોડશો. ૮

## શ્રી મલ્લિનાથ ભગવંતે પૂર્વભવમાં કરેલી અંતિમ આરાધના

સાત મિત્રોએ આગલા ભવમાં પ્રતિજ્ઞા કરી કે એક તપ કોઈ પણ કરે તો તે તપ સાતેએ કરવું. તે સર્વે કર્મ-ગાંઠ બાળનાર ચોથા પુરુષાર્થ મોક્ષનું કારણ ઉપવાસાદિક તપવા લાગ્યા. રાજર્ષિ કહે છે કે-મારું માથું દુ:ખે છે. આજે વળી પેટમાં ગરબડ છે, આજે અરુચિ છે, ગઈ કાલે બહુ ભારે ખોરાક લેવાયો હતો, અજીરણ થયું છે; આજે કડવા ઓડકાર આવે છે. આવા આવા બાનાં કાઢી પોતે પચ્ચક્ખાણ પારતા નથી, અને બીજાઓ પચ્ચક્ખાણ પારી પારણું કરે છે. પછી પોતે પોતાને અધિક ફળ મળે એ આશાયે કપટથી અધિક ઉપવાસાદિક તપ કરે છે. માયાથી ભોજન કરતા નથી, અને મિત્રોને તપસ્યામાં ઠગે છે. કપટયુક્ત ઘણું તપ કરવા વડે કરી તે મહાબળ મુનિએ અનંતી પાપ-રાશિના ઢગલારૂપ સ્ત્રીવેદ નામકર્મ બાંધ્યું. એ મહાબળ રાજર્ષિએ મુનિપણામાં અર્હંતાદિક વીશ સ્થાનક પદોની ભક્તિ અને તપ આરાધનાયોગે મહાપુણ્યના સમુદાયરૂપ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

**વીશ સ્થાનક તપ આરાધના**

પહેલા અરિહંત પરમાત્માની મૂર્તિની સ્તવન દેવ-વંદનાદિક પૂજા અને તેમની દરેક પ્રકારે આશાતના વર્જવા વડે કરી પ્રથમ પદની આરાધના કરી. બીજા સિદ્ધપદની સિદ્ધિ સ્થાનકમાં બીરાજમાન રાત્રિજાગરણ, ઉત્સવ, એક-ત્રીશ સિદ્ધભગવંતના ગુણકીર્તનદ્વારા આરાધના કરી. ત્રીજા પ્રવચનપદની આરાધના ગ્લાન બાળ તપસ્વીની સેવાભક્તિ વૈયાવચ્ચ કરી, અને સંયમયોગ્ય મનોહર આહારાદિકનું દાન કરી, ચોથું આચાર્યપદ તેમને અંજલિ વસ્ત્ર આહારાદિકનું દાન, ઉપતાપ-આશાતના વર્જવાપૂર્વક આરાધના કરી. પાંચમા સ્થવિર પદમાં વય અને જ્ઞાનાદિ ગુણોવડે કરી જે મોટા હોય તેમને અસમાધિ ન થાય તેવી રીતે સેવાભક્તિ કરી સ્થવિરસાધુ પદની આરાધના કરી. છઠ્ઠું ઉપાધ્યાય અથવા બહુશ્રુતપદ. શાસ્ત્રોના અર્થ જાણનારા તત્ત્વવેત્તા, બીજાને તત્ત્વ સમજાવનાર એવા ઉપાધ્યાયપદની પ્રાસુક આહારપાણી લાવી આપવા દ્વારા આરાધના કરી. સાતમા તપસ્વી પદ જે સદા ઉત્કૃષ્ટ તપકર્મમાં નિરંતર તલ્લીન હોય તેવા તપસ્વીઓની વિશ્રામણા આદિ વાત્સલ્ય કરવું તે રૂપ આરાધના કરી. બાર અંગાદિક જ્ઞાન ભણવું ભણા-વવું તેના અર્થોની વ્યાખ્યા કરવી, સાંભળવું તે રૂપ આઠમા પદની આરાધના કરી. નવમા પદમાં શંકાદિરહિત, સ્થૈ-ર્યાદિયુક્ત, શમાદિલક્ષણવાળું સમ્યક્ત્વપદ તેની આરાધના કરી. દસમા પદમાં જે અધિક ગુણવાન આત્માઓનો વિનય કરવો, અવિનય આશાતના ટાળવી, તે રૂપ વિનય પદની આરાધના કરી.

અગિયારમા પદમાં ઈચ્છા-મિચ્છાદિક દસ પ્રકારની

સામાચારી ચરણસિત્તરી કરણસિત્તરી આદિ તેમજ આવશ્યક પડિલેહણ જેમાં છે એવા ચારિત્રપદની આરાધના કરી. બારમા પદમાં નવ વાડવાળું નિરતિચાર વિશુદ્ધ બ્રહ્મચર્યપદ તેની આરાધના કરી. તેરમા સ્થાનકમાં પ્રમાદત્યાગ કરવાપૂર્વક શુભધ્યાન કરવું, અને ચૌદમા પદમાં શક્તિ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર તપ કરવું અને અસમાધિનો ત્યાગ કરવો તે રૂપ તપપદની આરાધના કરી. તેમજ તપસ્વી મુનિવરોને શુદ્ધ આહાર-પાણીનું યથાશક્તિ દાન વૈયાવચ્ચ કરવું તે પંદરમા પદની આરાધના જણાવી. સોળમા સ્થાનકમાં બાલાદિક દસ અને ગચ્છનું વૈયાવચ્ચ આહાર પાણી લાવી આપવાં, ગ્લાનાવસ્થામાં નિરીહપણે, અવિશેષપણે, નિરાસંશપણે ભક્તિ કરી સત્તરમા પદમાં અનતી સમાધિ ઉત્પન્ન કરનાર, તથા અઢારમા પદમાં સૂત્ર અર્થ ઉભયભેદથી અપૂર્વ નવીન જ્ઞાન ગ્રહણ કરવારૂપ અભિનવ જ્ઞાનપદની આરાધના કરી. ઓગણીસમા પદમાં પુસ્તકો લખાવવાં, વ્યાખ્યાન વંચાવવાં, જે રીતે જ્ઞાન ટકી રહે, વૃદ્ધિ પામે, મુનિ ભગવંતોને શ્રુતજ્ઞાન ભણવાનાં સાધનો મેળવી આપવાં, તે રૂપ શ્રુતજ્ઞાનની આરાધના કરી. વીસમા પદમાં વિદ્યા-વાદ-નિમિત્તથી તીર્થની પ્રભાવના થાય, તીર્થોન્નતિ થાય, તીર્થોનું વાત્સલ્ય કરવારૂપ તીર્થપદની આરાધના કરી. આ વીસ સ્થાનકોનાં પદોમાંથી એક જ પદની જો ઉપવાસાદિક તપપૂર્વક ભક્તિ સાથે આરાધના કરવામાં આવે તો તીર્થંકરનું પુણ્ય ઉપાર્જન કરી શકાય છે, પરંતુ મહાબળ રાજર્ષિએ સર્વ સ્થાનકોની આરાધનાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. પછી ૮૪ લક્ષપૂર્વ આયુનો અંત નજીક જાણીને તે મહર્ષિએ આ પ્રમાણે અંતિમ આરાધના કરી:

કાલવિનયાદિક આઠ પ્રકારના જ્ઞાનાચારમાં જે અતિચારો લાગ્યા હોય, તે મારું દુષ્કૃત-પાપ મિથ્યા-નિષ્ફળ થાઓ. નિઃશંકિતાદિ આઠ પકારના દર્શનાચારમાં જે અતિચારો લાગ્યા હોય તે પાપ નિષ્ફળ થાઓ. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ ચારિત્ર ન પાળ્યું હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. બાહ્ય અને અભ્યંતર મળી બાર પ્રકારના તપમા જે અતિચાર લાગ્યા હોય, ધર્માનુષ્ઠાનો કરવામાં જે શક્તિ છુપાવી, બળ ગોપવ્યું, તે વિર્યાતિચારને હું ભાવથી સર્વ પ્રકારે નિદુ છું ત્રસ અને સ્થાવર જીવોની જે હિંસા કરી હોય, ક્રોધાદિક કારણે જે જૂઠ બોલાયું હોય, થોડું કે વધારે પારકું દ્રવ્ય વગર આપેલું લીધું હોય, તિર્યંચ કે મનુષ્ય અગર દેવસંબંધી જે મૈથુન સેવ્યું હોય, લોભ બહુલતાથી બહુ ભેદે પરિગ્રહ વધાર્યો હોય, તે સર્વ સિદ્ધોની સમક્ષ ત્રિવિધ ત્રિવિધ હું નિદું છું.

વળી પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અભ્યાખ્યાન, કલહ, પૈશુન્ય, રતિ-અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને ભવસંતતિના કારણરૂપ મિથ્યાત્વશલ્ય એ ૧૮ પાપસ્થાનકોનો ત્યાગ કરું છું. ભૂતકાળમાં આ કે બીજા ભવમાં જે કોઇ પાપસ્થાનક સેવ્યાં હોય તેની નિંદા ગર્હા કરું છું, તે સર્વ મારા પાપ નિષ્ફળ થાઓ. ભવસાગરમાં ભમતાં મેં એકેન્દ્રિય આદિ જીવોને સતાવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યા હોય, વધ કર્યો હોય તે સર્વ જીવોને શુદ્ધ હૃદયથી ખમાવુ છું. જે પાપાધિકરણો વસાવ્યાં હોય તે સાવધાન થઇ વોસિરાવું છું. શુદ્ધ શિયળ પાળ્યુ હોય, દાન આપ્યુ હોય, ગ્લાન સાધુઓની વૈયાવચ્ચ કરી હોય,

આવશ્યક વગેરે ચારિત્રની કરણી કરી હોય, યાત્રાઓ, તપ-જપ, સ્વાધ્યાય વિનય કર્યા હોય તે સુકૃતની અનુમોદના કરું છું.

જિનેશ્વર. સિદ્ધભગવંતો. સાધુ ભગવંતો, જિનકથિત ધર્મ આ ચાર શરણોને અંગીકાર કરું છું, નિર્મમત્વથી વિભૂષિત થઈ ઉપાધિ આહારનો તથા અંતિમશ્વાસ પછી આ દેહનો પણ ત્રિવિધ ત્યાગ કરું છું. મારા કરેલા અપરાધોને જિનેશ્વર સમ્યગ્ પ્રકારે જાણે છે, તે સર્વ અપરાધોને સિદ્ધોની સાક્ષીએ હું ગર્હું છું. છદ્મસ્થ એવો હું પોતે કેટલાં પાપો યાદ કરી શકું ? માટે જે મારા સ્મરણમા નથી તેવું મારું પાપ-દુષ્કૃત મિથ્યા થાઓ. વર્તમાન જિનેશ્વરો અને સિદ્ધોની સમક્ષ પૂર્વકૃત સર્વ પાપની નિંદા-ગર્હા કરી પાપનો ત્યાગ કરું છું.

એ રીતે શુભ ધ્યાન અને નમસ્કારમાં તત્પર થઈ મરણ પામીને મહાબલ મહર્ષિ વૈજયંત નામના દેદીપ્યમાન બીજા અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. પવિત્ર આશયવાળા એવા જોડેના અન્ય છ મિત્ર મુનિઓ પણ આરાધના કરીને જાણે આગળથી સંકેત કર્યો હોય તેમ, તે જ વિમાનમાં દેવ થયા. અંતે કરેલી શુભ આરાધનાથી કેવું અનુપમ લોકોત્તર ફળ મેળવી શકાય છે! ત્યાથી ચ્યવી મહાબળ મુનિનો જીવ શ્રી મલ્લિનાથ તીર્થંકરપણે થયો.

(વિનયચંદ્ર ગણિ વિરચિત 'મલ્લિનાથ ચરિત્ર'ધારે)

## શતબલ રાજાની ભાવના

સ્વાભાવિક અપવિત્ર આ શરીરને નવી નવી સજાવટ-સંસ્કાર ભોગો વડે કેટલો કાળ સાચવ્યા કરવું ? દુર્જનની ઉપમાવાળું આ શરીર તેનો અનેક વખત સત્કાર કરવા છતાં, સાચવવા છતાં સાચવી શકાતું નથી, બલ્કે વધારે વિક્રિયા પામે છે ગમે તેટલા ઉત્તમ પદાર્થો આરોગ્યા હોય તોપણ અશુચિકરણ યંત્ર સરખી આ કાયાની અંદર રહી વિષ્ટા, મૂત્ર, કફ પરૂપણે પરિણામ પામી જગતને અને પ્રાણીઓને દુર્ગંધમય કરી નાખે છે. જેમ જૂના વૃક્ષની બખોલમાં ક્રૂર સર્પ વાસ કરે છે તેમ અત્યંત દુઃખ આપનાર રોગો, વેદનાઓ આ શરીરમાં ઉત્પન્ન થઈ વાસ કરે છે. શરદઋતુના (નિર્જળ મેઘસમાન સ્વરૂપે આ શરીર ચાલ્યા જવાના સ્વભાવવાળું છે. તેમાં વળી વીજળી સરખી યૌવનલક્ષ્મી નજર સમક્ષ દેખાતી વિનાશ પામે છે. ધ્વજા ક્ષણવાર સ્થિર રહેતી નથી, પણ ચપળ છે તેમ આયુ પણ ચપળ છે. સમુદ્રના કલ્લોલો માફક લક્ષ્મી અસ્થિર છે, સર્પની ફણા સરખા ભોગો ભયંકર છે. સ્વપ્ન સરખા સમાગમો વિયોગના છેડાવાળા અને દુઃખદાયી છે. વિષયાભિલાષા, ક્રોધાદિ કષાયોરૂપ તાપાગ્નિથી રાત્રિ-દિવસ સળગી રહેલ અંદરનો આત્મા પુટપાક માફક ( નિરંતર ચાલુ રહેલી અગ્નિભઠ્ઠી ) પકાયા કરે છે. અશુચિમાં જેમ કીડા તેમ અતિ દુઃખદાયી ભોગોમાં સુખ માનનારો જીવ લગીર પણ વૈરાગ્ય પામતો નથી, કે વિષયો તરફ ઘૃણાવાળો થતો નથી. અંધ મનુષ્ય નજીક કે આગળ પડેલી વસ્તુને દેખતો નથી, તેમ દુરંત વિષયભોગમાં પરાધીન બનેલા લોકો, આગળ આવતા મૃત્યુને જોતા નથી. ભોગવતી વખતે

જ માત્ર મધુર અને પરિણામે ઝેર જેવા એવા વિષયોથી મૂર્છિત રહે છે. પણ સ્વહિત માટે સાવધાન બનતો નથી. ચાર પુરુષાર્થોમાં સરખો ઉદ્યમ કરવાનો હોવા છતાં પાપકારી અર્થ ઉપાર્જન અને કામભોગ ભોગવવામાં આત્મા રસપૂર્વક મંડ્યો રહે છે પણ સાચા સુખના મૂળ કારણભૂત પરમાર્થભૂત ધર્મ અને મોક્ષ પુરુષાર્થમા પ્રવર્તવાનું મન થતું નથી. આ પાર વગરના સંસાર સમુદ્રમાં જીવોને મહાકિંમતી ચિંતામણિ રત્નાધિક મનુષ્યપણું પ્રાપ્ત થવું તે ખરેખર મહાદુર્લભ છે. કદાચ કોઈ તેવા કાકતાલીય ન્યાયે પુણ્યયોગે મનુષ્યપણું મળી ગયું તોપણ અરિહંતદેવ, સુસાધુ ગુરુમહારાજ, સર્વજ્ઞ પ્રભુકથિત અહિંસા લક્ષણ ધર્મ અને તેની શુદ્ધ સામગ્રી મહાપુણ્યોદય હોય તો જ પ્રાપ્ત થાય છે. મનુષ્યપણાનું જે ફળ તે જો ન મેળવીએ તો ખરેખર આપણે વસતિ ભરપૂર નગરીમાં રહેવા છતાં ચોરોથી લુંટાએલા છીએ.

( ત્રિષષ્ઠિ૦પ્રથમ પર્વાધારે)

## કોણિકના સંગ્રામમાં વરુણ તથા તેના બાળમિત્રની આરાધના

શ્રેણિકપુત્ર કોણિકરાજા મહાશિલાકંટક યુદ્ધમાં જવા માટે ઉદાયિ નામના પટ્ટહસ્તિ આદિ ચતુરંગ સેના સજી તૈયાર થાય છે. સ્નાન, બલિકર્મ, વિઘ્નો નાશ કરનાર મષીતિલક આદિ મંગળ કરી, અલંકારથી વિભૂષિત બની, બખ્તર ધારણ કરી, ધનુષ-દંડ ગ્રહણ કરી, આયુધ પ્રહરણ ધારણ કરી, કોરંટ પુષ્પની માળાવાળા છત્ર સાથે, ચામરથી

વીંઝાતા, મંગળ જય શબ્દ ઉચ્ચારાતા એવા કોણિકરાજા ઉદાયિ પટ્ટહસ્તિ ઉપર આરૂઢ થાય છે. અને હાથી, ઘોડા, રથ, યોદ્ધાઓ જેમાં છે એવી ચતુરંગ સેના અને મહાસુભટો સાથે જ્યાં મહાશિલા કંટક સંગ્રામ છે ત્યાં આવે છે. અને સંગ્રામમાં ઉતરે છે. આગળ શક્રેન્દ્ર વજ્રસરખુ અભેદ્ય કવચ-બખ્તર વિકુર્વી ઉભા રહે છે. કોણિક રાજાએ કાશી અને કોશળના અઢાર ગણરાજાઓના મહાન યોદ્ધાઓને હણ્યા, ઘાયલ કર્યા, મારી નાખ્યા. તેઓની ચિહ્નવાળી ધજાઓ અને પતાકાઓ પાડી નાખી. જીવતા રહ્યા તે સૈનિકો ચારે દિશામાં નાસી ગયા. મહાશિલા કંટક સંગ્રામ નામ શાથી કહેવાય છે? તે સંગ્રામમાં ઘોડા-હાથી, યોદ્ધાઓ, સારથિઓ, તૃણ, કાષ્ટ, પાંદડા કે કાંકરાથી હણાય તો સર્વે એમ સમજે કે હું મહાશિલાથી હણાયો. તે કારણે મહાશિલા કંટક સંગ્રામ કહેવાય છે. તે યુદ્ધમાં કેટલા માણસો હણાયા? ચોરાશી લાખ માણસો હણાયા હે ભગવંત! નિઃશીલ યાવત્ પચ્ચખ્ખાણ વગરના પૌષધ ઉપવાસ રહિત, રોષે ભરાએલા, ગુસ્સે થયેલા, યુદ્ધમાં ઘાયલ થયેલા, અનુપશાંત એવા તે મનુષ્યો મરણ પામી કઇ ગતિમાં ઉત્પન્ન થયા. હે ગૌતમ! ઘણાખરા તેઓ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા છે.

રથમુશલસંગ્રામ પણ મહાશિલા કંટક સંગ્રામ જેવું સમજવું. ફરક એટલો કે અહીં ભુતાનંદ પ્રધાન હાથી છે. આગળ શક્ર દેવેન્દ્ર છે, પાછળ ચમરેન્દ્ર લોઢાનું બખ્તર વિકુર્વી રક્ષણ કરે છે. ખરેખર શક્રેન્દ્ર ચમરેન્દ્ર મનુજેન્દ્ર-કોણિક એ ત્રણ ઇન્દ્રો યુદ્ધ કરે છે યાવત સર્વ સૈનિકોને નસાડી મૂક્યા. રથમુશલ સંગ્રામ નામ શાથી પડ્યું? તે

સંગ્રામ ચાલતો હતો ત્યારે અશ્વ રહિત સારથિ યોદ્ધા રહિત, મુશલ સહિત, એક રથ ઘણા જનવધ, જનપ્રમર્દન જનપ્રલય કરતો, લોહીની નદી-કાદવ કરતો ચારે દિશામાં દોડે છે, તે કારણથી રથમુશલ સંગ્રામ કહેવાય છે. તે સંગ્રામમાં કેટલા મનુષ્યો હણાયા? છન્નુ લાખ માણસો હણાયા. શીલ રહિત તેઓ કયા ઉત્પન્ન થયા? હે ગૌતમ! દશ હજાર મનુષ્યો એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયાં. એક દેવલોકમા, એક ઉત્તમ કુળને વિષે ઉત્પન્ન થયો. અને બાકીના મનુષ્યો નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા.

હે ભગવત! શક્રેન્દ્રે તથા ચમરેન્દ્રે કોણિકને સહાય કેમ આપી? હે ગૌતમ! શક્રેન્દ્ર કોણિક રાજાનો પૂર્વભવનો મિત્ર હતો, અને ચમરેન્દ્ર આગલા ભવમાં તાપસપણામાં મિત્ર હતો. આ કારણે બંનેએ યુદ્ધમાં સહાય આપી.

યુદ્ધમાં મરી દેવલોકે અને ઉત્તમ કુળમાં કેમ ઉત્પન્ન થયાં? તે કાળે અને તે સમયે વૈશાલી નગરી છે. ત્યાં નાગનો પુત્ર વરુણ રહેતો હતો. તે ધનવાન યાવત્ સમર્થ શ્રમણોનો ઉપાસક જીવાદિક તત્ત્વોના જાણકાર અને આહારાદિકથી મુનિને પ્રતિલાભતો નિરંતર છઠ્ઠના પારણે છઠ્ઠ તપ કરી આત્માને વાસિત કરતો હતો. જ્યારે તે વરુણને રાજાની આજ્ઞાથી ગણ-બલના આદેશથી રથમુશલ સંગ્રામમાં જવાની આજ્ઞા થઇ, ત્યારે છઠ્ઠ તપ કરનાર તે અઠ્ઠમ તપ વધારે છે. અને પોતાના પરિવાર અને સેવકોને આજ્ઞા કરે છે કે હે દેવાનુપ્રિયો! ચાર ઘંટાવાળા અશ્વરથને સામગ્રી સહિત હાજર કરો અને બીજી ચતુરંગ સેના તૈયાર કરો. એમ આજ્ઞા આપી કોણિક રાજા માફક સ્નાનાદિક કરી બખ્તર પહેરી કોરંટની માળાયુક્ત છત્ર સહિત અનેક ગણ-

નાયક દૂત સંધિપાલથી પરિવરેલ રથમુશલ સંગ્રામમાં ઊતર્યો, અને આવા પ્રકારના અભિગ્રહને ધારણ કરે છે. 'રથમુશલ સંગ્રામમાં યુદ્ધ કરતાં મને જે પહેલો મારે તેને મારવો કલ્પે, બીજાને મારવો કલ્પે નહિ.' યુદ્ધમાં તેની સામે તેની જેવો સમાન વયવાળો, સત્ત્વ અને ત્વચાવાળો, અસ્ત્ર શસ્ત્રાદિ ઉપકરણવાળો એક પુરુષ રથમાં બેસી જલદી આવ્યો અને કહ્યું કે 'હે નાગના પુત્ર વરુણ, તું મારા પર પ્રહાર કર.' ત્યારે વરુણે ઉત્તર આપ્યો કે 'હે દેવાનુપ્રિય! જ્યાં સુધી મારા પર કોઇ પ્રહાર ન કરે ત્યાં સુધી મારે પ્રહાર કરવો ન કલ્પે, માટે પ્રથમ તું પ્રહાર કર.' ત્યારે કુપિત થએલ સામો પુરુષ ક્રોધાગ્નિથી દીપતો ધનુષ કાન સુધી ખેંચે છે, અને વરુણ ઉપર તીર ફેંકી સખત ઘાયલ કરે છે. પછી વરુણ કુપિત બની કાન સુધી બાણ ખેંચી એક ઘાથી પત્થરના બે ટુકડા થાય તેમ જીવિતથી જુદો કરે છે. નાગપુત્ર વરુણ સખત ઘવાએલ હોવાથી શક્તિરહિત, નિર્બળ, વીર્યરહિત, પુરુષાર્થ અને પરાક્રમ રહિત હવે પોતે ટકી નહિ શકે એમ સમજી ઘોડાઓને થોભાવે છે અને રથ પાછો ફેરવે છે, અને યુદ્ધભૂમિ બહાર નીકળે છે. એકાન્ત સ્થળમાં આવી રથ ઊભો રાખી ઘોડાઓને છૂટા કરે છે. પછી ડાભનો સંથારો પાથરી પૂર્વાભિમુખ બેસી હાથની અંજલિ મસ્તકે કરી વરુણ આ પ્રમાણે બોલે છે:-અરિહંત ભગવંત યાવત્ સિદ્ધિગતિને પ્રાપ્ત થએલા શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ. જેઓ તીર્થની આદિ કરનારા આઇગરાણં યાવત્ સિદ્ધિગઇ નામધેયં ઠાણં સંપત્તાણં સુધીના પદો યાદ કરી જે મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક છે ત્યાં રહેલા ભગવાનને અહીં રહેલો હું વાંદું છું. ત્યાં રહેલા ભગવાન મને જુઓ. એમ કહી વંદન નમસ્કાર કરે છે. પછી આ

પ્રમાણે બોલ્યો. આગળ મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે પહેલા સ્થૂલ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ પરિમાણ પચ્ચખાણ જિંદગી સુધીનાં ગ્રહણ કર્યાં હતાં, અત્યારે અરિહંત ભગવાન મહાવીર પાસે સર્વ પ્રાણાતિપાતાદિ વિરમણ મહાવ્રત યાવજજીવ માટે પચ્ચખ્ખાણ કરૂં છું. (બાકી સર્વ આર્ય સ્કંદક અણગાર પ્રમાણે જાણવું.) આ શરીરનો પણ છેલ્લા શ્વાસોશ્વાસ વખતે ત્યાગ કરીશ. એવી મનમાં ધારણા કરી બખ્તરને છોડી શરીરમાંથી લાગેલા બાણનું શલ્ય બહાર કાઢી આલોચના લઈ પ્રતિક્રમી સમાધિપૂર્વક કાળ-ધર્મ પામે છે.

હવે તે વરુણનો એક પ્રિય બાલમિત્ર રથમુશલ સંગ્રામ કરતો હતો. જ્યારે તે એક શત્રુ પુરુષથી સખત ઘાયલ થયો ત્યારે શક્તિહીન બલરહિત યાવત્ પોતે 'ટકી નહીં શકે' એમ સમજી નાગપુત્ર વરુણને બહાર નીકળતાં જુવે છે. વરુણ માફક તે ઘોડાને યુદ્ધભૂમિ બહાર લઇ જઈ વિસર્જિત કરે છે. અને વસ્ત્રના સંથારા પર બેસે છે. પૂર્વ દિશા સન્મુખ બેસી અંજલિ જોડી બોલ્યો, હે ભગવંત! મારા પ્રિય મિત્ર વરુણે જે શીલવ્રતો ગુણવ્રતો વિરમણવ્રતો પ્રત્યાખ્યાન પૌષધોપવાસ લીધાં હોય તે મને પણ હોજો, એમ કહી બખ્તરને છોડે છે અને શલ્ય બહાર કાઢે છે. અનુક્રમે સમાધિથી કાળધર્મ પામે છે.

હવે નાગપુત્ર વરુણ મરણ પામેલો જાણી નજીક રહેલા વાનવ્યંતર દેવોએ તેના ઉપર સુગંધી ગંધોદક, પાંચ વર્ણના પુષ્પની વૃષ્ટિ કરી, તથા દિવ્ય ગીતગાન કર્યાં. વરુણની દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દ્યુતિ, દેવતાઇ પ્રભાવથી ઘણા લોકો પ્રભાવિત થાય છે. હે ભગવંત! વરુણ કાળધર્મ પામી

ક્યાં ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! સૌધર્મ પ્રથમ દેવલોકને વિષે અરુણાભિધાન નામે વિમાનમાં દેવ થાય છે. જ્યાં ચાર પલ્યોપમની સ્થિતિ ભોગવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે, યાવત્ શાશ્વતસુખના ભોક્તા બનશે. નાગપુત્ર વરુણનો બાળમિત્ર મરણ પામી મહાવિદેહમાં સુકુળમાં ઉત્પન્ન થઇ સર્વ દુઃખનો અંત કરી સિદ્ધિપદને પામશે.

( ભગવતી સૂત્ર, ૭મું શતક ૯ માઉદ્દેશના આધારે. )

## પંડિત મરણ.

'શ્રી અનુસુંદર ચક્રવર્તી, એક દિવસનું સંયમવ્રત પાળીને સમાધિપૂર્વક અન્તિમ આરાધના કરી, પંડિત મરણને પ્રાપ્ત કરી, સદ્ગતિને સાધી ગયા પુણ્યવાનના મૃત્યુથી દુઃખી થતા શ્રી સુલલિતા સાધ્વી વગેરેને ઉદ્દેશીને, પૂ૦ શ્રી સમન્તભદ્રસૂરિ તે અવસરે ઉપદેશરૂપ અમૃતવૃષ્ટિ કરે છે, જે આ મુજબ છે: 'આર્યે ! જે પુણ્યવાન મહાપુરૂષે, માત્ર એક દિવસના સંયમથી પોતાનું હિતકાર્ય સાધી લીધુ છે, અને સ્વયં કૃતકૃત્ય બની શક્યા છે, તે પૂર્ણભાગ્યશાળી આત્માને માટે જરા પણ શોક કરવાની જરૂર નથી હો. જો એ ખૂબ પાપસમૂહને ઉપાર્જીને તેના ભારથી અહીંથી મરી નરકરૂપ દુર્ગતિમા ગયા હોત, તથા પરિણામે અનન્ત અપાર સંસારસમુદ્રમાં ડુબી ગયા હોત, તો અવશ્ય એ શોક કરવાને યોગ્ય ગણાત. (૧-૨) પણ 'જે પુણ્યશાળી મહાનુભાવ, શ્રી જિનકથિત વિશુદ્ધ ધર્મને પ્રાપ્ત કરી, પોતાના પૂર્વોપાર્જિત કર્મનાં પૂજને ધોઇ,

પંડિત મરણને પ્રાપ્ત કરવાપૂર્વક સર્વપ્રકારના ઇષ્ટ અર્થોની સિદ્ધિને પામ્યા છે, તેને માટે શોક કરવો યોગ્ય નથી. (૩)

'જે આત્મા સંયમરૂપ બળ વિનાનો છે, તે આત્મા દુઃખના ભારથી અપાર સંસારની ચોમેર ભટકે છે. આ કારણે સત્પુરૂષોને માટે તેની દશા શોચનીય છે પણ જે પુણ્યવાન આત્મા, શ્રી જિનકથિત સંયમધર્મનું સુંદર પ્રકારે આરાધન કરી મરણને પામ્યો છે, તેને માટે સ્નેહીજનોએ શોક કરવાની કાંઈ જ જરૂર નથી. કારણ કે તે આત્મા કદાચ સંસારમાં હશે, તો પણ જ્યાં હશે ત્યાં આનંદમાં જ રમનારો હશે. ખરેખર તે જ આત્મા મરણકાલે ડરે છે, મૂંઝાય છે, કે જેણે પરલોકના સુખને આપનાર શ્રી જિન-પ્રણીત ધર્મનું સમ્યગ્ આરાધન કર્યું નથી' (૪-૫-૬.)
'પણ જે ધર્મધન આત્મા, સુંદર રીતિયે ધર્મની આરાધના કરવાપૂર્વક, પરલોકના માર્ગનું ભાથું બાંધીને મૃત્યુની વાટ જોતો ઊભો છે, તેને મરણના અવસરે ડર નથી. એને સારૂં મરણ મહોત્સવરૂપ છે, કારણ કે પાપનો નાશ કરનારી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ ચાર સ્થંભોવાળી શુભ આરાધના, જેણે આચરી છે તેને મરણનો ડર નથી. વાસ્તવિક રીતિયે તેઓ જીવંત છે, અજરામર છે. જે મુનીશ્વર ભગવંતો, પાપસમૂહને ખપાવીને, પંડિત મૃત્યુથી મરણને પામ્યા છે, તેઓ ખરેખર આનંદના દેનારા છે.' (૭-૮-૯)

## અન્તિમ સાધના

શ્રી જિનકથિત જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યની આરાધનામાં તત્પર મારો અંતરાત્મા એક જ છે, એ જ

મારો છે, આ સિવાય અન્ય સર્વને મેં ત્યજી દીધાં છે. રાગ, દ્વેષ, મહામોહ અને કષાયરૂપ કારમા મલને ધોઈને, હું અત્યારે નિર્મળ બન્યો છું. આ કારણે હું સાચો સ્નાતક થયો છું. વળી સર્વ જીવો, મને ક્ષમા આપો. કારણ કે હું સર્વ જીવોને ખમાવું છું. મારો આત્મા હાલ શાન્ત છે. મારે કોઈની પ્રત્યે વૈરવિરોધ નથી. જે કોઈ કાલે વાસ્તવિક રીતિએ મારા ચેતનસ્વરૂપ આત્માની સાથે સંબંધ રાખી શકે તેમ નથી. એવી પરવસ્તુઓને મેં અત્યાર સુધી મારી નજીકની માની લીધી; પોતાપણાની બુદ્ધિથી મેં એ વસ્તુઓને જાણી હતી. હાલ તે પૌદ્ગલિક પર-વસ્તુઓને હું વોસરાવી દઉં છું. ત્રિલોકનાથ મહાત્મા શ્રી તીર્થંકરદેવો, પાપમલથી સર્વથા રહિત શ્રી સિદ્ધભગવંતો, તથા શ્રી જિનેશ્વર પ્રણીત ધર્મ, અને શ્રી સાધુપુરુષો મને મંગલરૂપ બનો. ત્રણેય લોકમાં આ જ ચાર વસ્તુઓ શ્રેષ્ઠ-તમ છે. આ ચાર તત્ત્વો જ શરણસ્થાન છે. આથી ભવના ભ્રમણથી ડરેલો હું આના શરણને સ્વીકારૂં છું.

હું અત્યારે સર્વ લાલસાઓથી નિવૃત્ત છુ. મનના દુષ્ટ વિકલ્પોને મેં તદ્દન રોકી લીધા છે. હાલ હું જગતના સર્વ પ્રાણીવર્ગને બંધુરૂપ ગણું છુ. સર્વ સ્ત્રીઓ મારે મન માતા સમાન છે; હું તેઓનો પુત્ર છું. સર્વ પ્રકારના યોગોનો નિરોધ કરનાર હું શુદ્ધ સામાયિકમાં હાલ રહું છું. વળી સર્વ ચેષ્ટાઓ ત્યજી દેનારા મને, હે સિદ્ધભગવંતો! કરૂણા-દૃષ્ટિથી નિહાળો. આ ભવમાં કે અન્ય ભવોમાં, મેં જે કાંઈ દુષ્કૃત આચર્યું હોય તે સર્વ દુષ્કૃતને, સંવેગભાવથી ભાવિત એવો હું, આ અવસરે વારંવાર નિંદું છું. સર્વ પ્રકારના પરિગ્રહને મૂકીને હું વિશુદ્ધ બન્યો છુ. મારી

મનોવૃત્તિ અત્યારે આ છે. મારી વર્તમાન સ્થિતિના તત્ત્વને શ્રી કેવળજ્ઞાની ભગવંતો સાક્ષાત જાણી શકે છે. કેવળ મોક્ષની જ એક ઇચ્છાથી હું સંસારના સર્વ સંબંધોથી અળગો બન્યો છું. જન્મ-મરણરૂપ મહાદુઃખોનો નાશ કરનારા શ્રી જિનેશ્વર દેવોના શરણે મેં મારા આત્માને સોંપી દીધો છે; આ કારણે તે કરૂણાસાગર મહાત્મા પુરુષો, સદ્ભાવપૂર્વક અર્પિત થયેલાં મારાં સઘળાંયે કર્મોનો નાશ પોતાની શક્તિથી આ વેળાયે કરો.

श्रीवीतरागसर्वज्ञाय नमः

## સંલેખના વિધિ.

સંલેખના ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય ભેદે અનુક્રમે બાર વર્ષ, બાર મહિના, બાર પખવાડિયાંની છે, જેનો અધિકાર પંચ વસ્તુ ગ્રંથમાં ગાથા ૧૩૬૮ થી કહેલ છે.

સંલેખનાનો અર્થ કૃશ-પાતળું-હલકું-ઓછું કરવું એવો થાય છે. શરીરને કૃશ કરવું તે બાહ્ય સંલેખના, કષાયો પાતળા કરવા તે અભ્યંતર સંલેખના છે. 'शरीरमाद्यं खलु धर्मसाधनं' તે કહેતીના બને ભાગો અબાધિત રહે તેવો સંલેખનાનો વિધિ જણાવ્યો છે. દીવાની દીવેટ, તેલ અને પ્રકાશ એ ત્રણની જેમ અહીં આયુષ્ય, શરીર બળ અને આત્મશુદ્ધિને સમજવાની છે. તેલ અને દીવેટનો યોગ પ્રકાશ માટે છે. પ્રકાશ (દીપક) વિનાનાં તે બને નકામા છે. તેમાં પણ તેલ છતાં દીવેટ ખૂટી જાય કે દીવેટ છતાં તેલ ખૂટી જાય તો પ્રકાશ અટકી પડે. માટે બનેનો સમાન-

માટે નથી, પણ મરણથી બચવા માટે હિતકર છે, તેમ આ સંલેખના આપઘાત માટે નથી, પરંતુ અનેક ભવના મરણને બચાવનારી હિતકર ક્રિયા છે.

આ સંલેખના કરનાર આત્માએ તેના પાંચ કહેલા અતિચારો જરૂર ટાળવા. આલોક કે પરલોક સંબંધી કોઈ સુખની અભિલાષા ન કરવી. પરલોક માટે દેવ-દેવેન્દ્ર-રાજ્યાદિક રિદ્ધિ મેળવું તે ન ઇચ્છવું. જીવિત કાળ-મરણ-કાળની વાંછા ન કરવી કરેલા ધર્મના બદલામાં કોઇ સાંસારિક પદાર્થની આવતા ભવ માટે માગણી કરવી તે રૂપ નિયાણું ન કરવું જોઇએ; તો જ પંડિત મરણ કહેવાય.

પ્રથમે પાદપોપગમન નામનું અનશન પહેલાં સંઘયણ-વાળા મનુષ્યોને જ સર્વ પ્રકારની ચેષ્ટા ત્યાગ કરવાથી થાય છે. બીજું ઇંગિની મરણ સર્વ આહારના ત્યાગપૂર્વક મર્યાદિત ચેષ્ટા કરવાની છુટવાળાને હોય છે. ચાર આહારનો કે પાણી વિના ત્રિવિધ આહારનો ત્યાગ, કેટલીક શરીર પરિકર્મણાની છુટપૂર્વક ભક્ત પરિજ્ઞા નામનું અનશન કરાય છે. આનો વિશેષ અધિકાર ગ્રંન્થાન્તરોમાંથી જિજ્ઞાસુઓએ સમજી લેવો. અનશન સમયે અંત સમયે કન્દર્પી, કૈલ્બિષિકી, અભિયોગિકી, આસુરી, સાંમોહી, એ પાંચ દુષ્ટ ભાવનાઓનો જરૂર ત્યાગ કરવો.

હવે અંતિમ-સાધના માટે પ્રાચીન સમાચારીમાંથી વિધિ જણાવે છે. પ્રથમ ગીતાર્થ ગુરૂમહારાજ અનશન કરનારના મસ્તકે મંત્રીને વાસક્ષેપ કરે, જિનપ્રતિમા સન્મુખ ચૈત્યવંદન કરે, શાંતિનાથ ભગવાનની આરાધના માટે કાયોત્સર્ગ કરે, પછી શાસનદેવતાનો, ક્ષેત્રદેવતાનો, ભવનદેવતાનો,

પડતું પોષણ થાય તો અસમાધિ થવાનો, અને વધુ શોષાય તો આયુ વચ્ચે તૂટવાનો સંભવ છે. માટે બાર વરસની સંલેખનામાં તપનો ક્રમ યુક્તિયુક્ત કહેલો છે. બાર વરસ સુધી સંલેખના ન કરી શકાય તેવું સંઘયણ વગેરે ન હોય તે માટે મધ્યમ બાર મહિનાની અને તેટલું પણ ન કરી શકે તેને જઘન્ય બાર પખવાડિયાંની કહી છે. આમાં શરીરની રક્ષા અને ધર્મસાધના બંનેને હાનિ ન આવે તેવી વિશિષ્ટ યોજના છે.

આમ છતાં શરીર અને આયુષ્યનો જ મેળ મેળવવાથી સંલેખના પૂર્ણ થતી નથી. કષાયોની અભ્યંતર સંલેખના મુખ્ય સાધ્ય છે. જિનાગમથી ભાવિત મતિવાળો જ્ઞાની કે જ્ઞાનીની નિશ્રામાં રહેલ આત્મા જિનવચનના બળે જડ-ચેતનનો વિવેક કરીને જડના રાગને ઘટાડતો જાય, કષાયો-વિષય વાસનાઓનું જોર ઘટી જાય, જીવન-મરણ બંને તરફ ઉપેક્ષા થાય, આત્મગુણોમાં રમણતા કેળવી સાપ જેમ કાંચળીને ઉતારે તેમ નિર્મમત્વભાવે દેહને છોડે તે ભાવ-સંલેખનાને પ્રાપ્ત કરી શકે છે. આ સંલેખના જ મનુષ્ય જીવનનો સાર-સાધ્ય છે. આવા પ્રકારની સંલેખના ન કરી શકાય ત્યારે પણ તેના બહુમાનથી જીવ લાભ મેળવી શકે છે.

જે આત્માઓએ ગુરુકુળવાસમાં રહી શાસ્ત્રમાં કહેલી મર્યાદા પ્રમાણે નિરતિચાર નિશલ્યપણે મોક્ષના અંતિમ સાધ્યપૂર્વક દુઃખમય સંસારથી કાયમી મુક્તિ માટે જ્ઞાનાદિક આચારોની આરાધના કરી છે, અને આ જન્મના સમગ્ર કર્તવ્ય પૂર્ણ કર્યાં છે અને હવે માત્ર સમાધિ મરણનું કાર્ય બાકી રહ્યું છે, તે આ સંલેખના અંગીકાર કરે છે; જે ભાવિ મરણને ટાળનાર છે. જેમ ઓપરેશનની ક્રિયા મરણ

કરી સહુની ક્ષમા માગું છું, અને હું પણ ક્ષમા કરું છું. ભાવપૂર્વક મારા ચિત્તને સ્થિર કરી જગતના જીવ માત્રને ખમાવું છું.

પછી નવકાર મહામંત્રના ઉચ્ચારપૂર્વક:

**અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો;**
**જીનપન્નત્તં તત્તં, ઇય સમ્મત્તં મએ ગહિયં.**

એ ગાથા ત્રણવાર અર્થ સાથે સંભળાવી સમ્યક્ત્વ ઉચ્ચરાવે પછી નવકારપૂર્વક કરેમિભંતે ત્રણ વખત ઉચ્ચરાવી સર્વ વિરતિ સામાયક ઉચ્ચરાવે, એ જ પ્રમાણે પાંચ મહાવ્રતોના આલાવા અને છટ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત ત્રણ વખત ઉચ્ચરાવે. અંતે ઇચ્છઇયાઇ૦ એ ગાથા ત્રણ વખત સંભળાવી નિત્થારપારગો હોહિ એમ આશીર્વાદ આપે. આ સંસારસમુદ્રનો પાર પામનારો થા: આ વિધિ સાધુ હોય તો કરવાની.

શ્રાવક હોય તો ગુરુમહારાજની પધરામણી કરાવી શક્તિ અનુસાર જ્ઞાન-ગુરુપૂજન કરવાપૂર્વક આરાધના કરાવવાની વિનંતિ કરી ગુરુમહારાજ યથાયોગ્ય જીવ જાણી તેણે સેવેલાં ૧૮ પાપસ્થાનકો વગેરેનું પ્રતિક્રમણ-મિચ્છામિ-દુક્કડં ભાવપૂર્વક દેવડાવે. જિંદગીમાં જે કોઇ શુભ ધર્મ-કાર્ય, દાન, વ્રત પચ્ચક્ખાણ, તપ જપ-યાત્રા, સામાયિક, પૌષધાદિક સુકૃત કર્યું હોય તેને યાદ કરી અનુમોદના કરવી. ચાર શરણો અંગીકાર કરવાં, શુભ ભાવના, અને તેટલા નવાં પચ્ચક્ખાણો, આરંભ-સમારંભ, બ્રહ્મચર્ય-પરિગ્રહ આદિના શ્રાવકને પચ્ચક્ખાણ કરાવવાં, જેથી છેલ્લી વખતે વિરતિવાળું આરાધનાવાળું પંડિતમરણ થાય. છેવટે ચૌદ પૂર્વના સારરૂપ નમસ્કાર મહામંત્રનું વારંવાર સ્મરણ

સમસ્ત વૈયાવચ્ચ કરનારા દેવ-દેવીઓનો કાયોત્સર્ગ કરી તેમની સ્તુતિઓ કહે. પછી નમુત્થુણં, અજિતશાંતિ સ્તવ કહે. પછી આરાધનાની અધિષ્ટાયક દેવીનો ચાર લોગસ્સનો કાયોત્સર્ગ પારીને નીચે પ્રમાણે સ્તુતિ બોલે:-

यस्याः सांनिध्यतो भव्या, वाञ्छितार्थप्रसाधकाः ।
श्रीमदा (त्या) राधनादेवी, विघ्नव्रातापहाऽस्तु वः ॥ १ ॥

અર્થ: જેના સાન્નિધ્યથી ભવ્ય પ્રાણીઓ વાંછિત અર્થને સાધે છે, તે શ્રીમતી આરાધના દેવી તમારા વિઘ્ન-સમૂહને દૂર કરનારી થાઓ. પછી ગુરુમહારાજ ગ્લાનને બાલ્યકાળથી સેવેલા અતિચારો-પાપોની આલોચના કરાવે:- જે કેટલાક આગળના પ્રકરણોમાં વિસ્તારથી જણાવેલ છે. ભૂતકાળમાં અનંતા જન્મ મરણોમાં જે જે શરીરો અને વસાવેલાં અધિકરણો વોસરાવ્યા વગરનાં રહી ગયા હોય તે તમામ મારા કલેવરો તથા અધિકરણોને અત્યારે હું ત્રિવિધ મન, વચન, કાયાથી સર્વથા વોસીરાવું છું. હવે મારે તે મૂકેલા, છોડેલાં તમામ પુદ્ગલો સાથે લગીર પણ સંબંધ નથી.

સર્વ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, ચતુર્વિધ સંઘ તેમની મન, વચન, કાયાથી કોઈ પણ જાણતાં-અજાણતાં આશાતના થઇ હોય તેને હું ખમાવું છું. આચાર્ય-ઉપાધ્યાય-શિષ્યો-સાધર્મિકો-બાકીના સાધુઓને ખમાવું છું. કોઈ પણ ગચ્છ-પ્રત્યે કષાય કર્યા કરાવ્યા હોય તેને ત્રિવિધ ખમાવું છું. હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમા આપો, સર્વ જીવો સાથે મારે મૈત્રી છે. કોઈ સાથે મારે વેર, વિરોધ કે દ્વેષ નથી. વળી સાધુઓ જેમાં મુખ્ય છે તે ભાગ્યવાન શ્રીસંઘને હું બે હાથે મસ્તકે અંજલિ

નાક પકડી) શ્વાસ રોકવો અને તેવી રીતે નિદ્રા ઊડે ત્યારે પ્રકાશવાળા દ્વાર સામે જોવું. (તેવો તેનો વિધિ હું જાણું છું.) (૩.)

જો મારા દેહનું આ રાત્રિએ જ મરણ થાય તો મેં આહાર, પાણી, વસ્ત્ર-ઉપકરણો અને કાયાને મન-વચન-કાયાથી (અત્યારે) વોસિરાવ્યાં છે. (૪.) ચાર પદાર્થો મંગળ છે, અરિહંતો મંગળ છે, સિદ્ધો મંગળ છે, સાધુઓ મંગળ છે, કેવલિપ્રરૂપિત ધર્મ મંગળ છે. (૫.) ચાર પદાર્થો લોકોત્તમ છે, અરિહંતો લોકોત્તમ છે, સિદ્ધો લોકોત્તમ છે, સાધુઓ લોકોત્તમ અને કેવલિપ્રરૂપિત ધર્મ લોકોત્તમ છે. (૬.)

(સંસારના ભયથી બચવા માટે) હું ચારના શરણ અંગીકાર કરું છું; અરિહંતોનું શરણ સ્વીકારું છું, સિદ્ધોનું શરણ સ્વીકારું છું, સાધુઓનું શરણ સ્વીકારું છું, કેવલિ-પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારું છું. (૭.) હિંસા, જૂઠું બોલવું, વગર આપેલું લેવું, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, રાગ, દ્વેષ, કલહ, ખોટું આળ મૂકવું, ચાડી ખાવી, રતિ, અરતિ, પારકી નિંદા, કપટ સાથે જૂઠું બોલવું, અને અવળી શ્રદ્ધારૂપ મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનકો મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં અંતરાય કરનાર અને દુર્ગતિનાં કારણ રૂપ છે, માટે ત્યાગ કરવાં જરૂરી છે. (તેથી હું તેનો ત્યાગ કરું છું.) (૮-૯-૧૦.)

હું એકલો છું, મારું કોઇ નથી, અને હું પણ કોઇનો નથી, એવું દીનતા વગરના મનથી વિચારતો આત્માને સમજાવે. (૧૧.) જ્ઞાન-દર્શનથી યુક્ત એક મારો આત્મા જ અમર છે, અને બીજા બધા સંયોગથી ઉત્પન્ન થએલા બહિર્ભાવો છે. (૧૨.) મારા જીવે દુઃખની પરંપરા કર્મ

શ્રવણ કરાવવું, અને તેને અવસરોચિત્ત વૈરાગ્યવાળો ઉપદેશ આપી સમાધિ વધારનાર પૂર્વાચાર્યકૃત આરાધનાના પ્રકરણો તથા સ્તવનો સજઝાયો સુંદર રાગથી સંભળાવવાં.

( શ્રી ધર્મસંગ્રહ ભાગ બીજાના ભાષાંતરના આધારે )

## સંથારા પોરિસીના અર્થ

બીજાં દરેક કાર્યોનો નિષેધ કરું છું-બંધ કરું છું. એટલે સ્વાધ્યાયાદિ કાર્યો કરતો નથી. ગૌતમસ્વામી વગેરે મહામુનિઓ તેમ જ ક્ષમાશ્રમણો સાધુ ભગવંતોને નમસ્કાર હો. હે જયેષ્ઠ આર્યો ! રજા આપો. ઉત્તમ ગુણરત્નોથી વિભૂષિત દેહવાળા હે પરમ ગુરુઓ ! પહેલી પોરસી સારી રીતે પૂર્ણ થઈ છે, માટે રાત્રિ સંથારાને વિષે સ્થિર થવાની અનુજ્ઞા-રજા આપો. (૧.)

હે ભગવંત ! સંથારાની અનુજ્ઞા આપો, હાથનું ઓશીકું કરવાથી તથા ડાબે પડખે સૂવાથી ( એનો વિધિ સચવાય છે, તે હું જાણું છું ) અને કૂકડીની માફક પગ રાખીને ( સૂવું જોઈએ તે હું જાણું છું ). જો આ પ્રકારે સૂવામાં અશક્ત થાઉં, તો ભૂમિનું પ્રમાર્જન કરું ( અને પછી પગ લાંબા કરું. ) (૨.)

જો પગ લાંબા કર્યા પછી સંકોચવા પડે તો ઢીંચણ પુંજીને સંકોચવા અને પડખું ફેરવવું પડે તો શરીરનું પ્રમાર્જન કરવું. (એ તેનો વિધિ છે. જો શરીરચિંતા-પેશાબ કરવા-માટે ઊઠવું પડે તો) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વિચારણા કરવી અને ( તેમ છતાં નિદ્રા ન ઊડે તો હાથ વડે

ચહેરા પર મરક મરક હાસ્યની લહેરો ફરકી રહી હતી. મૃત્યુ ટાણે, જીવનદીપના બુઝાવાની હવે ઘડીઓ ગણાતી હતી તે વખતે બાપાજીના વદન પર ખિન્નતાને બદલે હાસ્ય ઊભરાતું હતું, એ સૌ માટે એક ભારે મોટા કૌતુક સમી વાત હતી.

'આ બધાંને છોડીને જવાના અવસરે તમને કંઇ દુઃખ નથી થતું ?' આશ્ચર્યમુગ્ધ બનેલા દાક્તરે ગંભીર ચહેરે બાપાજીને પૂછ્યું.

'દુઃખ ?...શા માટે ?' આટલું બોલીને બાપાજી ફરીથી હસી પડ્યા. દાક્તરને તેમણે બેસવાનો ઈશારો કર્યો અને સ્વજનોને જરા નજીક આવવા તેમણે જણાવ્યું; પછી ધીમે પણ ગંભીર સાદે તેમણે એક વાત કહેવાની શરૂઆત કરી.

'બાવીસ વરસની ઉમ્મર આ દેહની હતી ત્યારે એક જૈન મિત્રની સાથે તેમના ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા ગયો હતો. ગયો ત્યારે તો માત્ર કૌતુક ખાતર જ ગયો હતો, કેમ કે તે સાધુની વ્યાખ્યાન શૈલીના ભારોભાર વખાણ સાંભળેલાં.'

'વ્યાખ્યાન દરમિયાન તેમણે એક કથા સંભળાવી. પ્રશાંત મહાસાગરના એક નાનકડા ટાપુમાં ગણતંત્રની એક વિચિત્ર રાજયપદ્ધતિ અમલમાં હતી. દર પાંચ વર્ષે તે ટાપુની પ્રજા એક રાજપ્રમુખની ચૂંટણી કરતી. એ પાંચ વર્ષ દરમિયાન તે રાજપ્રમુખની આજ્ઞા સૌ કોઈ ઉઠાવતાં. ચૂંટાઇને આવનાર દુર્જન હોય અને દુર્જનને યોગ્ય લાગે તેવી ગમે તે આજ્ઞા કરે, પ્રજાને તેનાથી લાભ થાય કે નુકસાન, આનંદ થાય કે દુઃખ, ગમે તેમ હોય, તોપણ એ

સંયોગને લીધે જ પ્રાપ્ત કરેલી છે, તેથી એ સર્વ કર્મ-સંયોગને મેં મન, વચન અને કાયાથી વોસિરાવ્યાં છે. (૧૩) હું જીવું ત્યાં સુધી અરિહંત એ જ મારા દેવ, સુસાધુઓ મારા ગુરુ, અને જિનોએ પ્રરૂપેલ તત્ત્વ એ મારો ધર્મ છે. આ રૂપ સમ્યક્ત્વને હું અંગીકાર કરું છું. (૧૪.)

હે જગતના તમામ જીવો ! તમો સર્વે ખમત-ખામણા કરીને મારા પર ક્ષમા કરો. હું સિદ્ધોની સાક્ષીએ આલોચના કરું છું, કે મારે કોઇપણ જીવ સાથે વેર-વિરોધ નથી. (૧૫) સર્વ જીવો કર્મવશ હોવાથી ચૌદરાજલોકમાં પરિભ્રમણ કરે છે, તે સર્વેને મેં ખમાવ્યા છે, તેઓ મને પણ ક્ષમા કરો. (૧૬.) જે જે પાપ મનથી બાંધ્યું હોય, જે જે પાપવચનથી બોલાયું હોય, જે જે પાપ કાયાથી કર્યું હોય તે સંબંધી મારું દુષ્કૃત પાપ મિથ્યા થાઓ, નિષ્ફળ થાઓ. (૧૭.)

## પાંચ વર્ષનું પ્રમુખપદ !

બાપાજી હોશમાં નથી એમ માનીને, તેમનું શરીર તપાસી રહ્યા પછી કંઇક ખિન્નવદને પરંતુ તેમની સ્વભાવગત સરળતાથી દાક્તર મહોદયે આજુ-બાજુ નજર નાખીને ધીમે સ્વરે કહ્યું: 'વધુમાં વધુ હવે બે કલાક કાઢશે; તમારે જે કંઇ તૈયારી કરવી હોય તે કરી લો.'

'બે કલાક ને ઉપર બાવીસ મિનિટ, દાક્તર!' આંખ ખોલીને બાપાજીએ આ શબ્દો ઉચ્ચાર્યા અને આશ્ચર્યથી દાક્તર તથા બીજા બધાં તેમની સામે જોઇ રહ્યાં. બાપાજીના

પ્રમુખ વહાણમાં બેઠા અને વહાણવટીએ વહાણને સમુદ્રમાં આગળ હંકારવા માંડયું.'

'પેલા રાજપ્રમુખે વહાણના કપ્તાન સાથે આનંદથી વાતો કરવા માંડી, પણ કપ્તાનને ભારે મોટું આશ્ચર્ય થયું. તેણે નમ્રતાપૂર્વક હાથ જોડીને મૃત્યુને ભેટવા જઇ રહેલા રાજપ્રમુખને પૂછયું:-

'ક્ષમા કરજો, પણ એક આશ્ચર્ય થયું છે. આ પહેલાં બીજા આઠ પ્રમુખોને સામે કાંઠે પેલા બેટ ઉપર મૂકી આવ્યો છું. મારા પિતાજી પણ આ જ વહાણમાં તેમના વખતમાં દસ પ્રમુખોને ત્યાં મૂકી આવ્યા હતા. જ્યારે પેલા બેટ ઉપર રાજપ્રમુખને મૂકવા જવાનું હોય છે ત્યારે છેલ્લી ત્રણ પેઢીથી આ અમારા વહાણનો જ ઉપયોગ થાય છે, એટલે તો મારા આ વહાણનું નામ લોકોએ 'પ્રમુખમાર' પાડેલું છે. આજ પહેલાંના બધા રાજપુરુષો રડતાં કકળતાં આ વહાણમાં બેસતા. અરે, તેમને જબરદસ્તીથી ઊંચકીને વહાણમાં બેસાડવા પડતા. આખા રસ્તે એમના પર જાપ્તો રાખવો પડતો અને પેલા બેટના કાંઠે એમને પરાણે ધક્કા મારીને લગભગ ફેંકી દેવા પડતા. એ બધા રાજપ્રમુખોના કલ્પાંતો મેં સાંભળ્યાં છે અને હવે તો કોઠે પડી ગયા છે.'

'પણ તમે કોઇ નવી નવાઇના લાગો છો. તમે નથી તો રડતા કે નથી કંઇ કલ્પાત કરતા. એથી ઊલટું તમે તો ખૂબ જ આનંદમાં છો, હસો છો અને નવવધૂને પરણવા જઇ રહેલા કોઇ પ્રેમીજનની માફક ઉત્સાહમાં છો. કૃપા કરીને આમ કેમ તેનો ખુલાસો કરશો?' પેલા વહાણ-વટીએ પૂછયું.'

'જવાબમાં રાજપ્રમુખ ફરીથી હસી પડયા. પછી

પાંચ વર્ષ તે રાજપ્રમુખનું એક ચક્રે રાજ્ય ચાલતું. તેની સામે કોઈ વિરોધ ન કરે, કોઇ ચૂં કે ચાં ન કરે, તેની આજ્ઞાનું સૌ કોઇ પાલન કરે એવો ધારો હતો.'

'પણ એ પાંચ વર્ષ પૂરાં થયા પછી તેને દરિયા કાંઠે લઇ જઇ એક નાના વહાણમાં બેસાડી દેતા. ત્યાંથી થોડાક માઇલ દૂર એક બીજો બેટ હતો, ત્યાં તેમને લઇ જતા અને ત્યાં તેમને એકલા છોડીને એ વહાણ પાછું ફરતું.'

'પેલા બેટ પર વસ્તી ન હતી. ગીચ જંગલ અને વિકરાળ વનપશુઓ એ ટાપુમાં વસતાં અને ભૂલેચૂકે એ ટાપુ પર જનારનાં સોયે વર્ષ ત્યાં પૂરાં થતાં. જંગલી પ્રાણીઓ જે કોઈ જાય તેનો શિકાર કરતાં.'

'એટલે પાંચ વર્ષ રાજ્યસત્તા ભોગવ્યા પછી, વિલાસ અને મોજશોખ માણ્યા પછી છેવટે રાજ્યપ્રમુખને ત્યાં જવું પડતું, અને ત્યાં જંગલી જાનવરોના હાથે મોતને શરણે બૂરી રીતે ઊતરવું પડતું. આ રીતે પાંચ વર્ષના પ્રમુખ-પદ પછી બૂરે મોતે મરવાનું છે એમ જાણનારા એક પછી એક, દર પાંચ વર્ષે આવનારા રાજપ્રમુખો પાંચ વર્ષ દરમિયાન બને એટલા મોજશોખ માણી લેતા, જિંદગીની મજામાં ચકચૂર બની જતા.'

'એક વાર એ જ રીતે પાંચ વર્ષ પૂરાં કરીને પેલા ટાપુ પર જવાનો એક રાજપ્રમુખનો વારો આવ્યો. તેને વિદાય આપવા મોટી માનવમેદની બંદર પર જમા થઇ હતી. તે બધાની આંખમાં આંસુ હતાં, પણ પેલા રાજ-પ્રમુખના ચહેરા પર આનંદ અને હાસ્યની છોળો ઊડતી હતી. ખૂબ જ આનંદપૂર્વક સૌને પ્રણામ કરીને તે રાજ-

ચારીઓ અને મજૂરો પણ હવે ત્યાં જ રોકાઇ ગયા છે. અહીં પાછા આવવાની ના પાડે છે. સેનાપતિએ મને કહ્યું છે કે, ત્યાં મારું સ્વાગત કરવા એ બધા એક પગે તૈયાર ઊભા છે. અને અહીં તો મારું રાજ્ય ફક્ત પાંચ વર્ષ માટે હતું પણ ત્યાં તો હું જીવીશ ત્યાં સુધી રાજ્ય કરીશ. હવે ત્યાં મને ફાડી ખાવા માટે રાની પશુઓ નથી, પણ મારું સ્વાગત કરવા માટે એક આતુર સમાજ-સુખી સમાજ ત્યાં છે.'

'કહો હવે. કપ્તાન, હું શા માટે રડું? મારે કલ્પાંત કરવા માટે કે દુ:ખી થવા માટે હવે કોઇ કારણ છે? બોલો! આટલું કહીને પેલા રાજપ્રમુખ પુન: હસી પડયા અને આનંદથી આસમાન તથા સમુદ્રના જળને એક કરતી દૂર-દૂરની ક્ષિતિજ તરફ જોઇ મલકી ઊઠયા.'

'આ કથા મેં વ્યાખ્યાનમાં સાંભળી અને મારો આત્મા જાગી ગયો કેટલી સરસ બોધકથા હતી તે? મૃત્યુની પેલે પાર શું છે તે માનવી જાણતો નથી પણ એટલું જાણે છે કે જીવનકાળ દરમિયાન પરલોક માટે જે સત્કર્મરૂપી ભાથુ બાંધી રાખ્યું હશે તે જ સાથે આવવાનુ છે; અને છતાં, માનવી જાણે છે છતાં, ઉલટી રીતે જ વર્તે છે.'

'પેલા સાધુ ભગવંતનું વ્યાખ્યાન પૂર્ણ થયું કે તરત જ હું દોડયો અને એમના પગમાં આળોટી પડયો. મેં કહ્યું: 'ભગવંત, પેલા રાજપ્રમુખે જેમ પાણી પહેલાં પાળ બાંધી લીધી તેમ મને પણ આપ માર્ગ બતાવો. શું કરવાથી પરલોક સુધરે? પેલા રાજપ્રમુખની જેમ મૃત્યુ

તેમણે પેલા કપ્તાનના વાંસા પર પ્રેમથી એક ધબ્બો માર્યો અને કહ્યું: 'દોસ્ત, બીજા બધા રાજપ્રમુખો પાંચ વર્ષ વધારેમાં વધારે મોજશોખ અને રંગરાગ, ગુલતાનમાં કેમ રહેવું તેનો જ વિચાર કરતા હતા અને એ રીતે તેમની જિંદગી તેઓ બરબાદ કરી રહ્યા હતા.

'મેં પાંચ વર્ષ પછી શું? એ વાતનો વિચાર કર્યો. મારી આજ્ઞા તો સૌ કોઇને શિરોમાન્ય હતી. મેં સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે તમારું અડધું લશ્કર લઇ પેલા સામા કાંઠા પરના બેટ પર જાઓ. સાથે માલ, સામાન, મજૂરો, સાધનસામગ્રી, હથિયારો વગેરે જે જોઇએ તે લઇને જાઓ. ત્યાં જઇને પેલા બેટ પરનાં જંગલો કાપી નાંખો, ત્યાંના વિકરાળ જાનવરોનો નાશ કરી નાંખો અને ત્યાં એક સરસ મજાનું, રમણીય શહેર બાંધી નાંખો. આ બધું કામકાજ અતિશય ગુપ્તપણે થવું જોઇએ, અને જ્યાં સુધી ત્યા શહેર બંધાઇને તૈયાર ન થાય ત્યાં સુધી બધું ગુપ્ત રહેવું જોઇએ.'

'મારી આજ્ઞા અનુસાર સેનાપતિએ એ બેટ પરનાં જંગલો સાફ કરાવ્યાં, ત્યાં એક રમણીય નગર બાંધ્યું. અને બાજુબાજુના બીજા બેટો ઉપરથી સારી ઉજળિયાત વસ્તીને ત્યાં બોલાવી. એ શહેરમાં એક સરસ વસાહત ઊભી કરી. મારી પાસે તે પછી બે વર્ષને અંતે સેનાપતિએ બધી વિગતો રજૂ કરી, શહેરના નકશા બતાવ્યા તથા અત્યારે તો વહેપાર ઉદ્યોગનું એક સરસ કેન્દ્ર ઊભુ થઇ ગયું છે. જે ટાપુ પર પાંચ વર્ષ મેં પ્રમુખપદ ભોગવ્યુ તેના પાટનગર કરતાંયે વધુ રમણીય શહેર ત્યાં વસી ગયુ છે, એટલું સરસ કે સેનાપતિની સાથે ગયેલા સૈનિકો, કર્મ-

મિનિટ બાકી હતી. દેહ જર્જરિત હતો. પોતાની મેળે બિછાનામાંથી ઊઠવાનું શક્ય નહોતું.

તેમણે ઈશારો કરી પોતાના શરીરને બેઠું કરવાની સૂચના આપી. પદ્માસન વાળીને તેમને પાછળ ટેકો આપી બેસાડયા. બાજઠ ઉપર ઘીનો દીવો તથા અગરબત્તી મૂકાવરાવી શ્રી નવકારમંત્રના આલેખનવાળી એક તકતી તેના ઉપર ગોઠવવામાં આવી અને પછી છેલ્લી વાર તેમણે ચારે તરફ નજર કરી.

'કોઇ રડશો નહિ, કલ્પાંત કરશો નહિ. હું તો પરમસુખ પ્રાપ્ત કરીને એથી પણ અધિક સુખ મેળવવા જાઉં છું. તમે.. તમે બધા.. પેલા રાજપ્રમુખની જેમ પાંચ વર્ષ પછી આટેની તૈયારી કરશો તો રડવું નહિ પડે શ્રી નમસ્કારમંત્રનો પ્રભાવ તો અચિંત્ય છે. મેં તે અનુભવ્યો છે. મારી છેલ્લી ઇચ્છા મારા માટે, આવતા ભવમાં પણ શ્રી નમસ્કારમંત્રની ગોદમાં રમતા રહેવાની છે અને તમારા બધા માટે તમે પણ બધા આ વિશ્વકલ્યાણક મહામંત્ર શ્રી નવકારનું શરણું લઇને આ સંસારને તરી જાઓ તે છે.'

પછી બાપાજીએ ધીરે સાદે શ્રી નવકારમંત્રનુ ઉચ્ચારણ શરૂ કર્યું. સાદ બેસતો ગયો, શ્વાસનો ફડફડાટ ઓછો થતો ગયો અને એ જ હાલતમાં પદ્માસન વાળેલી દેહાવસ્થામાં બાપાજીનો પ્રાણ જયારે દેહને છોડીને ગયો ત્યારે દાક્તરે ઘડિયાળમાં જોઈને કહ્યું: 'બરાબર બે કલાક ને બાવીસ મિનિટ.'

ચી૦ દીવેટ.

સમાપ્ત

ટાણે પૂર્ણ આનંદ, સંતોષ અને હાસ્યપૂર્ણ વદન સાથે સૌ સ્વજનોને વિદાય આપી શકાય તે માટે કંઈક માર્ગ બતાવો.

'જૈન કુટુંબમાં જન્મ તો હતો નહિ અને જૈનશાસ્ત્રો, સિદ્ધાંતો વગેરે કશાનો ખ્યાલ હતો નહિ, એ વાત પેલા સાધુ ભગવંતને મેં કહી. તેમણે આનંદ-પુલકિત હૈયે મને કહ્યું:

'મહાનુભાવ! એક માત્ર શ્રી નવકાર ગોખી લો. પરમપાવનકારી એ નમસ્કારમંત્રનું રટણ જીવનભર કર્યા કરો. તત્ત્વ, શાસ્ત્ર અને ધર્મ-ધર્મ વચ્ચેના ભેદને વીસરી જાઓ. પરિણામ શું આવશે તેનો વિચાર પણ છોડી દો. અને ફક્ત શ્રી નવકારમંત્રની આરાધના કરો. તે તમને તારશે, તે તમારી મનોકામના પૂર્ણ કરશે.'

'આ પછી શ્રી નવકારમંત્રને કંઠસ્થ કરી મેં તેનું રટણ શરૂ કર્યું. જરા પણ અવકાશ મળે કે મનોમન નવકાર ગણ્યા કરવાનો મેં મહાવરો પાડ્યો. અને એના ફળ સ્વરૂપે મને આજે આ દેહને છોડવાના અવસરે કોઈ જાતનું દુઃખ, ગ્લાનિ, ભય કે ચિંતા નથી. પેલા રાજપ્રમુખને માટે જેમ રમણીય નગર તૈયાર હતું તેમ મારા માટે આ ભવથી પણ વધુ સુંદર અને વધુ સુખદાયી એવો પરભવ તૈયાર છે. શ્રી નવકારમંત્રના પરમપ્રતાપે તે હું જોઈ શકું છું. હવે કહો, ડાક્તર, ઉદ્વેગ કે ખિન્નતા મારી પાસે ક્યાંથી હોય?'

બાપાજીએ ધીરગંભીર આનંદમિશ્રિત સ્વરે તેમની વાત પૂરી કરી અને ઘડિયાળમાં જોયું. ડાક્તરે કહેલા બે કલાક પૂરા થયા હતા. બાપાજીના કહેવા મુજબ હવે બાવીસ

જને સેવેલી પ્રવૃત્તિ યતના ન કહેવાય. (પરંતુ સંયમ ટકાવવા માટે, દ્રવ્યાદિકને આશ્રીને દુષ્કાળ, માંદગી, જંગલ ઉલ્લંઘન કરવું. તેમાં જે નિષિદ્ધ પ્રવૃત્તિ દ્રવ્યાદિકને આશ્રીને કરાય; ક્યારે આ દોષ ન સેવવાનો અવસર મેળવું. એવી અભ્યંતર ચિત્તવૃત્તિ રહેલી હોય, તેમ જ લાગેલા દોષોની શુદ્ધિ ક્યારે કરું? આવી પરિણતિ સતત વહેતી હોય, તે જયણા કહેવાય.)

તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને વિવિધ પ્રકારની ઘણી અસત્પ્રવૃત્તિને રોકવા સ્વરૂપ પ્રવૃત્તિ, યતનાકાળમાં થનારી એવી ઘણી જ શાસ્ત્રે નિષેધેલી અસત્પ્રવૃત્તિને આચરવા રૂપ, ક્યારે? તો કે-તેવા પ્રકારની માંદગી આવી હોય, દુષ્કાળ સમય હોય, જંગલના લાંબા માર્ગો ઓળંગવાના હોય, શરીરમાં નિર્બળતા આવી હોય, તેવી અવસ્થામાં સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગની આરાધના ટકાવવા માટે પરિમિત અશુદ્ધ ભોજન-પાણી આદિ સેવન કરવારૂપ જે ચેષ્ટા, એટલે કે, કારણથી કરેલી તેવી ચેષ્ટા તે જયણા કહેવાય. તે આપત્તિકાળમાં નિશીથ વગેરે શાસ્ત્રોમાં કહેલ અપવાદપદે સેવન કરાય, પણ પોતાની સ્વેચ્છાએ નહિ. અપવાદપદ સેવીને જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધના કરવાની અભિલાષા રાખે છે. સમય મળે, ત્યારે ગુરુ પાસે આલોચનાદિક શુદ્ધિ કરવાની અભિલાષા રાખે છે. જેમ બને તેમ અલ્પદોષ સેવન કરે, અધિક દોષ થાય, તો આત્મા પાપકર્મથી ડરે, ત્યારે તે જયણા કહેવાય. (૭૦૧)

દ્રવ્યાદિક આપત્તિમાં યતના, સમ્યગ્દર્શનાદિ સાધી આપનાર છે. એમ કહ્યું, પરંતુ છદ્મસ્થ આત્મા યતનાવિષયક દ્રવ્યાદિક જાણવા માટે સમર્થ થઈ શકતો નથી. એ શંકાના નિવારણ માટે કહે છે

## આજ્ઞાનુસારિણી યતના

આવા દુષમા કાળમાં પણ આજ્ઞાનુસારિણી એવી યતના-જયણા સેવન કરવાથી જે ફળ થાય છે તે કહે છે.

जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढिकरी जयणा, एगंत सुहावहा जयणा ॥७६९॥

૭૬૯-જેનું લક્ષણ આગળ જણાવીશું, એવી સંયમ વિષે જે યતના તે પ્રથમ ધર્મ ઉત્પન્ન કરવાના કારણભૂત છે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ તે રૂપ ધર્મના ઉપદ્રવને નિવારણ કરનારી-પાલન કરનારી જયણા છે. ધર્મની પુષ્ટિના કારણભૂત હોવાથી ધર્મની વૃદ્ધિ કરનારી જયણા છે. વધારે કેટલું કહેવું? મોક્ષને પ્રાપ્ત કરાવનારી-એકાન્ત સુખ આપનારી આ જયણા કહેલી છે. (૭૬૯)

जयणाए वट्टमाणो, जीवो सम्मत्त-णाण चरणाण ।
सद्धा-बोहासेवण भावेणाराहओ भणिओ ॥७८०॥

૭૮૦-જિનેશ્વર ભગવંતે કહેલી યતનામાં વર્તતો આત્મા સાચા માર્ગની શ્રદ્ધા હોવાથી જીવાદિ નવે તત્ત્વોનો બોધ હોવાથી સમ્યગ્ ચારિત્ર-ક્રિયા સેવન કરતો હોવાથી કોઈ પ્રકારે તે સર્વ પરિપૂર્ણ રૂપ ત્રણે રત્નોનો આરાધક કેવલી ભગવન્તોએ કહેલો છે. (૭૮૦) એ પણ કેવી રીતે તે કહે છે.

૭૮૧-હવે અહિં યતના કોને કહેવાય? નિશીથ વગેરે છેદ-સૂત્રોમાં આપત્તિકાળમાં અપવાદ લક્ષણ-અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની પ્રતિકૂળતા હોય તેવી આપત્તિઓ, નહિ કે લાભ-નુકશાન ગુરુ-લાઘવની વિચારણા શૂન્યપણે, પરમ-પુરુષની લઘુતા કરાવનારી, સંસારાભિનંદી-પુદ્ગલાનંદી

સમ્યગ્દર્શનાદિ વૃદ્ધિ કરનાર એવાં દ્રવ્યાદિક-વિશેષોને સેવન કરવારૂપે જાણી શકે છે. ગર્દભિલ્લ રાજાએ હરણ કરેલ પોતાની સાધ્વી બહેનને કાલિકાચાર્યે જેમ જાણેલ તેમ સારી રીતે ઉપયોગ કરેલી બુદ્ધિથી કોઇપણ વસ્તુ એવી નથી કે, જે ન જાણી શકાય. તે માટે કહેલું છે કે:-" ભૂમિમાં ઊંડાણમાં દૂર સુધી સ્થાપન કરેલ નિધિને તૃણ, વેલડી આદિથી આચ્છાદિત થએલી ભૂમિમાં નેત્રથી ન દેખવા છતાં કુશલ બુદ્ધિવાળા પુરુષો બુદ્ધિરૂપી નેત્રોથી તેને દેખે છે.' (૭૭૩) અહીં બીજું દૃષ્ટાંત પણ કહે છે—

(૭૭૪) જ્યોતિષીઓ જ્યોતિષશાસ્ત્રના આધારે સુકાલ-દુષ્કાળ થશે તે બરાબર જાણી શકે છે, વૈદ્યો વૈદકશાસ્ત્રના અનુસારે જલોદર વગેરે મહાવ્યાધિનો વિનાશ જાણી શકે છે. સુશ્રુત વગેરે ચિકિત્સાશાસ્ત્રે નો બરાબર અભ્યાસ કરેલો હોય, તેવા જાણકાર વૈદ્યોને રોગ મટશે કે નહીં મટે, તેની ખબર પડે છે. વરાહમિહિર સંહિતા આદિક જ્યોતિષશાસ્ત્રો અને સુશ્રુત વગેરે વૈદકશાસ્ત્રોથી જેમ કાલજ્ઞાન તેમ જ રોગજ્ઞાન થાય છે તેમ આ ગીતાર્થ મુનિવર યતનાવિષયક અન્ન-પાન આદિના પ્રતિષેધ શાસ્ત્રવચનો દ્વારા જાણી શકે છે જ. (૭૭૪) તથા—

(૭૭૫) કાયિક વાચિક અને માનસિક આ ત્રણની ઉપયોગ-શુદ્ધિથી આહાર પાણી ગ્રહણ કરવામાં પ્રવર્તેલ સાધુ હોય, તે જે સમયે ત્રણે કરણના ઉપયોગ-પૂર્વક આહાર ગ્રહણ કરે છે. તે વખતે તે સાધુના ઉપયોગની નિર્મલતા હોય છે. અને તેથી અશુદ્ધ-દોષવાળા આહાર-પાણીનો બોધ જેમ તે ભાવસાધુને થાય છે અને તે બોધ પણ તદ્દન પરિશુદ્ધ-અસ્ખલિત સ્વરૂપવાળો થાય છે. તે પ્રમાણે અહીં

૭૭૨-સમ્યગ્દર્શનાદિ ત્રણેયના પરિણામની ધારાનો પ્રવાહ અખંડિત એક સરખો સાનુબંધ ચાલુ જ હોય છે. એ જ પ્રમાણે લાભ-નુકશાનની વિચારણા પૂર્વક વિરુદ્ધ એવા દ્રવ્યાદિક સેવન કરવામાં આવે, તો સમ્યગ્દર્શનાદિના પરિણામનો પ્રવાહ ખંડિત થાય, અથવા નિરનુબંધ થાય-આ વસ્તુ જણાવી, તે અતીન્દ્રિય વસ્તુ જણાવી, તે કોઈ અસર્વજ્ઞ-છદ્મસ્થ ન જાણી શકે-નિર્ણય કરી શકે, અતીન્દ્રિય પદાર્થનો આ પ્રમાણે વ્યવહાર કરવામાં આવે, તો સમ્યગ્દર્શનાદિ આ પ્રમાણે સાનુબંધ, આ પ્રમાણે નિરનુબંધ બની જાય, તેનો નિર્ણય અસર્વજ્ઞ કેવી રીતે મેળવી શકે? (૭૭૨) આ પ્રમાણેની શંકાનું સમાધાન કહે છે

(૭૭૩) સર્વજ્ઞ ભગવંતના વચન-શાસન-આગમથી યથાર્થપણે ઉત્સર્ગ-અપવાદથી શુદ્ધ એવા સર્વજ્ઞ-વચનનો પરમાર્થ જેણે જાણેલ છે, એવા સાધુ-વિશેષ તે ગીતાર્થ સાધુ. એ પણ છદ્મસ્થ છતાં જાણે છે. જેમ નાના ચિહ્નરૂપ ધૂમાડાથી ન દેખાતો અગ્નિ દેખાય છે, તેમ સ્થૂલ બુદ્ધિવાળાઓને ન દેખાતા કે ન જણાતા પદાર્થો ચિહ્નો-લિંગો દ્વારા ધૂમાડાથી જેમ અગ્નિનું જ્ઞાન થાય, તેમ સેવનાર અને સેવનીય દ્રવ્યાદિ અવસ્થા-વિશેષથી-નજીકના કારણથી પદાર્થ જાણી શકાય છે. મન વચન અને કાયારૂપ કરણોથી હંમેશાં ઉપયોગવાળો હોય, પ્રશસ્ત ઔત્પાત્તિકી વગેરે બુદ્ધિ ધનવાળો ગીતાર્થ મુનિ હોય, તે જાણી શકે છે. જેમ કોઈક મહાબુદ્ધિશાળી રત્નનો વેપાર કરનાર રત્ન-પરીક્ષા-શાસ્ત્રાનુસાર બુદ્ધિથી રત્નમાં રહેલી વિશેષતાઓ બરાબર જાણીને તે જ પ્રમાણે તેનું મૂલ્ય આંકે છે, એ પ્રમાણે ગીતાર્થ મુનિવર પણ શાસ્ત્રાનુસાર વ્યવહાર કરતા કરતાં કોઈ વખત વિષમ અવસ્થામાં આવી પડ્યો હોય, તોપણ

નથી-તે વાત પ્રગટ છે. આ લોકમાં પણ કોઇપણ પદાર્થની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર ગૌરવસ્થાન પામતો નથી. (૭૭૬) તથા

૭૭૮-જે કારણથી ભગવંતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આદિને અનુકૂલ અન્ન પાનાદિની ગવેષણા કરવારૂપ કહેલું છે, ભાવવિશુદ્ધ એટલે ઔદયિક ભાવનો ત્યાગ કરીને ક્ષાયોપશમિક ભાવ-સહિત જે જ્ઞાનાદિક આરાધનાનું અનુષ્ઠાન કરવામાં આવે, તેમાં જેમ તેનું ફળ મળે છે, તેમ આ અનુષ્ઠાન પણ કહેલું છે, સાચો ઉપાય હોવાથી. (૭૭૮) માટે જ કહે છે—

णवि किंचि अणुणातं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
तित्थयराणं आणा, कज्जे सच्चेण होयव्वं ॥७७९॥

૭૭૯ ઋષભાદિક તીર્થંકર ભગવંતોએ માસકલ્પ વિહારાદિ સાધુનાં કર્તવ્યો માટે 'એકાંતે આ જ કર્તવ્ય છે.' એમ આજ્ઞા કરી નથી, તેમ જ કોઇ એકાન્તે નિષેધ પણ કરેલો નથી.' જેમ કે, તમારે એકાન્તે માસકલ્પ-વિહાર કરવો જ. એમ જકાર પૂર્વકની આજ્ઞા કે જકાર-સહિત એકાંત નિષેધ કોઇ કાર્યનો કહેલ નથી. ત્યારે તેમણે કેવી આજ્ઞા કરેલી છે? તે કહે છે. તીર્થંકર ભગવંતની આજ્ઞા આ પ્રમાણે સમજવી કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાના કાર્યમાં સત્યપણે સરળ પરિણામ પૂર્વક વર્તાવ કરવો. (૭૭૯) તથા

આ મનુષ્યજન્મ-જિનવચન, સર્વજ્ઞનું શાસન જીવને પ્રાપ્ત થવું મહાદુર્લભ છે. તે વાત આગળ ચોલ્લક વગેરે દૃષ્ટાંતોથી કહેલી છે. તેથી અંતઃકરણના સાચા પરિણામરૂપ

યતના-વિષયમાં પણ પરિશુદ્ધ વિશેષ પ્રકારનું જ્ઞાન થાય છે, તેમ સમજવું. (૭૭૫)

શંકા કરી કે, સર્વ જગો પર ધર્મના અર્થીઓ હોય, તેવા લોકોને દાન આપવા માટે રસોઇ પકાવવાની પ્રવૃત્તિઓમાં ઘણે ભાગે અનેષણીય, અકલ્પનીય, સાધુને દોષ લાગે તેવી સામગ્રીઓ ગૃહસ્થો તૈયાર કરે છે, જેથી તેમાં દોષની બહુલતા હોય છે. એષણાનો વિવેક કરે, તોપણ તેનું યથાર્થ જ્ઞાન પામવું દુષ્કર છે, તો તેનું દૃષ્ટાંત અહીં કેમ જણાવ્યુ ? એમ શંકા કરનારને કહે છે

૭૭૬-પિંડનિર્યુક્તિ આદિ આગમશાસ્ત્રો વિષે જેને અતિઆદર-બહુમાન હોય છે, એવા ચારિત્રવંત આત્માને આ અનેષણીય-દોષવાળું-અગ્રહણ યોગ્ય છે-એવું વિજ્ઞાન થવું દુર્લભ નથી. હવે કોઇક દાન દેવાની બુદ્ધિથી છલના-કપટ કરીને અસૂઝતા આહાર સૂઝતા-કલ્પે તેવા રૂપે આપે અને જ્ઞાન ન થાય, તો તેમાં અનેષણીય ગ્રહણ કરવા રૂપ દોષ ગણાતો નથી. અંતઃકરણની નિર્મલતારૂપ પરિણામની શુદ્ધિ હોવાથી. (૭૭૬)

આ જ વાતને ઉલટાવીને સમજાવે છે

૭૭૭-કહેલા લક્ષણવાળી યતનાથી વિપરીત સ્વરૂપ-અયતનાથી એકાંતભાવે સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય વિપરીત બની જાય-અર્થાત્ મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર સ્વરૂપ બની જાય. કેવી રીતે ? તીર્થંકર ભગવંતની આજ્ઞા, તો જયણા એ ધર્મ ઉત્પન્ન કરનારી માતા છે. એ રૂપ આજ્ઞાની અશ્રદ્ધા-અરુચિ કરવાથી, જેને યતનાની રુચિ હોય, તે યતનાનું ઉલ્લઘન કરીને કદાપિ પ્રવર્તતો નથી, અને જો પ્રવર્તે તો તેને તે યતનામાં શ્રદ્ધા

કર્મ છૂટાં પડી જાય, તે જ ખરેખર મોક્ષનો ઉપાય અથવા મોક્ષમાર્ગ છે. તે માટે દૃષ્ટાંત કહે છે. રોગ-વ્યાધિવાળી અવસ્થામાં રોગ મટાડનાર ઔષધ રોગને અટકાવી જુના રોગને નાશ કરવા માફક દેશ, કાલ અને રોગને આશ્રીને કોઇ તેવી અવસ્થા ઉત્પન્ન થાય છે કે, જે અવસ્થામા અકૃત્ય કૃત્ય થાય અને કરવા લાયક કર્મનો ત્યાગ કરવો પડે છે. એ વચનને અનુસરતો લાભ-નુકશાનનો હિસાબ ગણીને નિપુણ વૈદ્કશાસ્ત્રના જાણકાર વૈદ્યો તેવી તેવી ચિકિત્સામાં રોગની શાતિ થાય, તેમ પ્રવર્તે છે. તે પ્રમાણે ગીતાર્થ મુનિવરો તેવી તેવી દ્રવ્યાદિ આપત્તિઓમાં વિવિધ અપવાદો સૂત્રાનુસારે સેવન કરતા હોય, તો તેમાં નવા દોષો રોકવા પૂર્વક પૂર્વનાં કરેલાં કર્મની નિર્જરા લક્ષણ ફળ મેળવનારા થાય છે. (૭૮૨)

હવે ઉત્સર્ગ-અપવાદનું સમાન સંખ્યાપણું જણાવે છે.

૭૮૩-પર્વત વગેરે ઉંચા સ્થાનની અપેક્ષાએ જે નીચે ભૂમિતલનું સ્થાન, આ પ્રમાણે એકબીજાની અપેક્ષાએ ઉંચુ-નીચુ સ્થાન સ્ત્રી બાળકોમાં પણ પ્રસિદ્ધ છે. ભૂમિતલથી ઉપરનુ સ્થાન તે પણ તેની અપેક્ષાએ ઉંચુ એમ ઉચુ-નીચું સ્થાન એક બીજાથી સાપેક્ષ હોય છે. એમ હોવાથી જે સિદ્ધ થયું, તે કહે છે-કહેલા દૃષ્ટાન્તાનુસાર પરસ્પર અપેક્ષા રાખવા પ્રતીતિ-શ્રદ્ધાના વિષયના ભાવને ભજનારા ઉત્સર્ગ-અપવાદ સમાન સંખ્યાવાળા હોય છે. અથવા એક મકાનના દાદરાનાં પગથિયા ચઢતી વખતે અને ઉતરતી વખતે એક સરખી જ સંખ્યાવાળાં હોય છે, પરંતુ ઉપર જઇએ ત્યારે ઉપર જવાનું, તે ભોંયતળિયાની અપેક્ષાએ અને ઉપરથી નીચે આવવું હોય તો નીચે જાઉં

ભાવ-પરિણામથી જ જ્ઞાનાદિકની આરાધના કરવી. પરંતુ ભાવપરિણતિ વગર માત્ર દેખાવ માટે. બાહ્ય અનુષ્ઠાન માત્ર ન કરવાં. કેમ કે, એકલાં ભાવ વગરનાં બાહ્ય અનુષ્ઠાનો નિષ્ફલ-નકામા છે. તે માટે કહેલુ છે કે-તાત્ત્વિક-ભાવનો પક્ષપાત કરવો અને ભાવશૂન્ય જે માત્ર ક્રિયા તે વચ્ચેનું અંતર કેટલું ? તો કે, સૂર્યનું તેજ અને ખજૂવાનું તેજ. ખજૂવાનુ તેજ ઘણું જ અલ્પ અને ક્ષણમાં વિનાશ પામનારૂં છે, જયારે સૂર્યનું તેજ ઘણું જ અને અવિનાશી છે. માટે જે પ્રમાણે આજ્ઞાની આરાધના થાય તે પ્રમાણે પ્રયત્ન કરવો. (૭૮૦)

આજ્ઞા આરાધના માટે જે કરવું ઘટે, તે વિશેષતાથી કહે છે

૭૮૧-સામાન્યથી કહેલો વિધિ ઉત્સર્ગ અને વિશેષથી કહેલ વિધિ અપવાદ કહેવાય. તેથી ઉત્સર્ગ અને અપવાદ બન્નેનાં યથાસ્થિત સ્વરૂપ જ્ઞાન વિષે બુદ્ધિશાળીએ નિશીથ અધ્યયન વગેરે તથા તેને પ્રતિપાદન કરનારા આગમાનુસારે નૈગમાદિ નય-વિચાર સહિત બન્નેને સમજવા પ્રયત્ન કરવો. (૭૮૧)

હવે સર્વ નયોથી અભિમત એવા ઉત્સર્ગ અને અપવાદ એક જ છે-એમ તત્ત્વથી સ્વરૂપ અંગીકાર કરીને કહે છે

૭૮૨-ઉત્સર્ગ-અપવાદરૂપ જે અનુષ્ઠાન સેવન કરવાથી મિથ્યાત્વાદિક દોષો રોકાય, એટલે કે, તેવા દોષોની પ્રવૃત્તિઓ થાય નહિ. તથા પૂર્વભવોમાં ઉપાર્જન કરેલા જ્ઞાનાવરણીય આદિ અશુભ પાપકર્મોનો ક્ષય થાય-આત્માથી

૭૮૬-ઉત્સર્ગ કે અપવાદરૂપ આજ્ઞાપૂર્વક ઘણાં અનુષ્ઠાનો નિર્વાણ-ફલ આપનારાં થાય છે. માટે બુદ્ધિશાળીઓએ જે પ્રકારે કાર્યની સિદ્ધિ થાય, તે પ્રકારે આજ્ઞાનો ખ્યાલ રાખી કાર્ય કરવું. પરંતુ આજ્ઞાથી વિપરીત ગતાનુગતિક-બહુ લોકો અનુસરતા હોય, તેવા લૌકિક તીર્થસ્થાન-લૌકિક દાન ન કરવાં. લોકોત્તરમાં પણ પ્રમત્તજન આચરિત વિવિધ કાર્યને ન અનુસરવું. સર્વજ્ઞ-શાસનનું આ રહસ્ય સમજવું. (૭૮૬)

## કાચબો અને તેનું કુટુંબ

સમુદ્ર સરખા મહાસરોવરમાં અનેક મત્સ્ય, મગર, કાચબા, દેડકા, જળજંતુ વગેરેના ભયથી એક કાચબો ઊંડે ડૂબી જાય વળી ઉપર આવે, મોજાં સાથે અથડાય, ત્રાસ પામે, નાસતો દોડતો દશે દિશામાં પલાયન થતો, ઊછળતો, પછડાતો ઘણા પ્રકારે હીલના પામતો, ઘણું સહન કરતો ક્ષણવાર નિરાંતે બેસવાનું સ્થાન ન પામતો, પરિભ્રમણ કરી રહેલ છે. કોઇક સમયે મહાસુશીબતે દુઃખથી કંટાળી ગએલ જળ અવગાહન કરતો કરતો, ફરતો ફરતો જળ ઉપરના ભાગમાં પદ્મિની કમળવાળા સરોવરમાં ઉપર લીલફૂલની મખમલ જેવી રંગીન ચાદર સરખી સેવાળ પથરાએલી હતી, ત્યાં આ કાચબો પહોંચ્યો. પવનના ઝપાટા યોગે તેમાં ફાટ પડી. તે ફાટમાંથી ગ્રહ નક્ષત્રના પરિવારવાળું શરદ પૂર્ણિમાના ચન્દ્રનું નિર્મળ પ્રતિબિંબ દેખાયું. જિંદગીમાં પ્રથમ વખત આ દૃશ્ય દેખેલ હોવાથી અપૂર્વ આનંદ પામ્યો. તે વખતે ચંદ્રવિકાસી કમળોનાં વનો ખીલેલાં છે. હંસો પણ મનોહર કલરવ કરી રહ્યા છે. ચક્રવાકના શબ્દો સંભળાઇ રહ્યા છે. સાત પેઢીના

છું. ચડવામાં કે ઉતરવામાં પગથિયાં સમાન સંખ્યાવાળાં હોય છે. (૭૮૩)

ઉત્સર્ગ–અપવાદનાં લક્ષણ કહે છે

૭૮૪–પરિપૂર્ણ દ્રવ્યાદિથી યુક્ત અનુષ્ઠાન, જેમ કે, વજ્રસ્વામીને દેવતાઓ કોળાપાક કે ઘેબર દ્રવ્ય વહોરાવવા આવ્યા ત્યારે આ કયું દ્રવ્ય ગ્રહણ કરવાનું છે, તે દ્રવ્ય આહારના ૪૨ દોષરહિત દ્રવ્ય છે કે કેમ ? ક્ષેત્ર કયું છે ? કાળ વહોરવા લાયક છે કે કેમ? વહોરાવનાર રાજા કે દેવ તો નથી ને ?' રાજપિંડ દેવપિંડ સાધુને કલ્પે નહિં ઈત્યાદિક દ્રવ્યાદિકની પૂર્ણ તપાસ કરીને પછી નિર્દોષ, કલ્પે તેવું હોય તે સામાન્ય કાળે-ઉત્સર્ગ માટે ગ્રહણ કરવું. તે દ્રવ્યાદિકથી રહિત જે અનુષ્ઠાન, તે અપવાદ કહેવાય. દ્રવ્યાદિયુક્તની અપેક્ષાએ તેનાથી રહિતને જે અપવાદ માર્ગ સેવવાનો હોય; પરંતુ દ્રવ્યાદિકવાળાને અપવાદમાર્ગ સેવવાનો ન હોય. જે ઔચિત્યથી અનુષ્ઠાન તે ઉત્સર્ગ અને ઔચિત્ય-રહિત અનુષ્ઠાન, તે અપવાદ; જે એક બીજા અનુષ્ઠાનથી વિપરીત પક્ષના અનુષ્ઠાન તે ઉત્સર્ગ–અપવાદ અનુષ્ઠાન નથી, પરંતુ સંસારને અભિનંદન આપનારી વધારનારી ચેષ્ટા છે. (૭૮૪)

હવે ઉપદેશનું સર્વસ્વ અથવા નીચોડ કહે છે –

૭૮૫–સર્વજ્ઞ ભગવંતના વચનાનુસાર રાગ-દ્વેષાદિથી અકલુષિત મનના પરિણામ, જે ભવાન્તરમાં સાથે આવનાર થાય, તેવા અનુબન્ધવાળા શુભ પરિણામ માટે પ્રયત્ન કરવો. ઉત્સર્ગ અને અપવાદ બન્ને અવસ્થામાં આ શુદ્ધ ભાવ અને આજ્ઞાયોગ ગણેલ છે. માટે તેવો પ્રયત્ન કરવો. (૭૮૫) કેમ ? જે માટે કહેલું છે કે –

જીવ સંસારકાર્યમાં ઉદ્યમવાળો છે. દુઃખથી સંસારમાં કંટાળતો નથી, સુખથી સંતોષ પામતો નથી. આ જીવે અનેક ભવમાં અનેક જાતિઓમાં જે શરીરો છોડયા છે તેના થોડા ભાગથી ત્રણ ભુવન ભરાઇ જાય. નખ, દાંત, ભ્રમ્મર, આંખ, કેશ વગેરે આ જીવે અત્યાર સુધીમાં છોડયા હશે તે તમામના ઢગલા કરીએ તો મેરૂપર્વત જેવડા ઘણા થાય.

હિમવાનપર્વત, મલયપર્વત, મેરુપર્વત, સમુદ્ર અને પૃથ્વી સરખા ઢગલા કરવામાં આવે તો તેનાથી પણ અનંત ગુણા અધિક આહાર આ જીવે અત્યાર સુધીમાં આરોગ્યા. મોટા દુઃખ સમુદાયના આક્રંદનથી આ જીવે જે આંસુ પાડયા હશે, તે સર્વ અશ્રુજળ એકઠું કરીએ તો કુવા, તળાવ, નદી, સમુદ્રાદિકને વિષે સમાય નહિ, અત્યાર સુધીનું માતાનું દુધ એકઠું કરીએ તો સમુદ્રના જળથી પણ વધી જાય.

અંત વગરના સંસારમાં અબલા એટલે એક સ્ત્રીની યોનિમાં તેમ જ સાત દિવસની મરી ગએલી, કોહાઇ ગયેલી કૂતરીની યોનિના વચલા ભાગમાં માત્ર કૃમિપણે જેટલાં શરીર છોડયાં તે તમામ કૃમીપણાના ભવના શરીરો એકઠા કરીએ તો સાતમી નરકની પૃથ્વીથી માંડીને સિદ્ધ-ક્ષેત્ર સુધીનું તમામ ઉત્કૃષ્ટ ચૌદરાજલોકક્ષેત્ર તે શરીર સમૂહનો અનંતમો ભાગ ચોદરાજ લોકમાં ન સમાય.

પ્રાપ્ત થએલા કામભોગો અનંતકાળ સુધી અહીં ભોગવ્યા છતાં તે કામભોગો અપૂર્વ જ લાગે છે વિષય-સુખ પણ અપૂર્વ માને છે. જેવી રીતે ખસ વ્યાધિવાળો નખથી ખણે છે, દુઃખ થાય છે, છતાં ખણવામાં સુખ માને

વંશમાં જોયું કે સાંભળ્યું નથી તેવું અદ્ભુત દૃશ્ય જોઈ કાચબો ક્ષણવાર વિસ્મય પામ્યો, અને વિચારવા લાગ્યો કે શું આ જ સ્વર્ગ હશે? આ સર્વ મારા બંધુઓ સ્વજનોને જઈ જણાવી જોવા લાવું. તેમ કરી વળી પોતે ઊંડા પાણીમા પોતાના સ્વજનોને બંધુઓને લેવા ગયો. તેમને ખોળતાં પંદર દિવસ થયાં, સર્વ સ્વજનોને લઇ પાછા ફરતાં પંદર દિવસ વીતી ગયા. અહીં ઉપર આવ્યો ત્યારે અમાવાસ્યાની કાળી રાત્રિ હતી. તેમજ સેવાળની ફાટ પવનથી પુરાઈ ગઈ હતી. તેથી કાચબાને પહેલાંની રિદ્ધિ શોભા, ખીલેલુ કમળવન કંઇપણ જોવામાં ન આવ્યું. બહુ કાળ આમ તેમ ફર્યો છતા પૂર્વની શોભા ફરી ક્યાંય પણ દેખી શક્યો નહીં.

દૃષ્ટાન્ત ઉપનય

એવી રીતે ચારગતિ ભવગહનમાં દુર્લભ એવા મનુષ્યભવમાં અહિંસા લક્ષણવાળા ધર્મને પામીને જે પ્રમાદ કરશે, તે વળી લાખો ભવે પ્રાપ્ત થઇ શકે એવું દુઃખથી પ્રાપ્ત કરેલ મનુષ્યપણું મેળવીને ધર્મ પ્રાપ્ત નહિ કરે, તે કાચબા માફક જેમ દર્શન રિદ્ધિથી ચૂક્યો, તેમ આ જીવ પણ ધર્મથી વંચિત રહેશે. બે ત્રણ દિવસ મુસાફરી કરવી હોય તો માર્ગમાં ખાવા માટે સારી રીતે ભાથું, પહેરવા માટે કપડાં. સૂવા માટે બિસ્તરો, સાથે લઈ જઇએ છીએ. તો પછી ચોરાશી લાખ યોનિસ્વરૂપ મોટા સંસાર અરણ્યની મુસાફરીમાં લાંબો કાળ ચાલે તેવુ ધર્મભાથું લેવા માટે કેટલી મોટી તૈયારી કરવી જોઇએ?

જેમ જેમ પહોર, દિવસ, મહિના, વર્ષ વીતી જાય છે, તેમ તેમ મરણ નજીક આવતુ જાય છે. પાપી પ્રમાદાધીન

શીલ અને સાધુપણું લીધા પ્રમાણે પાળી પુંડરીક મહા- ઋષિની માફક પોતાનું કાર્ય પાર પાડે છે. જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ. ઉપાધિ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ આદિ અનેકાનેક દુ:ખથી ભરપૂર સંસારમાં બિન્દુમાત્ર સુખ નથી. તેથી આ મનુષ્યપણામાં એકાંત મોક્ષ-પુરુષાર્થ આદરવા લાયક છે.

સરોવર જેવો સંસાર. કાચબા સરખો જીવ, જળચર- જીવો જેવા સંસારનાં દુ:ખો કલેશો, શરદપૂર્ણિમાના ચંદ્રનું અપૂર્વ દર્શન સરખું મનુષ્યપણું યાવત ઉત્તમ ધર્મરત્નની પ્રાપ્તિ, અમાવાસ્યાની રાત્રિ સરખાં અન્યગતિ અનાર્યદેશ, કુધર્મપ્રાપ્તિ વગેરે બાકીની યોજના સ્વયં કરી લેવી.

॥ અન્તિમ સાધના સમાપ્ત ॥

## नवकार मन्त्र

नमो अरिहंताणं ॥१॥ नमो सिद्धाणं ॥२॥ नमो आयरियाणं ॥३॥ नमो उवज्झायाणं ॥४॥ नमो लोए सव्वसाहूणं ॥५॥ एसो पंचनमुक्कारो ॥६॥ सव्वपावप्पणा- सणो ॥७॥ मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥८॥

## पंचिंदिअ सूत्र

पंचिंदिअ-संवरणो, तह नवविह-बंभचेर-गुत्तिधरो ॥
चउविह-कसाय-मुक्को. इअ अट्ठारस-गुणेहिं संजुत्तो ॥१॥
पंच-महव्वय-जुत्तो, पंच-विहायार-पालण-समत्थो॥ पंच-
समिओ ति-गुत्तो, छत्तीसगुणो गुरु मज्झ ॥२॥

છે. તેમ મોહાતુર મનુષ્યો કામદુઃખને સુખ માને છે. જન્મ જરા મરણથી થવાવાળા દુઃખને જાણે છે, અનુભવે છે છતાં પણ દુર્ગતિમાં પ્રયાણ કરતાં જીવને વિષયો ઉપરથી કંટાળો આવતો નથી. દુષ્ટ કામગ્રહથી આખું જગત પીડાએલું છે.

જડ પુરુષો આટલી વાત તો જરૂર માને છે કે આ ભોગસંપત્તિ એ ધર્મનું ફળ છે. તોપણ દઢ મૂઢ હૃદયવાળા પાપ કરી દુર્ગતિમાં જાય છે. પિત્તપ્રકોપ, ધાતુક્ષોભ, વાયુ, શ્લેષ્મના કારણથી ક્ષણવારમાં જીવ નીકળી જાય છે. અત્યારે મળેલાં વિશેષ કારણો યોગો, સામગ્રીઓ વારંવાર મળવાં મુશ્કેલ છે. પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, આર્યદેશ, ઉત્તમકુળ, સાધુસમાગમ, શાસ્ત્રશ્રવણ, શ્રદ્ધા, આરોગ્ય, દીક્ષા વગેરે વારંવાર મળવાં દુર્લભ છે.

વળી અહીં પણ સાપ, શૂલી, ઝેર, ઝાડા થવા, જળ, શસ્ત્ર, અગ્નિના નિમિત્તથી જીવ મુહૂર્ત માત્રમાં બીજા દેહમાં સંક્રમ કરે છે. જ્યાં સુધી થોડું પણ આયુ બાકી છે, વ્યવસાય અલ્પ છે ત્યાં સુધી આત્મહિત સાધી લો, નહીંતર પાછળથી મરણકાળે ખૂબ પસ્તાવો થશે. વર્ષાકાળે મેઘધનુષ, વીજળી દેખતા સાથે નાશ પામનારા સંધ્યાના રંગો અને સ્વપ્ન સરખો આ દેહ છે. કાચી માટીના ઘડામાં પાણી ભરવામાં આવે તો તરત કટકે કટકા થઇ જાય છે અને પાણી નીકળી જાય છે, તેમ આ દેહ પણ નાશ પામી જશે. માટે આ ક્ષણભંગુર દેહ નાશ ન પામે તેટલામાં ઉગ્ર કષ્ટવાળું ઘોર વીર તપ કર, કે જેનો કદાપી નાશ નથી.

એક હજાર વર્ષ સુધી સુવિપુલ એવો સંયમ કરીને છેવટે જીવને કિલષ્ટભાવ થાય તો કંડરીક માફક તેનો સંયમ શુદ્ધ થતો નથી. કોઇક આત્માઓ અલ્પકાળમાં

# સુસઢ ચરિત્ર સહિત અન્તિમ સાધનાનું
# શુદ્ધિ પત્રક.

| પત્ર | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૪ | ૯ | યળગાડ | વળગાડ |
| ૭ | ૨૫ | સ્ત્રગ | સ્વર્ગ |
| ૧૦ | ૬ | સુકુત | સુકૃત |
| ૧૩ | ૧૨ | રહિત | સહિત |
| ૧૫ | ૨૨ | ઉપદશ | ઉપદેશ |
| ૧૬ | ૨૦ | વાગ્યો | લાગ્યો |
| ૧૮ | ૯ | શિલને | શીલને |
| ૨૧ | ૬ | હર્પથી | હર્ષથી |
| ૨૧ | ૧૬ | પણ | પણે |
| ૨૨ | ૬ | અતિશવ | અતિશય |
| ૨૩ | ૮ | વિયરતા | વિચરતા |
| ૨૩ | ૨૫ | કહલી | કહેલી |
| ૨૫ | ૫ | શબ્દાથી | શબ્દોથી |
| ૨૮ | ૧૦ | રહલા | રહેલા |
| ૩૧ | ૭ | દરપક | દર્પ |
| ૩૨ | ૫ | તપસ્યાવળી | તપસ્યાવાળી |
| ૩૫ | ૭ | દે | હે |
| ૩૫ | ૧૫ | કેસરિસંહ | કેસરિસિંહ |
| ૩૬ | ૭ | થથેલ | થયેલ |
| ૩૮ | ૧૬ | ઉથી | ઉભી |
| ૩૯ | ૬ | કરવા | કરવા |
| ૪૩ | ૧૯ | પામ્યા | પામશે |
| ૫૨ | ૨૪ | ગુરૂઅ | ગુરૂએ |
| ૫૭ | ૧૯ | ગૌતને | ગૌતમ |
| ૫૮ | ૨૫ | પાતાના | પોતાના |
| ૬૭ | ૯ | પમાણુ | પ્રમાણુ |

# મુસદ્દચરિય સહિત અન્તિમ સાધનાના
# સહાયકો અને ગ્રાહકોની શુભ નામાવલિ

આ૦ મ૦શ્રી વિજય ધર્મસૂરિજી મ૦ની પ્રેરણાથી

અગીયાળીવાળા પારેખ જીવરાજ ગોરધનદાસના
સ્વ૦ ધર્મપત્ની કાન્તાબેન

મુંબઇ ચોપાટી જૈનસંઘ

ડોસાભાઇ અભેચંદની જૈનસંઘની પેઢી-ભાવનગર.

સા૦શ્રી વિપુલયશાશ્રીજી તથા શ્રી વ્રતધર્માશ્રીની પ્રેરણાથી

રળીયાતબેન જૈન ઉપાશ્રય-ભાવનગર.

સા૦શ્રી ચન્દ્રરેખાશ્રીજી વાગડવાળાની પ્રેરણાથી

સા૦શ્રી મલયાશ્રીજીની પ્રેરણાથી

સા૦શ્રી રેવતીશ્રીજીની પ્રેરણાથી

સા૦શ્રી સૂર્યોદયાશ્રીજીના ૫૦૦ આયંબિલની સ્મૃતિ નિમિત્તે ઇન્દોર વલ્લભનગરના જ્ઞાન ખાતા તરફથી.

સા૦શ્રી ધર્મવિદ્યાશ્રીજીની વડી દીક્ષા સ્મૃતિ નિમિત્તે.
સા૦શ્રી નિરંજનાશ્રીજીની પ્રેરણાથી.

ચંપાબેન વાડીલાલ લલ્લુભાઇ.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
| --- | --- | --- | --- |
| ૬૮ | ૧૩ | રાવણુનો | રાવણુ |
| ૬૯ | ૧૪ | પણે | પણ |
| ૭૮ | ૪ | ક્રાધાદિક | ક્રોધાદિક |
| ૭૯ | ૧૩ | દ્રેહ | દ્રોહ |
| ૮૨ | ૨૪ | ગાસ | માસ |
| ૮૪ | ૧૬ | વિરાધમા | વિરાધના |
| ૮૫ | ૬ | ભક્ષણુ | ભક્ષણુમા |
| ૮૫ | ૨૫ | વિરાધનઓ | વિરાધનાઓ |
| ૮૬ | ૫ | સુક્ત થાઆ | મુક્ત થાઓ |
| ૮૯ | ૧૬ | શાટે | માટે |
| ૯૭ | ૨૧ | કવળજ્ઞાન | કેવળ જ્ઞાન |
| ૧૦૯ | ૨૫ | અરિહતોને | અરિહ તોને |
| ૧૨૫ | ૧ | નારકીમાં | તિર્યંચગતમાં |
| ૧૨૬ | ૨૫ | ધર્ય | ધૈર્ય |
| ૧૩૫ | ૧ | ગજસુકુમાલ | સ્કંદકાચાર્ય |
| ૧૩૭ | ૧ | ગજસુકુમાલ | સ્કંદકાચાર્ય |
| ૧૩૯ | ૧૭ | પિગલ | પિંગલ |
| ૧૫૨ | ૭ | મરણુ | શરણુ |
| ૧૬૭ | ૨૬ | જિદગીના | જિંદગીના |
| ૧૬૯ | ૪ | जीनपन्नत्तं | जीणपन्नत्तं |
| ૧૭૨ | ૨૬ | છોડીને | પામીને |
| ૧૮૪ | ૧૩ | નિયંત્રણુ | નિમંત્રણ |
| ૧૯૨ | ૨૧ | सव्वं | सर्व |
| ૧૯૨ | ૨૫ | सव्वेंपु | सव्वेंपु |
| ૧૯૩ | ૧ | ઝાઝરાયા૦ | ૧૭મો પ્રકાશ, |
| ૧૯૭ | ૩ | પકારના | પ્રકારના |
| ૨૦૯ | ૯ | શરીર ત્યાં | શરીરની જ્યા |
| ૨૧૦ | ૨૦ | ચુરકુળ | ગુરુકુળ |
| ૨૧૧ | ૧૧ | પ્રથમે | પ્રથમ |
| ૨૧૩ | ૬ | જીન | જીણુ |
| ૨૧૩ | ૧૧ | ઠચ્છેધયાઇ | ઠચ્ચેધવાઈ |
| ૨૧૪ | ૭ | વગેર | વગેરે |
| ૨૧૫ | ૧૪ | હિસા | હિંસા |
| ૨૨૨ | ૨૦ | શ્રા | શ્રી |